# સ્વાધ્યાય

અક્ષયતૃતીયા

વિ. સં. ૨૦૨૬

પુસ્તક ૭

અંક ૩



પ્રલમ્બપાદ-બુદ્ધની ધાતુપ્રતિમા (ગાંધી સ્મૃતિ (ભાવનગર)ના સૌજન્યથી)

પરિચય માટે જુઓ આ અંકમાં ડૉ. ઉમાકાન્ત શાહનો લેખ

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક

ભોગીલાલ જ. સાંડેસરા

નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,

વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર

મહારાજા સયાજીરાવ

વિશ્વવિદ્યાલય

વડોદરા

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
**વડોદરા.**

**સંપાદક**

મુદ્રક : શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, મે, ૧૯૭૦.

# સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૨૬ પુસ્તક ૭

મે, ૧૯૭૦ અંક ૩


# 'સ્વપ્નવાસવદત્ત'નાં બે પાત્રો—
## પદ્માવતી અને યૌગંધરાયણ


**સુરભિ ત્રિવેદી**


સંસ્કૃત નાટકો વાંચતાં એનાં નાયક–નાયિકાથી તો આપણે પ્રભાવિત થઈએ જ કારણ એમને ઘડવામાં નાટકકારો પણ પક્ષપાતી હોય છે પરંતુ તે સિવાયનાં બીજાં પાત્રો પણ એમના તેજસ્વી વ્યક્તિત્વથી, લાક્ષણિક ખૂબીઓથી ને વિશિષ્ટ ખાસિયતોથી આપણા પર ચિરસ્મરણીય અસર મૂકી જાય છે. આવાં પાત્રોની ખૂબીઓ ઘણી વાર નાના નાના પ્રસંગો દ્વારા, કેટલીક વાર સૂચક વાક્યો કે માત્ર શબ્દો દ્વારા જ પ્રગટ કરવામાં આવે છે. આવાં પાત્રોનો અભ્યાસ કરવાથી આનંદની સાથે માનવમનની વિવિધ આંટીઘૂંટીઓનું રસાળ દર્શન થાય છે જે સમજવાનો નીચે પ્રયાસ કર્યો છે આરંભ સુપ્રસિદ્ધ નાટકકાર ભાસના 'स्वप्नवासवदत्तम्'થી કર્યો છે જેમાં વાસવદત્તા અને ઉદયનને બાદ કરતાં યૌગંધરાયણ અને પદ્માવતીએ પોતાના વિશિષ્ટ વ્યક્તિત્વથી પ્રેક્ષકોના હૃદયમાં આગવું સ્થાન જમાવ્યું છે.

### [૧]
### પદ્માવતી

શકુંતલાને માટે કાલિદાસે જે ઉદ્‌ગારો કાઢ્યા તે જ ભાસની પદ્માવતીને માટે પણ કહેવાનું મન થઈ જાય છે—'स्त्रीरत्नसृष्टिरपरा प्रतिभाति सा मे' આપણા મનમાં દ્વિધા થાય છે: આવી અસૂયારહિત, અતિશય સહિષ્ણુ સ્ત્રી સંભવે ખરી? પદ્માવતીને એની ઉદારચરિતતાને કારણે મહાન્ ગણવી કે એક અત્યંત સામાન્ય સ્ત્રી ગણવી જે વિના વાંકે બધું સહન કરવા જ સર્જાયેલી હોય ને સહન કરવાનું આવે છતાં બીજા કોઈને દોષપાત્ર ન ગણતાં બધું વધારે ને વધારે સહન કર્યે જાય ને તેનો એને ખાસ કશો અફસોસ પણ ન થાય? પદ્માવતીને બીજા વિભાગમાં મૂકતાં મન જરા ખચકાય છે કારણ એ વિભાગમાં પ્રવેશ મેળવવા માટે એક ખાસ લાયકાતની જરૂર પડે છે અને તે છે જડતા જેનો આપણી પદ્માવતીમાં સંપૂર્ણ અભાવ છે. પદ્માવતી ખૂબ સંવેદનશીલ ને ઊર્મિપ્રધાન છે, માત્ર એ ઊર્મિનો આવિર્ભાવ એટલો સંયમિત છે કે જડ માણસને જ એમાં ઊર્મિનો અભાવ દેખાય.

'स्वप्नवासवदत्तम्'માં પદ્માવતીનાં ત્રણ સ્વરૂપોનું દર્શન થાય છે. પ્રથમ અંકમાં એ મગધ દેશની રાજકુંવરી ને રાજા દર્શકની બહેન તરીકે આપણી સમક્ષ આવે છે ને એની વિવેકી રીતભાતનાં છૂટાછવાયાં સૂચનો આપવાની એક પણ તક ભાસ જવા દેતો નથી.

પોતાની માતાને મળી રાજગૃહ તરફ પાછાં ફરતાં એક રાત તપોવનમાં વિસામો લેવાનું પદ્માવતી નક્કી કરે છે. રાજકુંવરી તપોવનમાં આવે એટલે તો થઈ જ રહ્યું ને? બિચારા તપોવનવાસીઓની દશા બેસી જવાની. ખડે પગે પરિચર્યા કરો ત્યારે. પણ ના, આ રાજકુંવરીમાં ઘમંડનો છાંટો નથી. પોતપોતાનું કામ છોડી સહુ એની સેવામાં હાજર રહે તે એને જરા ય ગમતું નથી. ને તેથી જ તો કંચુકી જાહેર કરે છે: 'ઓ તપસ્વીજનો! તમે તમારે જે કાંઈ કરતા હો તે કરો. અમારી રાજપુત્રી ધર્મરત છે ને ધર્મમાં કોઈ વિઘ્ન આવે તેવું એ ઇચ્છતી નથી.[1] પદ્માવતી સૌથી પહેલું કામ કરે છે તાપસીને પગે પડવાનું. આવું બધું કરે એટલે બધાંને એને માટે સ્વાભાવિક હેત ઊપજે જ ને? તાપસીએ કહ્યું: 'તપોવનને અતિથિઓએ ઘર જ માનવું.' આવા સુંદર આવકારનો વિનયપૂર્ણ જવાબ પદ્માવતી આપે છે. પાસે જ અજ્ઞાતવાસમાં ઉદયન રાજાની પત્ની વાસવદત્તા અવંતિકાના સામાન્ય વેષમાં ઊભી છે. પોતે રાજપુત્રી છે તેથી સેવકોની ઘોષણાની બીજી રાજકુમારીને જોવા એની ઉત્સુકતા વધે છે તે પદ્માવતીને જોતાં પહેલાં જ એના તરફ એક સગી બહેન જેવો પ્રેમ એને ઊભરાઈ આવે છે.[2] અહીં ભાસે બહુ ખૂબીથી વાસવદત્તાના હૃદયમાં આ લાગણી જન્માવી છે. વાસવદત્તાને તો ખબર નથી કે પદ્માવતી ભવિષ્યમાં સપત્ની થવાની છે પણ બે સપત્ની હોવા છતાં સગી બહેનો જેવો એકબીજા પ્રત્યે સ્નેહ રાખે એવી જગતમાં ભાગ્યે જ જોવા મળતી સ્થિતિ માટે સક્રિય પ્રયત્ન કરી શકે એવી શક્યતાઓ ધરાવનાર આ બે સ્ત્રીનાં પાત્રોને એકમેકની સામે મૂકીને ભાસે માનવસ્વભાવમાં રહેલી ગૂઢતાનાં અનેક પાસાઓનું સુંદર આલેખન કર્યું છે. વાસવદત્તની આ પ્રથમ છાપ પદ્માવતીને જોયા પછી વધુ ઘેરી બને છે. પદ્માવતી સુંદર તો છે જ પણ સાથે સુશીલ પણ છે.[3] વાસવદત્તાના મનમાં તો આટલી હલચલ થઈ પણ પેલી તાપસી જુદા જ વિચારે ચડી ગઈ છે: 'આવી રૂપાળી રાજકુમારીને કોઈ રાજા વ્હેલી તકે પરણી કેમ નહીં જતો હોય?' ચેટી માહિતી પૂરી પાડે છે: 'અરે, પ્રદ્યોત જેવા મહારાજા, એમના પુત્ર માટે અમારી રાજકુંવરીનું માંગુ કરે છે.' વાસવદત્તાની આત્મીયતા વધી. પોતે પ્રદ્યોતની જ પુત્રી એટલે હવે પદ્માવતી પોતાની ભાભી બનવાની.[4] શાંત તપોવનને ખૂણે દુનિયાની દખલગીરી સિવાયનું જીવન જીવતી તાપસીને પણ ખબર છે કે પ્રદ્યોતનું કુટુંબ ને પદ્માવતીનું કુટુંબ કેટલા મહાન છે! પદ્માવતી આ માનને

---

१ तीर्थोदकानि समिधः कुसुमानि दर्भान् स्वैरं वनादुपनयन्तु तपोधनानि ।
धर्मप्रिया नृपसुता न हि धर्मपीडामिच्छेत् तपस्विषु कुलव्रतमेतदस्याः ॥ स्वप्न. १-६

२ वासवदत्ता:—राजदारिकेति श्रुत्वा भगिनिकास्नेहोऽपि मेऽत्र संपद्यते । स्वप्न. अंक १

३ वासवदत्ता:—अभिजनानुरूपं खल्वस्या रूपम् ।
न हि रूपमेव वागपि खल्वस्या मधुरा । अंक १.

४ वासवदत्ता:—भवतु भवतु । एषा चात्मीयेदानीं संवृत्ता । अंक १.

યોગ્ય જ છે![5] પણ હમણાં તો પદ્માવતી પોતાનો ધર્મ બજાવવામાં જ મગ્ન છે. કંચુકીને કહે છે: 'કોઈ વ્યક્તિ ઇચ્છિત વસ્તુની માગણી કરી મારા ઉપર અનુગ્રહ કરે, મને એની વાંછના પૂરી કરવાની તક આપે એવો કોઈ તપસ્વીજન અહીં જોવામાં આવે ખરો? જરા પૂછી તો જુઓ, કોઈને કશી વાતની ન્યૂનતા છે?' કંચુકી જાહેર કરે છે: 'અરે તપસ્વીઓ, તમારે જે જરૂરનું હોય તે માંગો. અમારી રાજકુમારી તમને જો કાંઇક મદદ કરી શકશે તો પોતાનું અહીં આવ્યું સફળ માનશે.[6] આ ઢંઢેરાના જવાબમાં જ્યારે યૌગંધરાયણ માગણી કરવા આગળ આવે છે ત્યારે પદ્‍માવતી ખરેખર ખુશ થઈ જાય છે ને કહે છે: 'મારો ફેરો નિષ્ફળ ના ગયો.' પણ યૌગંધરાયણની માંગણી કાંઈ જેવીતેવી હતી? એણે કહ્યું: 'આ મારી બહેન પ્રોષિતભર્તૃકા છે, તમે ધાર્મિક વૃત્તિવાળાં છો તેથી મારી બહેનના ચરિત્રનું રક્ષણ કરવાને સમર્થ છો.'[7] કંચુકી પદ્માવતીને આવી જવાબદારી ઉપાડવાનું માથે લેતાં પહેલાં વારે છે: 'અરે, આપણા મનમાં તો એમ હતું કે તપસ્વીજનોની રોજિંદી જરૂરિયાતો પૂરી પાડીએ, આમ અચાનક કશાય ઓળખાણ વગર એક અજાણી સ્ત્રીના ચરિત્રની જવાબદારી આપણે ક્યાંથી લઈએ? કોણ જાણે શું ય થાય? ન્યાસની વાત ખોટી. ન્યાસનું રક્ષણ કરવાનું કામ આપણું નહીં. કહી દો ને ચોખ્ખી ના.' આવી વાતમાં શી શરમ? જીવ કાઢવો સહેલો છે પણ થાપણ સાચવવી બહુ અઘરી છે.' દુનિયાના બહોળા અનુભવવાળા કંચુકીએ વ્યવહારની અવગણના કરીને થતા ધર્મપાલનના જોખમનું સૂચન કર્યું, પણ બોલ્યું ઉથાપે તો એ પદ્માવતી શાની? તરત જ બોલી ઊઠી: 'એ બધો વિચાર ઘોષણા કરતાં પહેલાં કરવો જોઈએ. હવે યોગ્યતા–અયોગ્યતાનો વિચાર નિરર્થક છે.'[8] પદ્માવતીની સમજ આગળ કંચુકીને પણ નમવું પડયું ને ચેટીએ તો 'સત્યવાદિની' પદ્માવતીને દીર્ઘાયુષના આશીર્વાદ પણ આપી દીધા.[9] થાપણનો સ્વીકાર કર્યો તો કર્યો, પણ પદ્‍માવતીની સુજનતા જુઓ, કહ્યું: 'હવે આ બહેન મારી જ થઈ.'[10] પતિના વિરહથી પીડાતી અજાણી સ્ત્રીને આટલા ઉમળકાથી–સ્નેહથી–પોતાની ગણનાર પદ્‍માવતીની હૃદયની ઉષ્મા આપણને ઘડીભર ભીના કરી મૂકે છે. કંચુકીના સૂચનને અવગણી પદ્‍માવતીએ વાસવદત્તાનું રક્ષણ કરવાની જવાબદારી માથે લીધી છે પણ જો

---

૫ अहो खल्वियमाकृतिरस्य बहुमानस्य। उभे राजकुले महत्तरे इति श्रूयते। अंक १

६ कस्यार्थः कलशेन को मृगयते वासो यथानिश्चितं
दीक्षां पारितवान् किमिच्छति पुनर्देयं गुरोर्यद्भवेत्।
आत्मानुग्रहमिच्छयतीह नृपजा धर्माभिरामप्रिया
यद्यस्यास्ति समीप्सितंवदतु तत् कस्याद्य किं दीयताम्॥ स्वप्न. १-८

७ यौगन्धरायणः:—धीरा कन्येयं दृष्टधर्मप्रचारा शक्ता चरित्रं रक्षितुं मे भगिन्याः।
स्वप्न. अंक १-५

८ पद्मावती:—आर्ये, प्रथम द्विरय कः किमिच्छत्ययुक्तमिदानीं विचारयितुम्।
यदेष भणति, तदनुतिष्ठत्वार्यः। अंक १.

९ चेटी:—चिरं जीवतु भर्तृदारिकैवं सत्यवादिनी। स्वप्न अंक १.

१० पद्मावती:—आत्मीयेदानीं संवृत्ता। स्वप्न. अंक १.

વાસવદત્તાનું ચરિત્ર નષ્ટ થાય તો બધો જ દોષ પદ્દમાવતીનો ઠરવાનો, તેની થોડીઘણી પણ દહેશત જ્યારે બ્રહ્મચારીના પ્રવેશ વખતે વાસવદત્તા પરપુરુષનું દર્શન કરતાં ખચકાય છે ત્યારે દૂર થાય છે, ને એને નિરાંત વળી જાય છે: 'આર્યાનું રક્ષણ નિરાંતે થઈ શકશે, એ તો પરપુરુષનું દર્શન જ ટાળે છે.'[૧૧] આડકતરી રીતે યૌગંધરાયણની યોજના મુજબ પદ્દમાવતીને વાસવદત્તાની ચરિત્ર-શુદ્ધિની સાક્ષીરૂપ થવા માટે કડીઓ પણ ગોઠવાતી જાય છે.

બ્રહ્મચારી વાસવદત્તાના મૃત્યુ પછીની દુઃખી ઉદયનની સ્થિતિનું વર્ણન કરે છે. અવંતિકાના વેષમાં રહેલી વાસવદત્તાનું હૈયું હાથમાં નથી રહેતું ને એ રડી પડે છે. ચેટી પદ્માવતી પણ વાત સાંભળીને એટલી દ્રવી ઊઠે છે કે જ્યારે ચેટી અવંતિકાના આંસુ તરફ પદ્માવતીનું ધ્યાન દોરે છે ત્યારે સરળ પદ્માવતી બીજી-ત્રીજી શંકા કર્યા વગર કહે છે: અવંતિકા બહુ લાગણીવાળી છે.[૧૨] અવંતિકાએ તો રડી નાખ્યું પણ પદ્માવતીને જ સંભાળવા જેવી છે. રાજા ઉદયન વાસવદત્તાના વિરહમાં મૂર્છા પામ્યા એ જાણતાં પદ્માવતીનું હૃદય સૂમસામ થઈ ગયું. ને જ્યારે ખબર પડી કે ઉદયનને મૂર્છા વળી ત્યારે જ એના જીવમાં જીવ આવ્યો.[૧૩]

બ્રહ્મચારીએ ઉદયનના પ્રેમને એટલો બિરદાવ્યો કે શંકા ઊઠે છે કે હવે ઉદયન પુનર્લગ્ન કરશે ખરો ? પણ પદ્માવતી હૈયાની વાત હોઠે લાવી શકતી નથી. આવે વખતે વાચાળ ચેટીઓ બહુ કામ આવે છે. ચેટીએ પૂછી નાંખ્યું, 'અરે કુંવરીબા, રાજા ઉદયન ફરી પરણશે કે ?' પદ્માવતી શું જવાબ દે ? સ્વગત જ બોલી : 'બહેન ! તેં મારા મનની જ વાતનો પડઘો પાડ્યો છે.[૧૪]' ઉદયન માટેની કૂણી લાગણીનો પ્રથમ આવિર્ભાવ અહીં દેખાય છે. પ્રેમાળ ઉદયન માટે અકથ્ય પ્રેમ હૃદયમાં સંઘરી રાખનારી વહાલસોયી છતાં સંયમી પદ્માવતીના આછા ઉદ્દઘાટન સાથે પ્રથમ પ્રવેશ પૂરો થાય છે.

યૌગંધરાયણ જ્યારે પદ્માવતીને વાસવદત્તાની સોંપણી કરી વિદાય લે છે ત્યારે પદ્માવતી સમભાવથી કહે છે: 'તમારા વગર તમારી બહેન સૂની પડી જશે.'[૧૫] પણ હાજરજવાબી યૌગંધરાયણ સામેથી પદ્માવતીની પ્રશંસા કરે છે: 'સજ્જનના સહચારમાં એને દિવસો જણાશે પણ નહીં'.[૧૬]

રાત પડવા આવી છે. અંતઃપુરમાં પ્રવેશ કરવાનો સમય થયો છે. પદ્માવતી તાપસીને

---

૧૧ पद्मावती :—अम्भो ! परपुरुषदर्शनं परिहरत्वार्या ।
भवतु, सुपरिपालनीयः खलु मन्न्यासः । अंक १.

૧૨ पद्मावती :—सानुक्रोशतया भवितव्यम् । अंक १.

૧૩ पद्मावती :—दिष्टया ध्रियते । मोहं गत इति श्रुत्वा शून्यमिव मे हृदयम् ।

૧૪ पद्मावती :—( आत्मगतम् ) मम हृदयेनैव सह मन्त्रितम् ।

૧૫ पद्मावती :—आर्यस्य भगिनिका आर्येण विना उत्कण्ठिष्यते ।

૧૬ यौगन्धरायण: :—साधुजनगतैषा नोत्कण्ठिष्यति ।

વંદન કરે છે; તાપસી પણ પદ્માવતીના વયોનુરૂપ આશીર્વાદ આપે છે: 'તારે લાયક પતિ તને મળો.'[૧૭] પદ્માવતીની યોગ્યતાનો પરિચય ભાસ આપણને પ્રસંગોપાત્ત કરાવતા જ રહે છે.

બીજા અંકની શરૂઆતમાં પદ્માવતી કંદુકક્રીડા કરતી પ્રવેશે છે. પહેલા અને બીજા અંક વચ્ચે થોડા દિવસો વહી ગયા છે. મનોમન પદ્માવતીનો ઉદયન માટેનો અનુરાગ વધતો જાય છે.

પદ્માવતીના સૌંદર્યની ઝાંખી વધારે ને વધારે સ્પષ્ટ થાય છે. દડા સાથે લાંબો સમય રમવાથી હાથ લાલ થઈ ગયા છે, જાણે બીજાનાં ન હોય, જાણે કે લગ્નવખતે લાલ રંગે રંગ્યા ન હોય![૧૮] કંદુકક્રીડાના પરિશ્રમથી સ્વેદબિંદુઓ મુખને અલંકૃત કરે છે. કર્ણાભરણ ઊંચું જતું રહ્યું છે, સુંદર પદ્માવતી વધારે સુંદર દેખાય છે. ચેટી ઉત્સાહિત કરે છે: 'કુંવરીબા, રમવાના દિવસો છે, કુંવારા છો ત્યાં સુધી રમી લો.'[૧૯] પદ્માવતી એટલી સુંદર દેખાય છે કે વાસવદત્તા એના તરફ એકધારું જોઈ રહે છે. પોતાના સૌંદર્યના પ્રભાવથી સભાન છતાં ક્ષોભ પામતી પદ્માવતી પૂછે છે: 'મારી મશ્કરી કરતાં હો એમ કેમ આમ એકીટશે જોઈ રહ્યાં છો?'[૨૦] વાસવદત્તાએ કહ્યું: 'ના, ના, મારું માન, તું ખરેખર જ ખૂબ સુંદર દેખાય છે. તારા ભાવિ પતિનું મુખ પણ મને આજે તો તારી આસપાસ જ દેખાય છે.'[૨૧] પદ્માવતી કહે છે: 'ઘણું થયું, આવી મશ્કરી નહીં.' વાસવદત્તા કયારની મૂંઝાય છે: 'પદ્માવતીને કાંઈ ઉદયન માટે તો મનમાં ભાવ નથી ને?' તક મળતાં જ કહી નાંખે છે: 'સારુ, લો હવે બોલવાનું બંધ કરું છું, મહાસેનપુત્રવધૂ!'[૨૨] પદ્માવતી અવાક્ બની જાય છે; પણ ચેટી સ્પષ્ટતા કરે છે: કુંવરીબાને મહારાજ મહાસેનની પુત્રવધૂ બનવાના કોડ નથી. એમને તો રાજા ઉદયન સાથે પરણવાનું મન છે, કારણ એ બહુ સ્નેહાળ છે.[૨૩] ઉદયનને જોયો નથી, ને એના ગુણો પર એ મોહી પડી છે; પણ ઉદયન કદાચ કુરૂપ નીકળ્યો તો? આ પ્રેમ આવો ને આવો જ રહેશે? વાસવદત્તા ભાન ભૂલીને કહે છે: 'ના, ના, ઉદયન ખૂબ જ દેખાવડા છે.' ભોળી પદ્માવતી વાસવદત્તાનો પક્ષપાત નથી સમજતી ને સહજતાથી પૂછે છે: 'તમને કયાંથી ખબર પડી?'[૨૪] વાસવદત્તા વાળે છે: 'એમ ઉજ્જયિનીમાં બધાં વાતો કરે છે.' પદ્માવતીને સંતોષ થાય છે: 'સૌંદર્ય કોને ના ગમે?'[૨૫]

---

૧૭ तापसी :—जाते, तव सदृशं भर्तारं लभस्व ।

૧૮ वासवदत्ता :—हला ! अतिचिरं कंदुकेन क्रीडित्वाऽधिकसञ्जातरागौ परकीयाविव ते हस्तौ संवृत्तौ । स्वप्न. अंक २

૧૯ चेटी :— क्रीडतु, क्रीडतु तावद् भर्तृदारिका ! निर्वर्त्यतां तावदयं कन्याभावरमणीयः कालः ।

૨૦ पद्मावती :—आर्ये ! किमिदानीं मामपहसितुमिव निध्यायसि ? स्वप्न. अंक २

૨૧ वासवदत्ता :—नहि नहि ! हला ! अधिकमद्य शोभते । अमित इव तेऽद्य वरमुखं पश्यामि ।

૨૨ वासवदत्ता :—एषास्मि तूष्णीका भविष्यन्महासेनवधू ।

૨૩ चेटी :—अस्ति वत्सराज उदयनो नाम । तस्य गुणान् भर्तृदारिकाभिलषति । सानुक्रोश इति । स्वप्न. अंक २

૨૪ पद्मावती :—आर्ये ! कथं त्वं जानासि । स्वप्न. अंक २

૨૫ पद्मावती :—सर्वजनमनोऽभिरामं खलु सौभाग्यं नाम । स्वप्न. अंक २

પતાકાસ્થાનનો આશ્રય લઈને ભાસે ખૂબીથી પદ્માવતીની મનની અભિલાષાને વાસ્તવિકતામાં મૂર્ત કરી છે: ધાત્રી આવીને જાહેર કરે છે: ઉદયન કોઈ કામ પ્રસંગે આવ્યા 'તા ત્યારે તેમના રૂપગુણથી પ્રભાવિત થઈને રાજા દર્શકે પદ્માવતીનો વિવાહ ઉદયન સાથે નક્કી કર્યો છે.' મનોદત્તા વાગ્દત્તા બની.

હૃદયમાં ધારેલી વસ્તુ આટલી સહજતાથી મળી જાય છે તેનાથી થતો આનંદ આપણને પદ્માવતીની માફક ખૂબ સંતુષ્ટ બનાવી નથી દેતો. પદ્માવતીના સુખ કરતાં વાસવદત્તાની ગ્લાનિ આપણા હૃદયને વધારે સ્પર્શે છે, ને વાસવદત્તાની સાથે આપણા હૃદયમાં પણ અંધકાર છવાય છે.[૨૬] કદાચ મનુષ્યનું મન દુઃખ પ્રત્યે જ વધારે પક્ષપાતી હશે.

પદ્માવતીની નિખાલસતા, સરળતા, ભોળપણ તથા ઉદારતા સમજવા માટે હવે પછીની ઘટનાઓ જ જરૂરી છે. નવોઢા પદ્માવતીના શરમાળ પ્રેમનું અલપઝલપ દર્શન ચોથા અંકથી શરૂ થાય છે. એ ચેટીને વારે છે: 'અલી, રખે બધાં શેફાલિકાનાં ફૂલ તોડી નાંખતી, મારા આર્યપુત્ર કુસુમસમૃદ્ધિ જુએ તો ખરાં.'[૨૭] બીજાંને મન સામાન્ય ને ક્ષુલ્લક જણાતી નાની નાની બાબતમાં પ્રિયતમ યાદ આવે, એને શું ગમશે એનો વિચાર આવે, ને એને ગમ્યા પછી એ શું કહેશે એ કલ્પનાની હારમાળા ચલાવવી એ પ્રેમનું સહજ લક્ષણ છે; પણ આ પ્રેમ વાસવદત્તાને ગૂંચવે છે. મિતભાષી પદ્માવતી એમ સહેજમાં લગ્નજીવનની બધી વાતો વાસવદત્તાને કહી દેતી નથી. પદ્માવતી ઉદયનને ખરા મનથી ચાહે છે. એ બરાબર જાણવા છતાં વાસવદત્તા પૂછે છે: 'તારા પતિ તને ગમે છે?' હૃદયને અણગમતી વસ્તુનો સ્વીકાર કરવાની માનસિક તૈયારી ન કેળવવી, વસ્તુની સત્યતાનું સંપૂર્ણ ભાન હોવા છતાં તેને વિષે વારંવાર ખાત્રીઓ માગ્યા જ કરવી ને છતાં ય બને તેટલું સત્યને દૂર ધકેલવું એ આત્મવિશ્વાસ વગરના માનસની કરુણતા છે. પદ્માવતી કહે: 'એ બધું હું શું જાણું, પણ આર્યપુત્ર વગર રહેવાનું થાય છે ત્યારે કાંઈ ચેન નથી પડતું.[૨૮] આપણા મનની વાત ચેટી કહે છે–' પતિ પ્રિય છે એ તમે સરસ રીતે કહ્યું.'[૨૯] પ્રેમીને પોતાની સ્થિતિ, પોતાની વહાલ કરવાની રીત, પોતાના વ્હાલનું પ્રમાણ બધું અદ્વિતીય ને અસામાન્ય લાગતું હોય છે. પદ્માવતીને પણ સંદેહ છે. પ્રેમના સંદેહની વાત જાણવા ઉત્સુક વાસવદત્તાનો રઘવાટ 'किम्' ની પુનરુક્તિ દ્વારા ભાસે સરસ બતાવ્યો છે, પણ પદ્માવતીનો સંદેહ જરા જુદા પ્રકારનો નીકળ્યો. 'મારા જેટલો પ્રેમ વાસવદત્તાને ઉદયન માટે હશે ખરો?'[૩૦] પોતાનામાં જ તન્મય વાસવદત્તા અહીં પણ જ્યારે પાઘડી ફેરવી બાંધે છે ત્યારે ભોળા ભાવે વાસવદત્તા એને માને જ છે.

---

૨૬ वासवदत्ता :—यथा यथा त्वरते, तथा तथा अन्धीकरोति मे हृदयम् । स्वप्न. अंक २

૨૭ पद्मावती :—आर्यपुत्र इहागत्य कुसुमसमृद्धिं प्रेक्ष्य सम्मानिता भवेयम् । स्वप्न. अंक ४

૨૮ पद्मावती :—आर्ये न जानामि, आर्यपुत्रेण विरहोत्कण्ठिता भवामि । अंक ४

૨૯ चेटी :—अभिजातं खलु भर्तृदारिकया मन्त्रितं प्रियो मे भर्तेति । अंक ४

૩૦ पद्मावती :—यथा ममार्यपुत्रस्तथैवार्या वासवदत्तायाया इति । स्वप्न. अंक ४

ચેટી પ્રેમ કરવાના રસ્તા સુઝાડે છે: 'રાજકુમારી, જરા રાજાજીને કહી તો જો' જો કે લાવો હું 'ય તમારી પાસે વીણા શીખું.' શિષ્યામાંથી પ્રિયા થવાનો આ કદાચ સરળ ઉપાય હશે. પણ પદ્માવતીએ તો આ ઉપાય અજમાવેલો જ નીકળ્યો. પદ્માવતી દેખાય છે શાંત, પણ પોતાની વાતમાં ચોક્કસ લાગે છે. પણ ત્યારે શિક્ષકનું મન ઠેકાણે નથી. પ્રસ્તાવ સાંભળી ઉદયને દીર્ઘ નિઃશ્વાસ નાંખ્યો ને મૂગા રહ્યા. વીણા દ્વારા પ્રેમમાં પડેલી વાસવદત્તા હલમલી ઉઠી: 'સખી! તારું શું માનવું છે? એમણે એમ કેમ કર્યું?' પદ્માવતીના હૃદયની ઉદારતા ને માનવ-સ્વભાવની સૂઝ અહીં પ્રકટ થાય છે: 'મને લાગે છે કે વીણાની વાતે એમને વાસવદત્તા સાંભરી આવી ને ડૂમો ભરાઈ ગયો પણ વિનયને લીધે મારી આગળ રોઈ ન પડ્યા.'[31] પદ્માવતીનો આ તર્ક કેટલો સહજ ને દ્વેષરહિત છે! વાત સાંભળી વાસવદત્તા ટાઢી પડી.

આ વાતચીત ચાલે છે ત્યાં તો રાજા ઉદયન ને વિદૂષક પ્રવેશ કરે છે. પતિને મળવા ઉત્કંઠિત પદ્માવતી વાસવદત્તાનો ખ્યાલ રાખવાનું ચૂકતી નથી. 'સખી! તમે પરપુરુષ દર્શન નહીં કરો તેથી લાવો આપણે રાજા ન દેખે એમ આ માધવીલતામંડપમાં પ્રવેશીએ.'[32] બહુ ખૂબીથી આ દૃશ્ય ગોઠવાયું છે. માધવીલતામંડપની અંદર વાસવદત્તા-પદ્માવતી, ચેટી વગેરે ને બહાર વિદૂષક ને રાજા. પદ્માવતી વગેરે રાજાને જોઈ શકે ને સાંભળી શકે પણ પેલા લોકોથી બેમાંથી એક પણ ન બની શકે. આ દૃશ્યમાં પદ્માવતીની ઉદાત્તતાનો ખૂબ સરસ ખ્યાલ આવે છે. વિદૂષક પૂછે છે: 'તમને કોણ વધારે વ્હાલું: 'વાસવદત્તા કે પદ્માવતી?' રાજા ગભરાય છે: આનો શું જવાબ આપવો? વિદૂષક ઉત્સાહિત કરે છે: 'કહી નાંખો, એક મરી ગઈ છે ને બીજી આસપાસમાં નથી. અહીં વિધિની વક્રતા એવી છે કે બન્ને–વાસવદત્તા ને પદ્માવતી—પાસે ઊભા રહીને સાંભળે છે. વાસવદત્તાને સૌથી પહેલાં પોતાનો વિચાર આવે છે. 'અરેરે, હું કેવી મંદભાગી છું, મારે કદાચ સાંભળવું પડશે કે પદ્માવતી રાજાને વધારે વ્હાલી છે.' પદ્માવતીને તો રાજાના વાસવદત્તા પ્રત્યેના ઊંડા પ્રેમનો અનુભવ છે છતાં ય મનમાં જરા ય ધાસ્તી વગર, પોતે અપમાનિત થશે એવી પણ દહેશત રાખ્યા વગર એ રાજાનો જ વિચાર કરે છે: 'અરેરે, મારા પતિ કેવા સંકટમાં મુકાઈ ગયા છે?'[33] રાજા સંકોચ પામે છે: 'મિત્ર, હું નહીં કહી શકું, તું બહુ વાચાળ છું, ક્યાંક બાફી મારીશ.' પદ્માવતી કહે છે: 'હવે શું જાણવાનું રહ્યું? જો મારે માટે વધારે સ્નેહ હોત તો વિદૂષકની મુખરતાની રાજાને બીક હોત જ નહીં.'[34] પણ આ વાત પણ એ એટલી સરળતાથી કહે છે કે આ આખી વાત માટે એ અત્યંત સંવેદનશીલ હોવા છતાં આટલી સમજપૂર્વકની એણે જે નિર્મમતા કેળવી છે તેથી તેની ઉદાત્તતા માટે આપણને માન થાય

---

૩૧ पद्मावती :—तर्कयाम्यार्याया वासवदत्ताया गुणान् स्मृत्वा दाक्षिण्यतया ममाग्रतो न रोदितीति । स्वप्न. अंक ४

૩૨ पद्मावती :—आर्ये तव कारणादार्यपुत्रदर्शनं परिहरामि ।
तदिमं तावन्माधवीलतामंडपं प्रविशामः । स्वप्न. अंक ४

૩૩ पद्मावती :—हला, यादृशे सङ्कटे निक्षिप्त आर्यपुत्रः । अंक ४

૩૪ पद्मावती :—एतावता भणितमार्यपुत्रेण । अंक ४

છે; છતાં ય વિદૂષક સમજતો જ નથી, મંડ્યો ને મંડ્યો રહે છે, સોગન ખાય છે; પદ્માવતી કહે છે: 'આનો કેટલો હઠાગ્રહ? રાજાનું મન નથી જાણી શકતો?'[35] લાચાર રાજા પદ્માવતીને અન્યાય નથી કરતો. કહે છે: પદ્મમાવતીનાં રૂપ, શીલ અને માધુર્યથી મારા હૃદયમાં એને માટે ઘણું માન ઉત્પન્ન થયું છે પણ કોણ જાણે વાસવદત્તામાં ચોંટેલું મારું મન એ આકર્ષી શકતી નથી'[36] વાસવદત્તા ખુશખુશ થઈ જાય છે. ચેટીને લાગે છે કે રાજા અન્યાય કરે છે પણ પદ્માવતી ઝાંખી પડતી નથી. ઉલટું પતિનો પક્ષ લે છે: 'આર્યપુત્રમાં વિવેકનો અભાવ છે જ નહીં', હજુ સુધી વાસવદત્તાના ગુણોનું સ્મરણ કરે છે એ જ એમની મહત્તા છે.'[37] મૃત સપત્ની માટે આવો સમભાવ ખૂબ વિરલ છે. હૃદયની આ ઉદારતા આગળ તો વાસવદત્તા પણ ચકિત થઈ જાય છે ને કહે છે: 'તમે ખરેખર અભિજાત છો ને તેથી જ આવું વિચારી પણ શકો છો.'[38] વિદૂષક કહે છે: 'ભાઈ, મને તો પદ્માવતી બહુ ગમે છે, યુવાન છે, સુંદર છે, અહંકારનું તો નામનિશાન નથી. વિવેકી છે ને મધુર વાણીથી હંમેશ મને સત્કારે છે. જ્યારે કાંઈક સરસ વાનગી બનાવી હોય ત્યારે હંમેશા મને યાદ કરે છે.'[39] પોતાની સરખામણીમાં વાસવદત્તાને વધારે ગણી છતાં આખા વાર્તાલાપને 'રમણીય'[40] ગણાવતી પદ્માવતી સામાન્ય માનવી કરતાં જુદી છે—એવી લાગણી તો ચોક્કસ જન્માવે છે. ઉદયન વ્હાલ કરે કે ન કરે, પોતાનો સ્નેહ તો સ્થિર જ રહેશે એવી દૃઢ ભાવનાવાળી પદ્માવતી ઉપરની વાતથી જરા ય વિચલિત થતી નથી. સાવ સામાન્ય વાત જ હોય તેમ જ્યારે ઉદયન વાસવદત્તાને યાદ કરીને રડે છે ત્યારે ત્યાંથી નીકળી જવાનું વાસવદત્તાને સૂચવે છે. પણ ઉદયનને સાંત્વન આપવા વાસવદત્તા પદ્માવતીને રોકાવાનું કહે છે. પદ્માવતી બધું જાણતી હોય છે છતાં રાજા ઉદયન રડ્યા છે એ વાત જ્યારે વિદૂષક છૂપાવે છે ત્યારે એ ખોટું નથી લગાડતી પણ કહે છે: 'વિવેકી રાજાને વિવેકી સેવક જ મળ્યો છે.'[41] રાજા પણ બહાનું બતાવે છે: 'આ જરા કાશપુષ્પની રજથી આંખ બળે છે ને પછી મનોમન ઉમેરે છે: 'પદ્માવતી ધીરસ્વભાવની છે પણ હજુ બાલા છે, હમણાં જ હજુ તો મારી સાથે લગ્ન

---

३५ पद्मावती :—अहो अस्य पुरोभागिता । एतावता हृदयं न जानाति । स्वप्न. अंक ४

३६ पद्मावती :—पद्मावती बहुमता मम यद्यपि रूपशीलमाधुर्यैः ।
वासवदत्ताबद्धं न तु तावन्मे मनो हरति ॥ स्वप्न. अंक ४-४

३७ पद्मावती :—हला, मैवम् । सदाक्षिण्य एवार्यपुत्रः, य इदानीमप्यार्याया वासवदत्तायाः गुणान् स्मरति । स्वप्न. अंक ४

३८ वासवदत्ता :—भद्रे । अभिजनस्य सदृशं मन्त्रितम् । स्वप्न. अंक ४

३९ विदूषक :—तत्रभवती पद्मावती तरुणी दर्शनीया अकोपना अनहङ्कारा मधुरवाक् सदाक्षिण्या। अयं चापरो महान् गुणः, स्निग्धेन भोजनेन मां प्रत्युद्गच्छति, कुत्र नु खलु गत वसन्तक इति ।

४० पद्मावती :—रमणीयो कथायोगो खलु नृशंसेन विसंवादितः ।

४१ पद्मावती :—अहो सदाक्षिण्यस्य जनस्य परिजनोऽपि सदाक्षिण्य एव भवति :

થયાં છે, તેમાં જો સત્ય સાંભળશે તો નકામી દુઃખી થશે, કારણ સ્ત્રીનો સ્વભાવ જ ભીરૂ હોય છે.'[૪૨] પ્રેક્ષકોને પદ્માવતીની મહાનતાનો પૂરો પરિચય થઈ ગયો છે તેથી ઉદયન એને અન્યાય કરતો હોય એમ જ લાગે છે.

પાંચમા અંકની શરૂઆત પદ્માવતીની શિરોવેદનાથી થાય છે. ઘણા વિદ્વાનો માને છે કે ચોથા અંકના ઉદયન રાજાના વાસવદત્તા પ્રત્યેના પક્ષપાતને પદ્માવતીએ આમ તો સમભાવથી સ્વીકાર્યો પણ મનથી જરા એને ઓછું આવ્યું ને એના પ્રત્યાઘાતરૂપે આ શિરોવેદના થઈ છે. અંતરના મનોભાવને સહજ રીતે વ્યક્ત નહીં કરવાને ટેવાયલી પદ્માવતી મનનું દુઃખ મનમાં સમાવવાનો પ્રયત્ન કરે છે પણ તેથી જ શિરોવેદના સૂચક બની જાય છે. રાજાને પદ્માવતીની માંદગીની ખબર પડે છે ત્યારે એને પણ દુઃખ થાય છે: 'અરે, પાછી પદ્માવતી ક્યાંથી માંદી પડી? સૌંદર્યયુક્ત અને ગુણવાન એવી પદ્માવતીને પામીને મારું દુઃખ જાણે હવે થોડું હળવું થયું છે. પરંતુ આ દુઃખથી આળું થયેલું હૃદય પદ્માવતી માંદી છે એમ સાંભળતાં વધારે દુઃખી થઈ જાય છે.[૪૩] વાસવદત્તાને પણ થાય છે કે વિરહવ્યાકુળ આર્યપુત્રના વિશ્રામસ્થાન જેવી પદ્માવતી ક્યાં અસ્વસ્થ થઈ?[૪૪] રોજના સહવાસથી બન્ને વચ્ચે એવી માયા બંધાઈ ગઈ છે કે વાસવદત્તાને એમ લાગે છે કે જો એ પદ્માવતીની સાથે સૂઈ નહીં જાય તો માંદી પદ્માવતીને એમ લાગશે કે આ મને બરાબર વ્હાલ કરતી નથી.[૪૫]

પાંચમા અંક સુધીમાં ભાસ આપણને પદ્માવતીનાં ઘણાં પાસાંઓનું દર્શન કરાવે છે. પદ્માવતીની સાલસતા, વાસવદત્તા પ્રત્યે સખી જેવો વર્તાવ ને પ્રેમ, ઉદયન માટે હૃદયનો વ્હાલ હોવા છતાં એની વાસવદત્તા પ્રત્યેની વફાદારી માટે સમજપૂર્વક સહાનુભૂતિ કેળવવાની વૃત્તિ ને અસૂયારહિત નિખાલસતા—આવા સુંદર સ્વભાવની આપણા પર પણ ઘણી ઊંડી છાપ પડે છે.

છઠ્ઠા અંકમાં ઘોષવતી વીણા પાછી મળે છે તેથી રાજા ઉદયન વાસવદત્તા સાથેના પ્રસંગો સંભારીને અત્યંત વ્યથિત થઈ જાય છે. એવી વખતે વાસવદત્તાના પિયરથી ધાત્રી ને કંચુકી રાજા મહાસેનનો સંદેશો લઈને આવે છે. રાજા ઉદયન પદ્માવતીનો મોભો ને મરતબો જાળવવાનું ચૂકતો નથી. ધાત્રી ને કંચુકીને મળતાં પહેલાં એ પદ્માવતીને બોલાવે છે; પદ્માવતીની સરળતા કેટલી છે! કહે છે: 'મારાં પ્રિયજનોનું કુશળવૃત્તાંત જાણવાની મને જિજ્ઞાસા છે.'[૪૬] મૃત સપત્ની વાસવદત્તાનાં પિયરિયાં માટે આત્મીયતાની લાગણી દર્શાવી એમનામાં પોતાનાં માણસો જેવો રસ

---

૪૨ उदयन:—इयं बाला नवोद्वाहा सत्यं श्रुत्वा व्यथां व्रजेत् ।
कामं धीरस्वभावेयं स्त्रीस्वभावस्तु कातरः ॥ स्वप्न. अंक ४-८

૪૩ रूपश्रियां समुदितां गुणतश्च युक्तां लब्ध्वा प्रियां तु मम मन्द इवाद्य शोकः ।
पूर्वाभिघातसरुजोऽप्यनुभूतदुःखः पद्मावतीमपि तथैव समर्थयामि ॥ स्वप्न. ५-२

૪૪ वासवदत्ता:—विरहपर्युत्सुकस्यार्यपुत्रस्य विश्रामस्थानभूतेयमपि नाम पद्मावत्यस्वस्था जाता । अंक ५

૪૫ वासवदत्ता:—इयं पद्मावत्यवसुप्ता । यावदुपविशामि । अथवा अन्यासनपरिग्रहेणान्य इव स्नेहः प्रतिभाति । अंक ५

બતાવવો એ પદ્માવતી જેવાની જ વિશિષ્ટતા છે. સાથે સાથે એને સંકોચ પણ થાય છે: પૂછે છે: આર્યપુત્ર ! હું તમારી સાથે બેસું કે નહીં ? વાસવદત્તાને બદલે મને જોઈને એમને કાંઈ આઘાત તો નહીં લાગે ?'[૪૭] રાજા કહે છે: એમાં શું વાંધો છે ? ઉલટું જે માણસ મારી પત્નીના દર્શનના અધિકારી છે તેમને તેની સાથે નહીં મેળવીને હું અપરાધી થઈશ.[૪૮] પતિની અકળામણોને બરાબર સમજતી ને એમાં પૂરેપૂરો ભાગ પડાવતી પદ્માવતીના મનમાં પણ ઉદયન જેવી જ ઘડભાંગ થાય છે: માતાજી પિતાજીએ શું સંદેશો મોકલ્યો હશે ? એ વિચારે બહુ ઉદ્વિગ્ન થઈ જવાય છે.'[૪૯] જ્યારે ઉદયન પણ અફસોસ કરે છે કે મારાથી વાસવદત્તાને બરાબર સચવાઈ નહીં ત્યારે પદ્માવતી આશ્વાસન આપે છે: 'કાળના પંજામાંથી કોઈને બચાવી શકાય છે ?'[૫૦] ધાત્રી ને કંચુકી રાજા ઉદયન અને વાસવદત્તાનું ચિત્ર લાવ્યાં છે. તરત પદ્મમાવતી કહે છે: 'મેં વાસવદત્તાને તો જોયાં નહીં. હવે તો ચિત્રને જ પ્રણામ કરું.'[૫૧] ચિત્ર જોતાં જ પહેલો વિચાર આવે છે: 'અરે, આ તો અવંતિકા.'[૫૨] પણ આવા વિચારને મનમાં જ દબાવી રાખે એવી એ કપટી નથી. તરત કહે છે: 'આર્યપુત્ર ! આ ચિત્ર ને વાસવદત્તા ખરેખર મળતાં આવે છે ?'[૫૩] જ્યારે ઉદયન કહે છે 'આ ચિત્ર તો આબેહૂબ છે.' ત્યારે પદ્મમાવતીને ખાત્રી થતી નથી, કદાચ લાંબા વિરહ પછી વાસવદત્તાનું ચિત્ર જોઈને ય કદાચ ઉદયનને વધારે પડતી સમાનતા છે એવું લાગતું હોય તેથી એ ચિત્રના ઉદયનને ખરા ઉદયન સાથે સરખાવે છે. જ્યારે એ બન્નેનું મળતાપણું બહુ સ્પષ્ટ થાય છે ત્યારે પદ્મમાવતીને ખાત્રી થાય છે ને એ કહે છે: 'આર્યપુત્ર ! આને મળતી જ એક સ્ત્રી અહીં રહે છે.'[૫૪] રાજા ઉતાવળો થાય છે: 'બોલાવો ને એને.' પણ પદ્મમાવતી કહે છે: તમારી સાથે મારાં લગ્ન થતાં પહેલાં કોઈ બ્રાહ્મણ એની બહેનને મારી પાસે થાપણ તરીકે મૂકી ગયો છે.[૫૫] પણ એ પ્રોષિતભર્તૃકા પરપુરુષને જોતી નથી તેથી તમારી સમક્ષ

---

૪૬ पद्मावती :—आर्यपुत्र ! प्रियं मे ज्ञातिकुलस्य कुशलवृत्तान्तं श्रोतुम् ।
उदयनः :—अनुरूपमेतद् भवत्याभिहितं—वासवदत्तास्वजनो मे स्वजन इति ।

૪૭ पद्मावती :—आर्यपुत्र ! किं मया सहोपविश्य एनं जनं द्रक्ष्यसि ?
आर्यपुत्रस्यापरपरिग्रहः इत्युदासीनमिव भवति ।

૪૮ उदयनः :—कलत्रदर्शनार्हं जनं कलत्रदर्शनात् परिहरतीति बहुदोषमुत्पादयति ।
तस्मादास्यताम् ।

૪૯ पद्मावती :—आर्यपुत्र ! तातो वाम्बा किं नु खलु भणिष्यतीयत्याविग्नेव संवृत्ता ।

૫૦ पद्मावती :—ननु किं शक्यं रक्षितुं प्राप्तकाले ।

૫૧ पद्मावती :—आर्यपुत्र ! चित्रगतं गुरुजनं दृष्ट्वाऽभिवादयितुमिच्छामि ।

૫૨ पद्मावती :—हम् ! अतिसदृशी खल्वियमार्याया आवंतिकायाः ।

૫૩ पद्मावती :—आर्यपुत्र ! सदृशी खल्वियमार्यायाः ?

૫૪ पद्मावती :—आर्यपुत्र ! अस्याः प्रतिकृत्याः सदृशीहैव प्रतिवसति ।

૫૫ पद्मावती :—आर्यपुत्र ! मम कन्याभावे केनापि ब्राह्मणेन मम भगिनिकेति न्यासो
निक्षिप्तः । प्रोषितभर्तृका परपुरुषदर्शनं परिहरति । तदार्यां मया सहागतां
दृष्ट्वा जानात्वार्यपुत्रः ।

એને લાવવી કઠણ છે. માટે હું ધાત્રીને લઈ જઈને બતાવું જેથી બરાબર ખબર પડે. અને જ્યારે અવંતિકા એ જ વાસવદત્તા છે એ વાતની ખબર પડે છે ત્યારે અભિજનને અનુરૂપ વર્તન કરતાં પદ્માવતી વાસવદત્તાને પગે પડે છે ને કહે છે: 'તમારી સાથે સખી જેમ વર્તતાં મારાથી કાંઈક અઘટિત વર્તન થયું હોય તો ક્ષમા કરજો. હું પ્રણામ કરું છું.' વાસવદત્તા કહે છે: અરે! આ શું? તું આવું કરે તેની તો મને શરમ આવે છે. તું પગે પડું એ તો મારાથી જ અપરાધ થયો ગણાય.' બન્ને સપત્નીઓના આવા સુભગ મિલનનાં દૃશ્યો સંસ્કૃત સાહિત્યમાં બહુ ઓછાં છે.

ભાસના નાટકમાં પદ્માવતીને કાં તો 'બિચારી' કાં તો 'ડાહી' બનાવી નાંખવાનો ભય હતો. એ બેમાંથી એકકે નથી. સરળ અને ઋજુ છે. એને માટે દયાભાવ ઉત્પન્ન થવાનું કારણ નથી. પણ એક વાત ખટકે છે. રાજા ઉદયન કહે છે—'किं वक्ष्यतीति हृदयं परिशङ्कितं मे' –રાજા મહાસેને શો ઠપકો મોકલાવ્યો હશે તેની મને ચિંતા છે, પેલો યૌગંધરાયણ કહે છે 'किं वक्ष्यतीति हृदयं परिशङ्कितं मे'—રાજા ઉદયન મને શું કહેશે તેની મને ચિંતા છે, પણ આખી વાતનો ઘટસ્ફોટ થયા પછી પદ્માવતી શું કહેશે એની ચિંતા નથી થતી ઉદયનને, નથી થતી વાસવદત્તાને કે નથી થતી યૌગંધરાયણને. પટરાણી બનવાના કોડ મનમાં સમાવી દેવાના, મૃત વાસવદત્તાના પ્રેમમાં તો રાજાના હૃદયમાં એ સ્થાન મેળવી જ શકી નહોતી, વાસવદત્તાના પ્રકટ થયા પછી તો પતિપ્રેમની કશી આશા જ ન રહી ને છતાં ય કશો અફસોસ, અસંતોષ પ્રકટ નહીં કરવાનો. આવું જ હોય. પોતાને અન્યાય થયો છે છતાં ય પોતે એક નાની બહેન જેવું વર્તન કરી વાસવદત્તાની આમન્યામાં રહેવાનું. મને નથી લાગતું કે વાસવદત્તા-ઉદયનને પદ્માવતી ના હોત તો કશી અપૂર્ણતા લાગત. બહુ બહુ તો એવી કલ્પના થાય છે કે વાસવદત્તા-ઉદયન એકાંતમાં કહેત, 'પદ્માવતી બહુ સારી છે.' પણ પદ્માવતીમાં જે એક ઉગતું તત્ત્વ છે, એમાં જે બાલ-યૌવનનાં બધાં જ સારાં તત્વો છે એનો સમાવેશ છે. સદ્‌ભાવ, નિર્દોષતા, નિખાલસતા ને સરળતા. વાસવદત્તા અને ઉદયન સાથે નાટકની પૂર્ણતા નથી. નાયિકા વાસવદત્તા જ નથી. પદ્માવતી વગર ઉદયન અધૂરો જ રહેશે. પદ્માવતી વગર ઉદયન-વાસવદત્તાના પ્રેમમાં પૂર્ણતા નથી એ વાતનું સૂચન ભાસે બહુ જ શરૂઆતમાં પ્રથમ શ્લોકમાં જ 'पद्मावतीर्णपूर्णौ' દ્વારા કરાવી દીધું છે. ભાસની સિદ્ધિ એ કે જો આપણે નાટક પછીના ઉદયનના સંસારની કલ્પના કરીએ તો પદ્માવતી વગરના એ સંસારની કલ્પના થાય એમ નથી. વાસવદત્તા જો ફરીવાર અગ્નિપ્રવેશ કરે તો ઉદયનના કરતાં પણ પદ્માવતીને દુઃખ થવાનો સંભવ છે. માટે જ 'स्वप्नवासवदत्तम्'ની ખરી નાયિકા કદાચ પદ્માવતી છે કારણ એના પાત્રની અસર સાર્વભૌમ રહે છે.

## [ ૨ ]

## યૌગન્ધરાયણ

ભાસના બે નાટકોમાં અમાત્ય તરીકે યૌગંધરાયણનો આપણને પરિચય થાય છે. એનું આગવું લક્ષણ છે કુશળતા. 'પ્રતિજ્ઞાયૌગંધરાયણ'ના યૌગંધરાયણથી પરિચિત થયા પછી 'સ્વપ્નવાસવદત્તમ્'માં એને ફરી મળવાથી એના વ્યક્તિત્વની સુસંગતાનો મેળ બેસી જાય છે.

ઉદયન વાસવદત્તામાં મગ્ન છે. રાજપાટ ચાલ્યા જાય તો'ય પરવા નથી. પણ રાજ્ય વગરના

રાજાની ગણતરી કેટલી ? આ વિચારે યૌગંધરાયણને રાત્રે ઊંઘ નથી આવતી. બેઠો બેઠો વિચાર કર્યા કરે છે. એના પરિપાક રૂપે એક યોજના ઘડે છે કે ગમેતેમ કરીને ઉદયન અને વાસવદત્તાને છૂટાં પાડવાં. એમના પ્રેમ સામે તો એને કોઈ વિરોધ છે જ નહીં પણ જે પ્રેમ કર્તવ્ય ભુલાવી દે તેને કેમ પોષવો ? પ્રેમ ને કર્તવ્યમાં કોને પ્રાધાન્ય આપવું જોઈએ એ તો કાલિદાસને પણ દ્વિધા થઈ છે. પણ યૌગંધરાયણ કાંઈ શાકુંતલના દુર્વાસા જેવો ક્રોધી નથી. એને તો બધું ધીરેધીરે, સમજપૂર્વક પાર ઉતારવું છે. એમાં ક્ષણિક ક્રોધનું કામ નહીં, પરિપક્વ બુદ્ધિનું જ જોર ચાલે. ઉદયન તો એને ગણકારે જ નહીં. યૌગંધરાયણે વાસવદત્તાને સમજાવવાનું વિચાર્યું. એને થયું ગમેતેમ તો’ય એ સ્ત્રી છે, પત્ની છે, પોતાના પતિના સુખનો, માનનો, મોભાનો વિચાર નહીં કરે ? એને કારણે થોડો ત્યાગ નહીં કરી શકે? યૌગંધરાયણની શ્રદ્ધા સાચી પડી. ઉદયન અને વાસવદત્તા લાવાણક નામના ગામમાં ગયા હતા. ત્યાંથી રાજા ઉદયન ગયા શિકારે, તે અરસામાં યૌગન્ધરાયણે ગામમાં મોટી આગ લગાડી અફવા ફેલાવી કે વાસવદત્તા એમાં બળી મરી છે એટલું જ નહીં પણ એને બચાવવા જતાં પોતે પણ બળી ગયો છે—સાબિતી જોઈએ છે ? લો ભાઈ, આ વાસવદત્તાના ઘરેણાં આગમાં નાંખી દીધાં. યોજનાની એકે કડી ઢીલી ન રહેવી જોઈએ. ઉદયન શિકારેથી પાછો ફર્યો. પ્રિય પત્નીના મૃત્યુથી થતા અતિશય સંતાપની વેદના અનુભવવામાં એક માણસ તરીકે ને સંસ્કૃત નાટકના નાયક તરીકે ઉદયન અપવાદ નથી. દુઃખી રાજાની વ્યથાના સાક્ષી થવા ત્યાં વાસવદત્તાને રાખે એવો યૌગંધરાયણ કાચો નથી. રાજા પાછો ફરે તે પહેલાં જ એ ને વાસવદત્તા ત્યાંથી ચાલી નીકળ્યાં; ને પહોંચ્યાં ઉજ્જયિની. તે ઉજ્જયિની કેમ ? અરે ભાઈ ધીરજ રાખો, વખત આવ્યે બધું જણાશે.

ઉદયનને વાસવદત્તાથી છૂટો તો પાડ્યો પણ તેથી કાંઈ આરૂણિએ જીતી લીધેલું રાજ્ય પાછું મળે ખરું ? એને માટે લશ્કર જોઈશે, મદદ જોઈશે. વાસવદત્તા મરી ગઈ છે એમ જાણતાં ઉદયનથી તો કશું બનવાનું જ નહીં. હવે તો બીજાઓ મદદ કરે ત્યારે. સાંભળ્યું છે કે મગધનો રાજા દર્શક બહુ શક્તિશાળી છે. એ મદદ ના કરે ? પણ મદદ કરો એમ કહેવા જવાના રાજામાં હોશકોશ તો હોવા જોઈએ ! રુમણ્વાન નામના મંત્રીને યૌગંધરાયણે રાજાની સોંપણી કરી ને પોતાના ગયા પછી શું કરવું ને બધું સમજાવ્યું. પુરુષાર્થ કામ ન કરે ત્યારે પ્રારબ્ધમાં માનવું. અત્યારે પુરતું લશ્કર તો છે જ નહીં, લાવો રાજાના ગ્રહ જોવરાવીએ. જ્યોતિષીઓ શું કહે છે? અરે, દર્શકની બહેન પદમાવતી રાજા ઉદયનની રાણી થશે ? હાં, હવે મેળ બેઠો. આ વાસવદત્તા મૃત્યુ પામી છે તેથી રાજાને પણ લગ્ન કરવા સમજાવી શકાશે ને જો રાજા પદમાવતી સાથે લગ્ન કરવાની હા પાડશે તો દર્શકની મદદ પણ ઓશિયાળા થયા સિવાય લઈ શકાશે. પણ આટલું સમજીને બેસી રહે તો એ યૌગંધરાયણ શાનો ? એક જ વસ્તુની અનેક શક્યતાઓ એ સામટી વિચારી શકે છે. વાસવદત્તાને બળી મરેલી તો જાહેર કરી દીધી પણ જીવતી વાસવદત્તાનું શું કરવું ? પોતાની સાથે તો ક્યાં લઈ લઈને ફરે ? ને રાજા, વાજાં ને વાંદરાં બધું સમુસૂતરું પાર ઊતરે ત્યારે કાંઈક સીતાની માફક ચરિત્ર ઉપર જ આક્ષેપ આવીને ઊભો રહે તો ? ના ના, ભાઈ, તો તો બધી બાજી ધૂળમાં જ મળી જાય. પાછી છે રાણી એટલે કાંઈ સામાન્ય માણસની માફક એનાથી દુઃખ પણ ના વેઠાય. યૌગંધરાયણના ફળદ્રૂપ ભેજામાં બધું ટપોટપ બંધબેસતું જાય છે. વાસવદત્તાને પદમાવતી પાસે જ કેમ ના રાખવી—કોઈ બીજા વેશમાં—

જેથી એને બહુ ત્રાસ પણ ના પડે ને જ્યારે બધી સ્પષ્ટતા થાય ત્યારે એની ચરિત્રશુદ્ધિની પણ ચિંતા ના રહે? યોજના તો સારી થઈ, પણ આ નિર્વિઘ્ને પાર ઊતરશે ખરી?

'સ્વપ્નવાસવદત્તમ્'ના પ્રથમ અંકમાં જ ભવ્ય યૌગંધરાયણ નજરે પડે છે. પદ્માવતી પોતાની માતાને મળી રાજમહેલ પાછાં ફરતાં વચ્ચે તપોવનમાં રાતવાસો ગાળવા આવે છે. રાજકન્યાને માટે માર્ગ કરવા એમના સેવકો ધૃષ્ટતાથી લોકોને ધક્કા મારે છે. યૌગંધરાયણ ગાજી ઊઠે છે: આ શાંત આશ્રમમાં વલ્કલ પહેરી, વનનાં ફળફૂલ ખાઈને જીવતાં, માનને યોગ્ય તપસ્વીજનોને આ કોણ ત્રાસ આપે છે? આ કોણ અવિવેકી છે જે ભાગ્યની ચઢતીથી છકી જઈને આ સુંદર તપોવનમાં શોરબકોર કરી નાંખે છે?[1] વાસવદત્તાને પણ નવાઈ લાગે છે. આવું અજુગતું કાર્ય અધર્મીઓ જ કરી શકે.[2] યૌગંધરાયણની સામા માણસને સમજાવવાની તો શક્તિ જુઓ. વ્યવહારુ હોવા સાથે કેટલો સહૃદય છે! મહારાણી વાસવદત્તા અત્યારે સાધારણ વેષમાં યૌગંધરાયણ સાથે તપોવન આગળ ઊભી છે. પદ્માવતીના નોકરો ધક્કામુક્કી કરતા હોય છે. વાસવદત્તા ગભરાય છે. મનેય ધક્કા મારશે કે શું? નોકરો કોઈ ઓળખવાના હતા? એક તો ઉદયનનો વિરહ ને તેમાં આ અપમાન કેવી રીતે સહન થશે? યૌગંધરાયણ કહે છે: 'બ્હેન, જીવ ના બાળીશ. રસ્તામાં પડયું શિવલિંગ ઓળખાતું નથી તો ઠેબાં જ ખાય છે ને? ભલભલા દેવતાઓનું અપમાન થાય છે તો આપણે માણસ તે કોણ'?[3] પણ વાસવદત્તાનું મન માનતું નથી. રાજરાણીથી અવગણના કેમ સહન થાય? બધો ત્રાસ વેઠાય-પણ આમ છેક ઘોર અપમાન? યૌગંધરાયણે કહ્યું: 'આપણે સ્વેચ્છાથી એક વસ્તુ સ્વીકારી, હવે માર્ગમાં જે કાંઇ સહન કરવાનું આવે તે હસતે મોંઢે વધાવી લેવાનું. અત્યારે ભલે તારી અવદશા હોય, ફરી પાછો તારો કીર્તિકળશ ઝળહળવાનો જ છે. આ ગાડાની આર જુઓ, નીચી ગઈ છે પણ પાછી ઊંચે આવે છે ને? ભાગ્યનું તો એવું છે.'[4] હાં, તો આડી વાતે ચઢી ગયા. સેવકોની ઉત્સારણા વિષે યૌગંધરાયણે જે ગર્જના કરી તેનો કોઈએ જવાબ આપ્યો ખરો? પદ્માવતીનો કંચુકી તો યૌગંધરાયણને જોતાં જ 'હે तपस्विन्' કહીને માન આપવા માંડ્યો. પણ હજુ આ સાધુનો વેષ તો યૌગંધરાયણે નવો નવો ધારણ કરેલો. ટેવાયેલો નહોતો તેથી આ સંબોધન જ એને એવું અપરિચિત લાગ્યું. જો કે ગમ્યું, તોય ઘડીભર તો એમ જ થયું કે કંચુકીએ કોઈ બીજા સાથે વાત કરી.[5] ગમે તે

---

૧ धीरस्याश्रमसंश्रितस्य वसतस्तुष्टस्य वन्यैः फलैः
मानार्हस्य जनस्य वक्लवतस्त्रासः समुत्पाद्यते ।
उत्सिक्तो विनयादपेतपुरुषो भाग्यैश्चलैर्विस्मितः
कोऽयं भो निभृतं तपोवनमिदं ग्रामीकरोत्याज्ञया ॥ स्वप्न. १-३

२ यौगंधरायणः :—भवति ! यो धर्मादात्मानमुत्सारयति ।

३ यौगंधरायणः :--भवति ! एवमनिर्ज्ञातानि दैवतान्यप्यवधूयन्ते ।

४ पूर्वं त्वयाप्यभिमतं गतमेवमासीच्छ्लाघ्यं गमिष्यसि पुनर्विजयेन भर्तुः ।
कालक्रमेण जगतः परिवर्तमाना चक्रारपंङ्क्तिरिव गच्छति भाग्यपङ्क्तिः ॥ स्वप्न. १-४

५ यौगंधरायणः :—तपस्विन्निति गुणवान् खल्वयमालापः ।
अपरिचयात्तु न श्लिष्यते मे मनसि ।

નોકરને પૂછ્યું હોત તો કદાચ જવાબ આપવાની પરવા પણ ના કરત પણ કંચુકીને જોતાં જ યૌગંધરાયણને થયું કે આ માણસ આ બધામાં કાંઈક સમજણવાળો લાગે છે.[૬] પણ માણસની પરખનો આધાર બધો આપણી ઇચ્છા-અનિચ્છા પર રાખે છે. પદ્માવતીને જોતાં જ એ ગમી ગઈ. કેમ કાંઈ કારણ? અરે પુષ્પભદ્રે ભાખેલું ને કે રાજા ઉદયનની એ ભવિષ્યની રાણી થશે, આ વિચાર જડ ઘાલી ગયેલો ને એનું સાફલ્ય ઈચ્છવા હૃદયને તાલાવેલી થયેલી. આ ઇચ્છાના પરિણામે જ પદ્માવતીને જોતાં જ યૌગંધરાયણનું હૃદય માનથી સભર થઈ ગયું.[૭]

હવે ત્યારે વાસવદત્તાની સોંપણી કેવી રીતે કરવી? જઈને સીધું એમ તો કહેવાય જ નહીં કે ભાઈ આને રાખો, આના પતિને તમે પરણવાના છો એટલે હમણાં ભલે રહી, પાછળથી બધું સમજી લઈશું.' પણ થોડા સંજોગોએ સાથ આપ્યો. તપોવનમાં રાજકુમારી આવે તો કાંઈક સખાવત તો થાય જ. પદ્માવતીએ ઢંઢેરો પીટાવ્યો: 'જેને જે જોઈએ તે આવીને માંગે, બધી ઇચ્છા પૂરી કરવામાં આવશે.' તપોવનવાસીઓનું સાદું જીવન. માગીમાગીને શું માગવાના હતા? બહુ બહુ તો કળશ, કે વસ્ત્ર કે વધીવધીને ગુરુદક્ષિણા. પણ અહીં છૂપા તપસ્વીઓ બેઠેલા એની પદ્માવતીને ક્યાં ખબર હતી? તપોવન તો એવું સંતુષ્ટ નીકળ્યું કે ત્યાંથી માગણી કરવા કોઈ જ આગળ ના આવ્યું, હા, આગંતુકે લાભ લીધો. આ જગાએ યૌગંધરાયણે કેટલો ઝડપથી નિર્ણય લીધો છે. વાસવદત્તાને કશું પૂછ્યા વગર જ ધડ દઈને કહી દીધું: 'अहमर्थी' પેલી તાપસીને પણ નવાઈ લાગી: 'અમારે અહીંથી તો કોઈ માંગે નહીં. બ્હારનો લાગે છે.' યૌગંધરાયણે નમ્ર ભાવે કહ્યું: 'આ મારી બ્હેન પ્રોષિતભર્તૃકા છે, તેનો પતિ પાછો આવે ત્યાં સુધી તમે એનું રક્ષણ કરો.' વાસવદત્તાને યૌગંધરાયણમાં પૂરો વિશ્વાસ છે ને તેથી જ આ ઝડપી વ્યવસ્થાથી જરા'ય ડઘાયા વગર કહે છે: 'જે યોગ્ય હશે તે જ કર્યું હશે. અવિચારી પગલું ભરવાનું યૌગંધરાયણના સ્વભાવમાં જ નથી.[૮] પદ્માવતી વાસવદત્તાનો સ્વીકાર કરે છે ને યૌગંધરાયણને નિરાંત વળે છે. સ્વામી ઉદયન અને વાસવદત્તાના પુનર્મિલન વખતે મગધરાજપુત્રી વિશ્વાસસ્થાન બનશે' પણ પદ્માવતીનું લગ્ન ઉદયન સાથે ના થયું તો? છટ, એવી અનિષ્ટ શંકા ઉદ્ભવતી જ નથી. જે પ્રખર જ્યોતિષોએ રાજ્ય જશે એમ ભાખેલું, તેઓએ જ આ લગ્નની વાત કહી છે. એક વાત સાચી પડી તો બીજી ખોટી કેમ પડે? ને વળી વિધિ સિદ્ધવાકયોનું ઉલ્લંઘન કરે એ વાતમાં શું માલ છે?[૯]

યૌગંધરાયણનું તેજસ્વી વ્યક્તિત્વ ચતુરાઈ વગર તો ઝાંખુ પડી જાય. લાવાણક ગામથી

---

૬ यौगन्धरायणः :—हन्त । सविज्ञानमस्य दर्शनम् ।

૭ यौगन्धरायणः :—प्रद्वेषो बहुमानो वा सङ्कल्पादुपजायते ।
भर्तृदाराभिलाषित्वादस्यां मे महती स्वता. ॥ स्वप्न. १-७

૮ वासवदत्ता :—भवतु, अविचार्य क्रमं न करिष्यति ।

૯ यौगन्धरायणः :—पद्मावती नरपतेर्महिषी भवित्री दृष्टा विपत्तिरथ यैः प्रथमं प्रदिष्टा ।
तत्प्रत्ययात् कृतमिदं न हि सिद्धवाक्यान्युत्क्रम्य गच्छति विधिः
सुपरीक्षितानि ॥ स्वप्न. १-४

બ્રહ્મચારી આવે છે, આગના ને ઉદયનની સ્થિતિના સમાચાર લાવે છે, પોતે આમાં કશો જ ભાગ ન ભજવ્યો હોય એવી તટસ્થતાથી ને છતાં'ય બધું જાણી લેવાની તીવ્ર ઇચ્છાવાળો યૌગંધરાયણ વારેવારે ' ततस्ततः ' પૂછીને બ્રહ્મચારીને આખી વસ્તુ વિસ્તારથી કહેવા પ્રેરે છે. તે ઉદયનના શોકની વાત જ્યારે વાસવદત્તા જીરવી શકતી નથી ત્યારે યૌગંધરાયણ ' મારી બ્હેન સ્વભાવે જરા નરમ છે, દુઃખથી વાત સાંભળતાં જ રડી પડે '[૧૦] કરીને આખી વસ્તુને સ્વાભાવિક રીતે જ વાળી દે છે. પણ ત્યારે યૌગંધરાયણને આડકતરાં મ્હેણાં ય ખાવા પડ્યા છે. જ્યારે માણસથી દુઃખ સહન નથી થતું ત્યારે દોષનો ટોપલો બીજાને માથે ઓઢાડવાથી ભાર હળવો થાય છે. વફાદારીની આ કરુણતા છે. સીતાનું રક્ષણ કરતા લક્ષ્મણને મૃગની પાછળ ગયેલા રામને બચાવવા માટે નહીં જવા અંગે સીતાએ ગમે તેમ કહેલું. ઉદયનને રાજ્ય પાછું અપાવવા માટે કષ્ટ વેઠતા યૌગંધરાયણને પણ સાંભળવું પડ્યું છે. વાસવદત્તા કહે છેઃ મારો ને આર્યપુત્રનો વિરહ કરાવવાથી જો યૌગંધરાયણના હૃદયને શાંતિ મળતી હોય તો તેમ થાઓ '.[૧૧]

પ્રથમ અંક પછી યૌગંધરાયણ પડદા પરથી અદશ્ય થાય છે તે છેવટે છેલ્લા જ અંકમાં પાછો આવે છે પણ પરોક્ષ રીતે એ પોતાનો ભાગ ભજવે જ જાય છે. આખા નાટકના બધા પ્રસંગોના દોરને એ સૂત્રધારની માફક જાળવી રાખે છે ને અંતે છેલ્લા અંકમાં બધું રીતસર પાર પડે છે ત્યારે રાજાની ફરજ યાદ દેવરાવતો એ આવી પહોંચે છે. રાજાનું પદ્માવતી સાથે લગ્ન થાય છે, રાજ્ય પાછું મળે છે ને વાસવદત્તાની માતા અંગારવતીએ મોકલેલા ઉદયન-વાસવદત્તાના લગ્ન દશ્યને દર્શાવતા ચિત્રમાં દોરેલી વાસવદત્તા સાથે પોતાની જોડે અંતઃપુરમાં રહેતી તપસ્વિની બ્હેન અવંતિકાનું સામ્ય જોઈ જ્યારે વાસવદત્તાને પદ્માવતી રાજા પાસે લાવે છે, ત્યારે યૌગંધરાયણ પણ તપસ્વીના વેષમાં પોતાની બ્હેનને પાછી લઈ જવા આવે છે. આટલી મહેનત પછી ભગીરથ કાર્ય સફળતાથી પાર તો પડ્યું છે છતાં'ય યૌગંધરાયણ મનથી ગભરાય છેઃ ' રાજા શું કહેશે? આટલા વખતથી રાણીથી વિયોગ કરાવ્યો, પરિણામે બીજું લગ્ન થયું, આટઆટલો મનને સંતાપ થયો, મારી ઝાટકણી તો નહીં કાઢે '?[૧૨] રાજાને યૌગંધરાયણનો અવાજ પરિચિત લાગે છે.[૧૩] પણ વેષપલટાથી એ ઓળખાતો નથી. વાસવદત્તાની ધાત્રી વાસવદત્તાને ઓળખી કાઢે છે. રાજાનો ઉત્સાહ માતો નથી, ને વાસવદત્તાને ઝટ પદ્માવતી સાથે અંતઃપુરમાં જવાનું કહે છે. યૌગંધરાયણ આગળ આવે છેઃ ' મારી બ્હેનને કોણ લઈ જાય છે? અરે રાજા, તમે ભરતકુળમાં જન્મ્યા છો, વિનીત છો, જ્ઞાની છો, એક સ્ત્રીને આમ બળજબરીથી અંતઃપુરમાં લઈ જવાનું તમને શોભે છે?[૧૪] રાજાને થાય છે, પૂરી ખાત્રી કરવા દો. યૌગંધરાયણને થાય છે હવે લાંબું ખેંચવામાં માલ નથી ને વાસવદત્તા ને યૌગંધરાયણ એમના પોતાના સ્વરૂપમાં પ્રકટ થાય છે.

---

૧૦ यौगन्धरायणः :—प्रकृत्या सानुक्रोशा मे भगिनी । अंक १

૧૧ वासवदत्ताः :—सकाम इदानीं आर्ययौगन्धरायणो भवतु । अंक १

૧૨ यौगन्धरायणः :—प्रच्छाद्य राजमहिषीं नृपतेर्हितार्थं कामं मया कृतमिदं हितमित्यवेक्ष्य ।
सिद्धेऽपि नाम मम कर्मणि पार्थिवोऽसौ किं वक्ष्यतीति हृदयं परिशङ्कितं मे ॥
स्वप्न. अंक ६-१५

૧૩ उदयनः :—श्रुतपूर्व इव स्वरः । स्वप्न. अंक ६

યૌગંધરાયણ વિવેક ચૂકતો નથી. તરત રાજાને પગે પડે છે: 'સ્વામી, દેવીને તમારાથી દૂર કરીને મેં મોટો અપરાધ કર્યો છે, મને ક્ષમા કરો.'[૧૫] આવા સેવકને સ્વામી પણ યોગ્ય જ મળી રહે છે. ઉદયન શાબાશી આપે છે: 'માફી શાનો માગે છે? તું તો મારે ખરેખરો યૌગંધરાયણ જ છું. જ્યારે પ્રદ્યોતરાજાએ મને પકડેલો ત્યારે ગાંડા માણસનો ઢોંગ કરીને મને તેં બચાવેલો, ને આરુણિ રાજ્ય લઈ ગયો ત્યારે શાસ્ત્રાનુસાર બુદ્ધિ દોડાવી. અરે ભાઈ, તું ન હોત તો મને કોણ તારવાનું હતું?'[૧૬] યૌગંધરાયણ નમ્રતાથી કહે છે: મેં કશું કર્યું નથી. આપનું ભાગ્ય બળવાન છે. હું તો માત્ર આપના ભાગ્યની પાછળ પાછળ જ ચાલ્યો છું.[૧૭]

છેલ્લા અંકમાં વાસવદત્તા ને ઉદયનના પુનર્મિલનમાં આનંદનો અતિરેક થાય છે પણ યૌગંધરાયણ વાસવદત્તાનાં દુઃખી માતાપિતાને ભૂલતો નથી. રાજાને યાદ દેવડાવે છે: 'આજે જ કંચુકી ને ધાત્રીને આ શુભસમાચાર મોકલવા પાછા વળાવો.[૧૮]

આમ સ્ટેજ પર બહુ જ ઓછા સમય માટે હાજર રહેવા છતાં પ્રેક્ષકોના મન પર ઘેરી અસર કરી જનાર યૌગન્ધરાયણનું પાત્ર ખૂબ સત્ત્વવાળુ બન્યું છે. પોતાના હાથમાં આખા નાટકનું સૂત્ર રાખીને એ ઉદયન-વાસવદત્તા અને પદ્માવતી જેવાં મુખ્ય પાત્રોને નિમિત્તમાત્ર બનાવી દે છે. શક્તિ ને માનવતાનો સુભગ સમન્વય યૌગન્ધરાયણમાં સધાયો છે.

પણ અહીં એક પ્રશ્ન મનમાં ઊભો થાય છે. ગણતરીબાજ યૌગન્ધરાયણે બીજી વધારે દેખીતી ચાલ કેમ ન ચલાવી? મહાસેનને વાસવદત્તા-ઉદયનનુ લગ્ન માન્ય હતું એની એને ખબર ન હોય એમ બને? પ્રદ્યોતની સાથે ગેરસમજ દૂર કરી આરુણિને હરાવી ન શકાત? તો પછી પદ્માવતીને સપત્ની કરી તે સેવા કે કુસેવા? શું દર્શક મહાસેનની માફક જે લગ્નના મૂળમાં જ છેતરપીંડી છે એને વધાવશે? જેવો રાજા એવો મંત્રી. ઉદયન જેવી રીતે મહાસેન પસંદ નહીં કરે એમ માનીને વાસવદત્તાને લઈને નાસી ગયો તેવી જ રીતે યૌગન્ધરાયણની આટલી બધી પ્રપંચપ્રચુર છેતરપીંડી આરુણિને હરાવવા બિનજરૂરી હતી.

નાટકનો પ્રધાન ઉદ્દેશ્ય હતો એ કે પ્રચ્છન્નને પ્રકટ કરવું. ભૌતિક જગતમાં જે થાય તે આપણી અંદર થાય ને જે પ્રત્યક્ષ છે તે સાબિત કરવું. ભાસ અને યૌગન્ધરાયણે જે યુક્તિ રચેલી તેમાં તો બિચારી પદ્માવતી વાસવદત્તા-રાજ્યશ્રીને મેળવવામાં ઘોષવતીના જેવી જ નિમિત્તરૂપે કલ્પાયેલી. પણ આ સુશીલ બાળા અવિભાજ્ય પ્રેમને સપત્નીત્વ સાથે સંકલિત કરી શકશે અને એને પોતાના મધુર મૂક ચરિત્રથી દ્વિગુણિત કરી શકશે એ ચમત્કારની કલ્પના પણ

---

૧૫ यौगन्धरायणः :—देव्यपनयेन कृतापराधः खल्वहम् । तत् क्षन्तुमर्हति स्वामी ।

૧૬ उदयनः :—मिथ्योन्मादैश्च युद्धैश्च शास्त्रदृष्टैश्च मन्त्रितैः ।
भवद्यत्नैः खलु वयं मज्जमानाः समुद्धृताः ॥ स्वप्न. ६-१८

૧૭ यौगन्धरायणः :—स्वामिभाग्यानामनुगन्तारो वयम् । स्वप्न. अंक ६

૧૮ यौगन्धरायणः :—देव्याः कुशलनिवेदनार्थमद्यैव प्रतिनिवर्ततामत्रभवान् रैभ्योऽत्रभवती च ।
स्वप्न. अंक ६

મંગલાર્થે તો'ય કાવાદાવાવાળા મંત્રીમંડળના મગજમાં આવી શકત ખરા ? રાજશેતરંજના દાવમાં પાત્રોના પ્રયોજનને તોળનારા આ ચમત્કારનો હિસાબ કરવાનું ભૂલી ગયા. નાટકને અંતે પ્રેક્ષકો યૌગન્ધરાયણની ચતુરાઈની પ્રશંસા કરતા જાય ત્યારે હૃદયમાં જે પ્રસન્નતાનો ભાવ રહે છે તેમાં વાસવદત્તાનો પ્રણય એના ત્યાગથી ઉદયનનો સ્નેહ પદ્મ‌ાવતીના બાલપ્રેમથી અને પદ્મ‌ાવતી(?) પદ્મ‌ાવતીના કે ઉદયનના કે વાસવદત્તાના સ્નેહ સંસારમાં અપૂર્ણતાનો જે નિર્દોષ પ્રેમે સંપૂર્ણ સંહાર કરી નાંખ્યો છે એ પદ્મ‌ાવતીના તદ્દન નિર્દોષ નિર્વ્યાજ પ્રેમથી એ ત્રણે એકબીજાને પરિપૂર્ણ કરે છે અને એકબીજાંથી પરિપૂર્ણ થયાં છે, એ નાટકનો અંતનો સ્ર એ જ પ્રેક્ષકના મનનો મુખ્ય પણ લાક્ષણિક રીતે જ મૂક ભાવ છે, જાણે કે હૃદયનાં અમૃત પીને વાસવદત્તા, ઉદયન અને પદ્મ‌ાવતી એકબીજાનાં પ્રેમમાં મૂક અને સ્થિર થઈ કહેતાં હોય યૌગન્ધરાયણને– હવે જરા તારી ચતુરાઈની શેતરંજથી દિલ બહેલાવ–અને જાણે યૌગન્ધરાયણ પણ નમ્ર બની પ્રણામ કરીને કહેતો હોય કે 'પ્રભુ ચતુરાઈ તો મારા આપ સૌ પ્રતિની અડગ વફાદારીનું અને પ્રેમનું ફક્ત નિમિત્ત છે ".

# 'રસગઙ્ગાધર'માં ઉપમા અલંકારના સ્વરૂપની ચર્ચા

ચિત્રા પ્ર. શુક્લ

જગન્નાથે ઉપમા અલંકારની વિસ્તૃત ચર્ચા કરી છે. આ અલંકારની તેમની વ્યાખ્યા આ પ્રમાણે છે: सादृश्यं सुन्दरं वाक्यार्थोपस्कारकमुपमालङ्कृतिः. વ્યાખ્યાનો પ્રત્યેક શબ્દ ખૂબ અર્થપૂર્ણ અને સપ્રયોજન છે. 'सुन्दरं' શબ્દ અનન્વય અને વ્યતિરેક અલંકારોમાં ઉપમાની અતિવ્યાપ્તિ થતી અટકાવે છે. અનન્વય અને વ્યતિરેક અલંકારોમાં, રૂપક, અપહ્નુતિ જેવા અભેદપ્રધાન અલંકારોમાં તેમજ દૃષ્ટાન્ત, પ્રતિવસ્તૂપમા જેવા ભેદપ્રધાન અલંકારોમાં સાદૃશ્ય છે, પરંતુ આ સાદૃશ્ય ચમત્કૃતિ ઉત્પન્ન કરતું નથી. અનન્વયમાં દ્વિતીયસદૃશવ્યવચ્છેદ, તો વ્યતિરેકમાં સાદૃશ્યનો નિષેધ ચમત્કાર ઉત્પન્ન કરે છે, જ્યારે ઉપમામાં સાદૃશ્ય પોતે જ ચમત્કાર ઉત્પન્ન કરે છે. અભેદપ્રધાન તેમજ ભેદપ્રધાન અલંકારોના મૂળમાં સાદૃશ્ય રહેલું છે, પરંતુ તે ચમત્કૃતિનું મૂળ ઉદ્દ્ગમસ્થાન નથી. પ્રતીપ અને ઉપમેયોપમામાં સાદૃશ્ય ચમત્કૃતિને ઉત્પન્ન કરતું પ્રમુખ તત્ત્વ છે, પરંતુ આ બે અલંકારો માત્ર ઉપમાના જ પ્રભેદો છે. જગન્નાથના મતે કલ્પિતોપમા પણ ઉપમાનો જ એક પ્રકાર છે, કારણ કે ઉપમાની વ્યાખ્યામાં, ઉપમાન અને ઉપમેય સાચાં જ હોવાં જોઈએ એવો કોઈ નિર્દેશ નથી. વળી કલ્પિતોપમામાં પણ સાદૃશ્ય જ ચમત્કૃતિનું મૂળ છે. કલ્પિતોપમામાંથી બીજા કોઈ પણ ઉપમાનના અભાવની પ્રતીતિ થાય પરંતુ માત્ર આ કારણ કલ્પિતોપમાને સ્વતંત્ર અલંકાર બનાવવા માટે પૂરતું નથી. આ કારણસર કલ્પિતોપમા, ઉપમાનો એક પ્રકારમાત્ર બની શકે.

ઉપમાની વ્યાખ્યા સ્પષ્ટ કર્યા પછી પોતાના કેટલાક પુરોગામીઓએ આપેલી ઉપમાની વ્યાખ્યાની જગન્નાથ ટીકા કરે છે. સૌથી પ્રથમ તેઓ અપ્પય્યે આપેલી ઉપમાની વ્યાખ્યાની ટીકા કરે છે. અપ્પય્યે ઉપમાની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે: उपमितिक्रियानिष्पत्तिमत्सादृश्यवर्णनमव्यङ्ग्यमुपमालङ्कारः. વળી એણે ઉપમાની બીજી પણ વ્યાખ્યા આપી છે: स्वनिषेधापर्यवसायि सादृश्यवर्णनं वा तथाभूतं तथा. આ વ્યાખ્યાઓની ટીકા કરતાં જગન્નાથ કહે છે, વર્ણન વિશિષ્ટ શબ્દોનું બનેલું હોય અથવા વિશિષ્ટ પ્રતીતિરૂપ હોય. પણ આ બંને સ્થિતિમાં તે શબ્દ દ્વારા વાચ્ય ન બની શકે. ઉપમા અર્થાલંકાર છે, અને અર્થ હંમેશાં શબ્દ દ્વારા વાચ્ય હોય છે. તેથી 'उपमितिक्रियानिष्पत्तिमत्सादृश्यवर्णन' અર્થાલંકારની વ્યાખ્યા બની શકે નહીં. આવું વર્ણન કદી વ્યઙ્ગ્ય ન હોઈ શકે એટલે વ્યાખ્યામાં આવતો 'अव्यङ्ग्यं' શબ્દ બીનજરૂરી છે. જે સાદૃશ્યનો વિષય છે તે સાદૃશ્ય ઉપમા એવો બચાવ કરી શકાય નહીં, કારણ કે તો પછી કોઈ પણ સામાન્ય વર્ણન ઉપમા બનશે. ઉપમામાં આવતું વર્ણન ચમત્કૃતિ ઉત્પન્ન કરતું હોવું જોઈએ. આ અગત્યનું વર્ણન લક્ષણ અપ્પય્યની વ્યાખ્યામાં આવતું નથી. જો આ લક્ષણ વ્યાખ્યામાં સમાવી લેવામાં આવે, તો 'उपमितिक्रियानिष्पत्तिमत्' વિશેષણ બીનજરૂરી થશે, કારણ કે ઉપરછલ્લું સાદૃશ્ય ચમત્કૃતિજનક હોઈ શકે નહીં. અપ્પય્યની વ્યાખ્યામાં આવતો

વર્ણન શબ્દ જો ચમત્કૃતિ ઉત્પન્ન કરતાં તત્ત્વ તરીકે સમજવામાં આવે તો निषेधापर्यवसायि શબ્દ બીનજરૂરી બની જશે. કારણ કે સાદશ્યનિષેધ માત્ર અનન્વય અને વ્યતિરેકમાં જ ચમત્કાર ઉત્પન્ન કરે છે. વળી, મુખ્યવાકયાર્થરૂપ હોવ એવી ઉપમાને પણ આ વ્યાખ્યા લાગુ પડશે. અપ્પય્ય માત્ર ઉપમા અલંકારની જ વ્યાખ્યા આપવા માગે છે એ તો એના નીચે આપેલા શબ્દો પરથી જ સાબિત થાય છે :

व्यापारो उपमानाख्यो भवेद्यदि विवक्षितः ।
क्रियानिष्पत्तिपर्यन्तमुपमालङ्कृतिस्तु सा ॥

આમ મુખ્યવાકયાર્થરૂપ હોય એવી ઉપમાને અપ્પય્યની વ્યાખ્યા લાગુ પડવી ન જોઈએ. વ્યાખ્યામાં આવતો સાદશ્ય શબ્દ પણ બીનજરૂરી છે કારણ કે 'उपमितिक्रियानिष्पत्तिमद्वर्णनम्' શબ્દથી જ સાદશ્યનો ભાવ આવી જાય છે.

વિદ્યાનાથે ઉપમાની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે :

स्वतःसिद्धेन भिन्नेन सम्मतेन च धर्मतः ।
साम्यमन्येन वर्ण्यस्य वाच्यं चेदेकदोपमा ॥

આ વ્યાખ્યા વ્યતિરેક અલંકારને પણ લાગુ પાડી શકાય એમ જગન્નાથ ટીકા કરે છે.

કોઈક પ્રાચીન આલંકારિકે ઉપમાની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે :

उपमानोपमेयत्वयोग्ययोरर्थयोर्द्वयोः ।
हृद्यं साधर्म्यमुपमेत्युच्यते काव्यवेदिभिः ॥

અહીં 'हृद्यं साधर्म्यमुपमा' એટલા જ શબ્દો પૂરતા છે બીજા બીનજરૂરી છે એવો જગન્નાથનો મત છે.

મમ્મટે 'साधर्म्यमुपमा भेदे' એવી વ્યાખ્યા આપી છે. જગન્નાથ આ વ્યાખ્યામાં અતિવ્યાપ્તિ દોષ બતાવતાં કહે છે કે આ વ્યાખ્યા વ્યતિરેક અલંકારને પણ લાગુ પડી શકે. પૂર્વપક્ષી કદાચ એવી દલીલ કરે કે साधर्म्य શબ્દને 'पर्यवसितं' જેવું કોઈક વિશેષણ આપવું. પણ તો પછી વ્યતિરેકને નિવારવા માટે યોજેલો भेदे શબ્દ બીનજરૂરી થશે કારણ કે અનન્વય અલંકારનું પર્યવસાન સાદશ્યમાં નથી. આ જ કારણો આપીને જગન્નાથ રુય્યકે આપેલી ઉપમાની વ્યાખ્યાની પણ ટીકા કરે છે.

શોભાકરે ઉપમાની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે : 'प्रसिद्धगुणेनोपमानेनाप्रसिद्धगुणस्योपमेयस्य सादृश्यमुपमा । આ વ્યાખ્યા શ્લેષ ઉપર આધાર રાખતી ઉપમાને લાગુ પડશે નહીં કારણ કે આ પ્રકારની ઉપમામાં સાધારણ ધર્મ વિશિષ્ટ શબ્દોનો જ બનેલો હોઈ ઉપમાન પ્રસિદ્ધ નથી.

ઉપમાના વર્ગીકરણમાં જગન્નાથ મમ્મટને અનુસરીને પચ્ચીસ પ્રકારો આપે છે. આ વર્ગીકરણ નીચે પ્રમાણે દર્શાવી શકાય.

ઉપમા :—પૂર્ણા, લુપ્તા.

પૂર્ણા :—શ્રૌતી વાક્યગા, શ્રૌતી સમાસગા, શ્રૌતી તદ્ધિતગા, આર્થી વાક્યગા, આર્થી સમાસગા, આર્થી તદ્ધિતગા.

લુપ્તા :—એકલુપ્તા, દ્વિલુપ્તા, ત્રિલુપ્તા.

એકલુપ્તા :—ઉપમાનલુપ્તા વાક્યગા, ઉપમાનલુપ્તા સમાસગા, ધર્મલુપ્તા સમાસગા શ્રૌતી, ધર્મલુપ્તા સમાસગા આર્થી, ધર્મલુપ્તા વાક્યગા શ્રૌતી, ધર્મલુપ્તા વાક્યગા આર્થી, ધર્મલુપ્તા તદ્ધિતગા આર્થી, વાચકલુપ્તા સમાસગા, વાચકલુપ્તા કર્મક્યજ્ગતા, વાચકલુપ્તા આધારક્યજ્ગતા, વાચકલુપ્તા ક્યઙ્ગતા, વાચકલુપ્તા કર્મણ્ણમુલ્ગતા, વાચકલુપ્તા કર્તૃણમુલ્ગતા.

દ્વિલુપ્તા :—ધર્મોપમાનલુપ્તા વાક્યગા, ધર્મોપમાનલુપ્તા સમાસગા, વાચકધર્મલુપ્તા ક્વિબ્ગતા, વાચકધર્મલુપ્તા સમાસગતા, વાચકોપમેયલુપ્તા.

ત્રિલુપ્તા :—ધર્મોપમાનવાચકલુપ્તા.

આ પચ્ચીસ પ્રકારો ઉપરાંત જગન્નાથ સાત બીજા પ્રકારો પણ આપે છે. (૧) ણિનિગા વાચકલુપ્તા, (૨) કન્ગા વાચકલુપ્તા, (૩) ક્વિબ્ગા વાચકલુપ્તા, (૪) છપ્રત્યયગા ઉપમાનલુપ્તા, (૫) વાચકોપમાનલુપ્તા, (૬) તદ્ધિતગા ધર્મોપમાનલુપ્તા, (૭) કન્ગા વાચકધર્મલુપ્તા.

પ્રાચીન આલંકારિકોએ કર્મક્યજ્ગા, આધારક્યજ્ગા અને ક્યઙ્ગાને વાચકલુપ્તાના પ્રકારો ગણ્યા છે. જગન્નાથ આ ત્રણેને ધર્મવાચકલુપ્તાના પ્રકારો ગણે છે. ક્યચ્ અને ક્યઙ્ દ્વારા સુચવાતો આચાર, ઉપમામાં સાધારણધર્મ બનવા માટે પૂરતો નથી. માત્ર આચાર જો સાધારણધર્મ બનવા માટે પૂરતો હોય, તો त्रिविष्टपं तत्खलु भारतायते ઉપમાનું ઉદાહરણ કેમ નથી બનતું ? सुपर्वभिः शोभितमन्तराश्रितैः એ શબ્દો મળે ત્યારે જ તે ઉપમાના ઉદાહરણરૂપ બની શકે. આ દર્શાવે છે કે ઉપમામાં સાધારણધર્મ, ઉપમા રચવા પૂરતો હોવો જોઈએ. कर्मक्यज्गा, आधारक्यज्गा અને क्यङ्गामां આ પ્રકારનો સાધારણધર્મ ન હોવાથી તેમાં વાચક ઉપરાંત ધર્મનો પણ લોપ છે એવું ગણવું જોઈએ.

'चित्रमीमांसा'માં અપ્પય્ય દીક્ષિતે દર્શાવ્યું છે કે દ્વિર્ભાવમાં પણ ધર્મલુપ્તા ઉપમા આવે. पटुपटुर्देवदत्तःમાં 'पटु' શબ્દનો દ્વિર્ભાવ સામ્ય દર્શાવે છે. જગન્નાથના મતે पटुपटुर्देवदत्तःમાં વાચકધર્મલુપ્તા ઉપમા છે, કારણ કે તેમાં ઉપમાપ્રતિપાદક શબ્દ નથી. पटु શબ્દની દ્વિરુક્તિને સાદૃશ્યવાચક ન કહી શકાય કારણ કે તે સાદૃશ્યની વ્યંજક છે. અપ્પય્યનો બચાવ કરતાં રસગઙ્ગાધરના ટીકાકાર નાગેશભટ્ટ દલીલ કરે છે કે દ્વિર્ભાવ સાદૃશ્યરૂપી અર્થ આપતો હોવાથી સાદૃશ્યવાચક શબ્દ અહીં હાજર છે એમ કહી શકાય. 'चन्द्र इव मुखम्'માં પણ જેમના મતે इव વગેરે વ્યંજક છે તેમના મતે તેમને સાદૃશ્યના વાચક ન ગણી શકાય, છતાં इवને સાદૃશ્યનો વાચક માનવામાં આવ્યો છે. આ જ પ્રમાણે દ્વિર્ભાવ સાદૃશ્યરૂપી અર્થ આપતો હોવાથી, સાદૃશ્યવાચક શબ્દ અહિં હાજર છે એમ કહી શકાય. 'चन्द्र इव मुखम्'માં પણ જેમના મતે इव વગેરે વ્યંજક છે તેમના મતે તેમને સાદૃશ્યના વાચક ન ગણી શકાય, છતાં इवને સાદૃશ્યનો વાચક માનવામાં આવ્યો છે. આ જ પ્રમાણે દ્વિર્ભાવ સાદૃશ્યરૂપી અર્થ આપતો હોવાથી, જ્યાં દ્વિર્ભાવ હોય, ત્યાં વાચક અને ધર્મ બંનેનો લોપ ન માનતાં, માત્ર ધર્મનો જ લોપ માનવો જોઇએ.

'तं जगत्यभजन्मर्त्यश्चञ्चा चन्द्रकलाधरम्'માં અપ્પય્યના મતે कन्गा વાચકધર્મલુપ્તા છે, જ્યારે જગન્નાથના મતે कन्गा માત્ર વાચકલુપ્તા છે. ઉપલા ઉદાહરણમાં શિવને ન ભજવા તે સાધારણધર્મ છે અને તે અહીં વાચ્ય છે. આમ कन्गा માત્ર વાચકલુપ્તા જ ગણાય.

અલંકાર હમેશાં ઉપસ્કારક હોય. ઉપમા અલંકાર દ્વારા ઉપસ્કાર્ય કોણ? જગન્નાથનું માનવું છે કે ઉપમા અલંકાર (૧) વ્યઙ્ગ્ય વસ્તુ, (૨) વ્યઙ્ગ્ય અલંકાર, (૩) વ્યઙ્ગ્ય રસ, વાચ્ય વસ્તુ અને (૫) વાચ્ય અલંકારને ઉપસ્કૃત કરી શકે. ઉપર જણાવેલા પચ્ચીસ પ્રકારોને આ પાંચ સાથે ગુણતાં ઉપમાના એકસો પચ્ચીસ પ્રકારો થશે. જેઓ બત્રીસ પ્રકાર માન્ય રાખે છે, તેમને મતે ઉપમાના એકસો સાઠ પ્રકારો થશે.

ઉપમાનું એક બીજું વર્ગીકરણ પણ જગન્નાથ આપે છે. આ વર્ગીકરણ સાધારણધર્મના પ્રકાર પર આધાર રાખે છે. સાધારણધર્મ (૧) અનુગામી, (૨) બિમ્બપ્રતિબિમ્બભાવાપન્ન, (૩) બિમ્બપ્રતિબિમ્બભાવ અને અનુગામિતાના મિશ્રણરૂપ, (૪) બિમ્બપ્રતિબિમ્બભાવ અને વસ્તુપ્રતિવસ્તુભાવના મિશ્રણરૂપ, (૫) ઉપચરિત અને (૫) શુદ્ધ શબ્દાત્મક હોઈ શકે. જ્યાં એક જ સ્થળે એકથી વધુ ઉપમાઓ હોય ત્યાં સાધારણધર્મો વચ્ચે કાર્યકારણભાવ પણ હોઈ શકે. સાધારણધર્મ (૧) વાચ્ય, (૨) વ્યઙ્ગ્ય અને (૩) લક્ષ્ય હોઈ શકે. ધર્મલુપ્તામાં સર્વત્ર સાધારણધર્મ વ્યઙ્ગ્ય હોય છે.

પ્રધાન અર્થને ઉપમા સીધી રીતે અથવા માધ્યમ દ્વારા ઉપસ્કૃત કરે. प्रतिभट, प्रतिमल्ल વગેરે શબ્દો લક્ષણા દ્વારા સાદૃશ્યનો અર્થ આપે છે અને આ રીતે લક્ષ્ય થએલી ઉપમા પ્રધાન અર્થને અલંકૃત કરે છે. ઉપમા વ્યઙ્ગ્ય હોય ત્યારે પણ અલંકાર બની શકે છે. વ્યઙ્ગ્ય ઉપમા પણ અલંકાર બની શકે છે તે દર્શાવે છે કે વ્યઙ્ગ્યત્વ અને અલંકારત્વ વચ્ચે કોઈ વિરોધ નથી. ઉપમાની વ્યાખ્યામાં અપ્પય્ય अव्यङ्ग्यम् શબ્દ લાવે છે તે ઉચિત નથી, કારણ કે વિરોધ પ્રધાનત્વ અને અલંકારત્વ વચ્ચે છે, વ્યઙ્ગ્યત્વ અને અલંકારત્વ વચ્ચે નહીં. પ્રધાન હમેશાં ઉપસ્કાર્ય છે, અલંકાર ઉપસ્કારક છે, અને અલંકાર અને અલંકાર્ય કદી એક ન હોઈ શકે.

અપ્પય્યે ઉપમાના ત્રણ પ્રકારો પાડ્યા છે: (૧) જેનું પોતાના જ સૌન્દર્યમાં પર્યવસાન થાય તે, (૨) ઉક્તાર્થોપપાદનપરા, (૩) વ્યઙ્ગ્યાર્થ જેમાં મુખ્ય છે એવી ઉપમા. જગન્નાથ આ વર્ગીકરણને યોગ્ય ગણતા નથી, કારણ કે જેમાં વસ્તુ મુખ્ય છે એવા પ્રકારોને આ વર્ગીકરણ આવરી લેતું નથી. પ્રથમ પ્રકાર, જેમાં ઉપમાનું પોતાનામાં જ પર્યવસાન થાય છે તેને ઉપમા અલંકાર કેવી રીતે ગણી શકાય? ઉપમાનું જો પર્યન્તે પોતાનામાં જ પર્યવસાન થતું હોય, તો અપ્પય્યે ઉપમાની વ્યાખ્યામાં अव्यङ्ग्यं શબ્દ શા માટે ઉમેર્યો છે? જે ન લાવવું જોઈએ તેને અપ્પય્ય વ્યાખ્યામાં લાવ્યા છે અને જે લાવવું જોઈએ તે નથી લાવતા. પ્રથમ પ્રકાર પ્રબંધને અલંકૃત કરે છે એવું ન કહી શકાય. વળી એ પ્રકાર પ્રબંધમાં પર્યવસાન પામતો હોવાથી તેને स्ववैचित्र्यमात्रविश्रान्ता એવું નામ પણ ન આપી શકાય.

અપ્પય્યનો બચાવ કરતાં નાગેશભટ્ટ કહે છે કે અપ્પય્યે અહીં ઉપમા અલંકારની વ્યાખ્યા નથી આપી પરંતુ ઉપમાની વ્યાખ્યા આપી છે. उक्तार्थोपपादनम्ને તેઓ उक्तार्थे उपपादनम् એવા અર્થમાં સમજાવે છે. નાગેશભટ્ટનો બચાવ સંતોષકારક નથી. અલંકારનાં લક્ષણ, વિભાજન

વગેરે સંપૂર્ણ હોવાં જોઈએ. આવી સંપૂર્ણતા અપ્પય્યે આપેલાં લક્ષણ અને વિભાજનમાં ન હોવાથી, જગન્નાથે કરેલી અપ્પય્યની ટીકા ન્યાય્ય ગણી શકાય. અપ્પય્ય માને છે કે લુપ્તોપમામાં સાધારણધર્મ હમેશાં અનુગામી હોય છે, અને તેથી સાધારણધર્મના પ્રકારોને આધારે થએલું ઉપમાનું વર્ગીકરણ લુપ્તોપમામાં શક્ય નથી. જગન્નાથના મતે લુપ્તોપમામાં આવું વર્ગીકરણ શક્ય છે.

જગન્નાથ રૂપક જેવાં વિભાગો ઉપમામાં પણ પાડે છે. આ વિભાગો નીચે પ્રમાણે દર્શાવી શકાય :

ઉપમા :—નિરવયવા, સાવયવા, પરમ્પરિતા.

નિરવયવા :—માલા, કેવલા.

સાવયવા :—સમસ્તવસ્તુવિષયા, એકદેશવિવર્તિની.

પરમ્પરિતા :—શ્લિષ્ટા માલા, શ્લિષ્ટા કેવલા, શુદ્ધા માલા, શુદ્ધા કેવલા.

જગન્નાથ રશનોપમાના ત્રણ પ્રકારો આપે છે : ( ૧ ) રશનોપમામાં આવતી ઉપમાઓનો સાધારણધર્મ જ્યારે એક જ હોય, ( ૨ ) આવા સાધારણધર્મો જ્યારે ભિન્ન હોય, ( ૩ ) સાધારણ-ધર્મનો નિર્દેશ ન થયો હોય.

આ બધા પ્રકારોને પ્રાચીન આલંકારિકોએ આપેલા પ્રકારો સાથે ગુણતાં ઉપમાના અસંખ્ય પ્રકારો સંભવે છે.

ઉપમા જ્યારે આખા વાક્ય દ્વારા વ્યંગ્ય બને અને પ્રધાન હોય છે, ત્યારે તે અલંકાર ન થતાં, અલંકારધ્વનિ બને છે. ધ્વનિ બનેલી ઉપમા અલંકાર ન હોવા છતાં, અલંકારનાં લક્ષણ હોવાને કારણે ઉપમા કહેવાય છે. પેટીમાં રહેલા અલંકાર, માનવદેહને અલંકૃત કરતા ન હોવા છતાં અલંકાર કહેવાય છે, કારણ કે તેઓ ઘરેણાંના ગુણ ધરાવે છે. તેવું જ અહીં છે. ઉપમાધ્વનિ શબ્દશક્તિમૂલક અથવા અર્થશક્તિમૂલક હોઈ શકે.

વ્યાકરણ ઉપર આધાર રાખતા ઉપમાના પ્રકારો એકબીજાથી શી રીતે ભિન્ન પડે તે જગન્નાથ શાબ્દબોધ આપીને સ્પષ્ટ કરે છે. જગન્નાથના કોઈ પુરોગામી આલંકારિકે આ રીતે શાબ્દબોધની ચર્ચા કરી નથી. ‘अरविन्दसुन्दरं मुखम्’ અથવા ‘अरविन्दमिव मुखं सुन्दरम्’-માંથી સાદૃશ્યનો ભાવ એકસરખા જ રીતે આવતો લાગે પરંતુ આ બંનેમાં સૂક્ષ્મ ભેદ છે. આ ભેદ માત્ર શાબ્દબોધ દ્વારા જ દર્શાવી શકાય. જગન્નાથ મીમાંસકો અને નૈયાયિકોની રીતે શાબ્દબોધ આપે છે. મીમાંસકોને મતે સાદૃશ્ય સાધારણધર્મ કરતાં ભિન્ન છે, જ્યારે નૈયાયિકો માને છે કે સાદૃશ્ય અને સાધારણધર્મ એક જ છે.

જગન્નાથ પ્રથમ મીમાંસકોના મત પ્રમાણે શાબ્દબોધ આપે છે. ‘अरविन्दसुन्दरम्’માં अरविन्द શબ્દ લક્ષણા દ્વારા ‘अरविन्दनिरूपितसादृश्य’ એવો અર્થ આપશે. अरविन्द શબ્દનો વાચ્યાર્થ ‘કમળ’ છે પણ તે सुन्दर શબ્દની સાથે બંધબેસતો નથી થતો. તેથી લક્ષણા દ્વારા તે ઉપર દર્શાવેલો અર્થ આપશે. સાદૃશ્ય ઉપમાનદ્વારા નિરૂપિત હોય છે. તેથી अरविन्द શબ્દનો લક્ષણા દ્વારા अरविन्दनिरूपितसादृश्य એવો અર્થ થશે. सुन्दर શબ્દનો અર્થ सौन्दर्ययुक्त એવો થાય

છે. अरविन्द શબ્દ દ્વારા આવતા અર્થને આ અર્થ સાથે જોડવાનો છે, પરંતુ સાદૃશ્ય, સૌન્દર્યયુક્તની સાથે જોડાઈ શકે નહીં. તેથી सौन्दर्ययुक्तના એક ભાગ—सौन्दर्य—સાથે તે જોડાશે. મીમાંસકોના મત પ્રમાણે सादृश्य અને સૌન્દર્ય જુદાં હોવાથી તે બંને પ્રયોજકતા સંબંધથી જોડાશે, કારણ કે સૌન્દર્ય સાદૃશ્યનું પ્રયોજક છે. તેથી શાબ્દબોધ अरविन्दनिरूपितसादृश्यप्रयोजकम् એવો થશે, અને તેને સૌન્દર્ય સાથે જોડવા માટે અભેદ સંબંધ સ્થાપિત થશે. હવે अरविन्दसुन्दरम्નો શાબ્દબોધ अरविन्दनिरूपितसादृश्यप्रयोजकाभिन्नसौन्दर्ययुक्त એવો થશે અને આ અર્થને मुखની સાથે જોડવા માટે ફરી પાછો અભેદ સંબંધ સ્થાપિત કરવો પડશે. આથી શાબ્દબોધનું છેલ્લું સ્વરૂપ अरविन्द–निरूपितसादृश्यप्रयोजकाभिन्नसौन्दर्ययुक्ताभिन्नं मुखम् ' એવું થશે. ' अरविन्द ' અને ' सुन्दर ' શબ્દોની વચ્ચેનો અભેદ, નિપાત સિવાયનાં નામોના અર્થ અભેદ સંબંધ દ્વારા સંકળાએલા હોય છે એવા વ્યાકરણના નિયમ અનુસાર થાય છે. ' अरविन्द ' શબ્દનો લક્ષ્યાર્થ, सौन्दर्ययुक्त સાથે ન જોડાતાં, માત્ર सौन्दर्य સાથે જોડાય છે. पदार्थः पदार्थेनान्वेति न तु पदार्थैकदेशेन એ નિયમનો અહીં અપવાદ છે.

વૈયાકરણો માને છે કે अरविन्दनिरूपितसादृश्यप्रयोजकसौन्दर्ययुक्त આ આખો અર્થ સમાસની શક્તિ દ્વારા આપ્યો છે. નૈયાયિકો માને છે કે अरविन्दनिरूपितसादृश्यप्रयोजकसौन्दर्ययुक्त એ લક્ષણા દ્વારા આવેલો अरविन्द શબ્દનો અર્થ છે અને सुन्दर શબ્દ માત્ર તાત્પર્ય આપે છે.

' गज इव गच्छति 'માં ' गज ' શબ્દ લક્ષણા દ્વારા गजगमन એવો અર્થ આપે અને શાબ્દબોધ, ' गजगमनसदृशगमनानुकूलकृतिमान् ' એવો થશે. અહીં પૂર્વપક્ષી એક મુદ્દો ઉપસ્થિત કરે છે. ' गच्छति ' ક્રિયાપદ છે. इव શબ્દનો અર્થ સાદૃશ્ય, ધાતુના અર્થના વિશેષણ તરીકે ન આવી શકે. ધાતુના અર્થના વિશેષણ તરીકે વિભક્તિના પ્રત્યયનો અર્થ આવે, પ્રાતિપદિકનો નહીં. તેથી गज इव गच्छतिમાં સાદૃશ્ય ક્રિયા સાથે ન જોડાતાં ક્રિયાના કર્તા સાથે જોડાવું જોઈએ અને गजगमनसदृशगमनकर्तृत्व સાધારણધર્મ થવો જોઈએ. આમ શાબ્દબોધ એવું દર્શાવતો હોવો જોઈએ કે गमनकर्ता હાથી જેવો છે અને તેનું સ્વરૂપ गजकर्तृकगमनसदृशगमनकर्ता એવું હોવું જોઈએ.

આ પ્રકારના શાબ્દબોધમાં સાદૃશ્ય વિધેય ન હોવાથી જગન્નાથ તેનો અસ્વીકાર કરે છે. गजः इव यः पुरुषः स गच्छति અને पुरुषो यः स गज इव गच्छति આ બંને વાક્યોના અર્થ બહુ સ્પષ્ટ રીતે જુદા છે. પ્રથમ વાક્યમાં સાદૃશ્ય ઉદ્દેશ્ય છે, તો બીજા વાક્યમાં તે વિધેય છે. પૂર્વપક્ષીએ સૂચવેલો શાબ્દબોધ પ્રથમ વાક્ય જેવો છે. પૂર્વપક્ષી દ્વારા સૂચિત શાબ્દબોધની સામે બીજો વાંધો એ છે કે કર્મકારક, તેમજ બિમ્બપ્રતિબિમ્બ ભાવ દ્વારા સંકળાયેલાં બીજાં કારકોને તેમાં સાંકળી શકાતાં નથી. वनं गज इव गृहं देवदत्तो गच्छतिમાં દેવદત્ત અને ગજની વચ્ચેનું સાદૃશ્ય સમજાય છે. વન અને ગૃહનું શું ? એટલે गजनिरूपितसादृश्यप्रयोजकगमनाश्रयः એવો શાબ્દબોધ થવો જોઈએ. બીજાં કારકોમાં ઉપમાનવાચક શબ્દો લક્ષણા દ્વારા તેમની સાથે સંકળાએલું કાર્ય સૂચવશે.

પૂર્વપક્ષનું આ ખંડન અત્યંત સચોટ છે, પરંતુ નાગેશભટ્ટનું આ મુદ્દા પરનું મંતવ્ય ચતુરાઈભર્યું અને બુદ્ધિશાળી છે. નાગેશભટ્ટ પૂર્વપક્ષીના મતને અનુમોદન આપે છે. તેઓ કહે છે કે वनं गज इव रणभूमिं शूरो गच्छतिમાં શાબ્દબોધ वनकर्मकगमनानुकूलकृतिमद्गजसदृशः समरभूमिकर्मकगमनानुकूलकृतिमान् शूरः થશે. इव શબ્દ અહીં વન અને રણભૂમિથી વિશિષ્ટ એવી ક્રિયા

પ્રતિપાદિત કરે છે. આવા શાબ્દબોધમાં જગન્નાથે દર્શાવેલો સંબંધનો અભાવ આવશે નહીં. **गज इव यः पुरुषः स गच्छति** અને **यः पुरुषः स गज इव गच्छति**—આ બે વાક્યોમાંથી પ્રથમ વાક્યમાં **इव** દ્વારા શૌર્યરૂપી સાધારણધર્મ પ્રતિપાદિત થાય છે ત્યારે બીજા વાક્યમાં ગમનક્રિયારૂપી સાધારણ-ધર્મ સૂચવે છે. આમ, બે જુદા જુદા સાધારણધર્મોને કારણે બંને વાક્યોમાં જુદા જુદા અર્થ આવે છે, સાદૃશ્યના વિધેય કે અન્યથા હોવાને કારણે નહીં. વળી, નાગેશભટ્ટના મતે **इव** જેવા ઉપમાપ્રતિપાદકો વાક્યના વિધેયને સાધારણધર્મ તરીકે સૂચવે ત્યારે સાદૃશ્ય વિધેય થયું કહેવાય. **गज इव गच्छति** કે **वनं गज इव गृहं देवदत्तो गच्छति**માં **इव** શબ્દ સાધારણધર્મ તરીકે, **गमन**, જે વિધેય છે તેને પ્રતિપાદિત કરે છે.

જગન્નાથે જો વૈયાકરણોના મત પ્રમાણે શાબ્દબોધ આપ્યો હોત તો તેમનો મત વધારે દૃઢ થયો હોત.

'**अरविन्दवत्सुन्दरम्**'માં પણ નાગેશભટ્ટ જગન્નાથની ટીકા કરે છે. '**तेन तुल्यं......**' પ્રમાણે અરવિંદ શબ્દને વત્ પ્રત્યય લગાડવામાં આવ્યો છે એવું જગન્નાથ માને છે. આ પ્રત્યય **सादृश्यवत्** એવો અર્થ આપે છે પણ લક્ષણાદ્વારા તે સાદૃશ્યરૂપી અર્થ આપે છે અને પછી સુન્દર શબ્દના અર્થના એક ભાગ સાથે તે પ્રયોજકતા સંબંધથી સંકળાય છે. તેથી **अरविन्दनिरूपित-सादृश्यप्रयोजकसौन्दर्यवदभिन्नम्** એવો શાબ્દબોધ થશે. આ શાબ્દબોધ '**अरविन्दमिव सुन्दरम्**'ના શાબ્દબોધ જેવો જ છે પરંતુ પ્રથમમાં તે લક્ષણા દ્વારા આવેલો છે, બીજામાં અભિધાદ્વારા. નાગેશભટ્ટનું માનવું છે કે '**तेन तुल्यं......**' પ્રમાણે વત્ પ્રત્યય લગાડાય, પણ સાધારણધર્મ કોઈ ક્રિયા હોય ત્યારે જ. '**अरविन्दवत्सुन्दरम्**'માં **भवति** સાધારણધર્મ છે, **अरविन्द** શબ્દ લક્ષણા દ્વારા **सुन्दरारविन्दभवन** એવો અર્થ આપે છે તેથી **सुन्दरारविन्दभवनसदृशं सुन्दरमुखभवनम्** એવો શાબ્દબોધ થશે. આ શાબ્દબોધ પછી **अरविन्द** અને **मुख**નાં સૌન્દર્ય પર આધારિત સામ્ય વ્યંજના દ્વારા જણાશે. **अरविन्दवन्मुखम्**માં **अरविन्दभवनसदृशमुखभवन** એવો શાબ્દબોધ થશે.

**अरविन्दवत्सौन्दर्यमस्य**માં **अरविन्द** શબ્દ, લક્ષણા દ્વારા **अरविन्दसौन्दर्य**રૂપી અર્થ આપશે. '**तत्र तस्येव**' સૂત્ર પ્રમાણે **वत्** અહીં સાદૃશ્ય સૂચવે છે અને **अरविन्दसौन्दर्य**, સાદૃશ્ય સાથે નિરુપિતત્વથી જોડાયેલું છે. વળી આ સાદૃશ્ય સૌન્દર્ય સાથે આશ્રયતા સંબંધથી જોડાયેલું છે તેથી શાબ્દબોધ **अरविन्दसौन्दर्यनिरूपितसादृश्याधिकरणमेतत्सौन्दर्यम्** એવો થશે. આ બે સૌન્દર્યોની વચ્ચેનું સામ્ય સ્થાપિત થતાં, આ સામ્યને આધારે બંને સૌન્દર્યો વચ્ચે અભેદ સ્થાપિત થશે, અને આ પ્રમાણે અભિન્ન થયેલાં સૌન્દર્યોને પરિણામે મુખ અને કમળની વચ્ચેના સામ્યનું જ્ઞાન થશે.

નાગેશભટ્ટ માને છે કે **अरविन्दवत्सौन्दर्यमस्य**માં **वत्**, '**तत्र तस्येव**'..પ્રમાણે લાગ્યું છે અને અભિધાદ્વારા તે સાદૃશ્યરૂપી અર્થ આપે છે. લક્ષણાદ્વારા તે સાદૃશ્યપ્રયોજક એવો અર્થ આપશે અને **अरविन्दसादृश्यप्रयोजकमेतत्सम्बन्धिसौन्दर्यम्** એવો શાબ્દબોધ આવશે. **अरविन्द** શબ્દ લક્ષણ દ્વારા **अरविन्दसौन्दर्य** અર્થ આપશે એવી જગન્નાથની માન્યતા સાચી નથી એવું પણ તેઓ કહે છે.

મીમાંસકોના મત પ્રમાણે ઉપમાના ચૌદ પ્રકારોના શાબ્દબોધ આપ્યા પછી જગન્નાથ નૈયાયિકોના મત પ્રમાણે કેટલાક પ્રકારોના શાબ્દબોધ આપે છે. નૈયાયિકોના મત પ્રમાણે સાદૃશ્ય અને સાધારણધર્મ અભિન્ન છે. '**अरविन्दसुन्दरं मुखम्**'માં લક્ષણા દ્વારા **अरविन्द** શબ્દ

'अरविन्दवृत्तिसमानधर्म' એવો અર્થ આપે છે. 'सुन्दर' શબ્દના અર્થના એક ભાગ, सुन्दरत्व સાથે તે અભેદસંબંધથી જોડાયેલો છે. તેથી નૈયાયિક મતાનુસાર શાબ્દબોધ अरविन्दवृत्तिसमानधर्माभिन्नसुन्दरत्वाश्रयं वदनम् એવો થશે. નૈયાયિકોના મત પ્રમાણે इव વગેરે વાચક છે, તો વૈયાકરણોના મત પ્રમાણે इव વગેરે નિપાત હોવાથી સાદૃશ્યના વ્યંજક છે.

ઉપમાના સૌન્દર્યને હાનિ પહોંચાડે તે ઉપમાદોષ છે. ઉપમાદોષો આ પ્રમાણે છે: (૧) કવિસમયનું પાલન ન કરવું, (૨) વર્ગ, લિઙ્ગ, પ્રમાણ અને વચનમાં ઉપમાન અને ઉપમેય વચ્ચેના સામ્યનો અભાવ, (૩) સાધારણ ધર્મો જો બિમ્બપ્રતિબિમ્બભાવાપન્ન હોય તો ઉપમાન કે ઉપમેય સાથે સંબંધ ધરાવતા ધર્મોનું વત્તું કે ઓછું હોવું, (૪) કાળ, અર્થ, પુરુષ વગેરેમાં જો સાધારણધર્મ અનુગામી હોય, તો ભેદ હોવો. કવિસમય દ્વારા સ્વીકૃત અથવા ઉપમાની ચમત્કૃતિને હાનિ ન પહોંચાડનારા દોષ, દોષરૂપ ગણાતા નથી.

જગન્નાથે કરેલા ઉપમાના નિરૂપણની વિસ્તૃત ચર્ચા કર્યા પછી જગન્નાથના પુરોગામીઓએ આપેલું ઉપમાનું સ્વરૂપ સંક્ષેપમાં જોઈએ. ભરતે ઉપમાની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે:

यत्किञ्चित्काव्यबन्धेषु सादृश्येनोपमीयते ।
उपमा नाम विज्ञेया गुणाकृतिसमाश्रया ॥

ભરત ઉપમાના પાંચ પ્રકારો આપે છે: (૧) પ્રશંસોપમા, (૨) નિન્દોપમા, (૩) કલ્પિતોપમા, (૪) સદશી ઉપમા, (૫) કિંચિત્ સદશી ઉપમા, ભામહે ઉપમાની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે:

विरुद्धेनोपमानेन देशकालक्रियादिभिः ।
उपमेयस्य यत्साम्यं गुणलेशेन सोपमा ॥

ભામહની વ્યાખ્યા દર્શાવે છે કે ઉપમામાં બે ભિન્ન પદાર્થો વચ્ચે સામ્ય રહેલું છે. દંડી અને વામને આપેલી વ્યાખ્યાઓ પણ આ જ વસ્તુનો નિર્દેશ કરે છે. વ્યાકરણને આધારે થતું ઉપમાનું વર્ગીકરણ ભામહ જાણતા હતા પણ આવા વર્ગીકરણને તેઓ બહુ મહત્ત્વ આપતા નથી. દંડી ઉપમાનું વિભાજન વિપર્યાસોપમા, મોહોપમા, સંશયોપમા વગેરેમાં કરે છે. વામન તેને કલ્પિતા અને લૌકિકી તેમજ પદવૃત્તિ અને વાક્યવૃત્તિમાં વિભાજે છે. વળી તેઓ ઉપમાના પૂર્ણા અને લુપ્તા એવા વિભાગો પણ આપે છે. ઉદ્ભટ ઉપમાનું વર્ગીકરણ વ્યાકરણને આધારે કરે છે અને મમ્મટ, વિદ્યાધર તેમજ વિદ્યાનાથ તેને અનુસરે છે. રુય્યક લખે છે: अस्याश्च पूर्णालुप्तात्वभेदाच्चिरन्तनैर्बहुविधत्वमुक्तम् ।. આના પર ટીકા કરતાં જયરથ લખે છે: एवं च तेषां गणने तथा न वैचित्र्यं किञ्चिदिति सूचितम् ।. રુય્યક સાધારણધર્મને આધારે વર્ગીકરણ આપે છે. શોભાકરમિશ્ર સાધારણધર્મના ભાવરૂપ અને અભાવરૂપ એવા વિભાગ પાડી, વૈશેષિક માન્યતા અનુસાર ભાવરૂપ સાધારણધર્મને જાતિ, ક્રિયા, વિશેષ અને સમવાયમાં વહેંચી નાખે છે, પણ આમાં જાતિ સાધારણધર્મ બની શકે નહીં, કારણ કે એમાં કોઈ તારતમ્ય નથી. સમવાય અને વિશેષ પ્રત્યક્ષ ન હોવાથી કવિવર્ણનના વિષય બની શકે નહીં. આથી ભાવરૂપ સાધારણધર્મ, ગુણ અથવા ક્રિયારૂપ હોઈ શકે. આમાં શોભાકરમિશ્ર ધર્મ ઉમેરે છે. ભાવરૂપ સાધારણધર્મના આ

ત્રણ પ્રકારો સાથે અભાવરૂપ એક ઉમેરતાં ચાર સાધારણધર્મો થઈ ગયા, જે અનુગામી, બિમ્બ-પ્રતિબિમ્બભાવાપન્ન વગેરે હોઈ શકે. શોભાકરના મતે ઉપમાન અને ઉપમેય બંને પ્રકૃત હોઈ શકે, બંને અપ્રકૃત હોઈ શકે અને બેમાંથી એક પ્રકૃત અને બીજું અપ્રકૃત હોઈ શકે. આમ શોભાકર-મિશ્ર ઉપમાના વર્ગીકરણમાં કાંઈક જુદા પડે છે. વિશ્વનાથ મમ્મટને અનુસરે છે પરંતુ એમના મતે ઉપમાનલુપ્તા શ્રૌતી પણ હોઈ શકે. આમ તેઓ લુપ્તાના એકવીસ પ્રકારો આપે છે. રુય્યકની જેમ તેઓ સાધારણધર્મના સ્વરૂપ ઉપર આધાર રાખતા પ્રકારો પણ આપે છે, તેમજ એક-દેશવિવર્તિની, માલા અને રશના જેવા પ્રકારો પણ આપે છે.

ભામહ, વામન અને વિદ્યાનાથ ઉપમાની વ્યાખ્યામાં ‘ સામ્ય ’ શબ્દનો ઉપયોગ કરે છે, તો ભરત, દંડી, શોભાકર, અપ્પય્ય અને જગન્નાથ ‘ સાદૃશ્ય ’ શબ્દનો ઉપયોગ કરે છે. ઉદ્ભટ, મમ્મટ અને રુય્યક ‘ સાધર્મ્ય ’ શબ્દનો ઉપયોગ કરે છે. સાધર્મ્ય એટલે સાધારણધર્મને કારણે ઉદ્ભવતો સંબંધ. સાધર્મ્યને પરિણામે સાદૃશ્ય નિષ્પન્ન થતું હોવાથી સાધર્મ્યને સાદૃશ્યના કારણરૂપ ગણવું જોઈએ. સાદૃશ્યમાં સામ્ય અને ભેદ બંને આવી જાય છે.

ઉદ્ભટ, અપ્પય્ય, હેમચન્દ્ર, વાગ્ભટ વગેરે ઉપમાની વ્યાખ્યામાં સાધર્મ્ય સુન્દર અથવા ચમત્કૃતિજનક હોવું જોઈએ એવું જણાવે છે, જો કે અલંકારમાત્ર ચમત્કૃતિજનક અને સુંદર હોવો જોઈએ. આમ સૌન્દર્ય, ચમત્કૃતિ કોઈ પણ અલંકારનું સામાન્ય લક્ષણ હોવાથી ઉપમા અલંકારના લક્ષણમાં એનો ખાસ નિર્દેશ કરવો જરૂરી નથી એમ કહી શકાય. જગન્નાથ એવું માને છે કે સુન્દર શબ્દનો ઉપમાની વ્યાખ્યામાં સ્પષ્ટ નિર્દેશ કર્યાથી અનન્વય અને વ્યતિરેક અલંકારોનું નિવારણ થાય છે. આથી જ તેઓ મમ્મટ કે રુય્યકની જેમ **भेदे** કે **भेदाभेदतुल्यत्वे** જેવા શબ્દનો પ્રયોગ કરતા નથી. જગન્નાથે આપેલી ઉપમાની વ્યાખ્યામાં ‘ **सुन्दरं,** ’ ‘ **वाक्यार्थोपस्कारकं** ’ અને ‘ **अलङ्कृतिः** ’, શબ્દો કોઈ પણ અલંકારને લાગુ પડે છે એવું કહી શકાય. ઉપમા અલંકારના નિરૂપણમાં કેટલાંક નવાં અટપટાં ઉપમાનાં ઉદાહરણો અને શાબ્દબોધ જગન્નાથની મૌલિકતા છે, તો બીજી ચર્ચામાં તેઓ સામાન્ય રીતે પ્રાચીનો પ્રત્યેના આદરને કારણે તેમને અનુસરે છે એવું કહી શકાય.

---

# વલભીના મૈત્રક રાજા ધ્રુવસેન ૧લાનું દાનપત્ર*

હરિપ્રસાદ ગં. શાસ્ત્રી અને પુષ્પકાંત વિ. ધોળકિયા

જૂનાગઢ જિલ્લાના તલાળા તાલુકાના આંબળાસ ગામ પાસેના ટીમ્બા પરથી દ્વિતીય લેખકને આ તામ્રપત્ર સ્થાનિક ગ્રામપંચાયતના સરપંચ શ્રી હરિભાઈ ગોકળદાસના સહકારથી પ્રાપ્ત થયાં છે. આ ટીમ્બાને આલીધ્રાના ટીમ્બા[1] તરીકે લોકો ઓળખે છે. આંબળાસ તલાળાથી આઠ કિ. મી. દૂર આવેલ છે. આ સમગ્ર વિસ્તાર "ગિર" તરીકે જાણીતો છે.

આ પતરાંની લંબાઈ ૧૭.૭ સે.મી. અને પહોળાઈ ૨૯.૪ સે.મી. છે. પ્રથમ પતરાના નીચેના ભાગમાં અને દ્વિતીય પતરાના ઉપરના ભાગમાં પતરાંને જોડતી કડીઓ માટે ૩. સે.મી..ના વ્યાસનાં બબ્બે કાણાં પાડેલ છે. આ પૈકી પ્રથમ કડી ગુમ થયેલ છે, જ્યારે બીજી કડી રાજમુદ્રા સાથે ટકી રહેલ છે. કડીની લંબાઈ ૬ સે.મી. અને પહોળાઈ ૨.૨ સે.મી. છે. રાજમુદ્રાનો વ્યાસ ૨.૨ સે.મી. છે. એમાં ઉપરના ભાગમાં શિવના વાહન નંદીની આકૃતિ અને નીચેના ભાગમાં 'श्रीभटक्क' એવું લખાણ છે. બન્ને પતરાંનું સંયુક્ત વજન ૧ કિ. ૮૦૦ ગ્રામ છે.

આ દાનપત્ર પતરાંની અંદરની બાજુએ આડી લીટીઓમાં કોતરાયેલ છે. દરેક પત્રમાં કુલ ૧૫ લીટીઓ છે; એ રીતે કુલ ત્રીસ લીટીઓ છે. દરેક લીટીમાં આશરે ૩૨ અક્ષરો છે. અક્ષરો ૦.૫ થી ૧.૫ સે.મી.ના માપના છે.

આ દાનશાસનના લેખનું લિપ્યંતર પ્રથમ લેખકે કરેલું છે.

લેખમાં લહિયાએ કે કંસારાએ કેટલીક ભૂલો કરેલી છે. મૈત્રક રાજ્યનાં અન્ય તામ્રપત્રો સાથે સામ્ય ધરાવતું આ દાનપત્ર બ્રાહ્મી લિપિમાં સંસ્કૃત ગદ્યમાં કાવ્યાત્મક રીતે લખાયેલ છે. કેટલાંક વિશેષનામો પ્રાકૃતમાં છે, જેમકે भटक्क (૧.૩), मम्मक (૨.૨૯) અને किक्कक (૨.૨૯).

આ લેખમાં ભૂમિદાનને લગતું રાજશાસન કોતરેલું છે. દાન આપનાર મૈત્રક (૧.૧) મહારાજા ધ્રુવસેન (પ્રથમ) છે (૧.૧૧). તે સેનાપતિ ભટાર્કનો ત્રીજો પુત્ર હતો (૧.૩). સેનાપતિ ભટાર્ક પછી તેનો પ્રથમ પુત્ર સેનાપતિ ધરસેન (પહેલો) ગાદી પર આવ્યો (૧.૫). તેના પછી તેનો અનુજ મહારાજા દ્રોણસિંહ સત્તા પર આવ્યો (૧.૮). ત્યારબાદ તેનો અનુજ ધ્રુવસેન (પ્રથમ)

---

* ગુજરાત ઇતિહાસ પરિષદના રાજકોટ અધિવેશનમાં રજૂ થયેલો નિબંધ.

૧ આ ટીમ્બા પરથી લાલ પાત્રખણ્ડો તથા ચટણી વાટવાના પથ્થર જેવા પથ્થર તથા ઘંટીનાં પડ પણ મળી આવે છે, જેમાંનાં કેટલાંકને લોકોએ શિવલિંગ માની એનું સ્થાપન કરેલ છે.

ગિર પ્રદેશમાં ઘણાં પ્રાચીન ગામોના ઉજ્જડ ટીમ્બાઓ આવેલા છે. છ માસ પહેલાં શ્રી હરિશંકર પ્ર. શાસ્ત્રીએ મેંદરડા તાલુકાના ચાંદ્રાવાડી ગામ પાસે જૂનો ટીમ્બો શોધી કાઢ્યો છે, જેના પરથી મૈત્રક સમયના ઇંટો તથા પાત્રખણ્ડો પ્રાપ્ત થયાં છે. એ પ્ર. પા. મ્યુઝિયમમાં સંગ્રહવામાં આવેલ છે.

ગાદી પર આવ્યો (૧.૧૧). તેના પુરોગામી પરમમાહેશ્વર (મહેશ્વરના પરમ ઉપાસક) હતા, જ્યારે ધ્રુવસેન પ્રથમ પરમ ભાગવત (ભગવાન વાસુદેવનો પરમ ઉપાસક) હતો (૧.૧૦). રાજાની શક્તિ, વિદ્યા અને દાનવીરતા માટે અહીં પ્રશસ્તિ કરવામાં આવેલ છે.

રાજાએ દાનની જાહેરાત મૈત્રક વંશની રાજધાની વલભીમાંથી કરેલ છે (૧.૧). હૈરિણી આહરણીમાં आमलकवसती ગામમાં (૧. ૧૩) પ્રતિષ્ઠાપિત બૌદ્ધ ભિક્ષુકોના વિહારને આમલકવસતી ગામ (૧.૧૩)નું દાન, ગંધ, ધૂપ, પુષ્પ અને દીપ અને પૂજા માટે, વિહારના સમારકામ માટે તથા ભિક્ષુસંઘના ભોજન, વસ્ત્ર, ઔષધ માટે (૨.૫-૬) આપવામાં આવેલ છે......

દાન માતાપિતાના પુણ્યની વૃદ્ધિ માટે તથા પોતાના ઐહિક અને આમુષ્મિક ફલની પ્રાપ્તિ માટે આપેલું છે (૨.૩-૪).

મૈત્રક રાજાઓનાં બીજાં દાનપત્રોમાં પ્રતિગ્રહીતા માટે જે અધિકારો તથા મુક્તિઓ દર્શાવેલ છે તે જ આ દાનપત્રમાં પણ દર્શાવેલ છે (૧.૧૪ થી ૨.૮), પણ અહીં કેટલીક વિગત વધારે છે. અનુગામી રાજાને આ દાન માન્ય રાખવા તથા તેને પાળવા માટે વિનંતી કરવામાં આવી છે (૨.૯-૧૧). આ વચનને વ્યાસના બે માહાત્મ્યાત્મક અને શાપાત્મક શ્લોકો દ્વારા પુષ્ટિ આપવામાં આવેલ છે (૨. ૧૧-૧૩).

રાજા ધ્રુવસેનના સ્વહસ્ત વડે આ દાનપત્રને પ્રમાણિત કરવામાં આવેલ છે (૨. ૧૪). તેમાં "महासामन्त" પછી "महाराज' લખવું રહી ગયેલું; તેથી તે પછી નીચે ઉમેરવામાં આવ્યું છે (૨. ૧૫). રાજાની આજ્ઞાનું પાલન કરનાર દૂતક પ્રતીહાર મમ્મક છે (૨. ૧૪). દાનપત્ર કિક્કક વડે લખવામાં આવેલ છે (૨. ૧૪). દાનપત્રની મિતિ (વલભી) સંવત્ ૨૦૮ પોષ વદ ૮ છે (૨. ૧૪-૧૫).

મૈત્રક રાજા ધ્રુવસેને આપેલાં બીજાં ઘણાં ભૂમિદાનો પ્રસિદ્ધ થયાં છે,[૨] તેમાં આ એકનો વધારો કરે છે. મૈત્રક કુળના બીજા રાજાઓ કરતાં તેણે વધારે ભૂમિદાનો આપેલાં છે. ધ્રુવસેન પ્રથમનાં દાનપત્રોમાં સં. ૨૦૬ થી ૨૨૬નો વલભી સંવત્ મળે છે.[૩] આ દાનપત્ર વલભી સંવત્ ૨૦૮નું હોઈ તે પ્રારંભના સમયનું છે.

જે સ્થળેથી આ દાનપત્રની જાહેરાત કરવામાં આવી છે તે વલભી (વલભીપુર) ભાવનગર જિલ્લામાં આવેલ છે. હૈરિણી આહરણીનું વડું મથક હૈરિણી તે જૂનાગઢ જિલ્લાના તલાળા તાલુકાના તલાળા ગામનું રેલવેસ્ટેશન જે સ્થળે બંધાયેલ છે તે હરણ્યાંના ટીમ્બા તરીકે જાણીતું છે. મૈત્રક કાળમાં આ સ્થળ પર શહેર વસતું હોવાની સ્પષ્ટ શકયતા જણાય છે. લાલ રંગના પાત્રખણ્ડો આ સ્થળ પરથી પ્રાપ્ત થાય છે.[૪] હૈરિણી આહરણીમાં આમલકવસતી ગામમાં

---

૨ હ. ગં. શાસ્ત્રી, મૈત્રકકાલીન ગુજરાત, ભાગ ૧, પૃ. ૬૨.

૩ એજન.

૪ આ હરણ્યાના ટીમ્બા પરથી પ્રાચીન કાળના માટીના લાલ રંગના પાત્રખંડો તથા સિક્કા પણ પ્રાપ્ત થયા છે. "એપોલોડોટસ"નો રૂપાનો સિક્કો તથા પાત્રખંડો શ્રી હરિશંકર પ્ર. શાસ્ત્રીએ પ્રાપ્ત કરેલ છે, જે પ્ર. પા. મ્યુઝિયમમાં રક્ષિત કરવામાં આવેલ છે.



વલભીના રાજા ધ્રુવસેન (પ્રથમ)નું દાનપત્ર (પતરું ૧)



વલભીના રાજા ધ્રુવસેન (પ્રથમ)નું દાનપત્ર (પતરું ૨)

પ્રતિષ્ઠાપિત બૌધભિક્ષુ વિહારને દાન આપવામાં આવેલ છે. વર્તમાનમાં જ્યાંથી આ તામ્રપત્રો મળી આવ્યાં છે તે ગામનું નામ આંબળાસ છે, તે જ સ્પષ્ટતઃ આ आमलकवसती છે.[૫] ત્યારે સૌરાષ્ટ્રમાં "આહરણી" નામે વહીવટી વિભાગ પ્રચલિત હતો, જેમકે હસ્તવપ્ર આહરણી.[૬] આગળ જતાં એ વિભાગ 'હસ્તવપ્રઆહાર' કહેવાતો.[૭] ખેટક વિષયમાં ખેટક આહાર હતો. એ પરથી આહાર એ વિષય(જિલ્લા)નો પેટાવિભાગ હોવાનું માલૂમ પડે છે.[૮] આહરણી એટલે નાનો આહાર. જેમ પૂર્વ સૌરાષ્ટ્રમાં હસ્તવપ્ર આહરણી હતી તેમ દક્ષિણ સૌરાષ્ટ્રમાં હૈરિણી આહરણી હતી, એ આ તામ્રપત્ર પરથી જણાય છે. "પ્રાવેશ્ય" વલભીનાં શરૂઆતનાં બીજાં દાનપત્રોમાં પણ પ્રયોજાયો છે. એ "પ્રવેશ" પરથી સધાયેલો શબ્દ છે. તે કસબા જેવો કે સામીપ્યનો અર્થ ધરાવે છે.[૯]

આ ધ્રુવસેન રાજાએ બીજા કેટલાક બૌદ્ધ વિહારોને દાન આપેલાં છે, જેમકે વલભીમાં આવેલ દુદ્દા વિહારને ત્યાં બુદ્ધદાસ વિહારને.[૧૦] આમલકવસતીમાં આવેલા આ બૌદ્ધ વિહારની માહિતી આ દાનપત્ર પરથી જ પ્રાપ્ત થઈ છે.

પ્રતીહાર મમ્મક દૂતક તરીકે વલભી સંવત્ ૨૦૬ થી ૨૧૦નાં તામ્રપત્રોમાં મળે છે,[૧૧] જ્યારે કિક્કકનો વલભી સંવત્ ૨૦૬-૨૨૧નાં દાનપત્રોમાં લેખક તરીકે ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.[૧૨] આ દાનપત્રમાં વલભી સંવત્ ૨૦૮ પોષ વદ ૮નો ઉલ્લેખ કરેલ છે. તે મિતિ ઈ. સ. ૫૨૬-૨૭ દરમ્યાન ૧૫મી ડિસંબર, ૫૨૬ના સુમારમાં આવે છે.

આ તામ્રપત્ર હાલમાં પ્રભાસપાટણના મ્યૂઝિયમમાં રાખવામાં આવેલ છે.

આ તામ્રપત્રનું સંપાદન કરવા અને તેને પ્રસિદ્ધ કરવાની મંજૂરી આપવા બદલ અમે શ્રી ડાયરેક્ટર ઑફ મ્યૂઝિયમ્સ, ગુજરાત રાજ્યના ઋણી છીએ.

## પતરું ૧

૧ ॐ स्वस्ति बलभीतः प्रसभप्रणतामित्राणां मैत्रकाणामतुलबलसपत्नमण्डलाभोगसंसक्त-

२ संप्रहारशतलब्धप्रतापः प्रतापोपनतदानमानार्ज्जवोपार्जितानुरागानुरक्तमौलभृतमित्रश्रेणी-

३ बलावाप्तराज्यश्रीः परममाहेश्वरश्रीसेनापतिभटक्कस्तस्य सुतस्तत्पादरजो[ ऽ ]रुणावनतपवित्रीकृत-

૫ મંડોરની સુપ્રસિદ્ધ બૌદ્ધ ગુફાઓ પણ આ સ્થળથી લગભગ નવ કિ.મી. દૂર આવેલી છે. એ પરથી એ સમયમાં ગિર પ્રદેશમાં પણ બૌદ્ધોની સારી જમાવટ થઈ જણાય છે:

૬–૭ હ. ગં. શાસ્ત્રી, મૈત્રકકાલીન ગુજરાત, ભાગ ૧, પૃ. ૧૭૪; ભાગ ૨, પૃ. ૫૨૦.

૮ એજન, પૃ. ૧૮૨-૧૮૩.

૯ એજન, પૃ. ૧૭૫, પા. ટી. ૩૧.

૧૦ એજન, પૃ. ૬૫.

૧૧ એજન, ભાગ ૧, પરિશિષ્ટ ૨.

૧૨ એજન....

४ शिराश्शिरो[ ऽ ]वनतशत्रुचूडामणिप्रभाविच्छुरितपादनखप( पं )क्तिदीधितिर्दिृ( र्दी )नानाथजनोपजी-
व्यमान-

५ विभवः परमेश्वरः सेनापतिध**रसेन**स्तस्यानुजस्तत्पादाभिप्रणामप्रशस्तविमलमौलि-

६ मणिर्म्मन्वादिप्रणि( णी )तविधिविधानधर्म्मा धर्म्मराज इव विहितविनयव्यवस्थापद्धतिरखिल-
भुवनमण्डला-

७ भोगस्वामिना परमस्वामिना स्वयमुपहितराज्याभिषेकमहाविश्राणनावपूतराज्यश्रीः

८ परममाहेश्वरो महाराज**द्रोणसिंह**स्सिंह इव तस्यानुजः स्वभुजबलेन परगज-

९ घटानीकानामेकविजयी शरणी( णै )षिणां शरणमवबोद्धा श( शा )स्त्रार्थतत्वा( त्त्वा )नां कल्पतरुरिव
सुहृत्प्रण-

१० यिनां यथाभिलष( षि )तफलोपभोगदः परमभागवतः परमभट्टारकपादानुद्धया( ध्या )तो महासामन्त-
महा--

११ राज**ध्रुवसेनः** कुशली सर्व्वानेव स्वानायुक्तकविनियुक्तकपाटभटमहत्तरद्राङ्गिकध्रुवस्थानाधिकर-

१२ णिकदाण्डपाशिकादीनन्यांश्च यथासंबद्धयमानक( का )ननुदर्शयत्यस्तु वो विदितं यथा मया **हैरिणी**-

१३ प्रावेश्याहरण्यां[1] **आमलकवसतीग्राम**प्रतिष्टा( ष्ठा )पितकविहार**स्यामलकवसतीग्राम** एव पूर्व्वभुज्य-

१४ मानक इति कृत्वाग्रहारस्थित्यास्मद्राभोज्यदशापराधदण्डव्यप्रणयनवायनकद्विमाला-

१५ द्विगुणदित्य-

## પતરું २

१ द्विमदी कर्म्मकारचुल्लिककोलिकखट्टावर्द्धकिलोहकारकुम्भकारभागिकनापित-

२ तु( कु )ट्ठ( ट्टुं )बकघटकुम्भकमद्यश्रेणीवाणिकरजकचर्म्मकारयवपादावर्त्तद्वयद्विगुण-

३ मातङ्गजङ्घासर्व्वशुक्लदि यद्वान्यद्धिरण्यादेयं तन्मातापित्रोः पुण्याप्यायननिमित्तमात्मनश्चैहिका-

४ मुष्मिकयथाभिलषितफलावाप्तिनिमित्तमाचन्द्रार्क्कार्ण्णवक्षितिस्थितिसरित्पर्व्वतसमकालीनः[2]

५ गन्धधूपपुष्पदीपतैलपूजानिमित्तं भिक्षुसंङ्घस्य[3] ग्रासाच्छादनग्लानभैषजार्त्थं विहारस्य च

६ भग्नस्फुटितप्रतिसंस्कारणार्त्थ( र्त्थं )[4] अचाटभटप्रावेश्य[ : ][5] विष्टिपरंपरककरविकरविशुद्धो भूमि-

७ च्छिद्रन्यायेनानुमोदतः[6] एतद्विहारभिक्षुसंघस्य भुंजतः कृषतः प्रदिशतः कर्षयतः[7]

८ यथोत्पन्नप्रत्यायं च विनियोजतः[8] उपनयतश्च न कैश्चित्स्वल्पाप्याबाधा विचारणा वा कार्य्या-

९ स्मद्वंशजैरागामिभद्रनृपतिभिश्चानित्यान्यैश्वर्य्याण्यस्थिरं मानुष्यं सामान्यं च भूमिदानफल-

---

१ °ण्यामा° વાંચો. २ °नो જોઈએ. ३ संघ° કે सङ्घ° જોઈએ. ४ °र्त्थम° વાંચો.
५ °श्यो જોઈએ. ६ °त જોઈએ. ७ °तो જોઈએ. ८ °त જોઈએ.

૧૦ मवगच्छद्भिरियमस्मदनुमतीमन्तव्या [।] यश्चाच्छिन्द्यादाच्छिद्यमानं वानुमोदेत स पंचभिः[9]

૧૧ महापातकैस्सोपपातकैस्संयुक्त[ः] स्यादपि चात्र व्यासगीतौ श्लोकौ भवत्त(त)ः [।] बहुभिर्व्वे-
सुधा भुक्ता

૧૨ राजि(ज)भिस्सगरादिभिः [।] यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलं[10] [॥] स्वदत्तां
परदत्तां वा

૧૩ यो हरेत वसुन्धरां[11] [।] गवां शतसहस्रस्य हन्तुः प्राप्नोति किल्बिषं[12] ॥

૧૪ स्वहस्तो मम महासामन्तध्रुवसेनस्य [।] दूतकः प्रतीहारमम्मकः [।] लिखितं किक्ककेन [।]
सं (सं.) २०० [+] ८

૧૫ ॥ महाराज ॥ पौष ब(ब.) ८ [।]

૯ °भिर्म्मै° જોઈએ. ૧૦ °लम् વાંચો. ૧૧ °राम् વાંચો. ૧૨ °षम् વાંચો.

# હળવદના સતીના પાળિયા અને દહેરીઓ

પુષ્કર ચંદરવાકર

હળવદ વિરમગામ-કંડલાની મોટી રેલલાઈન પર ઝાલાવાડનું ઐતિહાસિક તેમ જ પ્રાચીન નગર છે. સુરેન્દ્રનગરથી તે ૪૦ માઈલ અર્થાત્ ૬૫ કિલોમીટર પર છે. કચ્છમાંથી સૌરાષ્ટ્રમાં રેલરસ્તે આવતાં તે મહત્ત્વનું નગર છે. કચ્છના રણની કાંધીની ૧૦ માઈલ દૂર ઉત્તર અક્ષાંશ ૨૩° ૧′ અને પૂર્વરેખાંશ ૭૧° ૧૩′ પર હળવદ આવેલું છે.

હળવદ પ્રાચીન નગર છે. પ્રસિદ્ધ ચીની યાત્રી હ્યુએનત્સાંગ હળવદમાં ઈ. સ. ૬૪૧-૪૨માં સિંધમાં જતાં ને વળતાં આવી ગયો હોવાનું મનાય છે.[૧] ત્યારે હળવદનું નામ લાંગલપુર હોવાનું મળે છે. લાંગલ હળવાચક પર્યાય છે. લાંગલમાંથી હળ શબ્દ લઈ ને નગરનું નામ અપાયું હોય. 'કાઠિયાવાડ સર્વસંગ્રહ'માં લખ્યું છે કે હળવદ એ નામ એનો (ગામનો) આકાર હળના જેવો હતો તેથી પડયું.[૨]

હળવાચક શબ્દ વૈષ્ણવધર્મી લેખી શકાય. હળનો બલરામ સાથેનો સંબંધ જાણીતો છે. આથી લાંગલપુર છઠ્ઠા-સાતમા શતકથી પણ જૂનું સંભવી શકે.

સિદ્ધરાજ જયસિંહે ઉદીચ્ય બ્રાહ્મણોને જે ગામો આપ્યાં, તેમાંનુ એક હળવદ હોવાનું વિદ્વાન પુરાતત્ત્વવિદ્ શ્રી. નિર્ભયરામ ધનેશ્વર દ્વિવેદી માને છે.[૩]

પણ વિ. સં. ૧૫૪૪માં કંકાવટીથી રાજોધરજી હળવદ આવ્યા, અને પ્રતાપી ઝાલા રાજવી માનસિંહ, ચંદ્રસિંહ અને રાયસિંહજીના સમયમાં હળવદનાં તેજ તપ્યાં, અને 'ઝાલાવંશ'ના રાજ અધરજીથી જસવંતસિંહ બીજા (વિ. સં. ૧૫૪૪ થી વિ. સં. ૧૮૩૮) સુધીનો, લગભગ ૩૦૦ વર્ષનો સમય......ખરેખર સુવર્ણયુગ હતો,[૪] એવો શ્રી. નિર્ભયરામ ધ. દ્વિવેદીનો મત છે.

'તેની ભવ્ય યશગાથા ગાતા સતીઓના તથા શૂરાપૂરાનાં અનેક કીર્તિસ્તંભો તથા મંદિરો' આજે ખંડિત અને જીર્ણ દશામાં હળવદમાં છે.

તેમાં સતીઓના પાળિયા અને દેરીઓ અતિ મહત્ત્વનાં છે. બોમ્બે ગેઝેટીઅરના કાઠિયાવાડ પરના ૮મા ગ્રંથમાં હળવદના ઉત્તરપૂર્વ દિશાના પાદરમાં આવેલી દહેરીઓ માટે લખ્યું છે :

---

૧ શ્રી હળવદ યુવક મંડળ, મુંબઈના 'સ્મૃતિગ્રંથ'માં શ્રી. નિર્ભયરામ ધનેશ્વર દ્વિવેદીનો લેખ, નામે 'હળવદ-એક પ્રાચીન નગર'.

૨ જુઓ : કાઠિયાવાડ સર્વસંગ્રહ, પૃ. ૬૦૫

૩ જુઓ : 'હળવદ—એક પ્રાચીન નગર'. લેખક : શ્રી. નિર્ભયરામ ધનેશ્વર દ્વિવેદી.

૪ એજન.

'There are also a wonderful number of sati memorial stones and temples.'

હળવદમાં આજે ય સતીઓના અસંખ્ય પાળિયાઓ જોવા મળે છે. લોકોક્તિ છે કે ધ્રાંગધરા રાજ્યના કેટલાક ઝાલા રાજાઓની સાથે, ગરાસ અંગે, હળવદના બ્રાહ્મણોને તકરાર થઈ હતી. તે વખતે વિ. સં. ૧૫૪૪ પહેલાંના જે પાળિયાઓ-કીર્તિસ્તંભો, સતીઓના તથા શૂરાપૂરાના રાજેશ્વરમાં હતા તેમને, રાજ્યે તાભણુ નદીના ઊંડા કેદાર ધરામાં પધરાવી દીધા અને કેટલાક પાળિયાના શિલાલેખોમાં ટાંકણાથી સાલ ઇત્યાદિના ફેરફાર કરાવી નાખ્યા.

છતાં ય પથ્થરની જાત, કોતરણીનો આલેખ ઇત્યાદિને ખ્યાલમાં રાખીને ઝીણવટથી જોઈએ તો રાજની નજરમાંથી બચી ગયેલ દટાયેલ પુરાણા પાળિયા જોવા આજે ય મળે છે.

આવા જૂના પાળિયાઓની સાલો મળી આવે, કોતરાયેલ શબ્દો અને વાકયો સુવાચ્ય બને તો સતી થવાનો ચાલ હળવદમાં કેટલો જૂનો છે, તે નક્કી કરી શકાય.

અત્યારે તો આટલું જ તારવી શકાય છે કે ઝાલાવાડની ધરતી પર સતી થવાનો ચાલ ઝાલાઓના શાસનકાળમાં શરૂ થયો હોવો જોઈએ. ઝાલાકુળમાં સતી થવાનો રિવાજ પ્રચલિત હોવો જોઈએ, કેમ કે કેસર મકવાણાએ જે સુમરી સ્ત્રીઓનું હરણ કરીને ચાર સાથે લગ્ન કર્યાં હતાં તે સૌ રાણીઓ કેસર મકવાણા પાછળ સતી થઈ હોવાનું ઇતિહાસ કહે છે.[૫]

ઝાલાવાડની ધરતી પરનું પહેલું ઝીલારાણનું પાટનગર કંકાવટી હતું. કંકાવટીની પશ્ચિમ દિશાએ માતરી વાવ તરફ જતાં તળાવકાંઠે આજે ય સતીમાના પાળિયા જડે છે. તે સતીઓ રાજકુળ અને રજપૂત કુળની છે, તેમ તેના પરના શિલાલેખો વાંચતાં જોવા મળે છે. સંવત ૧૫૪૪માં કંકાવટીથી ઝાલાકુળની રાજધાની હળવદમાં ગઈ. આજે હળવદમાં રાજેશ્વરના ભવાની ભૂતેશ્વરમાં રજપૂતો તેમ જ રજપૂતાણી બાઈઓના પાળિયા છે.

સતી થવાના રિવાજને ઇતિહાસકારોએ કઈ નજરે જોયો છે? પ્રિ. સી. મેઈન લખે છે:

"It is to be remembered in connection with the sati that Rajputani was taught to believe that the salvation of her husband in the future state depended on her dying with him."[૬]

અર્થાત્ રજપૂતાણીઓને સંસ્કાર આપવામાં આવતા કે મૃત પતિ સાથે બળી મરવામાં આવે તો પતિનો મોક્ષ થાય. આ ખ્યાલથી રજપૂતાણીઓ સતી થતી.'

સ્વ. શ્રી. ભગવાનલાલ સંપતરામ લખે છે કે પતિવ્રતા ધર્મથી પોતાના સ્વામીના મરણ પછી કોઈ બીજા જુલ્મગારના હાથમાં જવા કરતાં રાણકદેવી અને રાણજી ગોહિલની સ્ત્રીની પેઠે

---

૫ સૌરાષ્ટ્રનો ઇતિહાસ, ૨જી આવૃત્તિ, લેખક: શ્રી. શંભુપ્રસાદ હ. દેસાઈ, પૃ. ૨૬૨.

૬ The History of the Dhrangadhra State, by Prin. C. Mayne, M.A., P. 102.

આવી રીતે પ્રાણત્યાગ કરવો, એ કેટલીએક રીતે જૂના વખતમાં સારું ગણાતું હતું, પણ પછી તો એક શિરસ્તા સારુ જ પોતાના પતિ વાંસે પરાણે બળી મરવું એ ચાલ ઘણો જ ધિક્કારપાત્ર અને કમકમાટભરેલો હતો. પ્રથમ હળવદની સર્વ મોચણો પોતાના પતિ સાથે સતી થતી. અહીં જેઓને તેમ કરવાની કાંઈ ઉપર કહ્યા મુજબ જરૂર ન હતી.[૭]

'જે સ્ત્રી પોતાના ધણીની સાથે બળી મરે છે તે તેની સાથે સ્વર્ગમાં રહે છે: તે પોતાની અને પોતાના પૂર્વજોની સાતે પેઢીને તારે છે, કદાપિ જો તેઓનાં પાપકર્મને લીધે તેઓને નરકની પ્રાપ્તિ થઈ હોય તોપણ તેઓ સ્વર્ગમાં જાય છે'.[૮]

કર્નલ ટૉડ લખે છે કે એક સમયે હિમાલયથી લઈને કન્યાકુમારી પર્યંત અને અરબી સમુદ્રથી બ્રહ્મપુત્રા પર્યંત સમસ્ત હિંદુ જાતિમાં સતી થવાનો રિવાજ હતો. સૌથી પ્રથમ રાજા દક્ષની કન્યાને સતી થયેલી જણાવવામાં આવે છે......આ રીતિનો પ્રચાર પ્રથમ શૈવોમાં થયો. બીજી પ્રાચીન જાતિઓમાં પણ સતી થવાનો રિવાજ હતો. ઝક્ષર્તીસનિવાસી જીત વા જુત જાતિના યોદ્ધાની પાછળ તેની સ્ત્રી, અશ્વ, અસ્ત્રશસ્ત્રો અને ગુલામો ચિતામાં બળીને ભસ્મીભૂત થતાં હતાં. બાલ્ટિક સમુદ્રના તટ પરના સ્કેન્ડીનેવિયન જાતોમાં પણ આ રિવાજનો પ્રચાર હતો અને આ લોકોમાંથી ઉત્પન્ન થયેલા ફ્રિસિયન તથા સેક્ષક લોકો પણ આ રિવાજમાંથી મુક્ત નહોતા. અનેક યુગો વહી ગયા પછી આ લોકોએ સ્ત્રીને બાળી મૂકવાની પ્રણાલિકા છોડી દીધી હતી.

આ પ્રથાનો પ્રધાન ઉદ્દેશ સ્ત્રીનું મહત્ત્વ દર્શાવવાનો છે. રજપૂતો દઢ શ્રદ્ધાપૂર્વક માને છે કે આ પ્રકારના સહચરણથી ભાર્યા પોતાનાં તથા પોતાનાં પતિનાં પાપોનો નાશ કરે છે; એટલું જ નહિ પરંતુ બીજા અવતારમાં તે પોતાના સ્વામીનું પુનર્મિલન પામે છે. આ માન્યતાને લીધે બંગાળાની બીકણ નારીઓ પણ પ્રસન્નચિત્તે પોતાના પતિની ચિતામાં ભસ્મીભૂત થવાને જરાય વિલંબ કરતી નથી.[૯]

હિંદુઓનાં શાસ્ત્રો પણ સતી થવાના રિવાજોનું સમર્થન કરે છે. મહાભારત, બ્રહ્મપુરાણ, ગરુડપુરાણ ઇત્યાદિ ધર્મગ્રંથોમાં સતી થવાના રિવાજને પ્રોત્સાહન આપ્યું છે. ભગવાન મનુ સતી થવાના રિવાજના પુરસ્કર્તા નથી. બ્રહ્મપુરાણમાં લખ્યું છે: "જ્યારે ચિતા તૈયાર થતી હોય ત્યારે પતિવ્રતા અર્ધાંગનાને સ્ત્રીનો શ્રેષ્ઠ ધર્મ કહી સંભળાવવો; જે સ્ત્રી પતિવ્રતા અને નિષ્કલંકવાળી હોય છે તે પોતાના ધણીના મડદા સાથે બળી મરે છે." ગરુડપુરાણ કહે છે, "જે સતી થાય છે તે તેત્રીશ કરોડ વર્ષ સુધી પોતાના ધણી સાથે સ્વર્ગનું સુખ નિરંતર ભોગવે છે, અને મુદ્દત પૂરી થાય છે ત્યારે તે ઉત્તમ કુળમાં જન્મ પામીને તે જ પ્રિયતમ વ્હેરે પરણે છે."

રજપૂતકુળોમાં સતી થવાનો ખ્યાલ રૂઢ થતો લાગે છે. રાહ ડિયાસ પાછળ તેની સોરઠ રાણી સતી થઈ હતી. આ ડિયાસનો સમય ઈ. સ. ૧૦૦૩ થી ૧૦૧૦ વચ્ચેનો છે. રાણકદેવી વઢવાણના પાદરમાં સતી થયાનું કહેવાય છે.

---

૭ સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ, લેખક: સ્વ. શ્રી. ભગવાનલાલ સંપતરામ, પૃ. ૨૨૦-૨૨૧.

૮ રાસમાળા, ભા. ૨, ત્રીજી આવૃત્તિ, લેખક: કિ. ફોર્બસ, પૃ. ૪૧૭.

૯ રાજસ્થાનનો ઇતિહાસ, ભા. ૧, લેખક: કર્નલ જેમ્સ ટૉડ; પ્રકાશક: સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, પૃ. ૪૯૯.

આ જ પરંપરાના ખ્યાલથી કદાચ હળવદમાં મોચી સ્ત્રીઓ સતીઓ થઈ હશે કે પછી પરંપરાના કારણે ? આ પરંપરાને સમજવા માટે સ્વ. શ્રી. ભગવાનલાલ સંપતરામનું કથન બસ થઈ પડશે.

આ મોચણ સતીઓની સ્મારકભૂમિ કયાં આવી ? હળવદની મોચી સતીઓનું સ્મશાન શ્રી. જનક્ષત્રિય સતી શૂરા સ્મારકભૂમિના નામે હળવદમાં ઓળખાય છે. આ જગા હળવદ રેલ સ્ટેશનની અને હળવદ ગામની દક્ષિણે રેલના છેલ્લા પાટાને અડીને આવેલી છે. શ્રી હર્ષદ ત્રિવેદીએ તે સ્મારકભૂમિમાં ૯૦ પાળિયા હોવાનું બતાવ્યું છે, તેમાં સતીઓની ૧૦-૧૨ દહેરીઓ છે. હળવદના જનક્ષત્રિય શ્રી. લાલજીભાઈ રાઠોડના કથન પ્રમાણે ત્યાં ૮૧ સતીઓના પાળિયા છે. આ દરેક પાળિયા પર સતી થવાનાં સંવત, માસ, તિથિ, વાર, નામ અને અટક કંડારેલ છે. કહેવાય છે કે વિક્રમની ૧૩મી સદીથી માંડી ૧૯મી સદી સુધીના પાળિયા આ સ્મારકભૂમિમાં છે.

પણ જાતતપાસમાં ૧૭મી સદીથી ૧૯મી સદી સુધીના પાળિયા આ સ્મશાનભૂમિમાં જોવા મળ્યા છે.

આ પાળિયાઓમાંના કેટલાક પર સંવત ૧૮૨૫ અને ત્યાર પછીની સાલ મળે છે. આવા પાળિયા પર મોચી શબ્દ કોતરેલ છે. જનશાળી શબ્દ હથિયાર ઘડનાર કોમ માટે ઇતિહાસમાં વપરાયાનું જાણમાં છે. આ પાળિયાઓમાંથી ઠીકઠીકમાં જનશાળી જનક્ષત્રિય એવા ઉલ્લેખો મળે છે, જેમ કે : " ઝણસાલી षोषा सतरात भोकाः... "

હળવદની આ જ્ઞાતિના મોવડી શ્રી. લાલજીભાઈ રાઠોડે જનશાળી અને જનક્ષત્રિય શબ્દ અંગે કહ્યું : " શ્રી. કૃષ્ણશંકર શાસ્ત્રીએ તેમને ' જનક્ષત્રિય ' કહ્યા છે. તેમને તે નામનો ઉલ્લેખ ' રેવતક માહાત્મ્ય 'માંથી મળેલ છે. "

પણ શ્રી. હરિશંકર રેવાશંકર શાસ્ત્રી ' જનક્ષત્રિય 'ના મતનો સ્વીકાર કરતા નથી. શ્રી. નટવરલાલ માળવી ' જનશાળી ' શબ્દના પક્ષકાર છે.

શ્રી. લાલજીભાઈએ સ્પષ્ટપણે કહ્યું : ' પ્રારંભ 'માં અમે ધંધે મોચી ન હતા. અમે જનશાળી, કહેતાં હથિયાર બનાવનાર નાતના ક્ષત્રિયો હતા. જ્યારે મુસ્લિમ શાસનકાળમાં વટાળપવૃત્તિએ જોર પકડયું અને ક્ષત્રિય તરીકે ઓળખાવવામાં ખાતમો પેદા થવા લાગ્યો, ત્યારે કેટલાક ક્ષત્રિયો વટલાયા, કેટલાકે જાત સંતાડી ને કેટલાકે આત્મવિલોપન કર્યું. અમે બીજા પ્રકારના ક્ષત્રિયો. અમારા વડવાઓએ જીવ બચાવવા જાત સંતાડેલ હશે. '

આ કથનનો સ્વીકાર થઈ શકે, અને આથી કરીને ક્ષત્રિયાણીઓ પતિ પાછળ સતી થવામાં ગૌરવ સમજતી અને તેમને તો તે લોહીનો સંસ્કાર હતો, જે જનશાળી ક્ષત્રિયોમાં ચાલુ રહ્યો હશે અને આથી કરીને આ જનશાળી બાઈઓ તેમના પતિ પાછળ સતી થઈ હોય ?

વિશેષમાં હળવદમાં ગાદી લાવનાર ઝાલા રાજા રાજોધરજીએ જે સ્થળે સસલું પોતાના ઘોડાની સામે થયું હતું, એ સ્થળને વીરભૂમિ માની તે જગા પર પોતાનો દરબારગઢ બાંધવા માટેનું નિશાન કરાવ્યું. પણ જ્યારે દરબારગઢ બાંધવાનું કામ શરૂ કરવાનો સમય

આવ્યો ત્યારે એ નિશાન ભુંસાઈ ગયેલું હોવાથી, રાજાના ગુસ્સાના ભયથી એ વાત રાજાના કાને નાખ્યા વગર બીજી જ જગ્યાએ દરબારગઢ ચણી દેવાયો. ભાગ્યવશાત્ જે સ્થળ પર રાજેશ્વરજીએ નિશાન કરાવી ભૂમિ અંકિત કરી હતી ત્યાં જ જનશાળી કોમ વસી. તે ભૂમિગૌરવના કારણે જનશાળી કોમની સ્ત્રીઓને સત ચડે છે, તેવી લોકમાન્યતા હળવદના જનશાળીઓમાં પ્રચલિત છે.

જનશાળીઓની આ સ્મારકભૂમિમાં "ચૌહાણ, ચુડાસમા, ગોહિલ, ઝાલા, પરમાર, રાઠોડ, સોલંકી, વાઘેરો, વાઘેલા વગેરે[११] અટકના પાળિયાઓ છે. નાગાર અટકનો પણ એક પાળિયો છે.

સંવત ૧૭૪૨ની ખાંભી પર લખાણ કોતર્યું છે: संवत १७४२ मकवाणा नाराण माया डाका: जणसाली ठकरसी भारया बाइ

તો જનશાળીમાં કોઠારી અટક પણ મળે છે. સંવત ૧૫૫૦નો પાળિયો ઉચ્ચારે છે: संवत १५०५ वरष असो वद १ गरवर । लजा मोठ कोठारी मीमा......

સંવત ૧૫૫૦નો પાળિયો વાઘેલા અટકની શાખ પૂરે છે : संवत १८५५ना आस सुद २ दने सके वाघेला हलाही राणीबाइ.

આ જ સ્મારકભૂમિમાં કુંવારકા સતીમાનો પાળિયો બતાવવામાં આવે છે, તે પાળિયાની પાછળ ઘટના પડેલ છે: 'હળવદને પાદર મોચણ સતીઓની દહેરીઓ છે, તે દહેરીઓમાં એક દહેરીની વાત એવી છે કે......બાઈનું વેવિશાળ જામનગરમાં કર્યું હતું. પરણ્યા પહેલાં વર મરી ગયો. વરને અગ્નિસંસ્કાર કર્યા પછી, આ સમાચાર હળવદ લખી મોકલ્યા. કુમારિકાએ અન્ય વરને પરણવાની ના પાડી. રકઝક ઘણી ચાલી. પરિણામે જામનગરથી પાઘ મંગાવીને તેની સાથે બળી મરવાનો વિચાર નક્કી થયો. જામનગરથી પાઘ આવતાં, બાઈને સત ચડયું. હાથમાંથી કંકુ ઝરવા લાગ્યું. 'જે અંબે'ના પોકાર થવા લાગ્યા. ફેંટા સાથે ચિતામાં બેસીને અગ્નિનારાયણને આજ્ઞા કરતાં વણસળગાવ્યો અગ્નિ પ્રગટયો. જોતજોતામાં બાઈ અદશ્ય થઈ ગઈ."[१२]

આ સતીનું નામ હળવદના મોચીઓ જમનાબાઈ આપે છે અને સ્મારકભૂમિમાં તેમનો પાળિયો પણ બતાવે છે. તે પાળિયામાં હાથનો પંજો કોતરેલ છે, હથેળી નહીં. તે બતાવેલ પાળિયા પરનો શિલાલેખ અત્રે ટાંકવામાં આવેલ છે: संवत १५५० वरस असो वद १ गरवर । लगो मोठ कोठारी मीमा भारता वदी भरमाद यतता ॥ भारतिया बाडी धनादे सती.

આ લેખમાં ક્યાંય જમનાબાઈનું નામ નથી પણ ધનાદે મળે છે, તેથી ધનાબાઈનો આ પાળિયો માની શકાય. આ પાળિયા ફરતા ચાર પથ્થરો ચાર દિશાએ પાંચેક ફૂટના અંતરે ખોડી તેને ચાર થંભના નામે ઓળખાવે છે.

---

१० જુઓ, સાથેનો આલેખ.

११ શ્રી. હળવદ યુવક મંડળ, સ્મૃતિગ્રંથમાં શ્રી. હર્ષદ ત્રિવેદીનો લેખ.

१२ જુઓ, 'મોક્ષપત્રિકા', પુસ્તક ૨૪મું; અંક ૧૦મો, પૃ. ૩૦૧૫.



ચિત્ર ૧

વીર ખેંગારનો પાળિયો



ચિત્ર ૨

નંદવાણા બ્રાહ્મણની સતીમાનો પાળિયો



ચિત્ર ૩

ચાર રજપૂતાણીઓનો પાળિયો



ચિત્ર ૪

ઝાલા રાજવીઓની દહેરીમાંની એક



ચિત્ર ૫

સતીમાનો જૂનામાં જૂનો પાળિયો

આ ઉપરાંત સંવત ૧૮૩૮ના કારતક સુદ ૧૧ની ખાંભી ચાવડાની છે. સંવત ૧૮૨૬ના ફાગણ સુદ ૬ની ખાંભી પરમારની છે. સંવત ૧૮૬૩ વૈશાખ સુદ ત્રીજની ખાંભી રાઠોડની છે.

આમ, આ પાળિયાઓમાં જનશાળી નાત અને મોચી નાતની જુદી જુદી અવટંકોના પાળિયાઓ છે. આ પાળિયાઓમાં આ લેખની વિશેષતા નથી. પરંપરાગત ચૂડીદાર હાથ ખાંભીમાં કોતરેલ જોવા મળે છે. સૂરજ અને ચંદ્ર માથા પર કોતર્યા હોય છે. કોતરણીમાં આ સઘળી ખાંભીઓ અતિ સામાન્ય પ્રકારની છે, તેમાં વપરાયેલ પથ્થર હળવદ ધ્રાંગધરાની ખાણનો કણીદાર લાલપીળો પથ્થર—Sandy Stone, છે. સિંદૂર ચડાવીને આ ખાંભીઓને વિરૂપ કરેલ છે.

મોચીઓની સ્મારકભૂમિથી એકાદ માઈલના અંતરે પૂર્વ-ઉત્તરમાં વેગડવાવના રસ્તે, ધ્રાંગધરા તરફ જતી રેલના છેલ્લા સિગ્નલ સામે ઉત્તર દિશાએ રાજેશ્વર ભવાનીભૂતેશ્વરનાં સ્મારકો આવેલાં છે. અહીંની ઇમારતો સરકારરક્ષિત છે, પણ સરકારી કર્મચારીઓએ અહીં 'સુંદર-ભવાની'નું પાટિયું લગાવ્યું છે, જે સ્થળ હળવદથી લગભગ ૧૮ માઈલ દૂર છે. આ પાટિયું નવાસવા યાત્રીને ગેરરસ્તે દોરનાર છે. સરકારી કર્મચારીઓએ વહેલામાં વહેલી તકે તે દૂર કરી રાજેશ્વર-ભવાની ભૂતેશ્વરનું પાટિયું ચોઢવાની જરૂર છે.

આ રાજેશ્વર-ભવાની ભૂતેશ્વરની સ્મારકભૂમિ પાળિયાની દૃષ્ટિએ અતિ સમૃદ્ધ છે. અહીં ઝાલા રાજાઓની છત્રીઓ છે, દહેરીઓ છે. માનસિંહે પ્રથમની દહેરી કરાવીને તેની એક થાંભલી પર શિલાલેખો કોતરાવ્યા છે. '**संवत १६२० वरखे कारतक सुद १५ दने महारांण श्री मनसंघजी हरीसरण हवा.**

આ શિલાલેખો દહેરી નં. ૩માંની પશ્ચિમ દિશાની બીજી થાંભલીમાં કોતરેલ છે. પવનનો મારો નહીં લાગવાથી તે આજે ય સ્પષ્ટપણે વાંચી શકાય તેટલો સુરક્ષિત રહેવા પામ્યો છે.

અહીં રાજકુળના મોવડીઓને અગ્નિસંસ્કાર કર્યા હોવાથી દરેક રાજવી પાછળ દેરીઓ બાંધી લાગે છે. આમાં આંકડા મૂકેલ રાજ્યની નવ દહેરીઓ લાગે છે. આ દહેરીઓમાં નાની-મોટી છે. કેટલીક સોળથંભી દહેરીઓ છે. ભવ્ય અને પ્રતાપવાન તેમ જ પ્રાચીન ઘાટ ચૌલુક્ય-કાલીન હોવાના કારણે સ્મશાનનો આટલો ભાગ કલાત્મક અને રૂડો લાગે છે. પરદેશી ઇતિહાસ-કારોએ સૌરાષ્ટ્ર પર લખેલ ઇતિહાસગ્રંથોમાં આ દહેરીઓના ઝૂમખાનાં ચિત્રો પણ મૂકયાં છે. આ ઉપરાંત દહેરી નં. ૪ની થાંભલી પરમાંની એક પર શિલાલેખ છે. સોળથંભીમાં પણ લેખ છે. તેમાં લખ્યું છે: **संवत १७६५ महाराण श्री झाल राजोजी।** આ દહેરીમાં પાછળની નાનકડી દેરીઓ, મૂર્તિઓ અને કમળ પણ કોતરેલાં જોવા મળે છે. આમ, કલાત્મક તેમ જ શિલ્પ-સ્થાપત્યની અસર નીચે બંધાણી લાગે છે.

આ સ્થળે ઔદિચ્ય અને શ્રીમાળી બ્રાહ્મણ, વાણિયા, કંસારા, સલાટ, નંદવાણા અને રજપૂત સ્ત્રીઓના પાળિયા ધરતી પર ખોડેલ મળે છે. આ પાળિયાઓમાં કોતરણીનું વૈવિધ્ય મળે છે, કલાત્મક નજાકત જોવા મળે છે. રેખાઓમાં સ્વરૂપ, રૂપ અને લાવણ્ય છે.

ગામ તરફ જતાં વેગડવાવનો રસ્તો ઓળંગીને જઈએ છીએ ત્યારે આ સ્મારકનો એક શૂરોપૂરો ઢાલ અને ભાલો લઈને જરા નમીને ઊભો છે, તેના ભાલા નીચે ચાર સતીઓના ચૂડાદાર

હાથની હથેળીઓ ને કોણી સુધીનો ભાગ કોતરેલ છે. તે પાળિયા નીચે લખાણ અસ્પષ્ટ અને ભુંસાઈ-ગયેલ છે; છતાં ય તેની સાલ સચવાઈ રહેલ છે : संवत १५५१ वरखे श्रावण सुदि ११ साके प्रव्रतमाने... આગળનું લખાણ ભુંસાઈ ગયું છે. પણ સંવતમાંથી ૧૩૦ વર્ષ બાદ કરતાં ૧૪૨૧ હોય, તેવું તારવી શકાય. ભાલો અને ઢાલવાળો પાઘડીવાળો કરડા શૂરાપૂરા પરથી કલ્પી શકાય કે આ પાળિયો કોઈ રજપૂત વીરની ચાર બાઈઓનો હોવો જોઈએ.

આ જ શ્મશાનમાં સંવત ૧૦૨૫નો પાળિયો હોવાનું હળવદના પુરાતત્ત્વવિદ્ શ્રી નિર્ભય-રામ દ્વિવેદીએ બતાવી. કહ્યું : 'આ પાળિયાને ખોદી કાઢીએ તો આ સાલ મળે.' રાજની જાણ બહાર આ પાળિયો રહી ગયો છે. "આ પાળિયો જમીન બહાર ૨૩ ઇંચ છે. તેનો આલેખ ૧૪ ઇંચનો છે. તેની પહોળાઈ ૧૮ ઇંચની છે. તેના આલેખની ખોદણી ૩/૪ ઇંચની છે. સતીમાનો ચૂડીદાર હાથ છે મારવાડી રીતિએ બાવડા પર ચૂડીઓ પહેરેલ હોય છે.

સંવત ૧૫૫૪નો એક પાળિયો છે. તેના નીચેના લેખમાં કોતર્યું છે : महाराण अरजणजी તેઓની પાછળ તેમની ત્રણ રાણીઓ સતી થયેલ છે તેવું તે પાળિયા પરથી જાણવા મળે છે. આ મહારાણ અરજણજી કોણ તેવો પ્રશ્ન ઝાલા કુળનો ઇતિહાસ જોતાં થાય છે. તેમના નામની સાથે ઝાલા કુળનો તાળો મળતો નથી. આ પાળિયો વિશેષ સંશોધન માગે છે. આમ રાજેશ્વરના આ પાળિયા અને દેરીઓ સ્થાનીય વીર પુરુષો અને વીરાંગનાઓના યશગાથા ગાતા ગ્રંથોસમાન છે, પણ તે ગ્રંથના ઉકેલાતા અક્ષરોના મર્મને પામવા વિશેષ મથામણની જરૂર છે.

આ જ સ્થળ પર બ્રાહ્મણ સતીઓના પાળિયા અને દેરીઓ છે. દવેકુળનાં દેવી સ્મશાનમાં છાપરાની પૂર્વે બેઠાં છે. તેની નાનકડી તાજી બનાવેલ દેરી છે, અને સિંદૂર અને વરખે તે સતીમા શણગારેલ હોવાથી તેની વિશેષ વીગતો મળતી નથી. જોષી બ્રાહ્મણો એક સમયે આ ગામમાં અતિ સમૃદ્ધ હતા, તેથી તેમની સતીમાની દેરીઓ શિખરબદ્ધ છે. તે મંદિરોમાં પલટાયાં હોવાનું કહેવાય છે. માંડલિયા રાવળની સતીમા સંવત ૧૭૬૯નાં અહીં વિરાજે છે. સંવત ૧૭૧૪ વરખે કારકત સુદ ૨નો એક સતી પાળિયો ઔદિચ્ય બ્રાહ્મણ સતીનો હોવાનું પણ કથાય છે. ઠાકરકુળની સતીમાના પાળિયા પણ છે.

કંસારાના સતીનું અહીં મંદિર છે. તેઓએ પથ્થરની ભીંત ચણીને સતીના મંદિરનું રક્ષણ આપ્યું છે, તે ઇતિહાસ દૃષ્ટિએ ઉચિત થયું છે; કેમ કે ઉઘાડા વગડામાંનું આ સ્મારકસ્થળ આજે ભરવાડોનાં ઢોરોની ઝોક બનવા પામેલ છે. આ સ્થળનું પૂર્ણપણે રક્ષણ કરવા માટે તારની વાડની જરૂર છે. ગુજરાત સરકારને ઇતિહાસ સાચવવાની ખેવના હોય તો આ સ્થળની સાચવણી માટે વિચારણા કરે, કેમ કે કેટલાક પાળિયા તોડી નખાયેલ દશામાં નજરે પડે છે. એક દેરી ખંડેર હાલતમાં આજે ત્યાં છે, અને એક પાળિયો ખોવાતો લાગે છે.

તે પાળિયો ફીડીઆવાસના ગરાસિયા ખેંગારજીનો પાળિયો હોવાનું કહેવાય છે. તે પાળિયો સંવત ૧૭૦૫ કે ૧૭૧૦ કે ૧૭૧૫નો હોવાનું કહેવાય છે. રાજ્યશાસનની દૃષ્ટિએ તે સમય મરાઠા-ગાયકવાડનો છે. મરાઠા ગાયકવાડનો સૂબો સદાશિવ રામચંદ્ર ત્યારે સૌરાષ્ટ્રમાં જમાબંધી, મહેસૂલ અને ખંડણી માટે ફરતો ફરતો હળવદ આવેલ; પણ તે વખતે ધ્રાંગધરાના

ઝાલારાજવી તેને ખંડણી ન આપી શકયા, તેથી સદાશિવ રામચંદ્રે હળવદને લૂંટવા માટે તેના લશ્કરને હુકમ આપ્યો. ત્યારે હળવદના વિઠ્ઠલ જોશીને ત્યાં મહારુદ્ર થતો હતો. તેના પર પણ મરાઠા લશ્કરે હાથ ઉપાડ્યો ત્યારે તેનું રક્ષણ કરવા માટે ખેંગારજી ખપી ગયો. હળવદ ગામમાં ય તેનો પાળિયો છે.

આ ઘટનાને લગતો મહત્ત્વનો પાળિયો આજે જડતો નથી. કાં તો તે દટાઈ ગયો છે અથવા તો તે ઉપડી ગયો છે.

જો આ સ્મારકના રક્ષણ માટે વ્યવસ્થા થાય તો મહત્ત્વના ઐતિહાસિક પાળિયાઓ સચવાઈ રહે.

નંદવાણા બ્રાહ્મણોનો ઇતિહાસ માનસિંહ ૧લાની સાથે સારી રીતે સંકળાયેલ છે. તેમની સતીઓના પાળિયા આજે રાજેશ્વરની સ્મારકભૂમિમાં છે. તે પાળિયાની કોતરણીમાં સતીના ઉપરના ભાગમાં થાળાવાળું શિવલિંગ જોવા મળે છે. આવા પ્રકારની કોતરણીવાળા પાળિયા આ ત્રણે ય નંદવાણા બ્રાહ્મણની સતીના પાળિયા છે. આ ખાંભીઓ ધરતી પર ખડી છે. તેનું કોતરકામ અને શિલાલેખ બહુ જ સ્પષ્ટ છે.

આ સ્મારકની વિશેષતા દેરાવાસી અને સ્થાનકવાસી જૈનોની સતીમાના પાળિયા અને દેરીમાં છે, તે પણ અત્રે ઉપસ્થિત છે. પ્રશ્ન એ થાય છે કે અહિંસાને વરેલ જૈન જ્ઞાતિમાં સતીઓ શા માટે થઈ હશે? એક મત પ્રમાણે શિવ ધર્મમાં સતીનો રિવાજ પ્રચલિત હતો. આ પાળિયાઓ વિચારમાં નાખી દે છે. આ પાળિયા કોઠારીવંશની સ્ત્રીઓના છે. આ પાળિયાના શિલાલેખો સિંદૂર અને વરખના કારણે સાવ વિરૂપ થઈ ગયા છે. શિલાલેખ પર ચૂનો ચોપડીને અક્ષરોને સાવ ભરી દીધા છે. આથી કરીને તે પાળિયાની વાચના લઈ શકાતી નથી.

આ પાળિયાની સાલ માત્ર માંડમાંડ વાંચી શકાય છે. તે છે સંવત ૧૮૬૧ની.

ત્યારે હળવદના આ પાળિયાઓમાં સાવ પૂર્વમાં જે ચાર દહેરીઓ છે તે શ્રીમાળી બ્રાહ્મણોની. તે દહેરીઓમાં પાળિયાઓ છે. તે ઉપરાંત ભોંય પર પણ કેટલાક પાળિયાઓ છે.

ધરતીના વિશાળ પટ પર આ દહેરીઓ અને પાળિયા આજે આકાશનો ચંદરવો ઓઢીને ખડા છે. તેમને ઋતુની થપાટો લાગે છે, વાયરાની ખારાશ દેશી પથ્થરને ખંખેરી જાય છે. પરિણામે ઐતિહાસિક સત્યો પણ તે સાથે ખરી પડે છે.

ઇતિહાસની જાળવણી માટે અને ભૂતકાલીન ગૌરવગાથાઓ આવતી પેઢીના ખોળે ધરવા આ સૌને બાળક જેમ જતન કરી જાળવવાં પડશે.

આ કામ રાષ્ટ્રનું છે !

જાગો એવો કોઈ ઐતિહાસિક ચીજજણસોને જાળવવાની નજરવાળો જણ !

# વસન્તગઢની વાસ્તુરચનાઓ અને હૃષીકેશનું વૈષ્ણવાયતન

મધુસૂદન ઢાંકી

અર્બુદમણ્ડલ—આબુપન્થક—ના પરમારોનું રાજ બહુ મોટું નહોતું. આબુ પર્વતની સોડમાં સાપ પડ્યો હોય એવાં પાતળાં, પાઘડીની છોડેલ આંટી જેવાં એમનાં રાજના સીમાડા ઉત્તરમાં નડ્ડૂલના ચૌહાણો,[1] પાછળ પશ્ચિમે એમના સગોત્રી ભિલ્લમાલ(ભિનમાલ)ના પરમારો, ઈશાને હસ્તિકુણ્ડી(હથુંડી)ના રાષ્ટ્રકૂટો, પૂર્વમાં આઘાટપતિ (આહડનાથ) ગુહિલો અને દક્ષિણે અણહિલપાટક(પાટણ)ના સોલંકીઓના રાજને ભટકાતા હતા. દોરડી જેવાં એ રાજની રાજધાની હતી આબુની તળેટીમાં વસેલી આરસની નગરી ચન્દ્રાવતી.

પાટણની ભીંસમાં વારંવાર દબાતા આવતા, ને ન છૂટકે સોલંકીઓનું સામન્તપણું સ્વીકારી રહેલા ગૌરવશીલ પરમારોએ પાછળથી વસન્તગઢને ઉપરાજધાની બનાવી હોય તેમ લાગે છે. વિમલમન્ત્રીએ જ્યારે ગુર્જરેશ્વર મહારાજ ભીમદેવ પ્રથમના દણ્ડનાયક તરીકે ચન્દ્રાવતીમાં રહેવું શરૂ કર્યું ત્યારે પરમારરાજ ધંધુકરાજના પુત્ર પૂર્ણપાલે વસન્તગઢમાં રહી ગૌરવ જાળવવું પસંદ કર્યું હોય તેવી એક શક્યતા છે.

આ વસન્તગઢ પહેલાં પરમારોની સીધી હકૂમત નીચે હોય તેમ લાગતું નથી. પરમારોના અને હથુંડીના રાઠોડોના રાજ વચ્ચે સન્ધિભાગે વસન્તગઢની નાનકડી ઠકરાત હતી. કોઈ અજાણ્યા, બ્રાહ્મણકુલોત્પન્ન રાજવંશનું અહીં દશમા અને અગ્યારમા શતકના પૂર્વાર્ધમાં રાજ હતું. તેની વંશાવલીનાં અહીંની લાહિની વાપીના સં. ૧૦૯૯(ઈ. સ. ૧૦૪૩)ના લેખમાં પાંચ નામ મળે છે: દ્વિજ યોટ, ભવગુપ્ત, સંગમરાજ, ચચ અને વિગ્રહરાજ. આ વિગ્રહરાજ વેરે પરમાર ધંધુકરાજે પોતાની દીકરી લાહિની પરણાવેલી. લાહિની વિધવા થયેલી અને અપુત્ર હશે એમ લાગે છે. વસન્તગઢ પોતાના પિયરિયાંને એ કારણે સોંપ્યું હોય તેમ બનવાજોગ છે.

પણ વસન્તગઢ તો ઘણું પુરાણું શહેર હતું. ત્યાં ભિલ્લમાલના ચાપોત્કટવંશીય રાજા વર્મલાતના સામન્ત વજ્જભટ્ટ—સત્યાશ્રયના પુત્ર રાજ્જિલના સમયમાં [સં.] ૬૮૨ (ઈ. સ. ૬૨૬)માં દેવીક્ષેમાર્યાનું દેવળ દખણાદિ એક ટેકરી પર બંધાયેલું; પણ વસન્તગઢને આબાદ બનાવનાર તો હશે પરમારપુત્રી લાહિનીદેવીનો મોટો સસરો ભવગુપ્ત. એના સમયમાં અહીં કેટલીક નોંધપાત્ર ઇમારતો રચાઈ છે.

૬૮૨ની સાલવાળા લેખમાં આ સ્થળને 'વટાકર' કહ્યું છે, જ્યારે સં. ૧૦૯૯ના લેખમાં તેનાં 'વટ,' 'વટાકરસ્થાન,' 'વટપુર' અને 'વસિષ્ઠપુર' એવાં રૂપ મળે છે; જ્યારે જૈન-

---

૧ નડ્ડૂલ, હાલનું નાડોલ.



ચિત્ર ૧

સૂર્યમન્દિર, વસન્તગઢ (દક્ષિણ બાજુ)



ચિત્ર ૨

ભ્રમણીના સ્તમ્ભનું શીર્ષ, સૂર્યમન્દિર, વસન્તગઢ



ચિત્ર ૩

ખત્તક પરનું શૂરસેન, સૂર્યમન્દિર, વસન્તગઢ



ચિત્ર ૪

લાહિની વાપીના અટ્ટાલકનો ખત્તક



ચિત્ર ૫
લાહિની વાપી, વસન્તગઢ



ચિત્ર ૬
લાહિની વાપીના અટ્ટાલોનું મુખદર્શન



ચિત્ર ૭

રખીકિસનનું મન્દિર (પશ્ચિમેથી જોતાં)



ચિત્ર ૮
મુખ્ય મન્દિર. રખીકિસન (હૃષીકેશ)

મન્દિરની મૂર્તિના સં. ૧૫૦૭(ઈ. સ. ૧૪૫૧)ના લેખ પરથી તે સમયે અહીં મહારાણા કુમ્ભાનું શાસન હતું એમ જણાય છે. આ સ્થળનું નામ બદલાઈ વસન્તપુર થયેલું. પૂર્વ બાજુની ટેકરી પર એ જ કાળે કુમ્ભોરાણાના સમયમાં કિલ્લો બંધાયેલ જેને કારણે પછીથી વસન્તગઢ તરીકે આ ગામ જાણીતું થયું લાગે છે.[૨]

આબુરોડથી ૩૪ કિલોમીટરે ઉત્તરે બનાસરોડ સ્ટેશન આવે છે ત્યાંથી ઈશાનમાં આઠેક કિલોમીટર દૂર પૂર્વ–દક્ષિણ પહાડીઓની વચ્ચે વસન્તગઢ વસેલું છે. સરસ્વતીનું ઝીણું પણ જીવતું ઝરણ એનાં પુરાણાં ખણ્ડેરો વચ્ચેથી વહે છે. અહીંની પ્રાચીન ઇમારતોમાં પહેલાં આવે છે લાણવાવ–લાહિનીવાપી : તે પછી ઉત્તર તરફ થોડું આગળ વધતાં વટેશ્વર મહાદેવ અને તેની ઈશાને પાસે પાસે આવેલાં સૂર્ય અને બ્રહ્માનાં મન્દિરો. વટેશ્વરના મન્દિરના પછીથી થયેલા ભીષણ જીર્ણોદ્ધારને કારણે પુરાણા અંશો લગભગ નહિવત્ જ રહ્યા છે. બ્રહ્માના પ્રાસાદનો વેદિબન્ધનો ભાગ જૂનો છે પણ 'મણ્ડોવર' (મંડોરો) નાશ પામ્યો છે અને 'ભ્રમ' (પ્રદક્ષિણા-પથ) ખુલ્લો થઈ ગયો છે તેમ જ ગર્ભગૃહ નવેસરથી બાંધ્યું લાગે છે; જ્યારે સૂર્યનું મન્દિર ખણ્ડિત અવસ્થામાં હોવા છતાં તેના પુરાણા ભાગો જીર્ણોદ્ધારની ઝપટમાંથી બચી, સચવાયા છે. સૂર્ય-મન્દિરથી ઈશાને જૈનમન્દિર તરફ જતાં એક પુરાણા મન્દિરની ભીંતડી ઊભી છે. જૈનમંદિર રાણા કુમ્ભાના સમયનું છે; સ્થાપત્યની દૃષ્ટિએ એનું ખાસ મૂલ્ય નથી.[૩]

સૂર્યના 'સાન્ધાર' પ્રાસાદની માંડણી એક કૃત્રિમ ટીંબા પર કરેલી છે.[૪] તેના મુખમણ્ડપનો ઘણોખરો ભાગ નાશ પામ્યો છે, જ્યારે ગૂઢમણ્ડપના સ્તમ્ભો અને વિતાનોના પ્રાસાદનું શિખર નીચે ધસી આવી પડવાથી નાશ થયો છે; અને દીવાલોનો ઘણો ભાગ તૂટી પડ્યો છે. મૂલપ્રાસાદ અને અંદરનું ગર્ભગૃહ સાબૂત છે, જોકે દ્વારશાખા પથ્થરકસ્તરના ઢગલામાં દટાયેલી છે.

પ્રાસાદને પીઠ ન કરતાં સીધો 'વેદિબન્ધ'જ કરેલો છે. વેદિબન્ધ પર અર્ધરત્નનાં શોભાંકનો કાઢેલાં છે. મૂલપ્રાસાદ 'એકાંગ' છે; એથી 'કર્ણ' (મૂળ ખૂણો), 'પ્રતિરથ' (પઢરો) આદિ 'દલવિભક્તિ' કરવામાં નથી આવી. પ્રાસાદના ત્રણે 'ભદ્રો'માં ઘણાં પહોળાં,

---

૨ પં. ગૌરીશંકર ઓઝાના વસન્તગઢ પરના પુસ્તક '**શિરોહી રાજ્યકા ઇતિહાસ**'માં આપેલ હકીકતનાં મુનિશ્રી જયન્તવિજયજીએ ટાંકેલ અવતરણના આધારે : (જુઓ મુનિજીનું **અર્બુદાચલ પ્રદક્ષિણા** (ભાવનગર, ૧૯૪૮), પૃ. ૨૪૮-૨૪૯.) વસન્તગઢના શિલાલેખો તેમ જ ઐતિહાસિક હકીકતો D. R. BHANDARKAR, *Progress Report of the Archalological Survey of India*, 1905-1906 (p. p. 49-53), પર આધારિત છે. ઓઝાજીનું પુસ્તક સન્દર્ભ માટે લભ્ય નથી બની શક્યું : પણ તેમના લખાણનો સારગર્ભ ભાગ મુનિશ્રી જયન્તવિજયજીએ શબ્દશઃ અનુવાદ સાથે આપેલો હોઈ ઓઝાજીનાં મંતવ્યોનો એનાથી ખ્યાલ આવી રહે છે.

૩ આ મન્દિર વસન્તગઢની પ્રાચીન ઇમારતોના ૧૯૬૨માં કરેલ સર્વેક્ષણ દરમિયાન મેં જોયેલું હતું. એની હકીકત મુનિશ્રી જયન્તવિજયજીએ એમના ઉપર–કથિત પુસ્તકમાં સવિસ્તર આપી છે.

૪ હલકી કોટીના આરસની ચીપોથી આ સારોયે ટીંબો છવાયેલો છે. સમ્ભવ છે કે ટીંબા નીચે વધારે પુરાણા મન્દિરના અવશેષો હોય; અથવા તો એની પાછળ ચોમાસામાં સરસ્વતીના નિર્ઝરમાં આવતું પૂર આંબી ન શકે એટલી ઊંચાઈએ મન્દિરો કરવાનો હેતુ હોય.

ચાર ચાર થાંભલીવાળાં 'ગવાક્ષો' કાઢેલાં છે (જુઓ તળનો નકશો અને ચિત્ર નં. ૧). 'મણ્ડોવર'માં 'જંઘાદિ' ઉપાંગો કાઢ્યાં નથી: દેખાવ સાદી ભીંતરૂપે જ કરેલો છે. ભીંતને મથાળે સાદી પટ્ટી, તે પર કપોતાલી (કેવાળ), 'અન્તરપત્ર' (અંધારી), ને 'વરણ્ડિકા' (વંડી) કરેલાં છે. પથ્થરોની ઘડાઈ ઘણી સુઘડ છે. મન્દિર સાદું છે પણ પ્રમાણૌચિત્યના પ્રભાવે તેમ જ પુરાણી ગ્રીક ઇમારતોમાં હોય તેવી સફાઈદાર બાંધણીને કારણે એની સાદગી સોહી ઊઠે છે.

પ્રાસાદની પહોળાઈ ૪૧ ફીટ છે અને કુલ લંબાઈ મુખમણ્ડપ સહિતની ૬૬ ફીટ હશે તેવો અંદાજ નીકળી શકે. પ્રાસાદ કરતાં ગૂઢમણ્ડપ સ્હેજ સાંકડો કર્યો છે, એટલે પ્રમાણમાં થોડો નાનો છે (પહોળાઈ ૩૫ ફીટ). મૂલ પ્રાસાદના ગવાક્ષો કરતાં મણ્ડપના ગવાક્ષો પણ ટૂંકા અને સાંકડા કરેલ છે: એથી ઉત્તર-દક્ષિણમાં આ બન્ને રચનાઓના ગવાક્ષો 'માનસૂત્ર'માં (એક સૂત્રમાં) નથી. કંથકોટના નવમા શતકના અન્ત ભાગે રચાયેલા સૂર્યમન્દિરમાં પણ આવી જ વ્યવસ્થા છે; જોકે ત્યાં ભદ્ર ગવાક્ષો કાઢેલા નથી, અને બીજો તફાવત જોઈએ તો ત્યાં મૂલ પ્રાસાદ તેમ જ મણ્ડપના તલચ્છન્દમાં કર્ણાદિ અંગ કરેલાં છે.[૫] કંથકોટ ઉપરાંત વરમાણના સૂર્યમન્દિરના તળ સાથે પણ આ મન્દિરનું તળ સમતા ધરાવે છે.[૬] વરમાણમાં ભદ્રના ગવાક્ષોમાં ચાર ચાર થાંભલીઓ તો કરી છે પણ વિશેષમાં "ક્ષોભણ" (ખોભણી) દ્વારા 'ઉપભદ્ર'નું ઉપાંગ કરેલું છે. અહીં પણ મૂલ પ્રાસાદના ગવાક્ષો કરતાં ગૂઢમણ્ડપના ગવાક્ષ સાંકડા રાખ્યા છે; જોકે તેઓ સૌ અન્યથા એક સૂત્રમાં છે;[૭] જ્યારે ભિનમાલના 'જગત્સ્વામી'-ના હાલ નષ્ટ થયેલા મન્દિરનું તળ, ગવાક્ષો અનિર્ગમિત હોવાના એક અપવાદ સિવાય, વસન્તગઢના સૂર્યપ્રાસાદના તળને મળતું હતું.[૮]

હવે જોઈએ પ્રાસાદની આન્તરરચના. અંદર ૧૫૩/૪ ફીટના ઓરસ ચોરસ ગર્ભગૃહમાં પૂર્વ સિવાયની પ્રત્યેક ભીંતમાં ગોખલા કાઢેલા છે; જોકે આજે તેમાં પ્રતિમાઓ નથી. દક્ષિણની ભીંત ઘા ખાઈ ગયેલી છે. નીચે બેસણીના કંદોરા ઉપર મોટી મોટી 'ડકારી' આંતરે આંતરે કાઢેલી છે. પ્રદક્ષિણા-માર્ગ ઠીક પ્રમાણમાં પહોળો છે. સ્તમ્ભોનો પ્રધાન ભાગ આઠ ધારાનો અને ઉપરનો ભાગ 'વૃત્તાકાર' કરેલો છે. તેના મથાળે 'શીર્ષ'(શરાં)માં 'કુમાર'-(કીચક)નાં રૂપ કરેલાં છે (ચિત્ર નં. ૨). નીચેની કુંભી કસ્તરના ધરબાયેલા ઢગલા નીચે દટાઈ ગયેલી છે; એથી તળદર્શનમાં બતાવી શકાઈ નથી.

સૂર્યમન્દિર ઊંચા ટીંબા પર સ્થિર હોઈ ભદ્રના ગવાક્ષોમાંથી આજુબાજુની ભૂતલ-લીલાનું વિહંગદર્શન આસાનીથી થઈ શકે છે. પશ્ચિમ ભદ્રના ગવાક્ષમાંથી વિલોકતાં, પાછળ

---

૫ સ્વ. શ્રી પુરુષોત્તમ પંડ્યા અને સામ્પ્રત લેખકે આ મન્દિરની ૧૯૫૭માં નિરીક્ષા કરેલી અને તળનાં માપતાલ લીધેલાં.

૬ જુઓ સામ્પ્રત લેખકનો લેખ : "Bramāṇasvāmī Temple of Varman", *Journal of the Oriental Institute*, Vol XIV, Nos. 3-4, March-June, 1965.

૭ એજન.

૮ જુઓ *Gazeteer of the Bombay Presidency*, Vol I.

તાડવૃક્ષવાળાં લીલાં ખેતરો, મંદાકિની કુંડ અને સરસ્વતીનું ઝરણુ, કુવાઓ પર ગોઠવેલા રેંટનો કિચૂડ કિચૂડ ધ્વનિ ને શીળો પવન સારુંયે વાતાવરણુ અત્યન્ત આહ્લાદજનક ભાસે છે.

ગર્ભગૃહનું દ્વાર આગળ કહ્યું તેમ રોડાં-કસ્તરથી પુરાયેલું છે. ગૂઢમણ્ડપમાં પણુ એ જ સ્થિતિ છે. 'મુખાલિન્દ'(અન્તરાલ)ની ભીંતમાં સામસામાં રૂપાળાં 'ખત્તક' (ગોખલા) કોરેલાં છે. એમાં દક્ષિણુ ભીંતના ખત્તકનો અર્ધો ઉપલો ભાગ તો ખુલ્લો છે પણુ સામેની ભીંતમાં તે લગભગ પથ્થરના ઢગલામાં દટાઈ ગયો છે.

દક્ષિણુ ખત્તક પર મથાળે મોટું 'શૂર્પ' (છજ્જું) કરી તેના મોવાડ પર એક સરસ રીતે કંડારેલું, ઠકારીઓની ગૂંથણીથી આયોજાતું 'ગ્રાસ-ચક્રવાક', 'વલ્લિમણ્ડલ,' 'મયૂર પંખી' અને 'રત્ન'થી આભૂષિત 'શૂરસેન' ગોઠવ્યું છે. (ચિત્ર નં. ૩). શૂરસેનની મધ્યની ઠકારીમાં 'કિન્નર' (કે 'કિન્નરી'?)નું મુખ કંડારેલું છે.[૯]

આ સૂર્યમન્દિરનો રચનાકાળ સદ્‌ગત દત્તાત્રય રામકૃષ્ણુ ભાણ્ડારકરે સાતમી સદીનો હોવાનો માનેલો.[૧૦] વિન્સન્ટ સ્મિથને એ અંદાજ અવાસ્તવિક નહીં તોયે શંકાસ્પદ લાગ્યો હોય તેમ તેમના પેલા શૂરસેન પરની પ્રશંસાત્મક ટીકાના ઉદ્‌ગારમાં આછો શો ભણુકાર ઊઠે છે.[૧૧]

---

૯ દ્રાવિડી વાસ્તુગ્રન્થોમાં 'નાસિકા'(ઠકારી)માં 'કિન્નરીવક્ત્ર' કરવાનો આદેશ છે અને તે પ્રમાણુેનો વ્યવહાર ત્યાંનાં મન્દિરોમાં જોવામાં પણુ આવે છે. 'ગન્ધર્વમુખ' કરવાનું ઉત્તરના ગ્રન્થોમાં કહ્યું છે: (જુઓ COOMARSWAMI, ANAND. K., "Indian Architectural Terms", *Journal of the American Oriental Society*, Vol. 48.

10 ".......... there is not that the slightest doubt that our temple cannot be assigned to any date later than the 7th century." ("Progress Report," p. 51). લાહિનીવાપીના શિલાલેખમાં અપાયેલ આના અને બ્રહ્માના મન્દિરના ઉલ્લેખ પર અવલોકન કરતાં ભાણ્ડારકર આગળ કહે છે કે: "The Inscription furnishes further interesting information. There in the forest, we are told, Vasiṣtha erected temples to Arka and Bharga, and with the aid of the architect of the gods, founded a city called Vaṭa, adorned with ramparts, orchards, tanks and lofty mansions. It will be perceived at once that the temples to Arka and Bharga are really the temples of the Sun and Brahmā that have been described before. And, as they are represented to have been constructed by Vasiṣtha, it shows that the original erection of the structures cannot be later than the 7th century." (p. 53)

11 "The most artistic object discovered by Mr. D. R. Bhandarkar during his rambles in Rajputana....... is the face looking out from a stone-window in a wall of an old temple of the Sun at Vasantgarh in the Sirohi State......" "Mr. Bhandarkar supposes it to date from the seventh century, but whatever its exact age, it is a beautiful work and unique to the best of my knowledge. The surrounding ornament is in an excellent style." (See *A History of Fine Art in India & Cylon*, 3rd Edi., Bombay (undated), p. 114.

સ્મિથના લેખન પર ટિપ્પણ કરનાર કોડ્રિંગ્ટન તો એ શૂરસેનને દશમા શતકનું હોવાનું અસંદિગ્ધ રીતે કહે છે.[૧૨]

સૂર્યપ્રાસાદના રચનાકાળ વિષે વિચારી જોતાં તેમાં સહાયભૂત થનારાં તત્ત્વો આટલાં છેઃ (૧) મન્દિરનાં ઘાટડાં અગ્યારમી સદીનાં દૃષ્ટાન્તો કરતાં તો ચોક્કસ પુરાણાં છે, પણ સાતમી તો શું, નવમી સદી જેટલાં પણ જૂનાં નથી; અને એટલા પુરાણા કાળમાં જોવા મળે તેવા ભારેખમ અને પ્રાણવાન નથી જ. (૨) કુમ્ભો પર અર્ધરત્નોના શોભન કાઢવાની પ્રથાનો પ્રારમ્ભ દશમી શતાબ્દીના આખરી ચરણ પહેલાં કે ઈ. સ. ૯૬૦-૭૦ પહેલાં થયો હોય કે તે પ્રચારમાં આવી હોય તેવું બતાવતો કોઈ દાખલો નથી. (૩) આ શૂરસેનનો પ્રકાર ચૌલુક્ય મહારાજ મૂલરાજદેવ પ્રથમ દ્વારા દશમા શતકના ત્રીજા ચરણમાં નિર્મિત સોમનાથના મન્દિરના લકુલીશના શૂરસેનનું સ્મરણ કરાવે છે.[૧૩] (૪) આ મન્દિરમાં રૂપકામ અલ્પ છે પણ જેટલું છે તેનું વિશ્લેષણ કરતાં એનો સમય સાતમા સૈકાનો નહીં પણ દશમા શતકના ઉત્તરાર્ધનો હોવાનું નિશ્ચયતયા બતાવે છે.[૧૪]

લાહિની વાપીના શિલાલેખમાં જણાવ્યું છે કે આ મન્દિરના પ્રાકાર અને પ્રવેશદ્વાર ભવગુપ્તે ઉદ્ધાર્યાં. એમાં એમ પણ કહ્યું કે 'વસિષ્ઠપૌર' એટલે કે વસિષ્ઠપુરના નિવાસીઓએ બાંધેલ સૂર્યના મન્દિરનો લાહિનીદેવીએ ઉદ્ધાર કરાવ્યો. શિલાલેખમાં મન્દિરના કારયિતા વિષે બે વાત કહી છે : એક તો વસિષ્ઠમુનિ દ્વારા નિર્માણ,[૧૫] અને બીજી વાત વસિષ્ઠપુરના પૌરજનો દ્વારા નિર્માણની. આ ઉપલક દૃષ્ટિએ દેખાતા વિરોધી વિધાનનું અર્થઘટન જરા વિચારીએ તો થઈ શકે ખરું. એમ બન્યું હોય કે અગાઉ સૂર્યનું મન્દિર ક્ષેમંકરીના મન્દિરની સાથે સાતમા સૈકા જેટલા જૂના સમયમાં બન્યું હોય અને તે કદાચ ઈંટેરી હોવાને કારણે જીર્ણ થતાં ફરીને પુરજનોએ બાંધ્યું હોય અને તે સમયે શાસનકર્તા રાજા ભવગુપ્તે પોતાના તરફથી ફાળારૂપે તે દેવાલયનાં પ્રાકારપ્રતોલી કરાવી આપ્યાં હોય. લાહિનીની વિદ્યમાનતા શિલાલેખ દ્વારા ૧૦૪૩ની ઠરે છે. તેના પતિ વિગ્રહરાજથી ક્રમમાં ભવગુપ્ત ત્રીજો પૂર્વે જ હોઈ લગભગ પોણોસો વર્ષ અગાઉ થઈ ગયેલો માનીએ તો આપણને આ મન્દિરનો કાળ ૯૬૦-૯૭૦ આસપાસ અંદાજવા સાંયોગિક આધાર મળે છે. મન્દિરની સ્થાપત્યશૈલીની ગણત્રીએ તો એ કાળ આવીને ઊભો રહે છે જ.

---

૧૨ "It is, however, typically medieval, C.A.D. tenth century." (*Ibid.* infra.)

૧૩ MUNSHI, K. M., *Somnāth the Shrine Eternal*, Bombay 1951, Plate LIX.

૧૪ કાસિન્દ્રાના કાશીવિશ્વેશ્વરના મન્દિરમાં આવી કડક મુખાકૃતિવાળાં બે'ક દેવીમૂર્તિનાં શિલ્પ પડેલાં છે. આ સિવાયનાં દૃષ્ટાન્તોમાં વસન્તગઢમાં બ્રહ્માની મૂલનાયક-પ્રતિમા છે; એની મુખાકૃતિ ફરીને ઘડાયેલી છે પણ નીચલો જૂનો ભાગ રૂક્ષતા છતી કરે છે જ.

૧૫ આ લેખ મૂળ *Journal of the Bengal Asiatic Society*માં છપાયો હોવાની ભાણ્ડારકરે નોંધ કરી છે. એનો નંબર ટાંકયો નથી. મૂળ વાચના હું તપાસી શકયો નથી. ભાણ્ડારકરે એની અંદરની મોટી મોટી વિગતો નોંધી છે.

લાહિનીદેવીએ જીર્ણોદ્ધાર કર્યાની જે વાત આવે છે તે પર નોંધ લખતાં ભાણ્ડારકર કહે છે કે એણે કદાચ ઈંટચૂના ને સુધાલેપનું શિખર બનાવ્યું હોય.[૧૬] આ તર્ક ખરો હોઈ શકે છે.

અહીંનું રૂપકામ જેટલું છે તેટલું, પણ પ્રથમ કક્ષાનું કહી શકાય તેવું નથી. ચન્દ્રાવતીની પરમ્પરાથી અહીંની પરમ્પરા થોડી ભિન્ન જણાય છે. મુખાકૃતિઓમાં માર્દવનો અભાવ છે ને ભવાંનો તીવ્રતર ઉપાડ અનાકર્ષકતાનો દ્યોતક છે.

સૂર્યમન્દિર જેટલી જ મહત્ત્વની બીજી ઇમારત છે લાહિનીવાપી: આ વાપી અલબત લાહિનીદેવીની બંધાવેલી નથી. શિલાલેખમાં એને 'સારસ્વતી' કહી છે અને લાહિનીદેવીએ તો માત્ર તેનો ઉદ્ધાર કરાવેલો તેટલી જ હકીકત લેખમાં મળે છે. લાહિનીવાપી–લાણવાવ–નું નામાભિધાન એને પાછળથી પ્રાપ્ત થયું છે.

આ વાપી કુણ્ડાકારે છે ( ચિત્ર નં. ૫ ), અને તેમાં ત્રણ દિશાએ કુણ્ડમાં હોય છે તેમ સોપાનમાલાઓની છન્દલીલાથી યુક્ત છે. ચોથી, પૂર્વની બાજુએ, ઈશાન અને અગ્નિ ખૂણાના ભાગમાં પગથિયાં કરી વચ્ચે બે ચોરસ અટ્ટાલવાળી પ્રતોલીશા ઘાટ જેવી રચના ( એને માથે ) 'અરહટ '( રેંટ )નું થાળું માંડવા માટે કરી છે; અને તેની પાછળ કૂવાનું સન્ધાન કર્યું છે: ( ચિત્ર નં. ૬ ). ગુજરાતના કુણ્ડો કરતાં આ કૂપસંલગ્નકુણ્ડની રચના વધારે વિચારશીલ છે. કૂપમાંથી થતા વપરાશને કારણે જળ બદલાતું રહી નિર્મળ રહે છે.[૧૭] આ લાહિનીવાપીનો કુણ્ડ ભાગ રાજસ્થાનના આવા જ પ્રકારના તલકલ્પનની વાપીઓના કુણ્ડની તુલનામાં, કદમાં અલબત ઘણો નાનો છે.[૧૮]

કુણ્ડનાં પગથિયાંનાં ગોઠવણી અને માનપ્રમાણ ઉત્તમ કોટીનાં છે. અટ્ટાલકોનું ચણતર બરોબર 'પ્રલમ્બસૂત્રે' અને ઘડતર બહુ જ સફાઈદાર છે.

વાપીના અટ્ટાલકમાં મૂળનો કોરો ભાગ છોડ્યા બાદ ઠકારીઓના શોભનવાળી કેવાળ કરી છે, તે પર ફરી કોરો પ્રદેશ: આ કોરા ભાગની એકવિધતા તોડવા વચ્ચે 'કર્ણિકા '( કણી )ની કંદોરી કાઢી છે. ઉપર 'ભુજપટ્ટી ' ( પાટડી ) અને તેને મથાળે કેવાળ કરી છે. બે અટ્ટાલકના વચ્ચેના ગાળામાં પ્રતોલીઓમાં હોય છે તેને મળતું 'મદલ ' ( ઘોડો, મદળ ) અને 'નિર્વ્યૂહ ' ( નરજૂ )ના ઉપક્રમથી સર્જાતું 'તોરણ ' કર્યું છે ( ચિત્ર નં. ૬ ). નરજૂના અને મદળના પડખામાં રૂપકામ છે પણ ઘણું ઘસાઈ ગયું છે. નરજૂમાં ખાનાં પાડી તેમાં 'પ્રમથ 'નાં રૂપ કાઢેલાં જણાય છે.[૧૯] ઉત્તર તરફના અટ્ટાલકની ઓતરાદી દીવાલ પર 'શૂરસેન ' શું મોટું 'ઉદ્‌ગમ ' ( દોઢિયો ) કર્યું છે ( ચિત્ર નં. ૪ ).

---

૧૬ "Progress Report", p. 53.

૧૭ દેદાદરા, મોઢેરા, શિહોર અને કપડવંજના કુણ્ડોનાં દુર્ગન્ધી પાણી કૂપની અનુપસ્થિતિને કારણે છે.

૧૮ રાજસ્થાનની વાપીઓના પ્રકાર વિષે અન્યત્ર એક સ્વતન્ત્ર લેખ દ્વારા ચર્ચા કરવાનો હોઈ અહીં તે અંગે વિશેષ કહેતો નથી.

૧૯ અહીં જુઓ ચિત્ર નં. ૬.

આ વાપી, શિલાલેખના સમય—ઈ.સ. ૧૦૪૩—પૂર્વે બંધાઈ ચૂકેલી તે વાત પાછળ કહેવાઈ ગઈ છે. અટ્ટાલકોની કેવાળનાં ઘાટરૂપ તેમ જ ગોખલા પરના ઉદ્દગમની સામાન્ય ભાત અને વળાકાઓ, અને પથ્થરની જાત, ઘડાઈ તેમ જ બાંધણી સૂર્યપ્રાસાદને તદ્દન અનુસરતી હોઈ એ બન્ને રચનાઓ એક સમયની ઠરે છે. અટ્ટાલકની મધ્યે કાઢેલ કણીનો ઘાટ અગ્યારમી શતાબ્દીના મન્દિરોની પીઠમાં કરવામાં આવતી કણી જેટલો તીક્ષ્ણ નથી તેમ તેમાં જગતના અમ્બિકા મન્દિરના બલાનકની પીઠની કણીમાં દેખાતું પ્રારમ્ભિક દશાનું દ્યોતક આત્યન્તિક ધીંગાપણું પણ નથી.[20] આ મુદ્દો પણ એનો કાળ ૯૬૧ (જગતના મન્દિરનો સમય) બાદ અને ૧૦૦૦ પહેલાંનો નિશ્ચિત કરે છે. લાહિની વાપી પશ્ચિમ ભારતની મહાગુર્જર શૈલીનું એક નાનું પણ બહુમૂલ્ય રત્ન છે. એ જ શૈલીમાં બંધાયેલા વસન્તગઢનાં મન્દિરો મહાગુર્જર મહાપ્રદેશના દેવાલય વાસ્તુઅધ્યયનમાં થોડો, પણ ઉપયોગી નીવડે તેવો માહિતીનો હિસ્સો પુરાવી રહે છે.

*　　*　　*

વસન્તગઢના મન્દિરોના કાળનાં, પણ થોડાં શૈલીભેદવાળાં બે મન્દિરો આબુ પર્વતની તળેટીમાં ખરેડી(આબુરોડ)થી સાડાત્રણેક કિલોમીટર ઉત્તરે આવેલાં છે; તેમાંનું મહાકાળીનું કહેવાતું મન્દિર થોડાં વર્ષો પહેલાં જીર્ણોદ્ધૃત થવાથી એમાં પુરાણા ભાગો થોડા જ રહ્યા છે જ્યારે તેનાથી કેટલેક અન્તરે રહેલું હૃષીકેશ—રખીકીશન—તરીકે હાલ ઓળખાતા મન્દિરના એના જુદા જુદા તબક્કે બંધાયેલા જૂના તમામ ભાગો જળવાઈ રહ્યા છે.

પાછલા યુગમાં બંધાયેલ એક ઊંચેરી વંડીની ભીતરમાં મુખ્ય મન્દિર (ચિત્ર નં. ૭) આસપાસ થોડી દેવકુલિકાઓ આ રખીકીશનના દેવાલય સમૂહમાં જોવા મળે છે. કેવળ મોટું મન્દિર જ તેમાં મહત્ત્વપૂર્ણ છે.

મન્દિર પૂર્વાભિમુખ અને 'સાન્ધાર' છન્દનું (પણ પીઠવિહીન) છે અને તેને ગૂઢમણ્ડપ તેમ જ 'રંગમણ્ડપ' કરેલાં છે. રંગમણ્ડપ પાછળથી ઉમેરાયેલો છે.

મન્દિરના મૂલપ્રાસાદમાં કર્ણ અને ભદ્રોપભદ્ર કરેલાં છે. અને ભદ્રનો નિર્ગમ (નિકાળો) ઘણો જ કમ છે. વેદીબન્ધ સાદો છે. જંઘામાં રૂપ કરેલાં નથી ને ભદ્રમાં 'કુઞ્જરાક્ષ' પ્રકારની જાળી કરેલી છે (ચિત્ર નં. ૮). તે પર સાદી કેવાળ અને તે પછી શિખર કર્યું છે. મૂલ-પ્રાસાદનો વ્યાસ ૨૦ ફીટ ૯$\frac{3}{4}$ ઇંચ છે. અંદર ભ્રમણી ૨ ફીટ ૧૦ ઇંચ પહોળી છે અને ગર્ભગૃહનો વિસ્તાર ૧૧ ફીટ ૮ ઇંચનો છે. ગૂઢમણ્ડપનું ભદ્ર મૂલપ્રાસાદના ભદ્ર કરતાં અર્ધાથી સ્હેજ વધારે એવા પ્રમાણનું નાનું કર્યું છે અને તેમાં જાળી નથી કરી. અંદર વચ્ચે ચાર અષ્ટાશ્ર જાતિનાં મુક્તસ્તંભો ઊભાં છે જ્યારે કુડ્યસ્તંભો 'ભદ્રક' પ્રકારનાં કરેલાં છે.

ગર્ભગૃહની દિવાલો આમ તો સાદી છે પણ પ્રત્યેકને ભદ્રભાગે ગોખલો કર્યો છે, જેમાંની હાલની મૂર્તિઓ અસલી નથી. ગર્ભગૃહની ત્રિશાખા જાતિની દ્વારશાખામાં વેલની ભાત કાઢેલ

---

૨૦ સૂર્યમન્દિરની ઈશાને આવેલ ખણ્ડિત મન્દિરની ભીંતમાં જંઘાને પટ્ટિકાનો મધ્યબન્ધ આપવાને બદલે આ અટ્ટાલમાં છે એવી કર્ણિકા કરી છે. આ ક્રિયા અભિનવ અને વિરલ ગણવી જોઈએ.

'પત્રશાખા', તે પછી સાદો પણ 'લશુનક' અને ઊંચેરી 'ભરણીવાળો' રૂપસ્તંભ, અને 'બાહ્યશાખા'નો સમાવેશ છે. 'ઉત્તરઙ્ગ'માં 'નવગ્રહો' કોરેલા છે.

ગૂઢમણ્ડપની દ્વારશાખા ગર્ભગૃહની દ્વારશાખા જેવી જ છે. તેના ઉત્તરઙ્ગમાં વચ્ચેની રથિકામાં વિષ્ણુ, અન્તભાગે એક બાજુ બ્રહ્મા અને બીજી બાજુ શિવની પ્રતિમા કંડારી છે. વચ્ચેના ગાળાઓમાં દશાવતાર કોર્યા છે. નીચે દ્વારમાં ગંગા-યમુનાની મૂર્તિઓ કરી છે. ગૂઢ-મણ્ડપની દ્વારશાખાની બન્ને બાજુએ (ગૂઢમણ્ડપની પૂર્વની દિવાલમાં) જાળિયાં કરેલાં છે.

મૂલપ્રાસાદ પર મોટું, જાલવિભૂષિત શિખર કરેલું છે. તેમાં કર્ણે નવાણ્ડક 'નન્દન કર્મ' અને તે ઉપર ચઢાવેલ પઞ્ચાણ્ડક 'કેસરીકર્મ', ને ઓદિશાએ એક એક ઉરઃશ્રૃઙ્ગ એમ બધું મળી ૬૧ અણ્ડકનું શિખર કર્યું છે. ભદ્રે ત્રણ ઉદ્દગમવાળી રથિકામાં ઉત્તરે લક્ષ્મીનારાયણ, પશ્ચિમે ગૌરીશંકર, અને દક્ષિણે બ્રહ્માસાવિત્રીની યુગ્મસ્થાનક મૂર્તિઓ કરેલી છે. આની નોંધ લેતાં સદ્દગત ભાણ્ડારકરે ટીકા કરી છે કે આ વિષ્ણુમન્દિર હોઈ પશ્ચિમ ભદ્રની રથિકામાં શિવપાર્વતી ને સાથે વિષ્ણુ અને લક્ષ્મી હોવાની અપેક્ષા રાખી શકાય.[૨૧]

ગૂઢમણ્ડપ પર 'સંવરણા' (સામરણ) કરેલી છે.

આ ગૂઢમણ્ડપની સાથે ૨૭′ ૩″ લંબાઈનો અને પહોળાઈમાં થોડો કમ એવો લંબચોરસ ત્રણ બાજુના પ્રદેશવાળો રંગમણ્ડપ જોડ્યો છે. એની 'વેદિકા' (વેદી) તથા 'કક્ષાસન' (કઠેડો) ખાસ નોંધપાત્ર નથી પણ મારુગુર્જર શૈલીનો 'સભામન્દારક' જાતિનો એનો 'કરોટક' (કલાડીઓ) ખાસ ધ્યાન ખેંચે તેવો છે.[૨૨]

સદ્દગત ભાણ્ડારકરે આ મન્દિરની પ્રથમ વાર નિરીક્ષા કરેલી અને તેના અનુષંગે આપેલી એક ટૂંક નોંધમાં ઉત્તરઙ્ગના દેવો, ભદ્રની જાળીઓ, તેમ જ શિખરના ભદ્રદેવતાઓનો ઉલ્લેખ કર્યો છે અને શિખર "ગુજરાતશૈલી"નું હોવાનો અભિપ્રાય આપ્યો છે પણ મન્દિરનો કાળનિર્ણય કર્યો નથી, તેમ જ એનાં અઙ્ગો એક સમયનાં જ છે કે જુદા જુદા કાળનાં તે વિષે કશાં ટીકા-ટિપ્પણ કર્યાં નથી.[૨૩] વસ્તુતયા મન્દિરની રચના બે કાળ-ખણ્ડમાં વહેંચાઈ જાય છે. એકમાં તો છે મૂલપ્રાસાદ અને ગૂઢમણ્ડપ—એ બન્નેનો ઉપલી કેવાળ સુધીનો ભાગ—જે દશમી સદીના અન્તિમ ચરણ જેટલાં પ્રાચીન છેઃ બીજામાં આવે પ્રાસાદનું શિખર, ગૂઢમણ્ડપની સંવરણા, અને સારોયે રંગમણ્ડપ, જે બારમી શતાબ્દીના મધ્યભાગે ઉમેરવામાં આવેલાં છે.

પ્રાસાદના નીચલા ભાગને દશમી શતાબ્દીમાં મૂકવાના કારણમાં કુમ્ભની ખુરક સન્ધાને વક્રતા, દ્વારની 'સ્તમ્ભશાખા'માં લશુનની ઉપસ્થિતિ અને ભરણીનું બૃહદત્વ, અને ઉત્તરઙ્ગના દેવોની શૈલી તેમ જ વલ્લિની કંડારરીતિ ઇત્યાદિ; આ સૌ અઙ્ગ અને અલંકાર તત્ત્વોને

---

૨૧ *Progress Report of the Archaeological Survey of India, Western Circle*, 1907, p. 26.

૨૨ આના વ્યાસનું માપ લેવાનું ભૂલાઈ ગયેલું. આપી ન શકવા બદલ દિલગીર છું.

૨૩ "*Progress Report*: 1907", pp. 25-26.

રાજસ્થાન અને ગુજરાતના દશમી શતાબ્દીના અન્તભાગે રચાયેલા મન્દિરોનાં સમદર્શની તત્ત્વો સાથે તુલના કરવાથી આવા નિર્ણય પર આવી શકાય છે; જ્યારે શિખરના કર્મોનો પ્રકાર, મૂલશૃઙ્ગની રેખા તેમ જ રથિકામાં રહેલ રૂપો પશ્ચિમ ભારતમાં બારમા શતકની મધ્યમાં ગુર્જરેશ્વર કુમારપાળના સમયમાં પ્રચલિત મારુગુર્જર શૈલી સ્પષ્ટતયા બતાવે છે.[૨૪] ગૂઢમણ્ડપની સંવરણા પણ એ જ યુગનાં લક્ષણોવાળી છે; અને રંગમણ્ડપનો વચલો ‘મહાવિતાન’ આબુ પર્વત પર દેલવાડાની વિમલવસહિના, મન્ત્રી પૃથ્વીપાલે ૧૧૫૦ આસપાસ બંધાવેલ રંગમણ્ડપના કરોટકને શૈલી તેમ જ વીગતોમાં ખૂબ જ મળતો આવે છે. ત્યાંની જેમ અહીં પણ બે ‘કોલ’ના થરો વચ્ચે રૂપના સ્તરો કરેલાં છે; જોકે મધ્યનું પદ્મશિલા-લમ્બન એટલું સુંદર નથી.

એક જ પ્રદેશની બે જુદા જુદા યુગની સ્થાપત્યશૈલીઓનો અહીં સંયોગ થયેલો હોઈ દેવાલયવાસ્તુના અભ્યાસકોને આ મન્દિર રસપ્રદ નીવડી શકે તેમ છે.

---

૨૪ મધ્યકાલીન ગુજરાતના જુદા જુદા સમય ઉપખણ્ડોની શૈલીનાં લક્ષણોની ચર્ચા મારા "The Chronology of the Solanki Temples of Gujarat," *Journal of the Madhya Pradesh Itihas Parishad*, No. 3, 1961 માં સવિસ્તર કરી છે.

# સોમનાથનું શિલ્પાંકન

પુષ્પકાન્ત વિ. ધોળકિયા

સોમનાથના ઇતિહાસ પર પ્રકાશ ફેંકતા લેખો લખાયા છે પરંતુ તેની ભવ્યતા જેને આભારી હતી તે શિલ્પો પર દૃષ્ટિપાત કરવામાં આવેલ નથી. અલબત પ્રસંગોપાત્ત વિદ્વાનો દ્વારા પ્રાસંગિક ઉલ્લેખ કરવામાં આવેલ છે.[૧] આ લેખમાં સોમનાથ મંદિરના શિલ્પાંકનનો પરિચય કરાવવાનું પ્રયોજન છે.

સોમનાથનું પ્રથમ મંદિર ઈશુની પ્રથમ શતાબ્દીમાં બંધાયું હશે, જ્યારે દ્વિતીય મંદિર મૈત્રકકાળના અંતિમ ભાગ દરમિયાન બંધાયાનું શ્રી. થાપરે પ્રતિપાદિત કર્યું છે.[૨]

શૈલી અને પેલીઓગ્રાફીના આધારે શ્રી. હરિશંકર પ્ર. શાસ્ત્રી અને શ્રી. મધુસૂદન ઢાંકીના જણાવ્યા પ્રમાણે મૂળરાજદેવ સોલંકીએ (ઈ. સ. ૯૪૨ થી ૯૯૭) મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.[૩] આ તૃતીય મંદિરનું આયોજન સોલંકીકાલીન બીજા મંદિર જેવું જ થયું હશે. આ મંદિર ભવ્ય હશે તે નિઃશંક છે. પ્રાપ્ત થયેલ અવશેષો અને મુનિબાવાના મંદિર વચ્ચે સામ્ય રહેલું છે, તેથી તે બે મંદિર વચ્ચે સામ્યતા હોઈ શકે.[૪] પ્રાપ્ત થયેલો શિલ્પખજાનો વિશાળ છે. મિષ્ટાન્નની મજા તેના સ્વાદમાં છે, છતાં પણ શાબ્દિક વર્ણન દ્વારા દશમી શતાબ્દીનાં શિલ્પાંકનો પૈકી થોડાંને મનઃચક્ષુ સમક્ષ દૃશ્ય કરવા પ્રયત્ન કરીએ.

તેમાં પ્રથમ ટુકડો જોઈએ તો દ્વારશાખમાં બંને બાજુએ વેલની કોતરણી છે. ઉપરના ભાગમાં ઢોલ બજાવતા મનુષ્યનું શિલ્પાંકન છે, જ્યારે બીજા એક ભાગમાં નાની નાની મૂર્તિઓ તથા કીર્તિમુખો ઉપર આરૂઢ થયેલા સૈનિકો છે. એક અવશેષમાં ફૂલવેલની કોતરણી તથા તેની નીચે શિલ્પ છે. દ્વારશાખમાં કંડારવામાં આવતી વિવિધ આકૃતિઓ, ફૂલવેલ તથા પત્તીઓ તથા પુરુષનાં નાનાં શિલ્પો કલાકારના ટાંકણાની ખૂબી પ્રગટ કરે છે. આવી જ કૃતિ એક શિલાપટ્ટમાં કંડારાયેલ ચમ્પાછડી( વેલ )નું શિલ્પ તથા તેમાં મનુષ્યની કૃતિ રજૂ કરે છે.

---

૧ अ Journal of the Madhya Pradesh Itihasa Parishad, No. 3, 1961; Bhopal; By M. A. Dhaki.

ब. Some Mediaeval Sculptures from Gujarat and Rajasthan by U. P. Shah. Western Indian Art–Journal of The Indian Society of Oriental Art (Special Number).

૨ Somnath—the Shrine Eternal—by K. M. Munshi (Part III—The Temple of Somnath History by excavations, P. 89.)

૩ Journal of the Madhya Pradesh Itihas, Parishad, No. 3, 1961; Bhopal, (P. 20).

૪ Ibid, (P. 22)

દેવાલયને અલંકૃત કરવા તથા તેની ભવ્યતા માટે શિલ્પીઓએ અનેક પુષ્પો તથા વેલ અને આકૃતિઓ મૂકી છે. અષ્ટદલ પુષ્પ એક સુંદર સુશોભનરૂપે રજૂ થયું છે. સર્પાકાર આકૃતિ પણ નયનરમ્ય દશ્ય ખડું કરે છે. મંદિરના કોણ પણ વિવિધ કોતરણી વડે રસમય બનાવવામાં આવ્યા છે. એક કમળવેલના શિલ્પમાં હંસ, વાનર અને ગજની કૃતિ કંડારાયેલ છે.

એક નરથર પંક્તિમાં વીણા અને બંસીવાદનનું સંગીતમગ્ન દશ્ય કંડારાયેલ છે. સંગીતમાં મસ્ત બનેલો પુરુષ વીણા વગાડે છે જ્યારે સ્ત્રી બંસીવાદન કરે છે. સ્ત્રીની બેસવાની રીત નયનરમ્ય છે. વસ્ત્રાલંકરણ પણ કેટલું સુંદર છે ! ભાવપરિવર્તન માટે મધ્યમાં દન્તૂશળયુક્ત ગજરાજ છે. તેની બાજુના દ્વિતીય ચોકઠામાં છૂરિકા યુદ્ધ કરતા બે પુરુષોનો આકર્ષક અંગમરોડ ! ભવ્ય પીઠ-દર્શન ! નૃત્યભંગિનું આ દર્શન ટાંકણાની ખૂબી, કારીગરનો કસબ રજૂ કરે છે. (**ચિત્ર ૧**)

નરથરમાં સ્ત્રીપુરુષ તથા અભય મુદ્રામાં ઋષિ અને બાજુમાં મિથુન કંડારાયેલ છે, જ્યારે બીજા એક શિલાપટ્ટમાં આસન લગાવી ઋષિ બેઠા છે. બાજુમાં બે શિષ્યો છે. મધ્યમાં દન્તૂશળ અને દીર્ઘ સૂંઢવાળો ગજ, ગામના ચોરામાં બેસવાની શૈલીમાં ઋષિ બિરાજમાન છે અને બાજુમાં એક શિષ્ય છે.

દેવમંદિરમાં નૃત્યને પ્રથમ સ્થાન છે. તે માટે આગળના ભાગમાં નૃત્યમંડપ કે સભામંડપ પણ હોય છે. નૃત્ય રજૂ કરતી વિવિધ નૃત્યભંગિમાં સમૂહનૃત્યનો પ્રકાર હોય તેમ જણાય છે. એક હાથમાં ગદાદંડધારી, જ્યારે બાજુમાં નૃત્યાંગનાનું નૃત્ય છે. તૃતીય ખંડમાં એક પુરુષ નૃત્ય કરી રહ્યો છે, જ્યારે બાજુમાં સ્ત્રી ઢોલક વડે સાથ પુરાવી રહી છે. અંતિમ ત્રણ ખંડોમાં પણ સ્ત્રી-પુરુષનાં સમૂહનૃત્ય છે. પુરુષે સ્ત્રીવલય પકડેલ છે તેમાં પણ કોમળતા નજરે પડે છે. આ થરમાં અંગમરોડ તથા ભાવાભિવ્યક્તિ સુંદર રીતે રજૂ થયાં છે. તેના પાયલની ઝણકાર જાણે હમણાં ગાજી ઊઠશે. ! ! (**ચિત્ર ૨**)

દેવથરમાં દેવોના વિવિધ ભાવો કંડારાયેલા છે. કયારેક તે માનુષીય હોય તેમ દેખાય છે. એક શિલાપટ્ટમાં અશ્વમુખી દેવીના ડાબા ઉત્સંગમાં બાળક છે તથા બાજુમાં નૃત્ય કરતા પુરુષોની મૂર્તિઓ છે.

દેવથરની એક પટ્ટીમાં શિવની ત્રણ મૂર્તિઓ તથા નર્તકી અને નૃત્ય કરતો પુરુષ છે. પ્રથમ શિવ ચતુર્ભુજ, તેમના જમણા હસ્તમાં ડમરુ, અભયમુદ્રા, ડાબા હસ્તમાં પદ્મ, ફળ, દ્વિતીય શિવના હસ્તમાં અનુક્રમે ત્રિશૂળ, અભયમુદ્રા તથા સર્પ, ફળ, તૃતીય શિવ પણ ચતુર્ભુજ છે. તેમના જમણા હસ્તમાં પદ્મ, અભય મુદ્રા તથા ડાબા હસ્તમાં ખડ્ગ અને ફળ રહેલાં છે.

એક પટ્ટમાં નૃત્ય કરતા પુરુષે ઉપવસ્ત્ર ધારણ કરેલ છે તે ઊર્ધ્વ હાથ ઉપરથી પસાર થઈ નીચે લટકી શોભા વધારી રહ્યું છે. બાજુના ગોખમાં બ્રહ્મા અને સાવિત્રીની યુગલ મૂર્તિ છે. દાઢી વગરના બ્રહ્માએ જટામુકુટ ધારણ કરેલ નથી. બ્રહ્માની ચાર ભુજામાં અનુક્રમે સ્રુચ, ફળ અને ચતુર્થ ભુજ વડે સાવિત્રીને આલિંગન આપતી ભુજામાં પુસ્તક, તૃતીય દશ્યમાં હાથમાં કરતાલ લઈ નાચતો ભક્ત; જ્યારે બાજુના ગોખમાં નૃત્યનો ભાવ રજૂ કરતાં સ્ત્રીપુરુષ, બાજુમાં નૃત્ય કરતો પુરુષ અને અંતિમ ગોખમાં સ્ત્રીપુરુષનું આલિંગન અને ચુંબન આ રીતે આ થરમાં વિવિધ ભાવ

પ્રદર્શિત થયા છે. દરેક ભાવનું વિભાજન કરવા ગોખની અંદર શિલ્પ કંડારવામાં આવેલ છે. તેની ઉપર ચૈત્યાકૃતિ દ્વારા શોભામાં વૃદ્ધિ કરવામાં આવેલ છે. (**ચિત્ર ૩**)

કક્ષાસનનું સુશોભન પણ ઘણું ઉત્કૃષ્ટ છે, જેમાં એક પદ્મમાં અષ્ટદલ તથા ગોળાકૃતિમાં કીર્તિમુખ, તેના દાડમની કળી જેવા દાંત, જ્યારે બીજા એક વર્તુળાકારમાં છૂરિકા યુદ્ધનું દશ્ય, તેની બાજુમાં ઊભેલી સ્ત્રીપ્રતિમા અને તેની બાજુમાં કુડચલવેલ કંડારાયેલ છે. બીજા એક ભાગમાં કક્ષાસનનું સુંદર સુશોભન, કુડચલવેલ તથા બાજુમાં એક મિથુન. પુરુષે સ્ત્રીનો જે હાથ પકડેલ છે તેમાં કોમળતા નીતરે છે, અહીં પુરુષ જડભરત નથી. વસ્ત્રાભુષણ તથા કેશગુંફનની સુંદર શૈલી, પાર્શ્વશિલ્પ આકર્ષક: ભાવાભિવ્યક્તિ સુંદર.

શૈવધર્મનો એક સંપ્રદાય પાશુપત—તેના પ્રવર્તક ભગવાન લકુલીશ—વડોદરા નજીક કાયા-રોહણ[૫] (કારવણ)માં દ્વિતીય શતાબ્દીમાં થઈ ગયા; તેની પદ્માસન અવસ્થામાં દ્વિભુજ પ્રતિમા. સામાન્ય રીતે લકુલીશની બાજુમાં તેમના શિષ્યો હોય છે જ્યારે અહીં બન્ને બાજુ ચામરધારિણી છે. બાજુમાં કલ્પવલ્લીનું સુંદર સુશોભન છે.

અષ્ટ ભુજાવાળી ખંડિત મૂર્તિનું મુખ આદિ સ્પષ્ટ નહીં હોવાથી ઓળખી શકાતી નથી. નીચેના બે હસ્ત વડે શત્રુના કેશ પકડેલ છે. પગ પાસે બેઠેલ સ્ત્રી, બાજુમાં દ્વિભુજ ચામુંડા છે, જમણા હાથમાં ખડ્ગ, કૃશ દેહ, રુંડમાલા, સર્પાલંકારો, નાભિ પાસે વૃશ્ચિક ધ્યાન ખેંચે છે.

શિવલિંગની બાજુમાં પાર્વતીની પ્રતિમા ગોખમાં હોય છે. તે પ્રતિમાનો ગોખનો ભાગ તથા તેની મધ્યમાંની પાર્વતીના ખંડિત નૂપુરધારી ચરણારવિંદ તે પ્રતિમાની ભવ્યતા રજૂ કરે છે.

ચતુર્ભુજ વૈષ્ણવી ઉપર જમણા હાથમાં ગદા, નીચેનો ખંડિત, ડાબા હસ્તમાં ચક્ર, નીચેનો ખંડિત છે.

ધ્યાનસ્થ પ્રતિમા અને પ્રાર્થનાની મુદ્રામાં પુરુષ; વેશભૂષા પરથી રાજવંશી લાગે છે. ઉપરની પટ્ટીમાં પ્રાચીન લિપિના કેટલાક અક્ષરો કોતરાયા છે.

નટરાજના ભવ્ય નૃત્યનો દેખાવ—જમણો પગ ગરદન પાછળ, માત્ર એક પગ પર નૃત્ય! કમાન જેવું શરીર! બાજુમાં ચામરધારિણી છે.

ભરણીનું શિલ્પ સુંદર ઘાટવાળું કંડારાયેલું છે. મંદિરના સ્તંભો પણ વિવિધ આકૃતિઓથી સુશોભિત કરવામાં આવેલ સ્તંભની નીચેની પાટલીમાં ફૂલ તથા ત્રિકોણાકૃતિ જેવી ભૌમિતિક આકૃતિ કોરવામાં આવેલ છે.

મંદિરછાદ્ય (છત) પણ ફૂલોની વિવિધ કોતરણી કરી આકર્ષક બનાવવામાં આવેલ છે.

ઘણ્ટિકામાં વિવિધ આકૃતિઓ મૂકવામાં આવેલ છે. ત્રિકોણાકાર દોઢિયા (ઉદ્ગમ)માં સિદ્ધસહિત ગણેશની મૂર્તિ તથા નૃત્યના દશ્ય ઉપર ઘણ્ટિકાનું શિલ્પ કંડારાયેલ છે.

---

૫ પશુપતિના છેલ્લા બે અવતાર પ્રભાસમાં અને કાયારોહણમાં થયા છે (शिवपुराण ३, ५).

આ શિલ્પકામ કંડારવામાં કલાકારોએ ખૂબ ધ્યાન આપેલ છે. શિલ્પાકૃતિના નાના ભાગોની અંગોની કોતરણી પણ કુશળતાપૂર્વક કરી છે. મૂર્તિઓનાં નાક સુંદર અણિદાર છે. તેનાં વસ્ત્રો પણ તેટલાં જ શોભાદ્યોતક છે. સ્ત્રીઓના કેશગુંફનમાં વર્તમાનમાં જે શૈલી નજરે પડે છે તેની યાદ આપે છે.

દશમી શતાબ્દી—ગુર્જર મહારાજા મૂળરાજદેવ સોલંકીના સમયમાં જ્યારે આ મંદિર અસ્તિત્વ ધરાવતું હશે, તેનો ઘંટારવ પ્રાતઃકાલે તથા સંધ્યાકાળે ગાજી ઊઠતો હશે ત્યારે ઉષાના આગમને તેની કિરણાવલી ફેલાતી હશે અને સંધ્યાની લાલિમા જ્યારે તે મંદિરના શિખર પર ફેલાતી હશે ત્યારે તે મંદિરની ભવ્યતા કેટલી હશે ! તે માટે માત્ર કલ્પના જ કરવાની રહે.

સોમનાથનો મહિમા ભારતમાં ફેલાઈ ચૂકયો હતો. તે વૈભવકથાથી આકર્ષાઈ અને ઈર્ષ્યાને કારણે કે ધાર્મિક ઝનૂનથી ઈ. સ. ૧૦૨૬ના જાન્યુઆરીમાં મહમૂદ ગઝની વંટોળની જેમ સોમનાથ મંદિર ઉપર ચઢી આવ્યો. સોમનાથની સહાયે અનેક નવલોહિયા આવ્યા પણ ઝનૂની શત્રુ સામે ખપમાં આવી ગયા. સોમનાથનું મંદિર લૂંટાયું, ખંડાયું ને મંદિરનો ધ્વંસ થયો. જ્યોતિર્લિંગની જ્યોતિ સ્વર્ગે સંચરી.

મહમૂદના ગયા પછી તુરત જ સોમનાથ મંદિરનો જૂના તળ ઉપર જીર્ણોદ્ધાર અણહિલવાડ પાટણના મહારાજા ભીમદેવ પ્રથમે ૧૧મી શતાબ્દીમાં કરાવ્યો[૬] અને મુન્શીજીના મતે આ જીર્ણોદ્ધારમાં રાજા ભોજે પણ મદદ કરેલી. આમ ચતુર્થ મંદિર અસ્તિત્વમાં આવ્યું અને તેની ધજા પુનઃ ફરકવા લાગી.

ભીમદેવે જીર્ણોદ્ધાર કરેલું મંદિર કેવું હશે, તેની આંતરરચના કેવી હશે તે જાણવા માટે સાધનો નથી. આ મંદિર મોટું હશે તેમ જરૂર કહી શકાય. તેમાં આગળ ગૂઢ મંડપ પણ હતો. તેના શિલ્પના પરિચયમાં જ સંતોષ મેળવવાનો રહે છે.

મંદિરના અર્ધચંદ્રાકાર પ્રથમ સોપાન પરથી મુખ્ય દ્વાર વિષે કલ્પના કરી શકાય છે. સોપાન ૭′–૨॥″ લાંબું છે. શિવાલયના શંખાવટમાં બે શંખો કોતરાયેલા છે. તેની લંબાઈ ૪′–૮″ છે.

દ્વારશાખમાં પત્ર, સિંહ અને નૃત્યનો અભિનય કરતાં રૂપો કંડારાયેલાં છે જ્યારે બીજા એક દ્વારશાખના સ્તંભમાં નૃત્યનું રૂપ, કમળની કળી, ભરણી, હંસથર છે.

નરથર પટ્ટીમાં તાપસ અને બે સ્ત્રીઓ છે. એક સ્ત્રી મૂર્તિના ડાબા હાથમાં ટકોરી છે. બીજા દૃશ્યમાં ખંડિત પ્રતિમા અને બાજુમાં નાની પુરુષ મૂર્તિ, ત્રીજામાં એક નમસ્કાર કરતો— અને બીજા બે ધ્યાનસ્થ અવસ્થામાં તાપસ છે.

યુદ્ધનૃત્યના દૃશ્યમાં ખડ્ગ તથા દંડ વડે યુદ્ધ કરે છે. એક હાથમાં હાથ ભરાવેલ છે. અંગમરોડ પરથી કોઈ નૃત્યનો પ્રકાર પણ હોય તેમ લાગે છે.

---

૬ ઈ. સ. ૧૧૬૯નો પ્રભાસપાટણનો ભદ્રકાળી માતાના મંદિરનો શિલાલેખ.



ચિત્ર ૧



ચિત્ર ૨



ચિત્ર ૩



ચિત્ર ૪

ઉત્સવ નૃત્યમાં ઢોલ તથા ઝાંઝવાદનયુક્ત નૃત્યમાં તલવાર તથા છૂરિકા પકડવાની શૈલી સુંદર છે. પુરુષે પહેરેલ વસ્ત્રની જે ગાંઠ વાળેલ છે તે આબેહૂબ લાગે છે. એક બટુક પણ ઝાંઝ વગાડતો સાથ પુરાવી રહ્યો છે. શિલ્પીએ નાની જગ્યાને પણ કોરી મૂકી નથી તેનો ખ્યાલ આવી શકે છે.

એક નરથર પટ્ટીમાં એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ઢાલ ધારણ કરીને જાણે યુદ્ધ કરતા ન હોય ! જ્યારે બાજુમાં જતી પણિહારી હોય તેમ લાગે છે. બીજા કેટલાક લોકો પણ દશ્યમાં નજરે પડે છે.

કાટખૂણાની શિલામાં બે દશ્યો છેઃ એકમાં દ્વંદ્વ યુદ્ધ અને બીજામાં સ્ત્રીપુરુષનૃત્યમાં પુરુષ ઢોલક બજાવે છે.

નરથર પંક્તિમાં કોઈ વાર સળંગ કથા પણ આલેખવામાં આવે છે. આવી એક કથા અહીં કંડારવામાં આવી છે. વામ હસ્ત તરફથી પ્રથમ દશ્યમાં પાશુપતાચાર્ય શિવલિંગની પૂજા કરે છે. જળાધારી પર નંદી, તેની ઉપર નંદી અને તેની ઉપર સિંહ છે. સોમનાથના શિવપૂજકો, પાશુપત સંપ્રદાયમાં શ્રદ્ધા રાખતા હતા તે આ ઉપરથી કહી શકાય.

દ્વિતીય દશ્યમાં એક સ્ત્રી ગાડાને ખેંચી રહી છે તેમાં પાશુપતાચાર્યો તથા વિષ્ણુની પ્રતિમા છે. આ પ્રસંગ રથયાત્રાનો છે. આગળ ઝાલર વગાડતા ચાલે છે. સોમનાથના શૈવાચાર્યો પ્રથમ વિષ્ણુભક્તિને પ્રોત્સાહન આપતા તેનું સ્પષ્ટ નિરૂપણ થયેલ છે. ભીમદેવ પછી કુમારપાળના સમયમાં ભાવ બૃહસ્પતિએ અને તેના પછીના સોમનાથના પાશુપતાચાર્ય શ્વેશ્વર રાશિએ પણ વિષ્ણુભક્તિને પ્રોત્સાહન આપીને આ પ્રદેશમાં વિષ્ણુભક્તિને સ્થાપવામાં મોટો ફાળો આપ્યાનો ઉલ્લેખ તેમના શિલાલેખોમાં મળે છે.

ત્રીજા દશ્યમાં રસ્તામાં કોઈ ભક્તના રથવાળી મૂર્તિ પધરાવે છે.

કાવડવાહકનું દશ્ય જોતાં સોમનાથ પૂજનવિધિ વિષેની દંતકથા યાદ આવી જાય છે. કાશ્મીરથી ગુલાબો પૂજા માટે આવતા અને સ્નાન માટે ગંગાજળ કાશીથી લાવતા. આ દશ્યમાં એક કાવડવાહક દોડતો આવે છે, સામેથી બીજો માણસ તે લેવા આવે છે. આ રીતે એક જ પથ્થરમાં ચાર વિભાગમાં ચાર દશ્યો કંડારાયેલાં છે.

આ થરમાં કૌતુકપૂર્ણ દશ્ય કંડારાયેલાં છે. તેમાં બે મસ્તક સાથે ચાર શરીરો જોડાયેલાં છે. રાણકપુરનાં ચિરવિખ્યાત જૈનમંદિરમાં આવું જ એક શિલ્પ છે, જેમાં એકમુખ પાંચ શરીરની યા એક જ પાર્ષદના શરીરની પાંચ દેહભંગિની સુંદર સંયોજના છે. ૯ થી ૧૨મી સદીનાં શૈવ તેમ જ જૈન દેવસ્થાનોમાં આવાં તો અનેક શિલ્પ જોવા મળે છે.[૭] આ દશ્યની બાજુમાં ગુરુકુળનાં દશ્યમાં ગુરુ ઉપદેશ આપે છે, ત્રણ શિષ્યો ઊભેલા છે, જ્યારે બે બેઠેલા છે.

આ મંદિરના નરથરમાં બિભત્સરસ—કામસૂત્રનાં માનવ તથા પ્રાણીનાં ભોગાસનનાં દશ્યો મૂકાયેલાં તે તેના અવશેષો પરથી જોવા મળે છે.

---

૭ ડૉ. મંજુલાલ ર. મજમુદાર : 'સંયોજનાલેખનો,' 'કુમાર' (માસિક), ડિસેમ્બર '૬૯; વર્ષ ૪૬મું, અંક ૧૨મો, પા. ૬. ૫૨૭.

હંસથરના એક શિલ્પમાં બે હંસના મુખમાં કળી છે.

કલશધારિણીના એક હાથમાં કળશ ધારણ કરેલ છે. બીજી સ્ત્રી ઊભેલી છે. પ્રતિમા નાજુક છે.

બે ચામરધારિણીની વસ્ત્રાલંકાર અને અંગમરોડની શૈલી સુંદર છે.

નટરાજની ભુજાવાળી પ્રતિમા છે. તે દશ ભુજામાં (૧) સર્પ, (૨) નૃત્યની મુદ્રા, (૩) ખંડિત, (૪) વજ્ર, (૫) ત્રિશૂળ, (૬) તથા (૭) ખંડિત, (૮) નૃત્યની મુદ્રા, (૯) તથા (૧૦) ખંડિત છે. પ્રવેશદ્વાર ઉપર મુકાય છે તેવી ભવ્ય પ્રતિમા છે.

બેઠેલા ગણપતિ તો સામાન્ય છે, જ્યારે અહીં ચાર ભુજાવાળા ઊભેલા ગણપતિના પ્રથમ હસ્તમાં પદ્મ, દ્વિતીયમાં પરશુ, તૃતીયમાં મોદકપાત્ર જ્યારે ચતુર્થ હસ્ત ખંડિત છે. બાજુમાં જ નટેશ શિવનું દૃશ્ય કંડારાયેલ છે. ધનુષ્ય જેવી અંગમરોડની શ્રેષ્ઠ કૃતિ પાસે વૃષભ છે, જ્યારે પગ પાસેનો ગણ તાલ પુરાવે છે અને નંદી શાંત ભાવે ઊભો છે.

બેઠેલા કુબેર ચતુર્ભુજ છે. તેની ઉપરની એક તથા ત્રીજી ભુજામાં દ્રવ્યની થેલી છે. પાર્શ્વમાં એક એક દેવી છે અને બંને બાજુ એક એક ગણ છે.

ઊભેલા ચતુર્ભુજ ગણપતિની બાજુમાં નમસ્કાર કરતી સ્ત્રીઓ અને બે લંગોટધારી તાપસ છે. દ્વાદશભુજ શિવના જટામુકુટમાં ખોપરીની માળા, ગળામાં સર્પ, ઉપરની જમણી તથા ડાબી બાજુમાં સર્પ છે, બીજામાં આયુધ ખંડિત છે.

એક ઊભેલા ચતુર્ભુજ ગણપતિના એક હાથમાં દંડ, બીજામાં પરશુ, ત્રીજામાં પદ્મ અને ચોથામાં મોદકપાત્ર છે.

ઊભેલી સ્કંદની ચાર ભુજાવાળી પ્રતિમામાં એકમાં ભાલો, બીજી વરદ મુદ્રા, ત્રીજામાં કૂકડો, ચોથામાં કમણ્ડલુ છે. પગ પાસે બંને બાજુમાં એક એક ગણ છે. આ જ શિલાપટ્ટમાં બાજુમાં ચાર ભુજાવાળા બ્રહ્મા ઊભા છે. તેના પ્રથમ હસ્તમાં સ્રૂચ, બીજામાં કમણ્ડલ, ત્રીજામાં પુસ્તક જ્યારે ચોથો ખંડિત છે. ખાસ ધ્યાન ખેંચે તેવી વાત એ છે કે અજમેર મ્યૂઝિયમના બ્રહ્માને દાઢી નથી[૮] તેમ અહીં પણ દાઢી વગરના બ્રહ્મા છે.

શંકર રુદ્રરૂપ કહેવાય છે, છતાં તેની આ ગૌરી સહ પ્રતિમામાં સૌમ્યભાવ નીતરી રહ્યો છે. લલિતાસનમાં બેઠેલ મહેશ્વરના ડાબા ઉત્સઙ્ગમાં ઉમા છે, ચરણ પાસે વૃષભ છે, ચતુર્ભુજ શિવે જટામુકુટ ધારણ કરેલ છે.

ઊભેલા પુરુષના ગળા પર નાખેલ અને બે હાથ વડે છેડાઓ પકડેલ દુપટ્ટાવાળી પ્રતિમા કોઈ શ્રેષ્ઠીની હોય તેમ લાગે છે.

મંદિરમાં નૃત્યનો અભિનય દર્શાવતી વિવિધ અંગમરોડવાળી દેવાંગનાઓ પણ મૂકવામાં આવેલ તે તેનાં વિવિધ શિલ્પો ઉપરથી ખ્યાલ આવે છે.

---

૮ 'ગુજરાતનું મૂર્તિવિધાન' કનૈયાલાલ ભા. દવે (અમદાવાદ, ૧૯૬૩); પૃષ્ઠ ૧૬૩.

સ્તંભના ઉપરના ભાગ—ભરણીમાં કીચકનું સ્વરૂપ મૂકવામાં આવેલ છે. આવા એક ચતુર્ભુજ શિલ્પમાં નીચે ડાબા હાથમાં શંખ છે, મંદિરના સ્તંભો પણ વિશાળ હશે તેમ તેના પ્રાપ્ત નમૂના પરથી લાગે છે. આ સ્તંભમાં ચારે તરફ શિલ્પ કંડારાયલાં છે.

એક સ્તંભના અર્ધ ભાગમાં ત્રણ દેવાંગનાઓ કંડારાયેલ છે, તેથી આખા પૂર્ણ સ્તંભમાં આઠ પ્રતિમા હોવી જોઈએ. આ ત્રણે દેવાંગનાઓની પ્રત્યેકની ઊભવાની, અંગમરોડની, વસ્ત્રાલંકારની તથા કેશગુંફનની શૈલીમાં વૈવિધ્ય છે. એક પ્રતિમા બીજી પ્રતિમાથી જુદી પડી નાવીન્ય પુરાવે છે. આવા સુંદર શિલ્પાંકનવાળા અષ્ટસ્તંભના ઉપર જે મણ્ડપની છત સ્થાયી હશે તેની ભવ્યતાની તો કલ્પના જ કરવી રહી.

એક ખૂણાની થાંભલીમાં કીર્તિમુખ, મોયલાપટ્ટી, નરથરનાં દશ્યો કંડારાયેલાં છે. નાની નાની જે થાંભલી બનાવતા તેમાં પણ સુંદર આકૃતિ કોરતા.

સ્તંભની નીચેની પાટલી તે કુંભી. તેમાં ચૈત્યકમાનનું દશ્ય કંડારાયેલ છે.

સર્પાકાર તોરણમાં શિલ્પ ડિઝાઈનો તથા દેવમૂર્તિઓ મૂકેલ છે.

ઉદ્ગમ( દોઢિયા )માં પણ ચૈત્ય જેવી ડિઝાઈન મૂકેલી છે.

ખરો એ પણ એક થર છે, તેમાં કમળવેલનું શિલ્પ કંડારાયેલ છે. કુંભ-દોઢિયાના શિલ્પમાં શિવ તથા બન્ને પાર્શ્વમાં જુદા જુદા ખાનામાં એક એક ચામરધારણી તથા શિલ્પાકૃતિ આવેલ છે.

છતમાં પણ વિવિધ દશ્યો કંડારવામાં આવે છે જ્યારે અહીં બે કમળનું દશ્ય આ અવશેષમાં છે. બીજા એક ટુકડામાં ગજ અને ત્રણ નૃત્ય કરતા પુરુષોનું દશ્ય છે, જ્યારે એક છત-અવશેષમાં નાગદમન કંડારાયેલ છે. નાગરાજ ઉપર શ્રીકૃષ્ણભગવાન બિરાજેલા છે, જ્યારે બાજુમાં ઊભેલી નાગણીઓ કર જોડીને વિનંતી કરી રહી છે. ( કુમારપાળ પુનઃનિર્માપિત સોમનાથ મંદિરની છતમાં નાગદમનનું દશ્ય હતું તે જ પ્રમાણે આ અવશેષ પણ સોમનાથ મંદિરનો હશે ? )

શિખરના ઉરુશૃંગના ટુકડામાં કુડચલવાળું શિલ્પ કંડારાયેલ છે.

સમયનો પ્રવાહ સાગરરાજનાં મોજાંની જેમ આગળ વધતો જાય છે. ઉષાના આગમને અને સંધ્યાની લાલિમા પથરાયે સોમનાથના ઘંટારવથી વાતાવરણ ગાજી ઊઠે છે. સાગરરાજનો પ્રવાહ તેમાં તાલ પુરાવે છે. કાળક્રમે આ મંદિર જીર્ણ થયું અને મહારાજા કુમારપાળદેવે ગંડ શ્રીમદ્ ભાવ બૃહસ્પતિના ઉપદેશથી આ દેવાલયનો જીર્ણોદ્ધાર ઈ. સ. ૧૧૬૯માં કર્યો. આ મંદિર તે પાંચમું મંદિર. આ મંદિરના શિલ્પનો પરિચય કરીએ.

સિંહદ્વારની દ્વારશાખમાં નૃત્યનો દેખાવ આપતી ઊભી પંક્તિ છે, તથા બાજુમાં ઊભી પંક્તિમાં સિંહ પર આરૂઢ થયેલ સૈનિકો કંડારાયેલા છે. છાદ્યમાં કમળના પુષ્પની કોતરણી તથા કાચલાવાળું શિલ્પ હતું.

ડાબી બાજુ જરા નમેલો નંદી ૩॥ ફૂટ લાંબો, ૨ ફૂટ ઊંચો અને ૨ ફૂટ ૩॥ ઇંચ જાડો છે. આ નંદી લિંગ સામેનો હશે ? શિવલિંગનું શ્યામ પાષાણનું થાળું પૂર્ણ નીકળી શક્યું નથી પણ તેનો એક ટુકડો કાઢવો શક્ય બન્યો, તેમાં જે લિંગ આકૃતિનું નિશાન છે તેના વ્યાસ ઉપરથી લિંગની પહોળાઈ અને ઊંચાઈ વિષે અનુમાન કરી શકાય.

પ્રણાલની લંબાઈ ૮ ફૂટ છે. પ્રણાલ દ્વારા બહાર આવતા પાણીના માર્ગ પર શિલ્પની સુંદર મકરાકૃતિ મૂકેલી હતી.

શિવલિંગની પાછળ પાર્વતીની પ્રતિમા ગોખમાં મૂકેલ હોય છે. શ્યામ પાષાણની ચતુર્ભુજ પાર્વતીના એક હસ્તમાં શિવમૂર્તિ, દ્વિતીય હસ્ત ખંડિત છે જ્યારે તૃતીય હસ્તમાં ગણપતિ અને અને ચતુર્થ હસ્તમાં કમણ્ડલુ છે. ચરણ પાસે બન્ને બાજુ એક બેઠેલ અને એક ઊભેલ દેવાંગના છે. પ્રતિમાની લંબાઈ ૪'-૧૧" અને પહોળાઈ ૨' અને જાડાઈ ૧૦" છે.

મંદિરના સ્તંભો વિશાળ અને મહાકાય હતા પરંતુ ૧૧મી શતાબ્દીના પ્રમાણમાં શિલ્પ-સમૃદ્ધ ન હતા.

પ્રતોલ્યા પરના તોરણના ભાગમાં મકરના મુખમાંથી નિકળતી મનુષ્ય તથા હંસોની અને કમળપાંખડીની પંક્તિ, ચામરધારિણી તથા દેવાંગનાનું શિલ્પ અદ્‌ભુત છે. સોમનાથ મંદિરના પૂર્વ દ્વાર તથા ઉત્તર દ્વાર પર તોરણ હતું જેનો ઉલ્લેખ શિલાલેખમાં પ્રાપ્ત થાય છે.[૯] તે પૈકીનું આ એક હશે.

જાડંબમાં શિલ્પકૃતિ કોતરવામાં આવેલ છે. તેનો ઉપરનો થર તે કણી. તેમાં પણ ભાત ભાત હોય છે. તેના પર છજ્જિકા આવે તેમાં કોતરણી કંડારવામાં આવેલ છે. આ પછી ગ્રાસ-પટ્ટી જેમાં કીર્તિમુખ—સિંહના ફાડેલા મુખમાં બે દાંત બહાર નીકળી ગયા હોય તેવો દેખાવ—તેના શિલ્પમાં શિલ્પી સ્વતંત્રતા મેળવી વિવિધ રીતે રજૂ કરે છે. તેનાથી મંદિરની ભવ્યતામાં વધારો થાય છે.

ગજથરમાં હાથીનાં વિવિધ દૃશ્યો રજૂ કરવામાં આવે છે. તેમાં યુદ્ધ કરતા બે હાથીઓ છે, તો બીજા એક દૃશ્યમાં ગજ પર આરૂઢ થયેલ અને નીચે ઊભેલ મનુષ્ય વચ્ચે યુદ્ધનું આકર્ષક દૃશ્ય છે.

અશ્વથરના એક ભાગમાં સવાર સાથે દોડતા ઘોડા દૃશ્યમાન થાય છે.

નરથરના એક ભાગમાં મિથુન, નૃત્યનો અભિનય તથા પાલખી ઊંચકી જતા પુરુષોનું દૃશ્ય છે. ગજારૂઢ થયેલ મનુષ્ય અને ભૂમિ પરના મનુષ્યનું યુદ્ધનું દૃશ્ય બીજા એક ભાગમાં કંડારાયેલ છે. એક નરથર પટ્ટીમાં વિવિધ નૃત્યના ભાવ આલેખાયા છે.

ખરામાં કમળવેલનું દૃશ્ય કંડારાયેલું છે, તેમાં સર્પાકાર ભાત પણ કોતરવામાં આવી છે. કુંભમાં પરિકરયુક્ત દેવમૂર્તિની બન્ને બાજુ વિવિધ નૃત્યના દેખાવ છે. કળશમાં અલંકરણયુક્ત આકૃતિ કોતરવામાં આવી છે. કેવાલમાં પણ ભાત મૂકવામાં આવેલ છે.

---

૯ अ પૂર્વદ્વારના તોરણનો ઉલ્લેખ—પ્રાયઃ ૧૨મી શતાબ્દીના લેખનો ટુકડો હાલ મુ. શ્રી હરિશંકરભાઈ શાસ્ત્રીના અંગત સંગ્રહમાં છે.

ब ઉત્તર દ્વારના તોરણનો ઉલ્લેખ—સિન્ટ્રામાં રહેલ રાજકવિ નાનકની પ્રશસ્તિ (ઈ. સ. ૧૨૮૭)—ગુજરાતના ઐતિહાસિક લેખો, ભા. ૩જો : આચાર્ય ગિરજાશંકર વલભજી (મુંબઈ—ઈ. સ. ૧૯૪૨).

મચ્ચિકાના શિલ્પ ઉપર હંસથર આવે છે. આવા એક ટુકડામાં બે હંસના મુખમાં કમળની ભૂમિ તરફ નમેલી કળી છે. આમાં હંસપંક્તિ પણ મૂકવામાં આવે છે.

સોમનાથના મંદિરના પૂર્વાભિમુખ સિંહદ્વારની બન્ને બાજુ ઊંચી બેઠકો આવેલ હતી તેમાં અટ્ટાંશ અને હાસનાં સુંદર કીર્તિમુખો અને કક્ષાસનમાં સુંદર કોતરણી મૂકેલ છે. બીજા એક શિલ્પમાં સ્તંભનું દશ્ય કંડારાયેલ છે. કક્ષાસન પણ સુંદર કોતરણીયુક્ત બનાવેલ તેના પ્રાપ્ત શિલ્પાવશેષ પરથી પ્રતીતિ થાય છે.

રાજસેનકમાં પણ અષ્ટદલ પુષ્પ તથા ભાત કોતરેલ છે. મંદિરનો ઉપલો મધ્યભાગ તે જંઘાનો ભાગ, તેમાં વિવિધ મૂર્તિઓ, શિલ્પાકૃતિઓ મૂકી મંદિરને અલંકૃત કરવામાં આવે છે. સોમનાથ મંદિરની જંઘાના થરમાં તાપસની કૃતિઓ મોટા પ્રમાણમાં મૂકવામાં આવેલ. આ તાપસ દ્વારા સાંખ્યનો તપ્યતાપક ભાવ રજૂ કરતા હશે ? તાપસ એક પગને આંટી મારીને, તપની મુદ્રામાં છે, તો કોઈ નૃત્યની મુદ્રામાં એક બાહુ ઊર્ધ્વ કરેલ છે. તાપસની જટા, લંગોટી અને દાઢીની સુંદર કોતરણી છે. કોઈ તાપસના ઉપરના ભાગમાં મિથુનનું દશ્ય પણ કંડારાયેલ છે. મહાકાય પ્રતિમા સોલંકીકાળની વિશિષ્ટતા છે.

કરકસરનું દૃષ્ટાંત આપતા એક જ પથ્થરને જુદે જુદે સમયે બે વાર્ ઉપયોગમાં લીધેલ છે. ભીમદેવ પ્રથમના સમયના મંદિરમાં જે સ્તંભ તરીકે હતો તે જ પથ્થરના બીજા ભાગમાં પ્રતિમા કંડારીને જંઘાના ભાગ તરીકે ઉપયોગમાં લીધેલ છે. આવું બીજું ઉદાહરણ ચતુર્ભુજ દાઢીવાળા બ્રહ્મા છે; બાજુમાં ચતુર્ભુજ ઇન્દ્ર તેના વાહન ગજ સાથે છે. તેના ઉપરના ભાગમાં સ્ત્રીપુરુષની બેઠેલ નાની પ્રતિમા છે. સંયુક્ત ઊંચાઈ ૫ા ફૂટ છે.

એક ખંડિત પ્રતિમા, બંને બાજુ મકર છે પણ ઊકેલવી મુશ્કેલ છે. દાઢીવાળા ચતુર્ભુજ બ્રહ્માના પ્રથમ હાથમાં સ્રુક, તૃતીય હસ્તમાં પદ્મ તથા દ્વિતીય અને ચતુર્થ હસ્ત ખંડિત છે. બીજી એક બ્રહ્માની ઊભેલી, દાઢીયુક્ત, જટામુકુટ ધારણ કરેલ, તેના ચાર હસ્તમાં અનુક્રમે સ્રુક, ખંડિત, પદ્મ અને કમણ્ડલુ છે. જમણા પાર્શ્વમાં અને ડાબા પાર્શ્વમાં બે ચામરધારિણી છે.

ચતુર્ભુજ વરુણની પ્રતિમાના પ્રથમ અને તૃતીય હસ્ત ખંડિત છે, દ્વિતીયમાં પદ્મ અને ચતુર્થમાં કમણ્ડલુ ધારણ કરેલ છે. તેનું વાહન ઝખ (?) છે.

ચામુણ્ડાની અષ્ટ ભુજાવાળી આ પ્રતિમા ભયાનક સ્વરૂપ પ્રગટ કરે છે. તેની ઉપરની બંને ભુજામાં સર્પ, બીજામાં ચક્ર, ત્રીજામાં ત્રિશૂલ, ચોથો અને પાંચમો ખંડિત છે, સાતમામાં ખડ્ગ છે. વાહન તરીકે શવ છે. જમણી બાજુ પગ પાસે એક ગણ છે. બંને બાજુ એક એક દેવાંગના તથા વીરાણી છે.

લલિતાસનમાં બેઠેલ ચતુર્ભુજ વિષ્ણુના પ્રથમ હસ્તમાં ગદા, ત્રીજામાં ચક્ર અને બીજો તથા ચોથો ખંડિત છે. બંને બાજુ એક એક દેવાંગના તથા ઘણ્ટિકાનું શિલ્પ છે.

વિશ્વકર્માની પ્રતિમા સુંદર છે, તે દાઢીવાળા અને જટામુકુટ ધારણ કરેલ ચતુર્ભુજ છે; તેમાં પ્રથમ અને તૃતીય હસ્ત ખંડિત છે, દ્વિતીય વરદ મુદ્રામાં અને ચોથામાં કમણ્ડલુ છે. તેનું વાહન હંસ છે.

ભૈરવને દાઢી, મૂછ, ઊર્ધ્વ કેશ છે. તેણે ડમરુ, છુરિકા, ઢાલ અને શીર્ષ ચાર ભુજામાં અનુક્રમે ધારણ કરેલ છે. ચરણોમાં પાદુકા તથા વાહન શ્વાન છે.

ચતુર્ભુજ લલિતાસનમાં બેઠેલ લક્ષ્મી ઉપર કલશોથી અભિષેક કરતા બે હસ્તિ અને બંને બાજુ એક એક નમસ્કાર કરતી દેવાંગના છે.

પાણીના ઘસારાને કારણે ઘસાઈ ગયેલ આ પ્રતિમા લકુલીશની લાગે છે. જટામાં પાઘડીની શૈલી, પાછળ કેટલાક વાળ છૂટા પણ છે. દાઢી, ડાબા સ્કંધ ઉપર તૂંબડી, બંને પાર્શ્વમાં દાઢીવાળા, લંગોટધારી ભક્તો કે ગણ છે.

સૌમ્ય ભાવ પ્રગટ કરતી ત્રિપુરાના ચતુર્ભુજમાં અનુક્રમે પાશ, વરદ મુદ્રા, અભય મુદ્રા અને ચોથો ખંડિત છે. વાહન વૃષભ છે. ડાબી તરફ ઊર્ધ્વ બાહુ કરેલ ગણ છે.

ઉત્કટાસનમાં બેઠેલ નૃસિંહની આ વિરલ પ્રતિમા ચતુર્ભુજ છે, જેની એક ભુજામાં શંખ, લક્ષ્મીને આલિંગન દેતી ભુજામાં ગદા, ભૂદેવીને આલિંગન દેતી ભુજામાં ચક્ર, જ્યારે ચોથો ખંડિત છે. ઉત્સંગમાં લક્ષ્મી તથા ભૂદેવી બિરાજમાન છે. યોગપટ્ટનું બંધન તથા યજમાન મૂર્તિઓ અને વાહન સર્પ પણ કંડારાયેલ છે.

ભયપ્રેરક દૃશ્ય રજૂ કરતી ચામુણ્ડા દ્વિભુજ છે, વાહન તરીકે તેના પગ નીચે શવ, રુંડમાલા, કૃશદેહ ઉપર વૃશ્ચિક, કડીવાળી સાંકળ અલંકાર તરીકે ધારણ કરેલ છે.

લલિતાસનમાં બિરાજેલ ભૈરવી ચતુર્ભુજ છે, જેમાં અનુક્રમે ડમરુ, ખંડિત ઢાલ અને મનુષ્યનું મસ્તક, વાહન શ્વાન છે. બંને બાજુ એક એક દેવાંગના છે.

શિવનાં વિવિધ સ્વરૂપો મૂકવામાં આવેલ તેમાં નટરાજ મુખ્ય છે. નટરાજની પા ફૂટ લાંબી ભવ્ય પ્રતિમા સાથે બીજી પણ નૃત્યનો ભાવ પ્રગટ કરતી પ્રતિમા કંડારાયેલી છે.

જટામુકુટ ધારણ કરેલ અષ્ટભુજા પ્રતિમાના પ્રથમ તથા પાંચમા હસ્તમાં સર્પ, ત્રીજો નૃત્યની મુદ્રામાં, ચોથામાં ત્રિશૂલ, પાંચમો નૃત્યની મુદ્રામાં, આઠમાની અંદર ખડ્ગ ધારણ કરેલ છે જ્યારે બીજો અને સાતમો ખંડિત છે. નૃત્ય કરતા રૌદ્ર સ્વરૂપ શિવના પગ પાસેનો નંદી પણ મસ્ત બની નાચે છે, જ્યારે દેવપરિવાર ઢોલથી તાલ પુરાવે છે. જમણી બાજુ પર ચામરધારિણી ચામર ઢોળે છે.

એક દ્વિભુજ શિવ શિંગવાદન કરે છે જ્યારે બીજો હસ્ત નૃત્યનો અભિનય દર્શાવે છે. રુંડમાલાનું જનોઈ ધારણ કરેલ છે. સાથે વૃષભ પણ છે. બંને બાજુ પર એક એક દેવાંગના છે. આસનસ્થ શિવ કરતાં નૃત્યની મુદ્રાવાળા શિવ પ્રમાણમાં વધારે કંડારાયેલ છે.

શાલભંજિકા અર્ધ છે છતાં તેનું પત્રયુક્ત અલંકરણ સુંદર છે ( ચિત્ર નં. ૪ ). નૃત્યના અભિનયની આ સ્ત્રીપ્રતિમાનો અંગમરોડ તથા ખડ્ગ પકડવાની શૈલી આકર્ષક છે. ડાબી તરફ નૃત્યની મુદ્રામાં તાપસ છે.

જ્યારે બીજી એક સર્પને સ્તનપાન કરાવતી સ્ત્રીપ્રતિમા નૃત્યનો અભિનય પ્રગટ કરે છે.

રાજવંશી શૈલીમાં બેઠેલ પુરુષમૂર્તિના એક હાથમાં તલવાર તથા બીજામાં ઢાલ ધારણ કરેલ છે અને બંને બાજુ એક એક નૃત્યાંગના છે. ડાબી બાજુ કાટખૂણે હંસ છે.

ત્રિભંગમાં ઊભેલી દર્પણકન્યાના ડાબા હાથમાં દર્પણ, જમણો હાથ મસ્તક પાછળથી વાળી ભાલ પર કુમકુમ લગાવી રહી હોય તેમ લાગે છે. આથી જરા જુદી શૈલીની દર્પણકન્યા મથુરાની દર્પણકન્યાની યાદ આપે છે. દર્પણકન્યાના મુખનું અને પીઠનું દર્શન સુંદર !! ડાબા હાથમાં દર્પણ અને જમણા હાથ વડે ભાલ પર કુમકુમ લગાવે છે, આખા અંગને મરોડ આપેલ છે. જમણી તરફ એક દેવ પ્રતિમા, ડાબી તરફ ચામરધારિણી છે.

ઘંટિકાનું શિલ્પ પણ કલાપૂર્ણ બનાવવામાં આવ્યું છે.

શિખરના વિવિધ ભાગોમાં વેલ અને સર્પાકાર શોભન મૂકવામાં આવેલું છે, જ્યારે શિખરબંધનમાં શિલ્પ પણ મૂકવામાં આવેલ છે. એક શિખરબંધનમાં ઢોલવાદન અને નૃત્યનો દેખાવ છે. બે ઢોલવાદક અને ત્રણ નૃત્યાંગના છે.

આ મંદિરનો પ્રવેશમંડપ અથવા બલાણકનું સ્થાન એક આધુનિક મકાન નીચેથી ખંડિતાવસ્થામાં નીકળી આવેલ જેની પીઠમાં ગજથર વગેરે સુંદર શિલ્પાંકન કંડારવામાં આવેલું હતું. આ બલાણકના અગ્રભાગના સોપાન પાસે બંને તરફ મહાકાય હાથણીઓ કંડારવામાં આવેલી જે પૈકીની એક હાથણીના ખંડિત પગો વર્તમાનમાં દિગ્વિજય દ્વારના અગ્રભાગમાં તેના સોપાન પાસે આવેલા છે. આ પ્રવેશમંડપના હ્રાસના એકાદ બે ગ્રાસના નમૂના પ્રભાસપાટણ મ્યૂઝિયમમાં છે.

આ મંદિરમાં પ્રથમ પ્રવેશમંડપ પછી પાછળથી ભીમદેવ દ્વિતીયના સમયમાં બંધાયેલ મેઘધ્વનિ મંડપ હશે.[૧૦] આગળ જતાં ચોકિયારું કે જેની છતમાં નાગદમનનું શિલ્પ હતું. પછી સભામંડપ કે રંગમંડપ હતો. પછી અંતરાળ અને ગર્ભગૃહ. ગર્ભગૃહને ફરતો પ્રદક્ષિણામાર્ગ.

વિશાળ અષ્ટ સ્તંભો ઉપર સભામંડપ કે રંગમંડપ ઊભેલ હતો. તેની ઉપરની છત પણ કેવી ભવ્ય હશે !

મંદિરના બાહ્ય થરોમાં જાડમ્બ, કણી, છજ્જિકા, ગ્રાસ પટ્ટી અને તેના ઉપર ગજથર, અશ્વથર, નરથર અને ખરો. પછી કુંભ, કલશ, કેવાલ, મચ્ચિકા અને જંઘાનો વિશાળ ભાગ, આ થર પૂરા થતાં શિખરના ક્રમ શરૂ થાય છે. ચડતા ક્રમમાં શિખર નાનું થતું જાય છે. આ મંદિરના શિખરમાં સાત માળ હશે.

આ મંદિર પણ યુદ્ધના દાવાનળ અને ધાર્મિક ઝનૂનનો ભોગ બનેલ જેનો ઇતિહાસ સર્વ વિદિત છે.

કુમારપાળના સમય બાદ અનેક નાનીમોટી ચડાઈઓ થઈ હોવા છતાં દેવાલયને એટલું મોટું નુકસાન ધ્વંસકારો કરી ન શક્યા જેટલું મહમૂદે ઈ. સ. ૧૦૨૬માં કરેલ. તેથી જ તે

૧૦ પ્રભાસપાટણ મ્યૂઝિયમમાં સુરક્ષિત શ્રીધરનો દેવપાટણપ્રશસ્તિ લેખ; ઈ. સ. ૧૨૧૬.

મંત્રોચ્ચારથી ગાજતું રહેલું પરંતુ કમનસીબે ઈ. સ. ૧૭૦૭ થી તે અપૂજ ધ્વસ્તાવશેષ અવસ્થામાં પડેલું. પરિણામે તેના અમૂલ્ય શિલ્પનમૂનાઓ એક પછી એક એમ દૂર ફેંકાવા લાગ્યા અને કોઈ મસ્જિદના પથ્થર બની ચણાઈ ગયા હશે તો કોઈ કાયમ માટે ધરતીમાં પોઢી ગયા હશે.

મંદિરનાં શિલ્પોમાં કથા કંડારવાની પ્રથા હતી. સોમનાથના શિલ્પમાં પણ રામાયણના પ્રસંગો કંડારાયેલા હતા.[૧૧] નૃત્યાંગનાનાં નૃત્યશિલ્પમાં નૃત્યપ્રકાર સૂચવાયા હોય પરંતુ કડીબદ્ધ અવશેષોના અભાવે તેનું જ્ઞાન થઈ શકતું નથી. સોલંકીકાલીન શિલ્પસ્થાપત્યની ચડતી-પડતીની કથા અહીં* એક જ સ્થાને પ્રાપ્ત થાય છે. દરેક શિલ્પ પોતાની આગવી વિશિષ્ટતા અને ભવ્યતાની ઝાંખી કરાવે છે. આ ભગ્નાવશેષનાં દર્શન કરી પ્રાચીન ભારતીય સંસ્કૃતિનાં દર્શન કર્યાનો સંતોષ અનુભવવાનો છે.

---

૧૧ Somnath and other Mediaeval Temples in Kathiawad—By Cousens, P. 16.

૧૨ ચિત્રો—નિયામક શ્રી મ્યૂઝિયમ્સ વિભાગ, ગુજરાત રાજ્ય—વડોદરાના સૌજન્યથી. ઋણ-સ્વીકાર—મુ.શ્રી. હરિશંકર પ્ર. શાસ્ત્રી તથા મધુસૂદન ઢાંકી--સૂચનો માટે.

* પ્રભાસપાટણ મ્યૂઝિયમ, પ્રભાસપાટણ (જિ. જૂનાગઢ)માં.

# રાજસ્થાનીમાં નરસિંહ મહેતાનું ચરિત્ર

જેઠાલાલ નારાયણ ત્રિવેદી

સને ૧૯૬૭ના ઑક્ટોબર માસમાં દિલ્હીમાં ભરાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશન પછી હું દિલ્હીથી સીધો જોધપુર ગયો હતો. જોધપુરમાં રાજસ્થાન સરકાર દ્વારા સ્થાપિત રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાનના સમૃદ્ધ ગ્રંથભંડારમાંથી મારે મીરાંબાઈ તથા નરસિંહ મહેતાને લગતું પ્રાચીન સાહિત્ય અવલોકવું હતું. ખાસ કરીને મીરાંકૃત ' નરસીજી રો માહેરો ' તથા નરસિંહ મહેતાનાં હિંદી-રાજસ્થાની પદોનું સંશોધન, સંપાદન કરવાની મારી ઇચ્છા હતી.

મીરાંબાઈએ રચેલા ' નરસીજી રો માહેરો 'નું સંપાદન કે પ્રકાશન હજી થયું નથી. એટલે તે કાર્ય કરવા હું ઈંતેજાર હતો. રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન જોધપુર તરફથી આ કાર્યમાં પ્રોત્સાહન અને સહકાર મળતાં હું ત્યાં રહી ' માહેરો 'ની હસ્તપ્રતોનાં અવલોકન તથા અભ્યાસમાં મશગૂલ બન્યો. બિકાનેરના વિદ્વાન સંશોધક શ્રી. અગરચંદ નાહટા તરફથી પણ મને મીરાંકૃત માહેરોની એક હસ્તપ્રતની પ્રતિલિપિ પ્રાપ્ત થઈ હતી. તે ઉપરાંત રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાનમાં મને બીજી છ હસ્તપ્રતો અવલોકવાની તક મળી. નરસિંહ મહેતાનાં કેટલાંક રાજસ્થાની પદ પણ ત્યાંથી મેળવ્યાં અને બિકાનેર વગેરે સ્થળોમાંથી પણ નરસિંહ મહેતાનાં હિંદી-રાજસ્થાની પદ પ્રાપ્ત કર્યાં.

માહેરોનું તથા પદોનું મારું સંપાદન રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાને પ્રગટ કરવાનું માથે લીધું, એટલે સને ૧૯૬૯ના માર્ચમાં પુનઃ જોધપુર જઈને વધુ સાહિત્યનું અવલોકન કરી માહેરો તથા પદોને છાપવા માટે સોંપવામાં આવ્યાં અને તેનું છાપકામ હાલ ચાલી રહ્યું છે. આ રીતે મીરાંકૃત માહેરો તથા નરસિંહ મહેતાનાં હિંદી-રાજસ્થાની પદોના સંપાદનના કાર્યને અનુલક્ષીને નરસિંહ તથા મીરાંજીવનને સ્પર્શતું કેટલુંક પ્રગટ તથા અપ્રગટ સાહિત્ય અવલોકવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. પરિણામે નરસિંહ મહેતાના જીવન વિષે રાજસ્થાનના જુદા જુદા કવિઓએ લખેલી જુદી જુદી કૃતિઓ વાંચતાં આનંદ થયો.

નરસિંહ મહેતાના જીવનપ્રસંગો ઉપર ગુજરાતીમાં તો અનેક મધ્યકાલીન કવિઓએ પોતાની કલમ ચલાવી છે. તેમાં વિષ્ણુદાસ, વિશ્વનાથ જાની અને કવિ પ્રેમાનંદ મુખ્ય છે. રાજસ્થાનીમાં પણ મીરાંકૃત નરસીજી રો માહેરો, વસંતકૃત નરસી મેહેતા, રત્નાખાતીકૃત માહેરો, રતનાકૃત નરસી કી હૂંડી, નાગપુર ( નાગોર )ના કવિ જેઠમલ્લકૃત નરસી મેતા કી હુંડી,[૧] રતનકૃત ( લાંબી ) હુંડી વગેરે કૃતિઓ મારા જોવામાં આવી છે.

---

૧ જેઠમલ્લકૃત " નરસી મેતા કી હુંડી " અમે ' સ્વાધ્યાય ' દીપોત્સવી અંક ( વિ. સં. ૨૦૨૫ ) ના પૃ. ૩૩ થી ૩૯ ઉપર રતનાકૃત હુંડીના તુલના સાથે પ્રગટ કરેલી છે.

આ કૃતિઓના અવલોકનમાં નરસિંહ મહેતાના જીવન વિષે કેટલીક જુદા જ પ્રકારની ઘટનાઓ—હકીકતો જોવા મળે છે, જે વાંચતાં ગુજરાતી વાંચકોને કદાચ નવાઈ પણ લાગે. એટલે મહેતાજીના જીવન વિષેની આવી જાતની માહિતી તથા ઘટનાઓ ગુજરાતના સાહિત્ય-રસિકો સમક્ષ આ લેખ દ્વારા રજૂ કરવાની તક લઉં છું. તેમ કરતાં પહેલાં રાજસ્થાની સાહિત્યની આ કૃતિઓ વિષે થોડીક માહિતી આપવી ઇષ્ટ છે.

## નરસિંહ મહેતાને સ્પર્શતી કૃતિઓ

મીરાંકૃત 'નરસીજી રો માહેરો'ની ઘણી હસ્તપ્રતો મળે છે. અમારા જોવામાં સાત હસ્તપ્રતો આવી છે. મુંબઈના ડૉ. પ્રભાતે પણ આ માહેરોની કેટલીક હસ્તપ્રતો જોઈ છે. તેમને જૂનામાં જૂની સંવત ૧૮૯૭ની હસ્તપ્રત મળી છે. અમે જોયેલી હસ્તપ્રતોમાં જૂનામાં જૂની હસ્તપ્રત સંવત ૧૮૬૫ની છે. રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન, જોધપુરમાં પત્ર સંખ્યા ૧ થી ૨૯-વાળી આ હસ્તપ્રત સચવાઈ છે, અને તેનો ક્રમાંક ૨૮,૫૩૨ છે.

રતનાખાતીકૃત 'નરસીજી રો માહેરો' તો રાજસ્થાની લોકકાવ્ય બની ગયો છે. નાથદ્વારા અંચલમાં તે કંઠોપકંઠ ગવાય છે. એ માહેરોમાં આવતી નીચેની ધ્રુવકડી તો લોકોને ખૂબ યાદ રહી જાય છે :—

"ભગત બછલ પ્રભુ સારે સબ કાજ,
નાની બાઈ રા માહેરારી ઠાકુરજીને લાજ,
સીતા રામજીને લાજ, જૈ જૈ નારાયણ હરિ."

આ માહેરોની પ્રતો મથુરા, કિસનગઢ અને કલકત્તાથી છપાયેલી છે તે અમારા જોવામાં આવી છે. તેમાં કલકત્તાની પ્રત વધારે શુદ્ધ છે. આ માહેરોની બે હસ્તપ્રતો રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન (જોધપુર)માં પણ જોવા મળી હતી. સંવત ૧૯૫૨ની સાલમાં આ હસ્તપ્રત લખાયાનો ઉલ્લેખ પુષ્પિકામાં જોવા મળે છે. 'મ્હાંમિદર સાધુ બાલકરામ બાચૈ રામ' એવો ઉલ્લેખ પણ છે.

વસંતકૃત 'નરસી મેહેતા' એ કૃતિ પણ માહેરો છે. કુંવરબાઈના મામેરાનો પ્રસંગ તેમાં વર્ણિત છે. તેની ત્રણ પ્રતો અમારા જોવામાં આવી છે. બિકાનેરની જે હસ્તપ્રત મોતીલાલ ખજાનચીસંગ્રહની છે તેનો ક્રમાંક ૬૬૧૬ (૫) છે. વસંતકૃત માહેરોની બીજી હસ્તપ્રત રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન : જોધપુરના સંગ્રહમાં નં. ૧૩,૫૦૩ના ચોપડામાં લખાયેલી છે. ત્રીજી હસ્ત-પ્રતનું શીર્ષક 'નરસી મુતૈજી કો માહેરો' એવું છે. તેનો ગુટકા નં. ૧૭,૭૮૦ છે.

નાગપુરના જેઠમલજીએ રચેલી 'નરસી મેતા કી હૂંડી' સંવત ૧૭૧૦માં લખાયેલી છે. તે પંડિત શ્રીધર શિવલાલજી દ્વારા સને ૧૮૮૫માં મુંબઈથી શિલાછાપમાં છપાઈ હતી. શ્રી. અગરચંદ નાહટાજી પાસે પણ તેની એક પ્રત છે. જેઠમલજીએ હૂંડીના અંતમાં 'નગર નાગપુર વાસ' એમ લખ્યું છે. આ નાગપુર તે રાજસ્થાનનું નાગોર છે, એમ શ્રી. નાહટા જણાવે છે. હૂંડીની રાજસ્થાની ભાષા જોતાં તે વાતને પુષ્ટિ મળે છે.

રતનાના નામની બે હુંડીઓ અમારા જોવામાં આવી છે. એક નાની હુંડી તો 'મરુ ભારતી' માસિકમાં શ્રી. ગોવિન્દજી અગ્રવાલે પ્રગટ કરેલી છે.[૨] બીજી રતનના નામની લાંબી હુંડી મળી છે. તેની નકલ બિકાનેરથી શ્રી. અગરચંદજી નાહટાએ મને મોકલાવી આપી હતી. તેની છેલ્લી બે પંક્તિ આ પ્રમાણે છે:—

"નરસીંની હુંડી રતન યો કહૈ ।
સો લખ ચૌરાસી સૌં ન્યારો રહૈ ॥"

નરસિંહ મહેતાનાં કેટલાંક આત્મલક્ષી પદો પણ 'હારમાળા' જેવા નરસિંહ મહેતાના જીવનપ્રસંગોનો ઉલ્લેખ કરે છે. રાજસ્થાનીમાં આ ઉપરાંત બીજા કવિઓએ પણ નરસિંહ મહેતા વિષે લખ્યું હોય તે સંભવિત છે. રાજસ્થાનના વિપુલ હસ્તલિખિત સાહિત્યભંડારમાં તે માટે જિજ્ઞાસાપૂર્વક ડોકિયું કરવું જોઈએ.

## નરસિંહનું પૂર્વજીવન

અહીં પૂર્વજીવન એટલે બચપણ અને પૂર્વજન્મ એમ સમજવાનું છે. નરસિંહ મહેતાના પૂર્વજન્મ વિષે ગુજરાતીમાં કોઈ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી, પણ રાજસ્થાનીમાં તેમના પૂર્વજન્મની રસપ્રદ ઘટનાઓનું આલેખન જોવા મળે છે.

મીરાંબાઈકૃત માહેરોમાં નરસિંહ મહેતાનાં કેટલાંક પૂર્વજન્મોની કથા વિસ્તારથી આપેલી છે. નરસિંહ મહેતા પૂર્વજન્મમાં સુભદ્ર નામે રાજા તરીકે જન્મ્યા હતા:—

"પૂરવ દિસા નૃપતિ યક હોઈ, નામ સુભદ્ર જાનિ સબ કોઈ;
દિયો દ્વિજ શ્રાપ તહિ યકચારા, હોહુ પસૂ બન જાવનહારા."[૩]

પૂર્વ પ્રદેશના સુભદ્ર રાજાને વિપ્રનો શાપ મળ્યો કે, તું વનમાં પશુ બનીને જન્મજે. એ શાપ પ્રમાણે સુભદ્ર દેહ તજીને વનમાં સિંહનો અવતાર પામ્યો. તે સિંહ વનમાં રખડતો હતો ત્યાં તેને ગાગરૂન ગઢના પીપા ભગતનો સંપર્ક થાય છે.

"ગાગરુનિ ગઢકો ધની, ચલ્યો દ્વારકા ધામ;
તા વન મૃગપતિ બસત હૈ, પૂરન એકે નામ."

મૃગપતિ—સિંહ પીપાનાં દર્શન કરી શરણે જાય છે. ત્યારે પીપાજી તેને કંઠી બાંધી આશીર્વાદ આપે છે; અને જૂનાગઢમાં વિપ્રકુલમાં જન્મ થશે એમ કહે છે.

"બીતે કછુ દિન કઠન કરાલા, જનમે આપ વિપ્રઘર બાલા;
નરસી નામ દિયો દ્વિજ દેવા, કરૈ સદા સુચિ પ્રભુ કી સેવા."[૪]

---

૨ 'મરુભારતી', જનવરી ૧૯૬૧.

૩ 'નરસીજી રો માહેરો' (અપ્રગટ), પૃ. ૩.

૪ એજનઃ પૃ. ૪.

આ રીતે સુભદ્રનો બીજો અવતાર સિંહ રૂપે થયો અને ત્રીજો અવતાર નરસિંહ મહેતા નામથી જૂનાગઢમાં થયો. કેટલીક હસ્તપ્રતોમાં તો સુભદ્રાનાં પૂર્વજન્મોની કથા પણ આપવામાં આવી છે.

ડૉ. પ્રભાત નરસિંહ મહેતાનાં આ પૂર્વજન્મોની કથા ખ્યાલમાં રાખી મીરાંકૃત માહેરોને કોઈ રામાનંદીય ભક્તની કૃતિ માને છે. હું તેમાં સંમત થતો નથી, પણ નરસિંહ મહેતાના પૂર્વજન્મની આ કથા ક્ષેપક છે એમ તો માનું છું. છતાં આ ક્ષેપક ભાગ ઠીક ઠીક જૂનો હોય એમ લાગે છે.

સી. એ. કિન્કેઈડકૃત "દક્ષિણના સંતો" નામના અંગ્રેજી પુસ્તકમાં પણ નરસિંહ મહેતા પૂર્વજન્મમાં સિંહ હતા એવી હકીકતનો ઉલ્લેખ જોવા મળે છે. એ સિંહ પીપાજીના સંતસમાગમથી નરસિંહ મહેતા તરીકે જન્મ ધારણ કરે છે. કિન્કેઈડે આ હકીકત દક્ષિણના એક કવિ મહિપતિના 'ભક્તિવિજય' નામના જૂના ગ્રન્થમાંથી ઉતારી છે. આ ગ્રન્થનો સમય ઈ. સ. ૧૭૧૫-૧૬નો ગણાય છે. એટલે મીરાંકૃત માહેરોની પૂર્વજન્મવાળી ક્ષેપક કથા કવિ મહિપતિના સમય પહેલાંથી પ્રચલિત હોવાનું જણાય છે.

મીરાંકૃત માહેરોમાં બીજો પણ એક નવો ઉલ્લેખ મળે છે. નરસીજીની પુત્રી (કુંવરબાઈ-કબરી)ને સુલછા નામે કન્યા હતી. તે કન્યાના લગ્ન વખતે નરસિંહ મહેતાને માહેરો ભરવાનો પ્રસંગ આવ્યો, એમ બતાવેલું છે. ગુજરાતી મામેરામાં કુંવરબાઈના સીમંત પ્રસંગે શામળશાહે સહાય કરી એમ કહેવાયું છે, જ્યારે અહીં કુંવરની ભાણી સુલછાના લગ્ન પ્રસંગે માહેરો ભર્યો છે. રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં કેટલાક લોકોમાં સીમંત પ્રસંગના માહેરા કરતાં દૌહિત્રીના લગ્ન-પ્રસંગના 'મોસાળા'ને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. એટલે કદાચ આ જાતની કથા ગુંથાઈ હશે.

રતના ખાતીએ પણ દૌહિત્રીના લગ્ન વખતના માહેરાનો પ્રસંગ વર્ણવેલો છે. તે કહે છે:—

"નરસીજી રી ડીકરી, નાનીબાઈ નામ;
બ્યાહી શ્રીરંગ કે ઘરાં, નગર અંજાર સુગામ.
જાસુ સુતા કે મગનરો, શ્રીરંગ કિયો ઉછાવ;
ન્યો ત્યો સકલ બિરાદરી, નાગર કુલ કો ભાવ.[૬]"

પણ વસંત કવિએ ગુજરાતી કવિવૃંદનું જ અનુકરણ કરેલું છે. તેણે કુંવરબાઈના સીમંત પ્રસંગનો જ માહેરો વર્ણવ્યો છે. વસંત કદાચ ને ગુજરાતી પણ હોય.

ગુજરાતીમાં નરસિંહના ઘરની સ્થિતિ સામાન્ય હતી એમ મનાય છે, પણ રતના ખાતીએ નરસીજીને ગર્ભશ્રીમંત—કરોડપતિ જેવા ગણાવ્યા છે. તે કહે છે:—

---

૫ જુઓ: "નૃસિંહ મહેતાના જીવનનાં સ્મરણો" (આવૃત્તિ બીજી), પૃ. ૨૧૭.
૬ રતના ખાતીકૃત માહેરો: દ્વિતીય પ્રકાશ.

"ગોધન વૃષભ વિભવ અતિ ભારી, રથ શિબિકા ગજબાજિ સવારી;
બહુ ગુમાસ્તા સેવક દાસા, લક્ષ્મી બસે સદા તિન પાસા.
જાઆં ચલે દિસાવર જાવે, કર વેપાર માલ બહુ લાવે;
**અરબપતિ ધનકા નહિ પારા,** ગહણા રાખે દેય ઉધારા.૭".

આવા ધનપતિ નરસીજીને જ્ઞાન-વૈરાગ્ય થતાં તે ધન લુંટાવી દે છે અને નિર્દંભ ભક્ત બની હરિભજન કરવા લાગી જાય છે.

## ગૃહજીવન

પણ નરસિંહ મહેતા વિષે જે એક વિચિત્ર વાત રાજસ્થાની ચરિત્રમાં જોવા મળે છે, તે વાંચતાં ખૂબ નવાઈ લાગે છે. ગુજરાતી જીવનકથા પ્રમાણે નરસિંહ મહેતાનાં પત્ની માણેકબાઈનું અવસાન થતાં નરસિંહ મહેતાએ આ પ્રમાણે કહેલું :—

"ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ."

પણ હિન્દી-રાજસ્થાની માહેરામાં તો નરસીજીનાં પ્રથમ પત્નીના અવસાન પછી તેમના બીજા લગ્નની અને નવી પત્નીથી બે પુત્રોની ઉત્પત્તિની વાત પણ કહેલી છે. મીરાંકૃત માહેરામાં આવો ઉલ્લેખ મળે છે :—

"પ્રથમ ત્રિયા સુરધામ સિધાવા, નરસી કીનો દ્વિતીયક બ્યાવા;
નરસી કે પુનિ સુત ભયે દોઈ, સુખદ સાલ જાણ સબ કોઈ૮."

આ આપણને—ગુજરાતીઓને ઘણું વિચિત્ર—હાસ્યાસ્પદ લાગે તેવું છે. કયાં આપણે માનેલા સંસારથી નિર્લેપ ભક્તરાજ નરસિંહજી અને કયાં આ ?

રતના ખાતીએ પણ નરસિંહ મહેતાના ઘરમાં માણેક મહેતીની શોકય બેઠેલી હોવાનો આભાસ આપેલો છે. માહેરાની કંકોતરી લઈ ને વિપ્ર નરસીજીને ઘેર આવે છે ત્યારે રતનો આવું વર્ણન કરે છે :—

"ઘર મેં સૂં બોલી મહતા નરસીજી રી નાર;
કંકુ પત્રી ઝેલણ મોડયો હૈ ગયો તૈયાર.
થાઁ કા તો ઘરમેં છૈ આગે અન્ન કી ભૂખ;
કયાં સૂં તો કરોલા થે માહેરા રો સલૂક ?
થાઁ રે તો ઘર માંહે નાહીં પાવ હી જુવાર;
માહેરો ભરણૈ નૈ મોડયો હો ગયો તૈયાર."

ત્યારે મહેતાજી ઘરની નારીને જવાબ આપે છે :—

---

૭ એજન : પ્રથમ પ્રકાશ.

૮ મીરાંકૃત માહેરો (અપ્રગટ), પૃ. ૪.

"બોલી રેજ્યા ચુપકી રેજ્યા, ઘર કી તૂં નાર;
થાં ને મ્હાંરા માહેરા રો કાંઈ આયો ભાર ?[૯]"

પુત્રીના સીમન્તનો મંગલ પ્રસંગ સાંભળીને આનંદિત થવાને બદલે કલેશ કરનારી સ્ત્રી કુંવરબાઈની અપર માતા જ હોઈ શકે.

મીરાંકૃત માહેરામાં કુંવરબાઈને કબરી કહી છે તે તો ઉચ્ચારભેદ માત્ર કહી શકાય પણ રતનાએ કુંવરબાઈને નાનીબાઈ કહીને ઓળખાવી છે તે ધ્યાનપાત્ર છે.

હારમાળાનો નરસિંહ મહેતાની કસોટીનો પ્રસંગ મીરાંકૃત માહેરામાં તેના અંગરૂપે સંક્ષેપમાં ગૂંથી લીધો છે. શ્રીરંગ મહેતાએ મોકલેલો વિપ્ર સીમંતની કંકોતરી આપવા આવ્યો છે તે પ્રસંગ પછી તુરત જ આ ઘટનાનું વર્ણન આવે છે. શ્રીરંગ મહેતા દ્વારા પ્રેષિત વિપ્ર આ કસોટી નજરે જોતો હોય તે રીતે ગૂંથણી થયેલી જણાય છે.

## માહેરો ક્યાં અને ક્યારે ?

માહેરો—મામેરું કે પછી સુલછાનું મોસાળું ક્યાં અને ક્યારે ભરાયું તે પ્રશ્ન પણ વિવાદાસ્પદ બને છે. માહેરાના સ્થળ વિષે અર્થાત્ કુંવરબાઈના સસરાના ગામ વિષે જૂના ગુજરાતી કવિઓમાં પણ મતભેદ છે. હિન્દી—રાજસ્થાની કવિઓના ઉલ્લેખો તેમાં વધારો કરે છે.

વિશ્વનાથ જાની (સં. ૧૭૦૮) કુંવરબાઈના સસરાનું નામ સુંદરજી આપે છે અને તેનું ગામ માંગરોળ બતાવે છે. હારમાળાનાં પદોમાં કુંવરબાઈના સસરાનું ગામ ઉના બતાવે છે. પ્રેમાનંદ સસરાનું નામ શ્રીરંગ મહેતા જણાવે છે. વિષ્ણુદાસે કુંવરનું સાસરું વિજેનગર ગામે બતાવ્યું છેઃ

"નરસિંહ મહેતાની રે પુત્રી જેહ, **વિજેનગર** પરણાવી તેહ;
તે વાતને વરસ વહી ગયાં, સીમંત જોગ કુંવરબાઈ થયાં."[૧૦]
—(વિષ્ણુદાસ)

આ વિજેનગર કયું તે કલ્પના કરવાની રહે છે.

રતના ખાતીએ કુંવરબાઈના સસરાનું ગામ અંજાર બતાવ્યું છે અને તેમનું નામ શ્રીરંગજી આપ્યું છે. કંકોત્રી લઈ જનાર બોખલા પંડ્યાને તેણે 'કોકલ્યો' કહેલો છે.

"ઘરકો બામણ કોકલ્યો, શ્રીરંગ લિયો બુલાય;
પહિલી દીની પત્રિકા, યો કાગદ લે જાય."

મીરાંબાઈએ વળી કુંવરબાઈનું સાસરું સુદામાપુરી કહેલું છે :—

"ભયો વિવાહ પરમ સુખદાઈ, તાકે એક કન્યકા જોઈ,
નગર રમ્ય યક **પુરી સુદામા,** તહાં બસૈ બિપ્ર સિરિરંગ નામા."[૧૧]

---

૯ રતના ખાતીકૃત માહેરો દ્વિતીય પ્રકાશ.

૧૦ 'કવિચરિત,' પૃ. ૩૩૦.

૧૧ મીરાંકૃત માહેરો (અપ્રગટ): પૃ. ૪.

આ રીતે કુંવરબાઈના સસરાના ગામ વિષે જે ભિન્ન ભિન્ન ઉલ્લેખો ગુજરાતીમાં મળતા હતા તેમાં રાજસ્થાની માહેરોએ અંજાર અને સુદામાપુરી ઉમેરીને આ પ્રશ્નને વધુ ગૂંચવણભર્યો બનાવ્યો છે.

આ માહેરો અંજારમાં ભરાયો તેની મિતિ રતનાખાતીના માહેરામાં આ પ્રમાણે મળે છે :

"માઘ માસ સુદ સપ્તમી, પુષ્ય ઔર રવિવાર;
માહેરો નરસી તણૌ, સાંવલ ભર્યો અંજાર.
સોલૈ સે સોલા તણો, વિક્રમ સંવત જાણુ;
ચવદાસે ઇક્ષાસિયો, શાકે સાલીવાન."[૧૨]

સંવત ૧૮૭૬માં મારા ગામ રાંધેજામાં લખાયેલી પ્રેમાનંદકૃત મામેરાની એક હસ્તપ્રતમાં મામેરાની સાલ 'સંવત પંદરસો અડત્તસ' બતાવેલી છે, તે પણ અભ્યાસીઓની માહિતી માટે જણાવું છું.

જો આપણે હારમાળાની હસ્તપ્રતોમાં આપેલી જુદી જુદી સાલ અને મિતિને ઐતિહાસિક માનવા, મનાવવા પ્રયાસ કરતા હોઈએ તો આ સાલોને પણ કલ્પિત માની ઉશેટી ન દેવાય. આ સાલો નરસિંહ મહેતાના સમય ઉપર કદાચ નવો પ્રકાશ પણ નાંખી જાય.

રતનાખાતીના માહેરાની સાલની અને તેની કૃતિની પૂરા અભ્યાસ કે કયાસ વગર ગુજરાતમાં અવહેલના થઈ છે, એમ મારું નમ્ર મંતવ્ય છે. એટલે માહેરો ક્યાં અને ક્યારે ભરાયો તે વિષે કાળજીપૂર્વક વિચારણા થવાની જરૂર છે, એમ હું માનું છું, ગુજરાત તથા રાજસ્થાન ઉભય પ્રદેશના વિદ્વાનોને રસ પડે તેવો આ પ્રશ્ન છે.

## માહેરોની કવિતા

આપણા સમર્થ ભક્ત કવિની ખ્યાતિ ગુજરાત બહાર પણ એક ભક્ત–સંત તરીકે કેવી પ્રસરી ગઈ હતી તેનો ઉપરની હકીકતો પરથી ખ્યાલ આવી શકશે. મહેતાજીના જીવનની કલગી સમો માહેરાનો પ્રસંગ ગુજરાત બહારના કવિઓને પણ આકર્ષી ગયો છે અને તેની અનેક હસ્તપ્રતો મળી આવે છે તે નોંધપાત્ર છે.

વર્તમાન સમયમાં પણ માહેરો રાજસ્થાનમાં લોકકાવ્ય તરીકે પંકાય છે; અને તેની મથુરા, કિશનગઢ તથા કલકત્તા વગેરે સ્થળોએથી જુદી જુદી આવૃત્તિઓ પ્રગટ થાય છે, તે હકીકત પણ નોંધપાત્ર છે. તેવી જ રીતે નરસિંહનું કવન પણ લોકજીભે ચઢી રાજસ્થાનમાં તથા અન્યત્ર પ્રસરી ગયું છે.

નરસિંહ મહેતાના જીવન વિષે હિન્દી તથા રાજસ્થાની સાહિત્યમાં કદાચ બીજા વધુ કવિઓની કૃતિઓ પણ હજી મળી આવે તેવો સંભવ છે. આવા જીવનપ્રસંગો માત્ર કુતૂહલપ્રેરક બનીને જ અટકી જાય એ ઈષ્ટ નથી. નરસીજીના જીવન અને કવન વિષેની કેટલીક ગૂંચોના ઉકેલમાં પણ તે પ્રસંગોનો યોગ્ય વિનિમય થાય એ ઈષ્ટ છે.

---

૧૨ રતના ખાતીકૃત માહેરો (કલકત્તા આવૃત્તિ) : પૃ. ૯૭.

વસંતકૃત માહેરામાં કવિનું ધ્યાન કથાવસ્તુ ઉપર જ કેન્દ્રિત થયેલું છે. છતાં તેણે શામળશાહ રૂપે આવેલા શ્રીકૃષ્ણને વહેવાણો દ્વારા (ફટાણાં રૂપે) ઠીક ગાલીપ્રદાન કરાવ્યું છે. ભોજનના છપ્પન ભોગનું વર્ણન પણ વિસ્તારથી કરેલું છે. આ કવિ ઉપર મીરાંકૃત માહેરોની અસર હોવા છતાં તેનામાં કેટલુંક નિજત્વ જણાય છે.

શામળશાહના આગમન વખતે લોકો તેમને પૂછે છે :—

"કૌન તિહારી જાતિ વખાનૌ, કહા તુમારો નાવ હૈ ।
કૌન દેસ તે આયે હો, કહા તુમારો ગાવ હૈ ?"

વસંતના શામળશાહ જવાબ આપે છે :—

"બનિયા જાતિ હમારી કહિયે, સાહ સાંવલો નાંવ હૈ ।
નરસી કે હમ ચાકર કહિયે, પુરી દ્વારકા ગાંવ હૈ ॥"

રતનાખાતીના 'માહેરો'માં એક રસપ્રદ પ્રસંગ મળે છે તે ગુજરાતીમાં નથી. નાનીબાઈ (કુંવરબાઈ)ના મનની વિહ્વલતાનું જે સુંદર ચિત્ર તેણે આપ્યું છે તે નોંધપાત્ર છે, તેની કવિત્વ-શક્તિનું પણ તે દ્યોતક બને છે.

માહેરો (મામેરું) ભરવાનો સમય નજીક આવ્યા છતાં નરસિંહ મહેતાએ કહેલા શામળશાહ આવતા નથી. નાનીબાઈ ચિંતાતુર બને છે. દિયર, નણંદ વગેરેનાં કટાક્ષ અસહ્ય બનતાં 'ક્યાં જાઉં ?' 'શું કરું ?' 'જળમાં ડૂબી મરું ?' એમ તેના મનમાં થાય છે. વ્યગ્ર નાનીબાઈ બેડલું લઈ સરોવર પર ચાલી જાય છે. ત્યાં તેના રૂદનનું કરુણ દૃશ્ય રતનોખાતી રજૂ કરે છે. શામળશાહ નહિ આવે તો પાછી ઘેર નહિ જાઉં એમ નાનીબાઈ મન સાથે નિશ્ચય કરે છે :

"ખાલી ચુકલ્યો હાથ મેં, ઊભી સરવર પાલ ।
ભર ચુકલ્યો ઘર આવશું, જબ આસી ગોપાલ ॥[૧૩]"

ભક્તરાજની પુત્રી ગિરધરલાલનું સ્મરણ કરે છે. રતનાની નાનીબાઈ ગિરધરલાલને 'વીરા'નું સંબોધન કરી પોકારે છે. સીમન્ત અને વિવાહ પ્રસંગે ઉત્કંઠાથી બંધવની રાહ જોતી નારીરૂપે, ગિરધરલાલ વીરાની રાહ જોતી કુંવરબાઈ અહીં જોવા મળે છે. તે કહે છે :—

"હું તો માય વિના કી ડીકરી, મ્હેં તો નિરધન બાવલ પાયો રે ।
નાનીબાઈ કહૈ સુણ સાંવલિયા, મ્હારે માત–તાત તૂંહી ભાઈ રે ॥"

ભાઈના આગમન માટેની બેનની ઉત્કંઠા નીચેના પદમાં રતનાએ સરસ રીતે પ્રગટ કરી છે :

"ઊભી બાઈ સરવર-પાલ, ઊંચી ચઢૈ ઔ નીચી ઊતરે ।
આંબડલાંરી ગહરી ગહરી છાંય, જિણ ચઢ બૈઠોજી સૂવચે ॥
સુવરડા રે ધરમ કો વીર, દેખ ઝૂલરિયાંને આવતો ।
સૂવો બૈઠો બૈઠો ટોકીજી જાય, પછિમ દિશાજી સાંમો જોઈયો ।
ઝીણી ઝીણી ઉડૈ જી ગુલાલ, ઝમકૈ જૂનાગઢરા મારગાં ॥

---

૧૩ રતનાખાતી કૃત માહેરો (કલકત્તા આવૃત્તિ), પૃ. ૫૮.

રથડાંરા કલશ ઝલકાય, બહલાંરા બાજ્યા ટોકરા ।
ઘુડલાંરી ઘૂંઘર માલ, દેખ ઝૂલરિયાં ને આવતો ॥[૧૪] ”

ઝૂલરિયાને આવતો જોઈ નાનીબાઈ આશાવંત બને છે. તે રથ સામે જુએ છે.

“ રથ બૈઠાજી ગોપાલ, રૂપ નિહાર્યો રણછોડકો ।
ઉતરી સરવર–પાલ, આડી તો ફિર બાઈ પૂછિયો ॥
થે છો કઠાંરા સિરદાર, કિણ રે તો જાસ્યો વીરા પાવણા ।
કહ દ્યો ભાયજ મન કી વાત, થારા તો ગીત સુહાવણા ॥ ”

પોતાનાં ભાઈભાભી જ આવ્યાં હશે એવા ભાવથી આશાભરી નાનીબાઈ પૂછે છે. લક્ષ્મીજી જવાબ આપે છે :—

“ પ્રભુજી છે મથુરારા સિરદાર, દ્વારાવતી રા રાજવી ।
વસુદેવજી રા સમરથ પૂત, દેવકીજી રા છૈ બાઈ ડીકરા ॥
રાણી રુકમિણ સિરમોડ, સાંવલ સાહ યાંરો નામ છૈ ।
શ્રીરંગજી રા મિજમાન, નરસી મહતા–સંગ પાવણા ॥
ભરણો માહેરો અંજાર, જિણરાવૌ વીર વધાવણા ।
નાનીબાઈ કરસી મ્હાંરો ચાવ, ઈણ વિધ ગીત સુહાવણા[૧૫] ॥ ”

આ સાંભળતાં નાનીબાઈના આનંદની સીમા રહેતી નથી. પછી તો ભાભી ( લક્ષ્મી ) નણંદ અને ભાઈ એકબીજાને ઓળખ પડતાં ભેટી પડે છે. લક્ષ્મીજી નાનીબાઈને ગળે લગાવે છે. નરસિંહ મહેતા માટે ગિરધર—શામળશાહ ભલે ઈષ્ટ દેવ હો, પણ નાનીબાઈના તો તે વીરા બની જાય છે. આ રતનાની કે પછી તેના કાવ્યને પરિષ્કૃત કરનાર ‘ દ્વિજ ગણેશ ’ની એક વિશેષતા છે :

ઉપરનું પદ વાંચતા આપણને પેલા લગ્નગીતની પંક્તિઓ યાદ આવ્યા વગર નથી રહેતી :

“ હું તો કેળે ચઢું ને ને ચંપે ઊતરું રે !
હું તો જોઉં મારા માડીજાયાની વાટ;
મોસાળા વેળા વહી જશે રે. ”

તાત્પર્ય કે રતનાખાતીને ભાવ તથા ભાષાનો સહાયથી લોકહૃદયને સ્પર્શતાં સારું આવડે છે. તેનો માહેરો આથી જ જનતાને ભાવ–વિભોર બનાવી રાજસ્થાનમાં લોક–કાવ્ય બની ગયો છે.

નરસિંહ મહેતાનું જીવન આ રીતે રાજસ્થાનમાં ભક્તિ અને કવિતારસનું ભાજન બન્યું છે. ગુજરાતના ભક્ત કવિ નરસિંહ મહેતા રાજસ્થાનમાં ‘ નરસીજી ’ અને ‘ નરસી મેતાજી ’ ( નરસી મુતૈજી ) એવાં નામોથી જાણીતા બન્યા છે. તેમનાં પદો પણ ત્યાં રાજસ્થાની સ્વાંગમાં લોકપ્રિય બન્યાં છે. છેક જેસલમેર જેટલે દૂરને સ્થાને પણ પ્રભાતમાં એક ગ્રામીણ બાઈને કંઠે ગવાતું ‘ નરસી મેતા ’નું પદ ડૉ. સાંડેસરાએ સાંભળ્યું હતું. એવાં પદો પ્રાપ્ત કરવાની અમારી મનીષા છે.

---

૧૪ એજન પૃ. ૫૯.
૧૫ એજન પૃ. ૫૯.

# વિનયવિજયકૃત નેમિનાથ-રાજીમતી બારમાસ

કનુભાઈ વ્રજલાલ શેઠ

## ૧. પ્રાસ્તાવિક

સંસ્કૃત સાહિત્યના ઋતુકાવ્યની પરંપરા જાળવતો "બારમાસી" કાવ્યપ્રકાર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સારા પ્રમાણમાં ખેડાયો છે. મધ્યકાલના અન્ય સાહિત્યપ્રકારની જેમ આ કાવ્યપ્રકારના આરંભના અગ્રેસર તરીકેનો યશ જૈન મુનિઓને ફાળે જાય છે. વિનયચન્દ્ર-રચિત 'નેમિનાથ ચતુષ્પદિકા' (ઈ. સ. ૧૨૪૪) એ ગુજરાતી સાહિત્યનું પ્રથમ બારમાસી કાવ્ય છે. તે પછી અનેક જૈન મુનિઓએ 'નેમિનાથ-રાજીમતી', 'સ્થૂલિભદ્ર-કોશા' જેવાં લોકખ્યાત પાત્રો લઈને અનેક બારમાસી કાવ્યો રચ્યાં છે. વળી તે પછી જૈનેતર કવિઓએ પણ આ કાવ્યપ્રકાર અપનાવી તેમાં ઠીક પ્રમાણમાં સર્જન કર્યું છે. નરસિંહ, પ્રેમાનંદ, રત્નેશ્વર, પ્રેમસખી, દયારામ ઇત્યાદિ કવિઓએ પણ આવું સાહિત્ય રચ્યું છે. આ કાવ્યપ્રકારની પરંપરા અર્વાચીન સાહિત્ય પર્યન્ત ચાલુ રહી છે. દલપતરામે અને નર્મદે પણ આવું સાહિત્ય રચ્યું છે. અત્રે વિનયવિજયકૃત (સં. ૧૭૨૮માં રચાયેલ) 'નેમિનાથ-રાજીમતી બારમાસ' નામની કૃતિ સંપાદિત કરી છે.

## ૨. કવિ વિનયવિજય—જીવન અને કવન

વિનયવિજયસૂરિ સત્તરમા શતકના ગણનાપાત્ર જૈન કવિ છે. તેમણે સંસ્કૃત તથા ગુજરાતીમાં અનેક કૃતિઓની રચના કરી છે, જેમાંની ઘણીખરી હાલ પ્રસિદ્ધ થઈ ગઈ છે. એમની કૃતિઓમાંથી અને અન્ય સાધનસામગ્રી દ્વારા એમના જીવન અને કવન વિષે ઉપલબ્ધ થતી માહિતી[૧] પરથી ટૂંકમાં નીચે પ્રમાણે કહી શકાય તેમ છે.

વિનયવિજયનો જન્મ ગુજરાતમાં વણિક જાતિમાં થયો હતો. એમના પિતાશ્રીનું નામ તેજપાલ અને માતાનું નામ રાજશ્રી (રાજબાઈ) હતું.

---

૧ નીચેના ગ્રન્થોમાંથી તેમના જીવન અને કવન અંગે માહિતી પ્રાપ્ત થાય છે:

૧ શ્રી લોકપ્રકાશ : શ્રી વિનયવિજયકૃત (શ્રી જૈન ધર્મપ્રસારક સભા, ભાવનગર, ૧૯૩૪), પ્રસ્તાવના પૃ. ૧૩–૧૪.

૨ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ : લે. મો. દ. દેસાઈ, પૃ. ૬૪૮–૪૯.

૩ જૈન ગૂર્જર કવિઓ, ભા. ૨–૩; લે. મો. દ. દેસાઈ, ભાગ ૨, પૃ. ૪–૧૫, ભાગ ૩, ખંડ ૨: પૃ. ૧૧૦૩–૧૧.

૪ પ્રાચીન ફાગુ–સંગ્રહ : સં. ભોગીલાલ સાંડેસરા, પૃ. ૪૦–૪૨.

૫ નયકર્ણિકા : વિનયવિજયકૃત, સં. ફ. ક. લાલન અને મો. હ. દેસાઈ, પૃ. ૩૩–૫૭.

એમના જન્મસ્થળ કે સમય વિષે કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ થતી નથી પણ એમની કૃતિઓ, પરંપરા અને જનશ્રુતિ પરથી એમનો જન્મ સંવત ૧૬૭૦માં ( ઈ. સ. ૧૬૧૪ ) થયો હોવાનું અનુમાન કરવામાં આવ્યું છે.[૧] આ સંદર્ભમાં તેઓને શ્રી યશોવિજયના ( સંવત ૧૬૮૦–૧૭૪૩ ) સમકાલીન કહી શકાય. એમના અનેક ગ્રન્થોમાં પ્રાપ્ત થતી પ્રશસ્તિ પરથી એ જાણવા મળે છે કે તેઓના ગુરુ કીર્તિવિજય ઉપાધ્યાય હતા, જેઓ પ્રખ્યાત સૂરિ શ્રી હીરવિજયસૂરિના શિષ્ય હતા. એમની ગુરુપરંપરા આ પ્રમાણે આપી શકાય :

- શ્રીહીરવિજયસૂરિ[૨]
  - વાચક કલ્યાણવિજય
    - લાભવિજય
      - નયવિજય
        - પદ્મવિજય
        - યશોવિજય
      - જિતવિજય
  - ઉપાધ્યાય કીર્તિવિજયગણિ
    - ઉપાધ્યાય વિનયવિજય

એક જનશ્રુતિ અનુસાર વિનયવિજય પોતાના ગુરુ કીર્તિવિજય પાસે સર્વ જૈન દર્શનશાસ્ત્રનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી યશોવિજય સાથે અન્ય દર્શનના અભ્યાસ અર્થે કાશી ગયા હતા. આ સમયે કાશીના બ્રાહ્મણોમાં જૈનધર્મીઓ પ્રત્યે તીવ્ર વિરોધવૃત્તિ હતી. તેથી તેઓ પાસેથી વિદ્યા પ્રાપ્ત કરવા વિનયવિજયે અને યશોવિજયે જૈન સાધુવેશનો ત્યાગ કરી વિનયલાલ અને જશુલાલ નામ ધારણ કર્યું અને આ સ્થિતિમાં તેઓએ એક બ્રાહ્મણ ગુરુ પાસે ૧૨ વર્ષ રહી 'છ દર્શનો'નો અભ્યાસ કર્યો.

અભ્યાસ પૂર્ણ કર્યા પછી વિનયવિજય, સાધુવેશ અંગીકાર કરી ગુજરાતમાં જૂનાગઢમાં આવે છે. અહીં રહીને તેઓએ 'લોકપ્રકાશ' જેવા મહાન ગ્રન્થની રચના કરી હતી. વિનયવિજય સંવત ૧૭૧૬ ( ઈ. સ. ૧૬૬૦ )માં સુરતમાં રહ્યા હતા જ્યાં તેમણે 'ધર્મનાથ–સ્તવન' નામની

---

૧ The Naya-Karnika by Vinayavijaya, Ed. M. D. Desai, Introduction, p. 27–28.

૨ લોકપ્રકાશ : વિનયવિજયકૃત : સં. શ્રી વિજયોદયસૂરિ, પ્રસ્તાવના, પૃ. ૮.

૩ નયકર્ણિકા, સંપા, લાલન અને દેસાઈ, પૃ. ૩૯-૪૦.

કૃતિની રચના કરી હતી.[1] સંવત ૧૭૨૩માં ગાધારમાં (મારવાડ) રહીને ' શાંત સુધારસ 'ની રચના કરી હતી. તેઓ સંવત ૧૭૨૮માં રાંદેર મુકામે ચોમાસુ રહ્યા હતા જ્યાં તેમણે આ કૃતિ ' નેમીનાથ–રાજીમતી બારમાસ 'ની રચના કરી હતી. સંવત ૧૭૩૮માં પણ તેઓ રાંદેરમાં ચોમાસુ રહ્યા હતા. અહીં રહી તેમણે એમના પ્રખ્યાત ગ્રંથ ' શ્રીપાલચરિત્ર 'ની શરૂઆત કરી હતી, પણ તે એમના અવસાનને કારણે અધૂરો રહ્યો હતો, જે યશોવિજય ઉપાધ્યાય પૂર્ણ કરે છે.[2]

**કવન**

એમણે સંસ્કૃત ભાષામાં નીચેના ગ્રંથોની રચના કરી છેઃ—

૧ સુબોધિકાટીકા : કલ્પસૂત્ર પર લખાયેલી ટીકા (સંવત ૧૬૯૬), પ્રકાશિત.

૨ લોકપ્રકાશ : જૈન વિશ્વ-લોકનું વર્ણન કરતી, ૨૦૬૨૧ શ્લોક ધરાવતી પ્રશિષ્ટ કૃતિ (સંવત ૧૭૦૮), પ્રકાશિત.

૩ નયકર્ણિકા : જૈનધર્મના તત્ત્વને સમજાવતી નાની કૃતિ, પ્રકાશિત.

૪ હેમ–લઘુ પ્રક્રિયા : હેમચંદ્રના ' સિદ્ધ–હેમ ' વ્યાકરણ પર ટીકા, ૨૫૦૦ શ્લોક, પ્રકાશિત.

૫ શાંતિસુધારસભાવના : ૧૬ ભાવનું વર્ણન આપતી કૃતિ (સંવત ૧૭૨૩, ખંભાત), પ્રકાશિત.

આ સિવાય એમણે ગુજરાતી ભાષામાં અનેક કૃતિઓની રચના કરી છે :—

૧ સૂર્યપુરચૈત્ય-પરિપાટી (સંવત ૧૬૮૯), પ્રકાશિત.

૨ લઘુ ઉપમિતિ ભવપ્રપંચ (સંવત ૧૭૨૩), પ્રકાશિત.

૩ પટ્ટાવલી સજ્ઝાય.

૪ પંચકારણ સ્તવન (સંવત ૧૭૨૩), પ્રકાશિત.

૫ પુણ્યપ્રકાશ (સંવત ૧૭૨૯), પ્રકાશિત.

૬ શ્રી ભગવતીસૂત્રની સજ્ઝાય (સં. ૧૭૩૮), પ્રકાશિત.

૭ શ્રીપાલચરિત્ર (પૂર્વાર્ધ), (સંવત ૧૭૨૮), પ્રકાશિત.

૮ ષડાવશ્યકનું સ્તવન, પ્રકાશિત.

૯ જિનપૂજાનું ચૈત્યવંદન.

૧૦ શ્રી આદિજીન વિનતિ.

૧૧ આંબિલની સજ્ઝાય, પ્રકાશિત.

૧૨ વિજયવિજય વિલાર (વ્રજભાષાની અસર), પ્રકાશિત.

---

૧ ' ધર્મનાથ-સ્તવન ' કાવ્યના અંતે આ પ્રમાણે પ્રશસ્તિ છેઃ સત્તરિસો સોલોત્તરઈ, સૂરતિ રહી ચુમાસ, તવન રચ્યુ મઈ અલ્પમતિ, આતમજ્ઞાન પ્રકાશ, ૧૩૭.

૨ જૈન ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૬૪૮.

૧૩ અધ્યાત્મગીતા.
૧૪ વર્તમાન જિન ચોવીસી, પ્રકાશિત.
૧૫ વિરહમાન જિન વીસી, પ્રકાશિત.
૧૬ ઉપધાન સ્તવન.
૧૭ શ્રી નેમનાથ બારમાસ સ્તવન.
૧૮ પંચ્ચાખાણ સજ્જાય.
૧૯ નેમનાથ ભ્રમરગીતા, પ્રકાશિત
૨૦ જીવકાય જકડી.
૨૧ લાભલોભસંતોષ જકડી.
૨૨ ચૌદગુણસ્થાનગર્ભિત શ્રી મહાવીર સ્તવન.

આમ વિનયવિજય ઉપાધ્યાયનું સાહિત્યસર્જન ઠીક ઠીક વિપુલ છે.

## ૩. સંપાદનપદ્ધતિ અને પ્રતપરિચય

વિનયવિજય ઉપાધ્યાયકૃત 'નેમિનાથ-રાજીમતી બારમાસ' નામની કૃતિ અત્રે રજૂ કરી છે. પ્રસ્તુત કૃતિની એક માત્ર હસ્તપ્રત પરથી તૈયાર કરી આ કૃતિ શ્રી મણિલાલ બકોરભાઈ વ્યાસે 'જૈનયુગ[1]'માં છપાવેલી છે; પણ અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાંથી આ કૃતિની તેનાથી શુદ્ધ અને પ્રાચીન પ્રતો મળી આવવાથી અહીં તે પરથી તેની સમીક્ષિત વાચના, શબ્દકોશ ઇત્યાદિ સહિત રજૂ કરી છે.

પ્રસ્તુત કૃતિના સંપાદનમાં નીચેની ચાર હસ્તપ્રતનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

૧ अ પ્રતઃ સંસ્થાના હસ્તપ્રતગ્રંથભંડારના શ્રીપુણ્યવિજયસંગ્રહમાં તેનો ક્રમાંક ૨૦૩૫ છે. આ ગુટકારૂપ હસ્તપ્રતમાં ૨૫.૫x૨૧.૫ સે.મિ.ના માપનાં કુલ ૧૪ પત્રો છે. એમાં અન્ય કૃતિઓની સાથે તે પત્ર ૧૦-૧૨ પર લખાયેલી છે. આખીય પ્રત દેવનાગરી લિપિમાં ને કાળી શાહીથી લખેલી છે. કૃતિનો આરંભ અને અંત લાલ કરેલા છે. પ્રત્યેક શ્લોકના ક્રમાંક લાલ દંડ દ્વારા દર્શાવવામાં આવ્યા છે. પત્રની બન્ને બાજુ ૩ સેં.મિ.નો હાંસિયો છે, જેમાં પત્રના ક્રમાંક લખેલ છે. પત્રમાં લેખનસંવત પ્રાપ્ત થતો નથી. ગુટકામાં લખાયેલ અન્ય કૃતિઓની ઉતાર્યા સંવત ૧૮૧૫ મળે છે. તેની આ પ્રત પણ સંવત ૧૮૧૫ લગભગ લખાઈ હશે એમ અનુમાન કરી શકાય.

કૃતિને અંતે મળતી પુષ્પિકા પરથી આ કૃતિની રચના સંવત ૧૭૨૮માં શ્રી વિનયવિજય દ્વારા રાંદેર મુકામે થઈ હોય એમ લાગે છે.

નેમ-રાજુલ બેહું મિલ્યાં, પાંમ્યા સુખ અનંત,
**વિનય** સદા સુખ પાંમીઇ, ભજતાં ભગવંત.

૨૬ પંથીઅડા.

---

૧ જૈનયુગ, પુ. ૪ પૃ., ૩૭૪.

સંવત સતર અડાવીસેં, રહી રાંનેર ચોમાસ,
રાજુલ નેમ સંદેસડા, ગાયા હર્ષ ઉલ્લાસ. ૨૭ પંથીઅડા.

ભાષા, લેખન ઇત્યાદિ દૃષ્ટિએ આ પ્રત પ્રાચીન લાગતાં તેને અહીં મુખ્ય ગણી છે.

૨ ब પ્રત : સંસ્થાના હસ્તપ્રતગ્રંથભંડારના શ્રીપુણ્યવિજયસંગ્રહમાં તેનો ક્રમાંક ૫૮૬૦ છે. એમાં કુલે ૩૩ પત્રો છે. પ્રસ્તુત કૃતિ પાનાં ૧૪–૧૫ પર લખાયેલી છે. પત્રનું માપ ૨૫.૮×૧૧.૫ સેં.મિ. છે. પ્રત દેવનાગરી લિપિમાં લખાયેલી છે. આખી કૃતિ કાળી શાહીમાં લખાયેલી છે. આરંભ અને અંત તેમ જ શ્લોકના ક્રમાંક લાલ કરેલા છે. પ્રતમાં લેખનસંવત પ્રાપ્ત થતો નથી. ભાષા અને લિપિ પરથી તે સંવતના ૧૯મા શતકના પૂર્વાર્ધમાં લખાયેલી લાગે છે.

૩ પ્રત क : સંસ્થાના હસ્તપ્રતન્ગ્રથભંડારના શ્રી. લાલભાઈ દલપતભાઈ સંગ્રહમાં તેનો ક્રમાંક ૩૪૬૫ છે. ગુટકારૂપ આ હસ્તપ્રતમાં કુલે ૨૯૫ પાના છે. પ્રસ્તુત કૃતિ પાના ૬૪–૬૫માં ઉતારેલી છે. પાનાનું માપ ૧૬.૮×૧૩ સેં. મિ. છે. આખીય કૃતિ દેવનાગરી લિપિમાં મધ્યમ અક્ષરોમાં કાળી શાહીથી લખાયેલી છે. શ્લોક ક્રમાંક લાલ કરેલ છે. પ્રતમાં લેખનસંવત પ્રાપ્ત થતો નથી. લિપિ અને ભાષા પરથી તે સંવતના ૧૯મા શતકમાં લખાયેલી લાગે છે.

૪ પ્રત ड : સંસ્થાના હસ્તપ્રતગ્રન્થભંડારના શ્રી. લાલભાઈ દલપતભાઈ સંગ્રહમાં તેનો ક્રમાંક ૬૮૧૦ છે. પત્રમાં કુલે ૫ પત્ર, ૨૫.૫×૯.૫ સેં. મિ.ના માપનાં છે. અન્ય કૃતિ સાથે પ્રસ્તુત કૃતિ પાના ૧ પર લખાયેલી છે. સમગ્ર કૃતિ દેવનાગરી લિપિમાં મધ્યમ અક્ષરોમાં લખાયેલી છે. પ્રતમાં લેખન સંવત પ્રાપ્ત થતો નથી, પણ અનુમાને તે ૧૯મા શતકમાં લખાયેલી લાગે છે.

આ ચારે પ્રતોમાં ચોક્કસ લેખનસંવત મળતો નથી, પણ अ ઉપર નોંધ્યું તેમ સંવત ૧૮૧૫ની આસપાસ લખાઈ હોવાનું અનુમાન કરી શકાય તેમ છે તે બધી કૃતિમાં પ્રાચીન છે. તેથી તેનો પાઠ કૃતિના મુખ્ય પાઠ તરીકે સ્વીકારી ब, क અને ड પ્રતનાં પાઠાન્તરો પાદટીપમાં નોંધ્યાં છે. તેમ છતાં અર્થ, છંદ અને ભાષા દૃષ્ટિએ વધારે યોગ્ય લાગે તેવો ब, क અથવા ड પ્રતનો પાઠ મુખ્ય તરીકે સ્વીકારી અન્ય પ્રતોનાં પાઠાન્તરો નોંધ્યાં છે.

વિનયવિજયકૃત

## નેમનાથ–રાજીમતી બારમાસ

[ પંથીઅડા રે સંદેસડા, એ દેશી ]

મગશિર માસ્યેં રે મોહીઓ, મોહનીએ મન;
ચિત માંહિ લાગી ચટપટી, ન ભાવે ઉદક ને અન્ન. ૧

---

૧–૧ ब માગશિર માસિં, क મગસિર માસે, ड મગસરિ માસે. क મોહનીયે.

૧–૨ बड ચિતમાં, क ચિત માહે. ड લગી. ब ઉદક ન ભાવિ અન્ન, क ભાવિં ઉદક ન અન્ન, ड ભાવે ઉદક ન અન્ન.

પંથીઅડા રે સંદેસડો, કહેંજ્યો નેમને એમ;
છટકીનેં છેહ ન દીજીઈ, નવ ભવનો પ્રેમ. ૨ પંથીઅડા૦

ક્ષેત્ર ફૂલ્યાં સવી સાલનાં, ગાઈ ગોપી રે ગીત;
કાંમકલારસ કેલવેં પીઉ વાલો નેં ચીત. ૩ પંથીઅડા૦

પોસ્યેં રોસ ન રાખીઈ, પ્રોયાસ્યું વિણુ દોષ;
એ દિન કાયા પોસઈ, ન કરો તપઅ સોસ. ૪ પંથીઅડા૦

ટાઢેં રે ગાઢ પરાભવ્યાં, જઇઈ કુંણુ પાસ;
નાહ નીઠુર મેલી ગયો, સૂંનેં રે આવાસ. ૫ પંથીઅડા૦

નાહ વિના માહ માસની, રયણી નવી જાય;
સૂંની રે સેજેં તફડતાં, વરસાં સો થાય. ૬ પંથીઅડા૦

પ્રહ ઊઠી પ્રીઉં પ્રેમસ્યું, જમીઈ ઊન્હાં રે અન્ન;
ઘર આવો તો વાહલા, ઘણું કરું રે જતન. ૭ પંથીઅડા૦

---

૨-૧ ब પંથિઅડા, ड પંથિડા. ब કહિયો, क કહ્યો, ड કહજયો. ब નેમનઈ, कड નેમને.

૨-૨ ब છટકીને છેહ, कड છટકી છેહ. क દીજીયે, ड દીજીએ.

૩-૧ बकड ખેત્ર. कड ફૂલ્યા. ब સવિ સાલિનાં, क સવિ સાલણા, ड સવિ સાલિના. ब ગોપી ગાઈ ગીત, क ગાયે ગોપી ગિત, ड ગાવે ગોપિ ગીત.

૩-૨ बक કામકલા. ब કેલવઈ, कड કેલવે. ब પ્રિઊડા વાલો ચિત્ત, क પીઉ વાલ્હો ચિત, ड પિઉ વાલો ચિત.

૪-૧ ब પોસિં, क પોસે, ड પૌસે. ब રાખીઈ, क રાખીયે. ब પ્રીઆસ્યું. क પ્રીયાસું, ड પિયા.

૪-૨ ब પોસીઈ, क પોસીયે, ड પોસિયે. बकड તપ સોસ.

૫-૧ ब ટાઢિ ગાઢાં, क ટાઢે ગાઢ, क તાઢિ ગાઢ. अ પર્યાભવ્યા, क પરાભવ્યા. ब જઈઈ કુણુ પાસિ, क જઈયે કુંણુ પાસ, ड જઈ કુણુ પાસ.

૫-૨ ब નિઠુર મેહલી, क નિઠુ મેલ્હી, ड નિઠુર મેલી. ब સૂનઈ આવાસિ, क સુને આવાસ, ड સુનિ આવાસ.

૬-૧ क માહ મહીને માસની, ड નાહ વિના રે માહ માસની. बक ન વિહાય, ड નવિ જાય.

૬-૨ ब સૂની સેજઈ, कड સુની સેજે. अब તલફતાં, क તલપતાં. अ પણ વર, क વર સાસો.

૭-૧ ब પ્રહિ ઉઠી, क પ્રહ ઉઠી. ब પ્રિઉ પ્રેમસ્યું, क પ્રીઉ પ્રેમસું, ड પિઉ પ્રેમસું. ब જિમીઈ, कड જિમીયે. ब ઉનાં અન્ન, क ઉના અંન, ड ઓના અન્ન.

૭-૨ ब ઘરિ. ब કરું રે, कड કરુ રે. अब યતન્ન, ड પતન.

તેલ તંબોલ નેં તુલીકા, તરૂણી તન્ન તાપ;
સેજ સજ્જાઈ સજ કરો, ન હોઈં સીત સંતાપ. ૮ પંથીઅડા૦

ફાગુણના દિન ફૂટડા, જો હોઇ પ્રીઉસ્યું સંગ;
ખેલું લાલ ગુલાલસ્યું, ચઢતેં ઉછરંગ. ૯ પંથીઅડા૦

ભોલી રે ટોલી સવિ મલી, હોલી રે ખેલંત;
કંત વિછાયાં માંણુસાં, એ દિન રે સાલંત. ૧૦ પંથીઅડા૦

ચૈત્રેં તરુવર ચિતર્યાં, ફુલી વનરાય;
પરિમલ મહકેં કુસુમના, મધુકર ગુણ ગાય. ૧૧ પંથીઅડા૦

જો પ્રીઉ એહ વસંતમાં, ઘરે આવી વસંત;
તો મુજ હીયડું હેજસું, કુંપલ વિહસંત. ૧૨ પંથીઅડા૦

વૈસાખેં સાકર જસી, પાકી આંબા રે સાખ;
પ્રીસ્યું હું કરી કાતલી, પ્રીઉડા રે રસ ચાખ. ૧૩ પંથીઅડા૦

જેઠેં રે મીઠી છાંહડી, દેઈ પ્રીઊ ગલેં બાંહિ;
વનવાડી આરાંમમાં, રમીઇં રે ઉછાંહિ. ૧૪ પંથીઅડા૦

---

૮–૧ ब તંબોલ નઈ તૂલિકા, क તંબોલ નેં તૂલીકા, ड તંબોલિ નેં તુલિકા.
૮–૨ बक સજ કરું, ड સજ કરૂં. बक તન. ब નો હઈ, क ન હોયે, ड ન હુવે.

૯–૧ ड ફાગુણરા. कड ફુટડા. ब હોઈ પ્રિઉસ્યું, क હોઈ પ્રિઉ, ड હૂવે પ્રિયું.
૯–૨ क ગુલાસું, ड ગુલાલસું. ब ચઢતઈ, कड ચઢતે.

૧૦–૧ बक ભોલી ટોલી, ड ભોલિ ટોલિ. ब મિલી, ड મિલિ. क હોલી ખેલંત.
૧૦–૨ बक વિછોહ્યાં, ड વિછોહાં. बक દિન સાલંત, ड દિનિ સાલંત.

૧૧–૧ ब ચૈત્રઈ, क ચિત્રેં,ड ચૈત્રે. क તરુઅર, ड તરવર. बड ચીતર્યાં. बड ફૂલી. अ વન્નરાય.
૧૧–૨ ब બહકઈ, क મહકે, ड લહકે.

૧૨–૧ बड પ્રિઉ. ड એ વસંતમાં. बकड ધરિ. क આવિ, ड આવો.
૧૨–૨ ड જો. ब હિઅડું, ड હિયડો. बक હેજસ્યું. क પરિમલ વિહસંત, ड કુંપલિ વિકસંત.

૧૩–૧ ब વેશાખિ, क વૈસાખે, ड વૈશાખે. क જિસી. ब અંબ શાખ, क આંબાં સાખ, ड આંબા સાખિ.
૧૩–૨ ब પ્રીસું હું, क પ્રીઉસ્યું હું, ड પ્રિસું હું. बड કરિ. बक પ્રિઉડા રસ, ड પિયુડા રસ. बड ચાખિ.

૧૪–૧ ब જેઠિ, क જેઠે, ड જ્યેષ્ટે. क મિઠી. ड દઈ. ब પ્રિઉ, क પીઉ, ड પિઉ. बकड ગલ. कड બાંહ.
૧૪–૨ ड વાડિ આરામ. ब રમીઈ, कड રમીયે. अ ઉશાહ, कड ઉછાહ.

ભરી ખંડો ખલી કુંકમેં, કેસર નેં કપૂર;
આવો હો નેમજી ઝીલીઈ, રીસ મુંડો રે દુર. ૧૫ પંથીઅડા૦

આસાઢેં આવ્યો ઉનહી, ચિહું દિસેં ઘનઘોર;
મંદિર આવો મોહનાં, કાંઈ થાવો કઠોર. ૧૬ પંથીઅડા૦

ગયલ થડુકેં ધુંધલો, મોરાં કહે રે કિંગાર;
વીજલડી જબ જબ કરેં, અબલા કુંણ આધાર. ૧૭ પંથીઅડા૦

શ્રાવણ શ્રવણે રે મેં સૂણ્યો, જગમાં વરસંત;
પીઉ જોવાનેં અલજ્યો, નયણે નીર ઝરંત. ૧૮ પંથીઅડા૦

નીલંબર ધરતી ધરેં, જલધર પ્રીઉ સંગ;
પ્રીઉ પટોલી લાવજ્યો, નીલડેં રે રંગ. ૧૯ પંથીઅડા૦

ભાદ્રવેં જલ ઉમટયાં, ભર્યા નદીય નીવાંણ;
પ્રાંણવલભ મુંજ વેગલો, કિંમ રાખું રેં પ્રાંણ. ૨૦ પંથીઅડા૦

રાતિ વિહાય અતિ દોહલી, જપતાં તુંજ નાંમ;
સાજન સાચૂં માનયો, નયણે નીંદ હરાંમ. ૨૧ પંથીઅડા૦

---

૧૫-૧ ब ભરીઅ, क ભરીય, ड ભરીયે. ब કમકમઈ, कड કમકમે. बकड કેસર કપૂર.
૧૫-૨ ड આવોને. क ઝિલીયેં, ड ઝીલીયેં. ब મૂંકો દૂરિ, कड મૂકો દૂર.

૧૬-૧ क આસાઢે. क આવી ઉનયો, बड આવીઉ નાહ્યો. ड ચિહુ. बड દિશિ, क દિસ.
૧૬-૨ ड આવો ને મોહના. ब કાંઈ થાવો, क કાં થાવો, ड કા થાઉ.

૧૭-૧ ब થડૂકિ, क થડુકે, ड થડકે. ड ધુધલો. बक મોર, ड મોરા. ब કરઈ કિંગાર, क કરે કિંગાર.
૧૭-૨ क વિજલડી, ड બીજલી. ब કરેં કરઈ, कड કરે. ड કોણ આધાર.

૧૮-૧ ब શ્રવણ મિં સૂણ્યો, कड શ્રવણે મે સુણ્યો.
૧૮-૨ ब પ્રિઉ, क પીઉ, ड પિઉ. ब જોવાનિ, क યોવાને, ड જોવાને. ब અલજ્યા, ड અલજ્યાં. बकड નયણાં.

૧૯-૧ अड નીલવરણ. बकड ધરણી. ब ધરઈ, कड ધરે.
૧૯-૨ ब પ્રિઉ, क પીઉ, ड પિઉ. अब મુનેં, ड મૌને. बक લ્યાવજો, ड લાવયો. ब મનિ આંણી રંગ, कड મન આણી રંગ.

૨૦-૧ ब ભાદ્રવડઈ, कड ભાદ્રવડે. अ ઉલહ્યા, क ઉલટે, ड ઉલટયાં. बक નિવાણ, ड નહિ રે નિવાંણ.
૨૦-૨ बढ પ્રાણવલ્લભ. कड કિમ. ब રાખુંજી પ્રાણ, कड રાખું પ્રાણ.

૨૧-૧ बक વિહાઇ દોહિલી, ड વિહાયે દોહિલી. ब તુમ, क તુમ્હ, ड તુજ.
૨૧-૨ ब સાચું માનયો, क સાચુ રે માનયો, ड સાંચો માંનયો. क નયણે, ड નયણાં.

આસોઈ આસ્યા દોહલી, જિમ વાલિમ દૂરિ;
પીઉ સાથેં દીવાલડી, દીઈ સુખ ભરપુર. ૨૨ પંથીઅડાં૦

નીર નિવાણે નિંતર્યાં, થયા મારગ સુદ્ધ;
આવો પ્રિઉ અવસર થયો, આંણિ હેત બુદ્ધ. ૨૩ પંથીઅડા૦

કાતી રે માતી રે કાંમિની, રાતી પ્રીઉ રે સંગ;
દેખી મુજ મન ઉલ્લસઈ, તુંમ સેવા રે સંગ. ૨૪ પંથીઅડા૦

એહવા સુણી સંદેસડા, નેમજી કહઈ ચંગ;
મુગતિ મંદિરમાં આવજ્યો, મિલસ્યું મન રંગ. ૨૫ પંથીઅડા૦

નેમ–રાજુલ બેહું મિલ્યાં, પાંમ્યા સુખ અનંત;
**વિનય** સદા સુખ પાંમીઈ, ભજતાં ભગવંત. ૨૬ પંથીઅડા૦

સંવત સતર અઠાવીસેં, રહી રાંનેર ચોમાસ;
રાજુલ નેમ સંદેસડા, ગાયા હર્ષ ઉલ્લાસ. ૨૭ પંથીઅડા૦

ઈતિશ્રી નેમનાથ–રાજીમતી બારમાસ સંપૂર્ણ:

---

૨૨–૧ ब આસ્યો, कड આસો, ब આસા, क આસ્યો. बकड દોહિલી. बकड જસ. बक વાલિંભ. ड દૂર.

૨૨–૨ ब પિઉ, ड પ્રિયું. बड સાથિં, क સાથે. ड દીવાલડી. ब ધઈ, क દે, ड દૈ.

૨૩–૧ ब નિવાણે. बकड નીતર્યાં. ब શ્રુદ્ધ.

૨૩–૨ अ આવો તો, क આવ્યાનો, ड આવાનો. ब આંણી હિત, क આણો હિત, ड હિત આણો. ब બુદ્ધિ.

૨૪–૧ ब કાતી માતી કામિની, क કાતી માતી કામની, ड માતી કાંમિની. ब રાતે, ड રાતિ. ब પ્રિઉ સંગ, क પીઉ સંગ, ड પ્રિઉં સંગ.

૨૪–૨ ड દેખિ. अ ઉલસ્યેં, क ઉલસે, ड ઉલસેં. बड તુમ્હ. बकड સેવા રંગ.

૨૫–૧ આ ગાથા પ્રત अમાં નથી. પણ ब, क અને डમાં છે. कड સુણી રે સંદેસડા. कड કહે.

૨૫–૨ ब આવ્યો, क આવયો. क મિલસું, ड મિલસ્યાં.

૨૬–૧ ड નેમજી રાજુલ. ड બે મિલ્યાં.

૨૬–૨ ड વિનય કરી. ब પામતાં, क પામિયે, ड પામીયો.

૨૭–૧ ब અઠાવીસઈ, क અઠાવીસે, ड સતાવીસે. क રિહયા, ड રહ્યાં. बकड રાનેર. ब ચોમાસિ, ड ચૌમાસ.

૨૭–૨ ब નેમિ રાજુલ, ड નેમજી રાજૂલ. बक હરખ. कड ઉલાસ.
ब ઇતિશ્રી નેમિનાથ બાર માસ સ્તવનં.
क ઇતિશ્રી નેમનાથની બારે માસી સંપૂર્ણ.
ड ઇતિશ્રી નેમજી ગીતં.

## કઠિન શબ્દાર્થ

[ કડીસંખ્યા પછીના ક, ખ, ગ, ઘ અનુક્રમે ૧, ૨, ૩, ૪ના સંકેત ચરણના **સંકેત છે.** ]

| | | | |
|---|---|---|---|
| અલજયો | ૧૮ ગ | અભિલાષાવાળા | |
| આંણિ | ૨૩ ગ | લાવીને | [ सं. आ + नीय પરથી ] |
| આવજયો | ૨૫ ગ | આવજો | [ सं. आया ] |
| આવાસ | ૫ ઘ | રહેવાનું ઘર | [ सं. आ + वस् પરથી ] |
| આસ્યા | ૨૨ ક | આશા | [ सं. आशा ] |
| ઉછરંગ | ૯ ઘ | આનંદ | [ प्रा. उच्छल પરથી ] |
| ઉછાંહિ | ૧૪ ખ | ઉત્સાહથી | [ सं. उत्साह ] |
| ઉદક | ૧ ઘ | પાણી, જળ | [ सं. उदक ] |
| ઉલ્લસઈ | ૨૪ ઘ | ઉમંગ, આનંદ | [ सं. उल्लस ] |
| ઊન્હા | ૭ ક | ગરમ, ઉષ્ણ | [ सं. उष्ण ] |
| એહ | ૧૨ ક | એ | [ सं. इदम् ] |
| કંત | ૧૦ ગ | પતિ | [ सं. कान्त ] |
| કહેંજયો | ૨ ખ | કહેજો | [ सं. कथ्, प्रा. कह પરથી ] |
| કાતલી | ૧૩ ગ | કાતરી, કટકો | [ सं. कतित ] |
| કિંગાર | ૧૭ ખ | મોરનો કેકારવ | [ खानाकारी ] |
| કુંકમે | ૧૫ ક | કંકુ | [ सं. कुंकुम ] |
| કુણ | ૧૭ ઘ | કોણ | [ सं. कः पुनः ] |
| કેલવે | ૩ ગ | કેળવવું | [ सं. केल ] |
| ક્ષેત્ર | ૩ ક | ખેતર | [ सं. क्षेत्र ] |
| ગયણ | ૧૭ ક | આકાશ | [ सं. गगन ] |
| ચંગ | ૨૫ ખ | સુંદર | [ सं. चंग ] |
| ચાખ | ૧૩ ઘ | જીભથી સ્વાદ જોવો | [ सं. चक्ष ] |
| ચિહું દિસે | ૧૬ ખ | ચારે દિશામાં | [ सं. चतुर्दिश ] |
| ચોમાસ | ૨૭ ખ | ચોમાસુ, વર્ષાઋતુ | [ चातुर्मास ] |
| છાંહડી | ૧૪ ક | છાયો | [ सं. छाया ] |
| છેહ | ૨ ગ | દગો | [ सं. छेह ] |
| જતન | ૭ ઘ | સાચવણી | [ सं. यत्न–यतन પરથી ] |
| જલધર | ૧૮ ક | વાદળ | [ सं. जलधर ] |
| જસી | ૧૩ ક | જેવી | [ सं. यस्य પરથી ] |
| તંબોલ | ૮ ક | ખાવાનું નાગરવેલનું પાન | [ सं. तांबूल ] |
| તરુણી | ૮ ખ | યુવાન સ્ત્રી | [ सं. तरुणी ] |
| તુલીકા | ૮ ક | રૂની ગાદી, તળાઈ | [ सं. तूलिका ] |
| થડુકે | ૧૭ ક | ધડકવું, થડકવું | |
| થાવો | ૧૬ ઘ | થાવ | [ सं. अस्ति ] |

| | | | |
|---|---|---|---|
| દીજઈ | ૨ ગ | આપવું | [ सं. दीयते, प्रा. दिज्जइ ] |
| દીવાલડી | ૨૨ ગ | દિવાળી | [ सं. दीपोत्सवी ] |
| દોહિલી | ૨૧ ક | મુશ્કેલ | [ सं. दुर्लभ ] |
| નયણે | ૧૮ ઘ | આંખે | [ सं. नयन ] |
| નાહ | ૫ ગ | પતિ | [ सं. नाथ ] |
| નીઠુર | ૫ ગ | ક્રૂર | [ सं. निष्ठुर ] |
| નીલંબર | ૧૯ ક | ગળીના રંગનું વસ્ત્ર | [ सं. नीलांबर ] |
| નીલડે | ૧૯ ઘ | ભૂરા રંગનું | [ सं. नीला ] |
| પરાભવ્યા | ૫ ક | પરાજય, પામ્યું | [ सं परा + भू ] |
| પરિમલ | ૧૧ ગ | સુગંધ | [ सं. परिमल ] |
| પ્રહ | ૭ ક | પોહ, પ્રહર | [ सं. प्रहर, प्रभात ] |
| પ્રાણવલભ | ૨૦ ક | પતિ | [ सं. प्राण + वल्लभ ] |
| બાંહિ | ૧૪ બ | હાથ, બાવડું | [ सं. बाहा ] |
| બેહું | ૨૩ ક | બન્ને | [ सं. द्वि + खलु ] |
| મહકે | ૧૧ ગ | ફોરવું | [ सं महक ] |
| મધુકર | ૧૧ ઘ | ભમરો | [ सं. मधुकर ] |
| મુગતિ | ૨૫ ગ | મુક્તિ, મોક્ષ | [ सं. मुक्ति ] |
| રયણી | ૬ ખ | રાત | [ सं. रजनी ] |
| રાંનેર | ૨૭ ખ | રાંદેર, સૂરત પાસેનું એક ગામ | |
| રાતી | ૨૪ ખ | રક્ત વર્ણની | [ सं. रक्त ] |
| લાવજ્યો | ૧૯ ગ | લાવજો | |
| વનરાય | ૧૧ ખ | ઝાડી | [ सं. वनराजि ] |
| વસત | ૧૨ ખ | રહેવું, વસવું | [ सं. वस् પરથી ] |
| વાલિમ | ૨૨ ખ | પ્રિયતમ | [ सं. वल्लभ ] |
| વિછોયા | ૧૦ ગ | છૂટાં પડેલાં | [ सं. वि + क्षुभ् પરથી ] |
| વિણુ | ૪ ખ | વિના, વગર | [ सं. विना ] |
| વિહસંત | ૧૨ ઘ | મંદ મંદ હસવું, ખીલવું | [ सं. विहसत ] |
| વિહાય | ૨૧ ક | છોડીને, ત્યજીને | [ सं. विहाय ] |
| વેગલો | ૨૦ ક | દૂર, અલગ | [ सं. वि+गत ] |
| શ્રવણે | ૧૮ ક | કાને | [ सं. श्रवणे ] |
| સવિ | ૧૦ ક | સર્વે, બધા | [ सं. सर्वे ] |
| સાખ | ૧૩ ખ | ઝાડ પર પાકેલું ફળ | [ सं. शाखा પરથી ] |
| સાલંત | ૧૦ ઘ | ખટકવું | [ सं. शल्य ] |
| સીત | ૮ ઘ | ઠંડું, શીતલ | [ सं. शीत ] |
| સેજે | ૬ ગ | પથારી | [ सं. शय्या ] |
| હેજસું | ૧૨ ગ | ઉમળકાથી, હેતથી | [ सं. हेत ] |

# દેવહર્ષકૃત ‘ડીસાની ગઝલ’

**અગરચંદ નાહટા**

મધ્યકાલીન જૈન કવિઓએ ભારતના અનેક પ્રાંતો અને ગ્રામનગરોનું વર્ણન પોતાના ગ્રન્થોમાં કર્યું છે. એમાંના કેટલાક ગ્રન્થો તો ખૂબ ચિત્રોપમ, સરળ અને મનોહર છે. કેટલાંક વર્ણન ગદ્યમાં પણ મળે છે. મેં સંપાદિત કરેલ ‘સભાશૃંગાર’ તથા મારા વિદ્વાન મિત્ર ડૉ. ભોગીલાલ સાંડેસરાસંપાદિત ‘વર્ણક સમુચ્ચય’માં એવાં કેટલાંક સુંદર તુકાંત ગદ્યાત્મક વર્ણનો પ્રસિદ્ધ થયાં છે.

પ્રદેશ તથા નગર ગ્રામવર્ણનોમાં બંગાળની ગઝલ તથા નાગોર, બીકાનેર, આગ્રા વગેરે સ્થાનોની ગઝલો ઉલ્લેખપાત્ર છે. કવિ દીપવિજયકૃત ‘વડોદરાની ગઝલ’ ડૉ. સાંડેસરાએ ‘સાહિત્ય,’ ફેબ્રુ. ૧૯૩૨માં છપાવી છે તથા દેવહર્ષકૃત ‘પાટણની ગઝલ’ તેમણે ‘ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક’, એપ્રિલ–સપ્ટેમ્બર, ૧૯૪૮માં છપાવી છે. ‘ભાવનગરની ગઝલ’ મેં ‘સ્વાધ્યાય’ પુ. ૬ અંક ૨માં પ્રગટ કરેલી છે. એ જ રીતે પ્રસ્તુત લેખમાં ખરતરગચ્છીય ઉપર્યુક્ત કવિ દેવહર્ષરચિત ‘ડીસાની ગઝલ’ પ્રગટ કરવામાં આવે છે જેની એક માત્ર ઉપલબ્ધ પ્રતિ અમારા અભય જૈનગ્રન્થાલયમાં છે. એ પ્રતિનાં છ પત્ર છે. એના પહેલા અને છેલ્લા પત્રમાં તથા વચ્ચેનાં પત્રોના હાંસિયામાં ભિન્નાક્ષરોમાં કેટલાંક પદ્ય લખેલાં છે. પત્રાંક ૧ ब થી ૬ अ સુધીમાં સુંદર અક્ષરોમાં ગઝલ લખેલી છે, પણ એમાં કેટલેક સ્થાને પંક્તિઓ છેકી નાખી છે. કેટલેક ઠેકાણે તો છેકેલી પંક્તિઓના બદલાનો પાઠ પ્રતિની કિનારી ઉપર લખ્યો છે. પણ કેટલેક ઠેકાણે છેકાયેલા પાઠને સ્થાને નવો પાઠ લખવાનું રહી ગયું છે. સંભવ છે કે કવિએ અથવા પ્રતિના લખનારે પાઠપરિવર્તન બાદ શુદ્ધ નકલ કરવાનો વિચાર કર્યો હશે પણ એ વિચાર પૂર્ણ નહિ થયો હોય. આ ગઝલની બીજી પ્રતિ નહિ મળવાને કારણે પ્રાપ્ત પ્રતિમાંથી જે પાઠ મળે છે તે અહીં પ્રગટ કરવામાં આવે છે.

‘ડીસાની ગઝલ’ના રચનાર કવિ દેવહર્ષ ખરતરગચ્છની ભટ્ટારક શાખા જેની ગાદી બીકા-નેરના બડા ઉપાશ્રયમાં છે તેના આચાર્ય શ્રી જિનહર્ષસૂરિના આજ્ઞાનુવર્તી હતા. તેમણે રચેલી ત્રણ કૃતિઓ અમારા ગ્રન્થાલયમાં છે. ‘પાટણની ગઝલ’ની બે પ્રતો અમારી પાસે છે. જો કે એનું પ્રકાશન ઉપર નિર્દેશ કર્યો છે તે મુજબ વર્ષો પહેલાં થઈ ગયું છે. દેવહર્ષકૃત ‘સિદ્ધાચલ’ છન્દની તેમના જ હસ્તાક્ષરોમાં લખાયેલી પ્રત અમારા સંગ્રહમાં છે જેનું પહેલું પત્ર ગૂમ થઈ ગયેલું છે. ત્રીજી કૃતિ તે આ ‘ડીસાની ગઝલ’. ત્રણે કૃતિઓ ગુજરાત અને સૌરાષ્ટ્રને લગતી છે. જો કે કવિનું મૂળ વતન રાજસ્થાન હતું.

‘ડીસાની ગઝલ’માં પ્રારંભે પાંચ દુહા, એક ગાથા અને એક દુહો છે તથા ત્યારબાદ ગઝલ શૈલીનાં પદ્ય શરૂ થાય છે જેને કવિએ ‘હનુફાળ છન્દ’ની જાતિની સંજ્ઞા આપી છે. અનેક

ગઝલોમાં વર્ણન પ્રાયઃ એકસરખું હોય છે પણ સ્થાનિક વિશેષતાઓનું વર્ણન વધુ મહત્ત્વ ધરાવે છે. ડીસાના અવધૂત યોગીઓનો ઉલ્લેખ છઠ્ઠી કડીમાં છે. શેખફરીદ, સાત સૈયદ વગેરે મુસ્લિમ સ્થાનકો તથા હિન્દુ મન્દિરોનો એ પછી ઉલ્લેખ છે.

ડીસાના શાસક મુસલમાન દીવાન હતા પણ હિન્દુ પર્વો પણ તે ઊજવતા હતા. તેઓ પહેલાં આગ્રાના બાદશાહના દીવાન હતા પણ પછી રાજસ્થાનના ઝાલોર સાથે એમનો સંબંધ થયો હતો. તેમના પૂર્વજોનાં નામ આપ્યાં છે તે ઐતિહાસિક રીતે અગત્યનાં છે. અન્ય રાજ્યાધિકારીઓના નામ પણ મળે છે. ૯૭મી કડીમાં દીવાનની સવારીનું વર્ણન છે. કડી ૧૧૮માં કવિએ લખ્યું છે કે આ ગઝલ તેમણે દીવાનની મુલાકાત લેવા માટે રચી છે. સંભવ છે કે દરબારમાં તે રજૂ કરવામાં આવી હોય. જો કે કવિતાની દૃષ્ટિએ તે સાધારણ છે.

ઉત્તર ગુજરાતમાં આવેલ ડીસાની મુલાકાત હું લઈ શક્યો નથી, પણ ડીસાની વર્તમાન સ્થિતિ સાથે આ ગઝલમાંના વર્ણનની તુલના કરવી જોઈએ. એમાં જણાવેલ સ્થળો, મહેલો, અને દેવસ્થાનો અત્યારે કેવી સ્થિતિમાં છે એ ત્યાંના કોઈ જાણકાર જ કહી શકે. આશરે ૧૬૫ વર્ષ પહેલાંનું આ વર્ણન છે.

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના સ્થાનવર્ણનની જે રચનાઓ મને મળી છે તે ક્રમશઃ પ્રકાશિત કરવાનો પ્રયત્ન હું કરીશ.

## ॥ अथ दीसानी गजल लिख्यते ॥

॥ दूहा ॥

चरण कमल गुरु लाय चित, गजल करू सुखदाय ।
कै प्रतिवौधी, दृढ़ कीया विपुल सुग्यांन बताय ॥ १ ॥

वीन उपदेशकथीरजुं, पहिर खुसी नही होय ।
हीरामणि माणिक सही, लीला कविजन लोय ॥ २ ॥

धरनीली धाणधारमे मुणियल नर सुभ गाँम ।
नग कण रस कस नीपजै, धवल नवल सुख धाँम ॥ ३ ॥

सकल लोक सेवा करै, प्रबल विहार पठांण ।
तीयूं विराजै राज रिध, दीली पत दीवांण ॥ ४ ॥

॥ गाहा ॥

सरस वचन अमरापुरस्वामिण गीरवर रमती हंसा गामण
काली त्रिपुरा तुहींज कांमण वचन विलास दीयै विरूदामण ॥ ५ ॥

॥ दूहा ॥

विरूद वड़ा बाणी विमल, महियलमै सु प्रमाण ।
गाउ गुण दीसा गुहिर, सीद्ध माता सुध थांन ॥ ७ ॥

॥ छंद आविहनूंका ॥

समरू देवी अंबासीद्ध, वीघन विडार दीयै धन वृद्ध ।
सम सत देवका सन्मांन नौबत घुरतज्जस नीसांन ॥ १ ॥

महियल विहार कै मुख्वीक, उपैं सुजस बल उर्व्वीक ।
आदम अवलीया रखवाल, परदल करत है पैमाल ॥ २ ॥

प्रथ्वी अभय दौलत गीर, सायर वहेत जिहां लगे सीर ।
झाड़ सुझाड़ गीरवर मौर, शट् ऋत फलत सारवा जौर ॥ ३ ॥

अरणीसा गहै अखरोट, अंब कंदब केली कोठ ।
मासुक मस्कती मैवाक, अह निसि करत खग सेवाक ॥ ४ ॥

नदियां नीर बहै नालाक, झरणा झरत मतवालाक ।
नाहर गुंजते मद नाल, फिर लंगुर मारै फाल ॥ ५ ॥

राजत राजपुर अवधूत, जोगारंभ मै मजबूत ।
श्री गुरु दत्त के गौपाल, हैं रघुनाथ पुरी रखवाल ॥ ६ ॥

सिंगी सबद संख सुग्यांन, धरते अटल पदका ध्यांन ।
पासै करामात है पूर, चूगली चौंर का मद चूर ॥ ७ ॥

चिहूं दिस खूब है उद्यान, गावत धवल मंगल ग्यांन ।
भांजै भीड़ सैखफरीद, मुकत्म सवै कहित मुरीद ॥ ८ ॥

सइद सातका अनुमान, स्थी रहै खूब मीरां थांन ।
माता सप्तका मंडीक, चांमल देवता चंडीक ॥ ९ ॥

गणपत देव गवरी नंद, सुजस तेज बुध समंद ।
भैख़ भूमिया भूपाल, डमरू हाथ डाक डमाल ॥ १० ॥

घुघर चरण मे घमकैक, डाकण साकणि धड़कैक ।
बलवंत वीर है बुजरक हाजर सैवका हजरक ॥ ११ ॥

जलंदर नाथ है जंगीक, संख सुग्यांन कै संगीक ।
मस्तक मुकट मैं गंगाक, अंग बभूत धरो मंगाक ॥ १२ ॥

अर्द्धंग उपती उमयाक, दाहिद्र दूरसब दलयाक ।
बहती तरंगी बन्नास, नीरमल नीर बारौ मास ॥ १३ ॥

लरकदसगांमंजुलंकाक, दीसा दुरंगत्युं बंकाक ।
गैबी बुरज नव चौगरद, माहै वसत गाजी मरद ॥ १४ ॥

चिहुं दिस द्वारमनोहर च्यार, न लगे बाण गोलामार ।
ठीक सुथांन जाके क्षमहे अभिराम, आठै सिद्ध नवनिद्ध सदा जाके नाँम ॥ १५ ॥

संपत सदा धात है सवर्ण, विपुल सुध बुध आठै वर्ण ।
तापर खूब मतवालाक, चौकी फिर रहै पालाक ॥ १६ ॥

सइयद सेख मुगल पठांण, जबरदीन का घर जांण ।
ब्राह्मण सुद्र खेत्री वैंश, हिंदू मांहे च्यारे हंस ॥ १७ ॥

झलके खूब कोटीसाक, हिमत मरद मारे हाक ।
कैसी भुवन की कुल वट, छाजां गौख जाली थट ॥ १८ ॥

मोती महेल मनग मताक, रावतवेव तिहा रहे ताक ।
दरिया महेल है दिलदार, चंदणी चौक तिहां बाजार ॥ १९ ॥

करते बिणज साहूकार, भरीया लक्ष्मी भंडार ।
वोहरा विणाजते दील पाक, पारख रुप्पईया केवाक ॥ २० ॥

स्वर्ण सुघाट सोनारेक, त्रांबड़ घड़त कंसारेक ।
बिबुध गुमान है बजाज, कपड़ बेचते क्रजाज ॥ २१ ॥

जबर झवेरी जड़ियाक, गिलकर सूत्रधर कड़ीयाक ।
सुखड़ी करतहिलवाईक, खातां होत सुखदाईक ॥ २२ ॥

लाखण साई मोती चूर, मगदल सेवीया भरपूर ।
महेसुर पतासे मंज्याक, घेवर मुरकीयो गंजाक ॥ २३ ॥

झुके भाड़ भड़ भूंजेक, गबरु भरत है गुंजैक ।
तीखे पान तंबोलीक, तुं नगरधाम है तेलीक ॥ २४ ॥

सरइये हाटपरखूब है श्रीकार, कृष्ण अगर मृगमासार ।
अतर गुलाब है चंबेल, फरके वासना फुलैल ॥

चुड़ा चूड़गर पक्काक, जी नगर सलाट है सक्काक ।
धोबी धोते है दील साफ, कुंदी करत कपड़े पाक ॥ २५ ॥

लोहा कसत लोहारैक, वांझा कैई वीणजारैक ।
गांधी हाट पर गज्जाक, मीसरी बाँटते मजाक ॥ २६ ॥

माली फूल के गज्जरैक, श्री दीवांण के मुज्जरैक ।
जोधां जोर भर जुवांत, कमनी लाल है कबांन ॥ २७ ॥

छैंपाज्या नगर न्याराक, बंगड़ी करत मीणयाराक ।
नव २ भांतकी न्यारीक, ताजी खूब तरकारीक ॥ २८ ॥

गिलै फरोस करतै ढ़ैर, खातां मुलक की नैजैर ।
नारी अजब नर के ताक, सौदा लेत मनगम ताक ॥ २९ ॥

पोढीसकटउटीमाल, वज्जन कस्सभी हमाल ।
घांचा चुनगर घांचीक, मिसरू काम सै गाचीक ॥ ३० ॥

खासा काम है खइयात, नव नव वसत है कैई न्यात ।
करते खूब पटुया कांम, दील रीझाव लेते दांम ॥ ३१ ॥

रंगते खरादी पंचरंग, तंबू चोब है उत्तंग ।
मैमन मस्त है मैंजुज, डबगर सीकलीगर तैजुज ॥ ३२ ॥

हिम्मतदार भी हल्लाज, रोकड़ दाम भरै गल्लाज ।
रंगत पां भरी रंगरेज, कसै दौज है महैरैज ॥ ३३ ॥

तीरगर ढ़ाल गरताईक, गंभ्रप गारडी नाईक ।
मेणामेर है माछीक, अश्रुत जात कैई आछीक ॥ ३४ ॥

पवन छत्तीस वर्ण अढार, नव धर्म है निरधार ।
रवीमासेवरैं नही खेद, ब्राह्मण पढ़त ब्रह्मावेद ॥ ३५ ॥

जोगी जंगम है दरवेश, जोग जुगत संकर वैश ।
धरतै ध्यांन नीसवादीस, सिरी दीवांण कु आसीर ॥ ३६ ॥

दरसण श्रेष्ट कै रखवाल, परजा खूब है प्रतिपाल ।
मुहता लखत मंडी दांण, पोठी ऊंटके के परमाण ॥ ३७ ॥

देवल जैन का ध्वज डंड, उत्तम कलश ता पर मंड ।
छाजां कोरणी छत्रीक, पूजा चढ़त फल पत्रीक ॥ ३८ ॥

झगमग जोत सुविकल कैक, कुंडल कांन मैल कैक ।
महिमा सोभती मकरंद तीनै लोक कै है स्कंद ॥ ३९ ॥

सुर नर करत सेवा समुह, आठै कर्म कीनै अमोह ।
धरमी धीर जाकै द्वार, कर दोय जोड़ साहूकार ॥ ४० ॥

मंदिर जोत मुलकै थाट, गावत महिरीयोगहि गाट ।
जैनी देव के दरबार, नागम्दी की बजत नौबत द्वार ॥ ४१ ॥

कहै संगीत कहै ईयाक, तांन मृदंग ततथै ईयाक ।
वंसरी अधर धर वाजैक, मोर मुगट छबि छाजैक ॥ ४२ ॥

दीलमै मदन काहै कपट, इत उत रुक्मणी की लपट ।
मौतन माल कंठ अफल, कुंडल कानमें कला फूल ॥ ४३ ॥

रमती सदा लछमी रैल, विसनी वैस चीत्रावैल ।
चीत्तालंक चंपक वरण, सेवक दुख दालिद हरण ॥ ४४ ॥

सीताराम लछमन सैव, भजते चरण हनूमंत भैव।
पांडव पांच कुंता मात, पुज्यां होत निरमल गात ॥ ४५ ॥

मेद सुजाण सुणजो भाव, दरगा दीनका वरणाव।
आलम साइ की असलूक, महिनत खूब हेमि सलुक ॥ ४६ ॥

सिंगी काम आछै रंग, जुमा महिल जबर जंग।
महमद अवलीया महबूब, कलमा पढ़त फल्लां खूब ॥ ४७ ॥

निरंजन अलख तुरंहि मांण, प्रथ्वी आदि जुग मंडाण।
महोरग सहस अख वाखांण, कुदरत तेरी है कवांण ॥ ४८ ॥

फूलां वासनां तील तेल, पांणी घृत एकण मैल।
आकार निराकार तुं परचंड, धुया थी सूक्ष्म प्राणनयंड ॥ ४९ ॥

है पायालथी उडाक महियल मेरथी बडाक।
कांसा सबद गे बीजांण, खोज्या जिणै पायाग्यांन ॥ ५० ॥

चैतन मन भूत जु पंच, खालक खुदा सरगति संच।
संकट हरण सांई साज, जंगी जोर है जीहाज ॥ ५१ ॥

मास असाढ़ अंबर गाज, माणु नाल गोला अवाज।
चिंहु दिसि घटा उमटी मेघ, द्रवकै विरही नारी उपेग्र ॥ ५२ ॥

श्रावण घटा सरवर नीर, हींचत हींडोलै हर हीर।
नाजुक नारि पंकज नैन, करती प्राणपती सु वैन ॥ ५३ ॥

पाग सुरंग बांधण प्रेम, निरमल देव दरसण नेम।
पचरंग भादवा घर सुत, बादल झरत भखी दूत ॥ ५४ ॥

काम कटाक्ष जेसा वांण, ताड़त नयण से दे तांण।
पपीया मोर करत पुकार, नदियां बहै नीर अपार ॥ ५५ ॥

आसो मास उजल रयण, दधिसुत झरत अमृतगयण।
स्वाती बुंद वरसत सघन, खेलत रास प्रिय सु मगन ॥ ५६ ॥

काती मास दिवालीक, घर घर दीप उजुयालीक।
झांखी झरोखा है झोक, सजि सिणगार सोलै थोक ॥ ५७ ॥

विविध विलास भामनी गयल, माणत लाल काती महेल।
मगसीर मास चमकै सीत, उढ़ण दुसालै सूत वीत ॥ ५८ ॥

महेरी मर्द सैया रीक, वेचक लाल अटारीक।
पोसै सीत फरकै पवन, वीरही सेल भोजन कीवन ॥ ५९ ॥

सातै सुख है परवीन, मोज समंद सुलय लीन।
उमग्यौ मदन मन उमाह, जप तप करत ग्यान उछाह ॥ ६० ॥

राणा राव घरथे रीत, गावत धवल मंगल गीत ।
फरकै खूब फागुन मास, भर पिचकारी गावत भास ॥ ६१ ॥

भीजत कंचुकी सुकमाल खेलत फाग लाल गुलाल ।
चंपक चैत्र गुलाबीक, भवीयण वशंत मन भावीक ॥ ६२ ॥

सब वनराय की सेलीक, विकसी वेल अलवेलीक ।
मंदिर सेज सवारीक, विलसै रंग नरनारीक ॥ ६३ ॥

माधव मास है वैशाख, बोलै पीक आबा शाख ।
जंतर ताल लीयै मृदंग, नीरमल नारि नर उछरंग ॥ ६४ ॥

ग्रीष्म ऋतु जेठ विसाल, खसके महेल सुंदर ख्याल ।
निस दिन ससी सविता जोत, तिमर विडार करै उद्योत ॥ ६५ ॥

खासा राज कारखानाक दपतर लखत परमानाक ।
ताला वरौ के है तीलक, महिमा खूब जाकी मुलक ॥ ६६ ॥

हय गय रथ पायक घाट, मौज समंद घुमैहि माट ।
बारौ मास है उद्दार, दिन दिन होत दै दै कार ॥ ६७ ॥

जंतर माहै ज्युं वीसाक, यैसा नगर है दीसाक ।
अब कहुं राज की औलाद, करतेगगसेती वाद ॥ ६८ ॥

सानिध जेतली सुविसाल, मःसा. आनंद मंगलमाल ।
परगट राजकी जिहा प्रौल, जुगतै घुरत जांगी ढोल ॥ ६९ ॥

नौबत घुरत जसनीक्राक, जाणुं राजका टीकाक ।
राजत बीच रंगत महेल, चंगी कमल सै चीत्रैल ॥ ७० ॥

॥ दूहा ॥

कमल २ चढ़ती कला, दीली पत दीवाण,
जालिम गछ जालोरीयां, पेला मनावै आंण ॥ १ ॥
समसत जन सेवा करै, विहारी के दरबार,
छमा विराजै अमर छव लख दल चढ़ती लार ॥ २ ॥

॥ छंद ॥

गाढ़ा काम गजगीरीक, वैठक राज वजीरीक
मछी महेल मन मानीक, ओपम कौरणी आनीक ॥ ७१ ॥
तखता नौखता जैताक, चंदणी चूप है केताक ।
बंगला रावटी छवि जौर, चकझुक घुमती चिंहु कौर ॥ ७२ ॥

वाऊ फरौस भम्मर गौख, श्री दीवांण करहे जौख।
बुंदी राव जु हाडाक, लड़ते मल्ल त्युं माढ़ाक ॥ ७३ ॥
मद महमंत ज्युं मस्तीक, कम्मर जोर भर कुस्तीक।
न लोपै लीह जाकै नांम, गव्वर असी सट सै गांम ॥ ७४ ॥
नदा भेरीयौ भण नाद, वीण मृदं ध्वनि कै वाद।
परथम आगरै परमांण, श्री पतसाह कै दीवांण ॥ ७५ ॥
देग अरु तेग जु अजमैर, जालिम अरी कीतै जैर।
नव नव कला है नब्बीक, छाजत अमर की छब्बीक ॥ ७६ ॥
पुन्य प्रकास तु पुन्नाक, चहु दिस विदिस जस दुन्नाक।
मजलस मर्द मुछाल, दील दरियाव दुंदालाक ॥ ७७ ॥
गढ़ जालोर के गंभीर, बके खान है बड़बीर।
प्रबल पठांण जालम वंस उसमा खांन है अवतंस ॥ ७८ ॥
सिरी दीवांण सम सेरखांन, अखंडीत राज लछमीवांन।
सुत है सेरखां सुलतांन, थरकै मुगल अरुमुलतांन ॥ ७९ ॥
जैसी किरण की है भलक, लहै तप तेज कायम ललक।
मानी मर्द मे मालम, जाकी भुजा है जालम ॥ ८० ॥
पहैरण नवग्रह परधान, जुहर जडाव के जरीयान।
मुक्ता स्वेत है मही नंद, गोमेदा राहु नीलम इंद ॥ ८१ ॥
केतु सुर गुरु बुध वृध, हीरा जडत माणीक मध।
दक्षिण वृत्त फेर प्रमांण, साते वार नव ग्रह जांण ॥ ८२ ॥
पाना आदितत् एव जांण, फिर कैसम ग्रह प्रमांण।
आलम लोक सुख के इलम, जगमें नाम जादे जुलम ॥ ८३ ॥
मीया लाल गुरु वताव, असलुफवा करस कीत्ताव।
आलीमवाली व अरज, कवलै दो जाती कें सरज ॥ ८४ ॥
दामजले हु दीन दयाल, कीलकै देव गुण हीरसाल।
वैद विरुद महिता वीमल, कीर सुंगध खीलतकमल ॥ ८५ ॥
सुभा श्रवा जाकी धीर, वीरुद वडाल है वजीर।
तारा खूब महेता जांण, वलाभला है वाखांण ॥ ८६ ॥
अजरा अमर कोठारीक, दोला भ्रात सुखकारीक।
रोकड़ खूब भरिया दांम, करते राज का सब कांम ॥ ८७ ॥
राजे खान है महेरांण, भुजबल भीम जुवांखांण।
नसरत तुंय रहै नीस्संक, वाकां नरां काढ़ण वंक ॥ ८८ ॥

चांमड देव जीता जीक, गहिर गंभीर जसगाजीक ।
महुजीवा वडा महेताव, दिन दिन होत चड़ते दाव ॥ ९० ॥
साहिब खांन भीखन खांन, मौज समंद जस महिरांण ।
उमेद खांन चित्त उदार, परगट खूब हे परमार ॥ ९१ ॥
हीसमबाज खां मजबूत, रावत माहै ज्यूं रजपूत ।
सिरी दीवांण के सुखसीर, येसी कचेरी अमीर ॥ ९२ ॥
परगट होत नवनीध पूर, हाजर सदा रहै हजूर ।
गढ़ चित्तौड़ जं गाजैक, महिपत नरां सिरछाजैक ॥ ९३ ॥
सिरी दीवांण के सीरकार, बावन खूब वजेदार ।
इजमत दारखी जमतखूद, गाजी मरद राजी सूद ॥ ९४ ॥
सीधी सुभट मुगल पठांण, ज्यालिम रोहिले जुवान ।
नव नव पात्रयां नाचैक, वेहदमौर चंग वाजैक ॥ ९५ ॥
......जोरलहर तेकर, चोरचुगल्ल घर हरतेक ।
अग्र दीवांणऽसवारीक, फावै भली फोजदा... ॥ ९७* ॥
नोवत धरत जब डंकाक, गील बील करत ऽरी संकाक ।
खीजमत करै खाना ज़ाद, जीतै जंग वादो वाद ॥ ९८ ॥
जोर जुवान है जो पैस, फर फरदार चाकर पैस ।
कुलट कुरंग है केकाण, चड़ते आपसीरी दीवांण ॥ ९९ ॥
वैढें मरद सादाक पाल परघ है प्यादाक ।
वाजी वेग तेजी वाह कोतल कुदते उच्छाह ॥ १०० ॥
सोवन साज सजोड़ाक घुमर देत है घोड़ाक ।
सबजी कवज केहे सबल, चंचल जरद तेजी चपल ॥ १०१ ॥
भालादार रकेवदार, वंदुक दार है चौवदार ।
बैरख आखी बाजेक, तवल तांस तीठा जैक ॥ १०२ ॥
काछी खूब घोड़े कलल, गज सामंत करते गलल ।
सीर पर सखर गेंडा ढाल, तीलक सिंदूर सोभै भाल ॥ १०३ ॥
श्रावण मेघ जु साथीक, हीरा गजस्युं हाथीक ।
जरकसलाल हू दासज, गाढ़ै राव सुंदर गज ॥ १०४ ॥
डंका जीतका नीसांन, उमटी घटा जु असमांन ।
दिलमें धरी मन सोभाग, वापी खूब समसेर बाग ॥ १०५ ॥
चंपक राम चंबेलीक, फूली बेल अलवेलीक ।
मोगघर लाल गुलजा सूल, डमरा मालती के फूल ॥ १०६ ॥

---

* ૭'૬ ૯૬ મૂળ પ્રતમાં ફાટી ગયેલા છે.

जाई जुई भीमरुयाक, गुण गुलाब है गीरुयाक।
सयतुतसरो गुलमचकुंद लैबू सीता फल के वृंद ॥ १०७ ॥
श्रीफल खजूरी चंगीक, द्राखव दांम नारंगीक।
आबलि लिंब है ऽरणाक केलि वौल सिरी किरणाक ॥ १०८ ॥
डाढ़िम जामफल जांबूक निरमल सुगंध वहै अंबूक।
करत वीलास पंखी तीर तरुवर फूल फल गहगीर ॥ १०९ ॥
दादर पप्पीया गहकैक, कोयल अंब पै कोहकैक।
तीतर मोर है तुरराक मधुकर परै वा घुरराक ॥ ११० ॥
लक लक लोडणी दुर राज, बतकां बाज हैवर राज।
सारस सुवटा सोहंत मनोहर श्रेणि बग मोहंत ॥ १११ ॥
चकवा चकवि चानक चुगत, यैसा बाग आछी जुगत।
पणघट भरै पनिहारीक, निरमल नीर की झारीक ॥ ११२ ॥
रंभा रूपनै अनुहार, गहमह अतरसैं अलगार।
चीत्ता लंकि चंदा बदन, महिरी अजब जोबन मदन ॥ ११३ ॥
वीफै नौखरुमता पैर, फिरसंजाख पीली फैर।
द्रग है दोऊ चंचल मृग दामणि सीस फुलै लग ॥ ११४ ॥
वासग वैणी मोहन वेल, अधर प्रवाल अमृत रेल।
रागां रंग मै गुलतांन, मुखमै चावती है पान ॥ ११५ ॥
जेहर घुघ्घरा घम्मकार रण रण मै धरी रणकार।
पहिरण सुरंग अंबर खास, श्रावण तीज मन उल्लास ॥ ११६ ॥
नाजुक तरुणी है नारीक, पैखत वीरही जनप्यारीक।
बांभण भुजा सख फलकैम, अखर ग्यान है मुझ यैम ॥ ११७ ॥
कीनी गजल मीलवा काज, सिरी दीवांण मेटण साज।
छीज रस रोम रहै अंभ मैरी बुध जिमलखु उंम ॥ ११८ ॥
वर्णव कीधयै सुविसाल सुणता कुसल मंगल माल ॥ ११९ ॥

॥ कलशः ॥ छप्पय कवित्त ॥

सुणतां मंगल माल देव कुसल गुरु वंछीत।
दाता चुगली चोर मदचूर सदा सुख आपै सात।
चंद्र गछ सीर चंद गुरु जिण हर्ख सुरी स्वर गाजै
प्रतपोद्रय जिम पूर भज्यां सब दालिद्र भाजै
पुन्य सुजस कीधो प्रगट, जिह्वा सिद्ध अंबा मात धणी।
कवि देवहर्ष मुखथी कहै दीये सुजस लीला घणी ॥ १ ॥

॥ कवित्त छप्पय ॥

सकल कुसल वरमाल ठवी कंठै महाराजा ।
ख्यागबलखल दल चूर बाजै वली सुजसकी बाजा ।
चंद्र गछसी स्वंद जिन हर्ष सुरी खर राजै ।
प्रतपो द्रूय जिम पूर भज्या सब दालिद्र भाजै ।
धन्य उदय कीधो प्रगट जिहा सीद्ध अंब दीसा धणी ।
कवि देवहर्ष मुख थी कहै, लहै सुजस लीला घणी ॥ २ ॥

इति श्री दीसानी गजल देवहर्षकृतसंपूर्णम ॥ श्रेयस्तु ॥ सुभं भूयात् ॥

## વધારાનાં પદ્યો

बाहिर खूब पड़कोटाक, जबर बुरज है जोटाक
कम्मर जोर भर कुस्तीक, मदमहमंत ज्युं हस्तीक ।
कम्मर जोर पैल जुवान चंगे जंग सु चौगान
लड़तेमसभी गाढ़ाक, जुड़ते मुल्ल अषाढ़ाक ।
साचा एक सांई—

॥ सपखरो ॥

वाजा वाघीया मुछा मरोड, सजीवगत ए साजा कोड ।
सिंधिया पठांणाथाणादला मेल वाजेनरी द्रीह
काछीया छुड़के दीह भुजा लाहगला भीमकेवाडा
विरुदा कीजे सूर वीर हाक वाजे लोपै कुण आडा ।
धका धूयां धूयां धरा गीनेवीने कायरा कपाय ।
मणीधरा पुराला कीरचा कीरचा कीधी ।
आमी सामी दोटखेहरा वगला उडे
धणके धुकारे सल सले नागसेस झड़ता उझाड झाड़ा
अपाण वाण गोला उडै गाढ़ी रीत लीया गढ़ कोट
मेवास कीया जोर गाठी आणदाण वरताई राज आज
तुंही सोभता सुजांण फतेगढ़वाला छबीट
गाला लुबा झुवां मोतीया लोधारा तुही मतवाला सिंधीया विहाण ।
मेवास भास किया जेर जीत का नगारा फेर जब दिल सुरतांण
गाजे राज आज तुही सोभत सुजांण ।
विपुल सुबुध आठे वरण, सेवत राज का सुभ चरण,
गुण गुलाब जु क्यारीक, वधती वेल नर नारीक
वर्ण अठार छतीस पौर नव नव धर्म नीरमल जोर
काम कटाक्ष लोवण वाण ताड़त नयण से देतांण
झाखां झरोखा हे कोक सजी सिणगार सोले खोक
पवन छतीस वरण अढार नव नव धर्म है निरधार
अतर गुलाब है चंबेल, फरकेश वासना फुलेल
सरइये सुबध मृगमद सार
अष्ठागार श्री किरतार ।

# ગુજરાતીમાં પોર્ટુગીઝ શબ્દોનું આદાન*

કાન્તિલાલ બ. વ્યાસ

બે પ્રજાઓનો સંપર્ક થાય ત્યારે એક ભાષામાંથી બીજી ભાષામાં શબ્દોનું આદાન સહજ રીતે થાય છે. આદાનપ્રદાનની આ પ્રક્રિયા કેટલાક સામાન્ય નિયમોને અધીન રહીને પ્રવૃત્ત થાય છે. પ્રજાઓ વચ્ચેના આવા સંપર્કો કાં તો વેપારઉદ્યોગને નિમિત્તે થતા હોય છે; કાં તો એ કેવળ સાંસ્કૃતિક સંબંધો હોય છે; કે કાં તો એક પ્રજા બીજી પ્રજા ઉપર આક્રમણ કરીને એને પરાજિત કરીને એના ઉપર વર્ચસ્ જમાવે એથી એમની વચ્ચે એક પ્રકારના રાજકીય સંબંધો બંધાય છે. પુરાતન ગ્રીકો અને પ્રાચીન ભારતીય આર્ય પ્રજા વચ્ચેનો સંબંધ એ શુદ્ધ સાંસ્કૃતિક સંબંધ હતો. આરબો અને ભારતીય આર્ય વચ્ચે ઈ. સ.ની પહેલી સહસ્રીમાં ઘનિષ્ઠ સંબંધ હતો; એને કેવળ વ્યાપારસંબંધ કહી શકાય. સોળમા સૈકામાં એવી જ રીતે પોર્ટુગીઝો સાથે ભારતનો વ્યાપારસંબંધ બંધાયો હતો. એ પછી અંગ્રેજો પ્રથમ વેપારી પ્રજા તરીકે ભારતમાં આવ્યા, અને પછીથી વિજેતા બન્યા, એ એક વિશિષ્ટ રાજકીય સંબંધ બની રહ્યો, જેને પરિણામે ગુજરાતી આદિ નૂતન ભારતીય ભાષાઓમાં પુષ્કળ પ્રમાણમાં અંગ્રેજી શબ્દોનો પ્રવેશ થયો.

અંગ્રેજોની પૂર્વે પોર્ટુગીઝો સાથે ભારતનો સંબંધ થયો હતો. પોર્ટુગીઝોએ એમનાં મુખ્ય થાણાં ગુજરાતમાં અને પશ્ચિમ ભારતને કિનારે નાખ્યાં. અંગ્રેજોની પૂર્વે ઠીક ઠીક સમય સુધી ગુજરાતનો પોર્ટુગીઝો સાથે આ પ્રકારનો સંબંધ રહ્યો હતો. એને પરિણામે ઠીક ઠીક સંખ્યામાં પોર્ટુગીઝ શબ્દો ગુજરાતીમાં પ્રવેશ્યા. સદ્. સાક્ષરવર્ય નરસિંહરાવ દીવેટિયા[1] જેવા વિદ્વાનોએ આ રીતે ગુજરાતીમાં આયાત થયેલા પોર્ટુગીઝ શબ્દો તરફ ધ્યાન ખેંચ્યું છે. ઉ. ત. એમણે દર્શાવ્યું છે કે અનનાસ, આફૂસ, પાયરી, બટેટાં, તમાકૂ, કાજૂ, ઈસ્કોતરો, પાદરી, મેજ ઇ. શબ્દો પોર્ટુગીઝમાંથી ગુજરાતીમાં આવ્યા છે.

પરંતુ આ આદાન આટલું જ પરિમિત નથી. આથી ઘણા વધારે પ્રમાણમાં પોર્ટુગીઝ-માંથી ગુજરાતીમાં શબ્દો આવ્યા છે. ઉ. ત. નીચેના, ગુજરાતીમાં આજે અતિ પ્રચલિત શબ્દો પોર્ટુગીઝમાંથી આવ્યા છે. એમાંના ઘણા તો ભાષાના એટલા બધા અંગભૂત શબ્દો છે કે એ અન્ય કોઈ પારકી ભાષામાંથી આયાત થયા હોવાની કલ્પના પણ ન આવે. નીચે એમાંના કેટલાક મહત્ત્વના શબ્દો નોંધ્યા છે અને એમનાં મૂળ પોર્ટુગીઝ રૂપો પણ સરખામણી માટે આપ્યાં છે.

---

* ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ના પચીસમા (જૂનાગઢ) અધિવેશનમાં ૨૭-૧૨-૧૯૬૯ને દિવસે વાંચેલો નિબન્ધ.

૧ જુઓ : N. B. Divatia, 'Gujarati Language and Literature', Vol. I, pp. 58-59.

| ગુજરાતી શબ્દ | એનું મૂળ પોર્ટુગીઝ રૂપ | ગુજરાતી શબ્દ | એનું મૂળ પોર્ટુગીઝ રૂપ |
|---|---|---|---|
| અરમાર | Armário | કોબી | Couve |
| આયા | Aia | લિલામ ( પારસી બોલીમાં 'લિલાઉ' ) | Leilao |
| બાલદી | Balde | મિજાગરું | Visagra |
| બંબો | Bomba | મેજ | Mesa |
| બાંક | Banco | પોલિસ | Policia |
| બતેલો ( વહાણનો એક પ્રકાર ) | Batel | પુરાવો | Prova |
| બોયું ( સમુદ્રમાં તરતું 'બોયુ' ) | Boia | રતલ | Arrátel |
| બૂચ | Bucha | સાબૂ | Sabao |
| ચાહ | Chá | ટાંકી | Tanque |
| ગાર્દી ( ગોલંદાજ સૈનિક ) | Guarda | તિજોરી | Tesouraria |
| ઈસ્ત્રી | Estirar | તોફાન | Tufao |
| જુગાર | Jogar | ટુવાલ | Toalha |
| કારતૂસ | Cartucho | મિસ્ત્રી | Mestre |

આટલા તો પ્રથમ નજરે જ પોર્ટુગીઝમાંથી આવેલા સંભવે એવા શબ્દો અહીં નોંધ્યા છે. એ શબ્દો વિદેશી છે, એમનું ધ્વનિસ્વરૂપ પોર્ટુગીઝની અત્યંત સમીપ છે, અને એ અર્થના અંગ્રેજી શબ્દોના ધ્વનિસ્વરૂપથી એટલું ભિન્ન છે, કે એ પોર્ટુગીઝમાંથી આવ્યા વિષે કોઈ શંકાને સ્થાન નથી.[૨] આ ઉપરાંત પોર્ટુગીઝો સાથે ગુજરાતનો દીર્ઘકાલીન સંબંધ જોતાં બીજા

---

૨ પોર્ટુગીઝને ઘણે અંશે મળતી આવતી, એ જ વંશની, ફ્રેન્ચ ભાષામાંથી પણ આ શબ્દો આવ્યા નથી, એ નિશ્ચિત છે. ફ્રેન્ચો સાથે ભારતનો સંબંધ નહિવત્ હતો; ફ્રેન્ચોનો સંબંધ વિશેષતઃ દક્ષિણ ભારતના કેટલાક પ્રદેશો સાથે જ હતો. ઉપરાંત, આ શબ્દોનાં ફ્રેન્ચ પ્રતિરૂપોનું ધ્વનિસ્વરૂપ ગુજરાતીમાં અવતીર્ણ શબ્દોથી ઘણું જુદું પડી જાય છે. ઉપર ચર્ચેલા શબ્દોમાંથી કેટલાકનાં ફ્રેન્ચ પ્રતિરૂપો નીચે આપ્યાં છે એ સરખાવતાં પ્રતીતિ થશે કે ગુજરાતીમાં અવતીર્ણ આ શબ્દો ફ્રેન્ચમાંથી આવ્યા હોવાનો સંબંધ નથી.

| ફ્રેન્ચ શબ્દ | ઉચ્ચારણ | અંગ્રેજીમાં અર્થ |
|---|---|---|
| ( French ) banc | ( pr. bāk ) | = bench |
| ,, Bateau | ( pr. ba'to ) | = boat |
| ,, Bouée | ( pr. bu'e ) | = a buoy |
| ,, Bûche | ( pr. byj ) | = a champ of wood |
| ,, Jouer | ( pr. zwe ) | = to gamble |

ઘણા પોર્ટુગીઝ શબ્દો ગુજરાતીમાં આવ્યા હોવાનો સંભવ છે. તો, એથી ઉલટપક્ષે પોર્ટુગીઝે પણ અંગ્રેજીની માફક ભારતીય ભાષાઓમાંથી કેટલાક શબ્દો ગ્રહણ કર્યા હોય એ અસંભવિત નથી. પણ એ એક જુદા અધ્યયનનો વિષય બને છે. અહીં માત્ર પોર્ટુગીઝમાંથી ગુજરાતીમાં થયેલ આદાન સંબંધે થોડીક પ્રારંભિક વિચારણા કરી છે.

---

| ફ્રેન્ચ શબ્દ | ઉચ્ચારણ | અંગ્રેજીમાં અર્થ |
|---|---|---|
| ,, Joueur | (pr. zwœ : r) | = gambler |
| ,, Cartouche | (pr. Kartaʃ) | = a cartridge |
| ,, Chou | (pr. ʃµ) | = cabbage |
| ,, Police | (pr. p ɔ'lis) | = police |
| ,, Savon | (pr. sàvɔ) | = soap |
| ,, Trésor | (pr. trezɔ : r) | = Treasure |
| ,, Toile | (pr. twal) | = linen, linen-cloth. |

# વિલક્ષણ કવેસાર

છોટુભાઈ સુથાર

આકાશસ્થિત તારાઓની આપણી ઓળખ એમના રૂપરંગને આભારી છે. તારાઓના રંગ એમનાં ઉષ્ણતામાનના દ્યોતક છે. પીળા રંગનો સૂર્ય લાલ તારા કરતાં વધુ નરમ અને નીલા તારા કરતાં વધુ ઠંડો છે. આકાશી પદાર્થો અંગેનું આપણું જ્ઞાન વર્ણપટના દૃશ્યપટ (નીલાથી લાલ રંગ સુધી)ને આભારી છે. વિદ્યુત ચુંબકીય મોજાં પૈકી કેવળ ઉપર્યુક્ત દૃશ્યપટનાં મોજાં દ્વારા જ આપણે તારા સૃષ્ટિનું નિરીક્ષણ કરતા આવ્યા હતા. ઈ. સ. ૧૯૩૧માં ખગોળની એક નવી શાખાનો—રેડિયો ખગોળનો ઉદ્‌ગમ થયો અને વર્ણપટના દૃશ્ય વિભાગ દ્વારા વિશ્વને જોવાની અવકાશી બારીમાં રેડિયો મોજાં દ્વારા વિશ્વનો પરિચય કરવાની એક બારીનો ઉમેરો થયો; અને ત્યારે વિશ્વનું, તે સમય સુધી, પ્રકટ ન થયેલું સ્વરૂપ ધીરે ધીરે આપણી સમક્ષ છતું થવા લાગ્યું.

રેડિયો ખગોળના વિકાસ સાથે રેડિયો દૂરબીનોનો વિકાસ થતો ગયો અને અવકાશસ્થિત અનેક રેડિયો ઉદ્‌ગમોની શોધ થઈ. ચાક્ષુષ દૂરબીનો પ્રકાશના માધ્યમ દ્વારા અવકાશી પદાર્થો અંગેની માહિતી પ્રાપ્ત કરે છે જ્યારે રેડિયો દૂરબીનો અવાજ દ્વારા. અવકાશી પદાર્થોના અવાજ રેડિયો દૂરબીન દ્વારા પકડાય છે અને એ રીતે એમનાં આભ્યંતરનો તાગ મેળવાય છે. બધા જ આકાશી પિંડો અવાજ કરતા હોય છે એવું નથી. વળી અવાજ કરનારા બધા આકાશી જ્યોતિઓ એક સરખા હોય છે એવું પણ નથી. કેટલાક મોટા આકાશી પદાર્થો ઓછો અવાજ કરે છે તો કેટલાક નાના વધુ.

રેડિયો ખગોળના આવિર્ભાવ પહેલાં આપણા તારાવિશ્વ (મંદાકિની વિશ્વ)ના સ્વરૂપનો આપણને કશો જ સ્પષ્ટ ખ્યાલ ન હતો. દેવયાની વિશ્વ તેમજ ત્રિકોણ વિશ્વને જોઈ એમ કલ્પના કરવામાં આવતી હતી કે આપણું તારાવિશ્વ મોટે ભાગે દેવયાની તારાવિશ્વ જેવું છે, પણ રેડિયો ખગોળે દર્શાવી આપ્યું કે આપણું મંદાકિની વિશ્વ સારી રીતે વિકસેલા બાહુઓવાળું તારાવિશ્વ છે. (ચિત્ર માટે જુઓ 'આપણું વિશ્વ' પૃ. ૧૫૬, ૧૫૮.)

રેડિયો ખગોળે મંદાકિની વિશ્વના સ્વરૂપને પ્રકટ કરવા ઉપરાંત આપણા વિશ્વમાંના તેમજ એની બહારના અનેક રેડિયો ઉદ્‌ગમોનો પત્તો લગાડ્યો છે, આપણા તારાવિશ્વના બાહુઓમાં આવેલા આંતર્તારકીય દ્રવ્યને કારણે ચાક્ષુષ દૂરબીનો દ્વારા વિશ્વનું દર્શન થવું મુશ્કેલ હતું. દૃષ્ટિનો એ અવરોધ રેડિયો દૂરબીનમાં બાધક નીવડતો નથી. ૨૧ સે. મી.ની તરંગલંબાઈનાં હાઈડ્રોજનનાં મોજાંને પકડી આંતર્તારકીય દ્રવ્યમાં ખૂબ ઊંડે સુધી ડોકિયું કરી શકાયું છે અને એ રીતે મંદાકિની વિશ્વનું સ્વરૂપ પ્રકટ થયું છે.

પણ વાત એટલેથી અટકી નથી. ૨૧ સેં. મી.ની તરંગલંબાઈથી ભિન્ન અન્ય તરંગલંબાઈનાં રેડિયો મોજાં દ્વારા અવકાશી પદાર્થોનાં રહસ્યો છતાં થવા માંડ્યાં છે. ૨૧ સેં. મી.ની તરંગલંબાઈ દ્વારા શિથિલ હાઈડ્રોજન અવાજ વિકિરિત કરે છે અને તે ઠંડું વિકિરણ ગણાય છે, જ્યારે અન્ય તરંગલંબાઈ પરનું ગરમ. સૂર્ય અને બીજા તારાઓનું રેડિયો દૂરબીન દ્વારા નિરીક્ષણ કરવામાં આવે છે ત્યારે તે અવાજ કરતા હોવાનું માલૂમ પડતું નથી. આનું એક કારણ તેમનું રેડિયોતરંગોનું બહુ નબળું, વિકિરણ છે. સામાન્ય રીતે વિસરિત ( Diffuse ) ઉદ્‌ગમો શક્તિશાળી રેડિયો વિકિરણ કરતા હોય છે. આવા ઉદ્‌ગમોના ચુંબકીય ક્ષેત્રમાં ઝડપી વેગવાળા ઇલેક્ટ્રોન ગતિ કરતા હોય છે. આ ઇલેક્ટ્રોન ચુંબકીય ક્ષેત્રમાં સર્પિલ ( Spiral ) ઢંગથી ધસતા રહે છે અને એ કારણે રેડિયો વિકિરણ થતું રહે છે.

આજે તો સૂર્ય અને ગુરુ જેવા ગ્રહો રેડિયો વિકિરણ કરે છે તેની ભાળ મેળવવામાં આવી છે, એટલું જ નહીં પણ કેટલાક અન્ય બિંદુ ઉદ્‌ગમોની પણ ભાળ મેળવાઈ છે. વાત એમ બનેલી કે ચંદ્રદ્વારા તારાઓનાં વિધાન ( ચન્દ્રબિંબ પાછળ તારાનું ઢંકાઈ જવું )નો અભ્યાસ ચાલતો હતો ત્યારે અમુક એક રેડિયો ઉદ્‌ગમનું પણ વિધાન થવાનું હતું. ખગોળશાસ્ત્રીઓએ માનેલું કે રેડિયો ઉદ્‌ગમ ( એમના મતે પ્રસરિત રેડિયો ઉદ્‌ગમ ) જેમ ચન્દ્ર પાછળ ઢંકાતો જશે તેમ એમાંથી મળતા અવાજની માત્રા કમ થતી જશે, પણ બન્યું સાવ જુદું. રેડિયો ઉદ્‌ગમનું વિકિરણ એકદમ બંધ થઈ ગયું. અને આમ સૂચ્યગ્ર ( Pin point ) રેડિયો ઉદ્‌ગમની ખોજ થઈ. આ બન્યું ઈ. સ. ૧૯૬૦માં. ત્યાર પછી ૧૯૬૩માં બીજા ત્રણ એવા રેડિયો ઉદ્‌ગમો મળી આવ્યા છે. બાદમાં બીજા પણ મળી આવ્યા છે. ખગોળશાસ્ત્રીઓએ આ પ્રકારના રેડિયો ઉદ્‌ગમોને કવેસાર ( કવેસાઈ સ્ટેલર રેડિયો સોર્સીસ ) કહ્યા છે.

કવેસારની શોધ થતાં એમના અભ્યાસનું કામ શરૂ થયું. સૌથી પહેલાં જે કવેસારની તપાસ આરંભાઈ તેનું નામ છે ૩ સી ૪૮ ( કેમ્બ્રિજના ત્રીજા કેટલૉગમાંનો ૪૮મો તારો ). ઈ. સ. ૧૯૬૦માં એ. આર. સાન્ડેજ નામના ખગોળશાસ્ત્રીએ એના વર્ણપટનો સૂક્ષ્મતાથી અભ્યાસ કરી જાહેર કર્યું કે એ કવેસારના વર્ણપટમાં દેખાતી ઉત્સર્જન રેખાઓ ( Emission Lines ) કયા રાસાયણિક તત્ત્વોની છે તે કળી શકાતું નથી. આ એક મોટા આશ્ચર્યની વાત હતી. ત્યાર પછી જડેલા બીજા કવેસારોના રંગપટની ઉત્સર્જન રેખાઓનો અભ્યાસ કરતાં એની એ જ બીના માલૂમ પડી. એ રેખાઓ દ્વારા ઇંગિત થતા દ્રવ્યનાં તેમજ એ રેખાઓનાં રહસ્ય પામી ન શકાયાં.

ઈ. સ. ૧૯૬૩માં એક નવી વાત જાણવા મળી. એમ. શ્મિટ નામનો એક ખગોળશાસ્ત્રી ૩ સી ૨૭૩ નામના અત્યંત તેજસ્વી કવેસારનો અભ્યાસ કરતો હતો. એને માલૂમ પડ્યું કે હાઈડ્રોજનની બાલ્મર ( Balmer ) શ્રેણીના નામે ઓળખાતી ચાર અતિપ્રસિદ્ધ રેખાઓ જેવી ચાર જાડી ઉત્સર્જન રેખાઓ એ કવેસારના વર્ણપટના લાલ ભાગ તરફ ખૂબ દૂર સુધી ખસી ગયેલી છે. એ દ્વારા પ્રકટ થતું રક્તવિચલન ( Redshift ) ખાસું મોટું હતું. એ વિચલને દર્શાવ્યું કે ઉપર્યુક્ત કવેસાર દર સેકંડે ૪૫,૦૦૦ કિલોમીટરના વેગથી આપણાથી દૂર

અવકાશમાં ગતિ કરી રહ્યો છે. કવેસારનો વધુ અભ્યાસ કરતાં માલૂમ પડયું કે એના વર્ણપટમાંની બીજી રેખાઓ એક વખત આયનિત (ionised) થએલા મેગ્નેસિયમની તેમજ બે વખત આયનિત થયેલા ઓક્સીજનની છે. પાછળથી જે. બી. ઓક નામના વિજ્ઞાનીએ એ વર્ણપટમાં બાલ્મરની પાંચમી હાઈડ્રોજન રેખા પણ શોધી કાઢી. બીજા કવેસારોના અભ્યાસે આ વાતને પુષ્ટિ આપી. મતલબ કે કવેસારમાં થતું રક્તવિચલન હકીકતમાં ઘણા મોટા પ્રમાણનું છે: તે એટલે સુધીનું કે અદૃશ્ય અલ્ટ્રા વાયોલેટથી ખસેલી રેખાઓ વર્ણપટના દૃશ્યવિભાગ સુધી જઈ પહોંચી છે !

રક્તવિચલન નીચેની રીતે દર્શાવવામાં આવે છે:—

$$ર. \ વિ = \frac{ड_1 - ड}{ड}$$

ड = પ્રયોગશાળામાં મપાએલી વર્ણપટ રેખાની તરંગ લંબાઈ.
$ड_1$ = નિરીક્ષણ સમયે મપાયેલી તે જ વર્ણપટ રેખાની તરંગલંબાઈ

નીચે કેટલાક તેજસ્વી કવેસારનાં રક્તવિચલન આપ્યાં છે. સાથે તેમનાં આકાશી સ્થાન દર્શાવતા અવકાશી અવચ્છેદકો પણ આપ્યા છે.

| જ્યોતિ | વિષુવાંશ (૧૯૫૦) ક. મિ. સે. | ક્રાન્તિ અંશ ક. વિકળા | દૃશ્ય વર્ગ | ર. વિ. |
|---|---|---|---|---|
| ૩ સી ૪૮ | ૧–૩૪–૪૯.૮ | + ૩૨–૫૪–૨૦ | ૧૬.૨ | ૦.૩૬૭ |
| ૩ સી ૧૪૭ | ૫–૩૮–૪૩.૫ | + ૪૯–૪૯–૪૩ | ૧૬.૯ | ૦.૫૪૫ |
| ૩ સી ૨૪૯ | ૧૧–૦૦–૩૦.૬ | + ૭૭–૧૫–૦૮ | ૧૫.૭ | ૦.૩૧૧ |
| ૩ સી ૨૭૩ | ૧૨–૨૬–૩૩ | + ૦૨–૧૯–૪૨ | ૧૨.૮ | ૦.૧૫૮ |
| ૩ સી ૨૬૩ | ૧૧–૩૭–૦૯ | + ૬૬–૦૪–૨૬ | ૧૬.૩ | ૦.૬૫૨ |
| પી કેએસ ૨૨૫૧+૧૧ | ૨૨–૫૧–૪૧ | + ૧૧–૨૦–૩૯ | ૧૫.૮ | ૦.૩૨૩ |
| ૩ સી ૨૯૮ | ૧૪–૧૬–૩૯ | + ૦૬–૪૨–૨૧ | ૧૬.૮ | ૧.૪૩૯ |
| પી કે એસ ૧૩૫૪+૧૯ | ૧૩–૫૪–૪૨ | + ૧૯–૩૩–૪૧ | ૧૬.૦ | ૦.૭૨૦ |

આ જ સુધીમાં શોધાયેલા કવેસારો પૈકી કેટલાકનાં રક્તવિચલન ૨·૩ જેટલાં મોટાં હોવાનું માલૂમ પડયું છે, અને તેથી પ્રશ્ન ઊભો થાય છે કે આટલાં મોટાં રક્તવિચલન સંભવિત છે ખરાં ?

રક્તવિચલન માટે કારણભૂત ત્રણ બાબતો છે:—

(૧) ડોપ્લર અસર (Doppler Effect),

(૨) ગુરુત્વીય રક્તવિચલન,

(૩) બ્રહ્માંડવિજ્ઞાનમૂલક (Cosmological) રક્તવિચલન.

આ દરેક વિષે થોડી ચર્ચા કરીશું.

આપણાથી દૂર સરકતા તારાનો વર્ણપટ લાલ ભાગ તરફ ખસે છે. સાપેક્ષવાદના વિશિષ્ટ સિદ્ધાંત દ્વારા એના રક્તવિચલનનું સમીકરણ નીચે અનુસારનું છે:—

$$ર. \ વિ. = \frac{\sqrt{૧ + त/प}}{\sqrt{૧ - त/प}} - ૧$$

त = તારાનો વેગ
प = પ્રકાશનો વેગ

ઉપર્યુક્ત સમીકરણ ડોપ્લર અસરનું છે. કવેસારોનું રક્તવિચલન ડોપ્લર અસરને આભારી માનીને ચાલીએ તો કવેસારોનો અવકાશી વેગ દર સેકંડે ૨,૪૫,૦૦૦ કિલોમીટર જેટલો થવા જાય. આટલા વેગથી ધસતા કવેસાર આપણા વિશ્વ દ્વારા યા અન્ય તારાવિશ્વ દ્વારા અવકાશમાં ફેંકાએલા હોવા જોઇએ અને એ એમ હોવાનું માની લઈએ તો બે વાતની સ્પષ્ટતા થવી જરૂરી બનશેઃ (૧) કવેસાર ખૂબ ભારે દળવાળા પદાર્થો હોવા જોઈએ અને (૨) એવા ભારે પદાર્થોને અત્યંત વેગથી અવકાશમાં ધસતા કરવા એમને જે વિશ્વોએ ફેંક્યા હોય તે વિશ્વોનું એમને અવકાશમાં ફેંકવાનું બળ અતિ ઘણું હોવું જોઇએ. બળનો હિસાબ કાઢતાં માલૂમ પડે છે કે એ બળ દાખવનાર તારાવિશ્વની નાભિ ગમે તેવી મોટી હોય તોપણ કવેસારનો ફેંકવાનો જબરદસ્ત પ્રતિ ધક્કો એણે અનુભવવો પડવાનો. આ પ્રતિક્ષેપ એવો વેગવાન હશે કે એને કારણે તારાવિશ્વ પોતે જ તૂટી જાય. અવકાશસ્થિત તારાવિશ્વોમાં આવી કોઈ દુર્ઘટના બનેલી જોવા મળતી નથી અને તેથી રક્તવિચલન માટેની ડોપ્લર અસરની શક્યતાનો છેદ ઊડી જાય છે.

બીજી શક્યતા પ્રખર ગુરુત્વીય અસરની છે.

સાપેક્ષવાદનો સામાન્ય સિદ્ધાંત દર્શાવે છે કે પ્રખર ગુરુત્વીય ક્ષેત્રોમાં વિહરતા પરમાણુએ તેઓ સામાન્ય સ્થિતિમાં જે રીતનું પ્રકાશનું વિકિરણ કરતા હોય છે તે કરતાં વધુ તરંગ લંબાઈનું વિકિરણ કરે છે. મતલબ કે અતિભારે દળવાળા પદાર્થની નિકટ અવકાશ-સમય (Space-time) વળાંકને કારણે પ્રકાશ રક્તવિચલન અનુભવે છે. આ રક્તવિચલન નીચેના સૂત્ર દ્વારા દર્શાવી શકાય છેઃ—

$$\text{ર. વિ.} = \frac{\dfrac{1}{\sqrt{1 - 2\,\text{ग}\,\text{द}}}}{\text{प}^2\,\text{त्रि}}$$

ग = ગુરુત્વાકર્ષણનો સ્થિરાંક
द = જ્યોતિનું દળ
त्रि = જ્યોતિની ત્રિજ્યા
प = પ્રકાશનો વેગ

કવેસારને અત્યંત ઘન જ્યોતિ સમજીએ—ધારો કે એનું દળ સૂર્યદળ કરતાં અબજ ગણું છે—અને સાથે સાથે તેની ત્રિજ્યા ઘણી નાની હોવાનું માનીએ તો એનું રક્તવિચલન ઘણું મોટું હોવાનો સંભવ છે. વળી આમ કલ્પવાની સાથે કવેસારમાંથી રેડિયો મોજાંનો પ્રબળ પ્રવાહ વહેતો હોવાનું પણ માની શકાય

પણ વાત જુદી બને છે. આવા અતિ ઘન જ્યોતિ પાસે અવકાશ-સમય વળાંક એટલો બધો વક્ર બની જશે કે કવેસારની સપાટી પર ઉત્સર્જિત પ્રકાશકણો કવેસારની ધરતીને છોડી જ નહીં શકે. નવી કવેસારનું ગુરુત્વીય બળ એટલું ઉત્કટ હશે કે એને કારણે કવેસાર સંકોચાતો જશે. પરિણામે એની ત્રિજ્યા ઘટતાં એનું વધુ સંકોચન શરૂ થશે અને વધુ ને વધુ ગુરુત્વીય બળને કારણે એનો અવકાશ-સમય વળાંક પોતે પોતાને જ લપેટમાં લેશે જેના પરિણામે કવેસાર અવકાશી દુનિયામાંથી વિલુપ્ત થઈ જશે!

આ દૃષ્ટિએ ગુરુત્વીય રક્તવિચલનની ટિપ્પણી અર્થયુક્ત નથી બનતી.

હવે બ્રહ્માંડમૂલક રક્તવિચલનની વાત લઈએ.

પ્રખ્યાત ખગોળશાસ્ત્રી હબલે તારાવિશ્વનાં રક્તવિચલન માટે નીચેનું સમીકરણ આપ્યું છે:—

$$\text{ર. વિ.} = \frac{\text{हअ}}{\text{प}}$$

ह = હબલનો સ્થિરાંક, अ = તારાવિશ્વનું અંતર, प = પ્રકાશનો વેગ.

હબલનો સ્થિરાંક દર દસ લાખ પાર્સેક અંતર માટે સેકંડે ૭૫ કિલોમીટરનો છે.

રક્ત વિચલનનું ઉપર્યુક્ત સમીકરણ કવેસારને લાગુ પડતું માનીએ તો કવેસારો એટલે દૂર આવેલા ગણાશે કે એમને ભાગ્યે જ જોઈ શકાય ! આ પૈકીના કેટલાક તો આજના મોટામાં મોટા દૂરબીન વડે જોવાતા બ્રહ્માંડના સીમાડા પર બેઠેલા હોય. આટલે છેટે આપણા મંદાકિની વિશ્વને મૂકી જોવામાં આવે તો એ અદૃશ્ય બની જાય. આપણે હવે એમ માનીએ કે ઉપર્યુક્ત ૫ અબજ પ્રકાશ વર્ષના અંતરે આવેલા કવેસારો દેખાય જ છે તો એમ માનવું રહેશે કે એટલે દૂર બેઠેલા કવેસાર સમસ્ત બ્રહ્માંડમાં આવેલા સૌથી પ્રખર તેજસ્વી આકાશીજ્યોતિ હોવા જોઈએ. વાસ્તવમાં એમનું તેજ આપણા સૂર્ય કરતાં ૫૦૦ અબજ ગણું હોવું જોઈશે. મતલબ કે દૂરબીનની આંખે તે બધા આપણા મંદાકિની વિશ્વ કરતાં અનેક ઘણું તેજ ધરાવતા હોવા જોઈએ જ્યારે રેડિયો ખગોળની રીતે આપણને દેખાતા દેવયાની વિશ્વ કરતાં દસ લાખ ગણા પ્રબળ હોવા જોઈએ ! !

ઉપર્યુક્ત રીતના પ્રકાશિત કવેસાર આટલી તેજસ્વિતા કઈ શક્તિ વડે પ્રાપ્ત કરે તે પણ ન સમજાય તેવો કોયડો છે.

ડબલ્યુ ડબલ્યુ મોર્ગન નામના ખગોળશાસ્ત્રીએ અવકાશસ્થિત તારાવિશ્વનો પોતાની રીતે વિશિષ્ટ અભ્યાસ કર્યો ત્યારે એને માલૂમ પડ્યું કે તારાવિશ્વોના ત્રણ સામાન્ય પ્રકાર—ગોળાકાર, સર્પિલ અને અરૂપ તારાવિશ્વો—ઉપરાંતનો એક બીજો પ્રકાર પણ અસ્તિત્વ ધરાવે છે. આ પ્રકારનાં તારાવિશ્વોની નાભિ અત્યંત તેજસ્વી છે પણ એનું આવરણ સાવ નિસ્તેજ હોય છે. આવાં તારાવિશ્વો તારા જેવાં જ દેખાય છે. અગત્યની વાત એ છે કે આ તારાવિશ્વો સીફર્ટ ( seyfert ) તારાવિશ્વો કહેવામાં આવે છે.

સીફર્ટ તારાવિશ્વો પ્રબળ રેડિયો ઉત્સર્જકો છે અને એમના વર્ણપટ કવેસારને મળતા આવે છે. ૩ સી ૧૨૦ નામે ઓળખાતો એક કવેસાર જે એક સીફર્ટ તારાવિશ્વ છે તેનો બોલોમેટ્રિક તેજાંક ૩ સી ૪૮ કવેસાર કરતાં બમણો છે. આનો અર્થ એ થયો કે સીફર્ટ તારાવિશ્વો પૈકી કેટલાંક કવેસાર હોવાનું સંભવિત છે.

આમ આપણો પ્રશ્ન ઉકલવાને બદલે વધુ મુશ્કેલ બનતો જાય છે. કવેસારનો સીફર્ટ તારાવિશ્વ સાથેનો સંબંધ કલ્પી લઈએ તોપણ બધા કવેસાર સીફર્ટ તારાવિશ્વ હોવાનું સંભવિત નથી. ૩ સી ૧૨૦ તારાવિશ્વ સીફર્ટ પ્રકારનું અતિ તેજસ્વી તારાવિશ્વ છે. બીજાં તારાવિશ્વ એના કરતાં ઓછાં પ્રકાશિત છે. બીજી બાજુએ કેટલાક કવેસાર આ સીફર્ટ તારાવિશ્વ કરતાં ૧૦ ગણાય વધુ પ્રકાશિત છે.

કોયડો ઉકેલવા માટે જે બાબતોની ચર્ચા અપેક્ષિત છે તે નીચે અનુસાર છેઃ—

કવેસારમાં આટલી શક્તિ શી રીતે ઉત્પન્ન થાય છે ?

એનો શક્તિસ્રોત ક્યાં આવેલો છે ?

એક વાત એ પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે કવેસારનું દર્શન એની લાખો વર્ષ પહેલાંની સ્થિતિનું દર્શન છે. પાંચ અબજ વર્ષ છેટે આવેલા કવેસારને જોતાં એક વિચાર સ્વાભાવિક રીતે મનમાં ઊઠશે: આપણે એ રીતે પાંચ અબજ વર્ષ પહેલાંનું યુવા તારાવિશ્વ તો નહીં જોતા હોઈએ ? કોઈ તારાવિશ્વ જન્મ પામી વિકસી રહ્યું હોય એ રીતનું દૃશ્ય તો આપણે નહીં જોતા હોઈએ ? એવા તારાવિશ્વમાં અતિ ઉત્તપ્ત તારાઓ હોવા સંભવિત છે. એથી ઊલટું વિકસિત તારાવિશ્વોમાં એવા તારા નામશેષ થઈ ગયેલા હોવાનો પૂરો સંભવ છે. એમ પણ બને કે જન્મ લેતા તારાવિશ્વની તેમ જ એના તારાઓની ઉત્ક્રાન્તિ જુદા પ્રકારની રહી હોય : અને કદાચ તે જ પ્રક્રિયા આપણે કવેસાર રૂપે જોતા હોઈએ. બીજી રીતે પ્રશ્ન કરીએ તો આમ પૂછી શકાય—જન્મ લેતાં તારાવિશ્વ કેવા રૂપમાં દેખાતાં હશે ?

કવેસારો વિશ્વઉત્પત્તિના કોયડાનો એક અંકોડો છે એ હવે કબૂલ કરવું જ રહેશે, પણ એ અંકોડો કેવા રૂપે બ્રહ્માંડનાં રહસ્યોને ખોલવાની ચાવી બને છે તે જોવું રહ્યું. બહુ સંભવ છે કે બ્રહ્માંડની સંરચના સમજવામાં એક મહત્ત્વનું અંગ બની રહે.

# ગુજરાતની એક દુર્લભ પ્રતિમા—
# પ્રલમ્બપાદ-બુદ્ધની ધાતુપ્રતિમા

ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ

ભાવનગરના ગાંધી-સ્મૃતિ સંગ્રહાલયમાં લગભગ આઠ ઇંચ ઊંચી, સોનાનો ઓપ ચઢાવેલી, એક અતિ રમણીય ધાતુપ્રતિમા છે. આ પ્રતિમા થોડાંક વર્ષો ઉપર, તે સમયના ક્યુરેટર શ્રી. ઇન્દ્રશંકર રાવળે કોઈ ગુજરાતી ભાઈ પાસેથી ખરીદેલી. તે સમયે ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ-ખાતાના આગેવાન કાર્યકર્તા ભાઈઓએ (ઑફિસ ત્યારે રાજકોટમાં હતી) મેળવેલી ખબર અનુસાર જણાવેલું કે શ્રી. રાવળે વળા-વલભીની મળેલી બુદ્ધની ધાતુપ્રતિમા ખરીદી છે. થોડાં વર્ષો સુધી એ પ્રતિમાના ફોટા મેળવવા કે જોવા હું જઈ શક્યો નહોતો. એટલામાં ભાઈશ્રી ઇન્દ્રશંકરભાઈ ગાંધી-સ્મૃતિમાંથી છૂટા થયા. સૌરાષ્ટ્રના કેટલાક મુરબ્બીઓ અને તે સમયના ગાંધી-સ્મૃતિના નવા ક્યુરેટરની મદદથી હું આ પ્રતિમા જોઈ ફોટા મેળવી શક્યો. આ માટે હું ગાંધી-સ્મૃતિના ક્યુરેટર અને અન્ય મિત્રોનો ઋણી છું. હાલના ક્યુરેટર શ્રી. ત્રિવેદીએ ફરી પણ ફોટા પડાવી મોકલી આપ્યા જે માટે તેઓનો પણ ઋણી છું. આ ફોટા 'સ્વાધ્યાય'ના ચાલુ અંકના પૂંઠા પર છાપ્યા છે. સન્મુખદર્શનનો ફોટો આગલા પૂંઠા પર અને પાછળના દર્શનનો ફોટો પાછલા પૂંઠા પર છાપ્યો છે.

આ પ્રતિમા મૂળ ક્યાંની છે તેની કોઈ નોંધ ગાંધી-સ્મૃતિની નોંધવહી (રજિસ્ટર)માં નથી. જે ભાઈએ આ પ્રતિમા વેચેલી તેમની મારફત બીજા એક આવા વ્યાપારીભાઈએ તે સમયે જે હકીકત મેળવેલી તે મુજબ એ પ્રતિમા પીરમ ટાપુમાંથી મળેલી હતી. ગાંધી-સ્મૃતિને આ પ્રતિમા વેચનાર વ્યક્તિ પાસેથી એ પ્રતિમાનું મૂળ સ્થાન જાણવાનો પ્રયાસ મેં પાછળથી કર્યો હતો. તેઓ જણાવે છે કે એમને કોઈ બ્રહ્મચારી સાધુએ આપેલી, જે વ્યક્તિ મધ્ય પ્રદેશમાં હતી. મને આ હકીકતમાં બરાબર વિશ્વાસ નથી; તેનાં બે કારણો છે—એક તો કલાશૈલી જોતાં આ પ્રતિમા ગુજરાત-સૌરાષ્ટ્રની લાગે છે. બીજું, જ્યારે આ પ્રતિમા ગાંધી-સ્મૃતિમાં ખરીદાઈ ત્યારે ગુજરાત રાજ્યના જવાબદાર વિદ્વાન કાર્યકરોને પણ એવું જ જાણવા મળેલું કે પ્રતિમા વલભીપુર-વળાની છે. વલભીપુર-વળામાંથી કદાચ એ જ અરસામાં મળેલી બીજી એક બુદ્ધ-પ્રતિમા શ્રી મહેન્દ્રસિંહજી ઠાકોરના સંગ્રહમાં આવી છે જે 'સ્વાધ્યાય'ના પુસ્તક ૩, અંક ૧માં તેઓએ પ્રસિદ્ધ કરેલ છે. આ બધી દૃષ્ટિએ હું આ પ્રતિમાને ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી મળેલી, વળાની કે પીરમની, માનું છું.

આ એક દુર્લભ અને અગત્યની પ્રતિમા છે. ઉપલબ્ધ પ્રાચીન ધાતુપ્રતિમાઓમાં, પ્રાચીનતા તેમ જ સૌંદર્યની દૃષ્ટિએ અગ્રિમ હરોળમાં સ્થાન પામતી આ પ્રતિમા કલાના અભ્યાસીઓ માટે મહત્ત્વની છે.

લગભગ ચોરસ સિંહાસનના બનેલા પીઠ ઉપર સુવિકસિત વિશ્વપદ્મ પર બુદ્ધ પ્રલમ્બપાદ આસને ( એટલે કે ખુરશી ઉપર બેસીએ તેમ યુરોપીઅન-પાશ્ચાત્ય ઢબે પગ ઘૂંટણેથી વાળી લટકતા રાખી ) બિરાજેલ છે. પગની નીચે પાદપીઠ તરીકે એક વિકસિત પદ્મ છે જે પદ્મને બે બાજુ બે અને વચ્ચે એક કમલદંડ પર ટેકવી રાખ્યું છે. પત્ર નીચેના આ કમળની વચ્ચેનો ગોળ ભાગ તેમ જ બુદ્ધ ભગવાન જેના પર બિરાજે છે તે વિશ્વપદ્મની વચ્ચે કમળનો ગોળ ભાગ—એ બેઉ કમળની વચ્ચે જોવા મળતી કમળની કેસરાઓ અને જેને કમલાક્ષ કહે છે તે રજૂ કરે છે. આ જાતની રચના વિશિષ્ટ સુંદર સ્વરૂપે ગુજરાતમાંથીજ અકોટામાંથી મળેલી ચામરધારિણીના પગ નીચે જોવા મળે છે. ભારતના અન્ય ભાગોમાંથી મળેલી અન્ય પ્રાચીન ધાતુપ્રતિમાઓના શિલ્પીઓ આ રચનાના આટલા શોખીન જણુવા મળ્યા નથી.

સિંહાસનના સિંહોની આકૃતિઓ પ્રાચીન છે. ક્ષત્રપકાલની સિંહોની આકૃતિઓની યાદ આપતી પણ છતાં કાંઈક સુધરેલી અને ગુપ્તયુગમાં મૂકી શકાય એવી આ સિંહોની રચના તથા સિંહાસનની થાંભલીઓ વગેરે જોતાં આ પ્રતિમા ઈ. સ.ના છઠ્ઠા સૈકા પછીની હોવાનો સંભવ ઘણો ઓછો છે.

બુદ્ધ ભગવાનના મસ્તક ઉપર દક્ષિણાવર્ત કેશ અને વચમાં ઉષ્ણીષની રચના છે, કાનની બૂટ લાંબી છે. ભવ્ય વિશાળ લલાટની વચમાં નાનો ગોળ ચાંલ્લો છે. આંખોની કીકીઓમાં બે ખાડાં દેખાય છે તેમાં મૂળે રત્નો અથવા ચાંદી ભરેલી હશે. આંખોની ઉપલી પાંપણોની રેખા સીધી છે અને વચ્ચેથી ( પાલ-કલામાં હોય છે તેમ ) વળાંક લેતી નથી. એટલે આ મૂર્તિની કલા પૂર્વ-ભારતીય પાલ-કલા નથી જ. આ વસ્તુની ચોકસાઈ મૂર્તિને સ્થળ ઉપર જોઈ ને મેં કરેલી છે. મુખાકૃતિની રચના પણ પશ્ચિમ હિંદમાંના શિલ્પોની શૈલીની છે. નીચલો હોઠ કંઈક જાડો અને તામ્રવર્ણો છે. ગ્રીવા પ્રદેશ મહાપુરુષ લક્ષણોમાં જણાવાયેલી કંબુગ્રીવા જેવો અને ગુપ્તકાલીન શિલ્પોના આદર્શ મુજબનો છે. સ્કંધ પ્રદેશ બહુ જ સુંદર રીતે કોતરેલો છે તેમજ છાતીનો ભાગ કંઈક ઉપસાવેલો છે. ઉત્તરીય વસ્ત્ર ગાંધાર કળાની માફક બેઉ ખભાને ઢાંકતું ઓઢેલું છે અને આ સંઘાટી ઉપર દર્શાવેલા સળ ( વલ્લીઓ ) પણ ગાંધાર કળાની યાદ આપે છે. નીચેનું વસ્ત્ર અત્યંત મહિમ—પારદર્શક છે. ઉત્તરીય વસ્ત્રની રચના કમરની નીચેથી પગ સુધી એવી રીતે કરેલી છે કે જે શૈલી કુષાણયુગના મથુરામાંથી મળેલી વીમ કાડફીસીસ નામના રાજાની પ્રતિમાની આવી રચનાની યાદ આપે છે. સંઘાટીની કિનારોની મણકાની ભાત ચાંદીના જડતર અથવા ઓપની છે અને આખીયે પ્રતિમા પર સોનાનો ઓપ ( ગિલેટ ) ચઢાવેલો છે. બુદ્ધના બેઉ હસ્ત વ્યાખ્યાન અથવા પ્રવચન મુદ્રામાં ગોઠવેલા છે.

આ અંકના પાછલા પૂંઠા ઉપર આ પ્રતિમાનું પશ્ચાદ્ દર્શન કરાવતો ફોટો છાપેલો છે. તે જોતાં જણાશે કે ગળાની નીચેના ભાગમાં પીઠ પાછળ એક ગોળ આંકડી જેવું છે, જેમાં પ્રતિમાની પીઠ પાછળ પશ્ચાદભૂ તરીકે કોઈ સુશોભિત ધાતુપટ હશે જેના ઉપર મસ્તક પાછળનું ભામંડળ પણ કોતરેલું હશે.

પ્રલંબપાદ આસને બેઠેલા બુદ્ધની પ્રતિમાઓ પૂર્વ ભારતમાં નાલંદામાં અને ભારત બહાર ચીન, જાપાન, જાવા વગેરે સ્થળે મળેલી છે. પશ્ચિમ ભારતમાં કનેરી, કાર્લા અને અજંટાની

ગુફાઓમાં છઠ્ઠા સૈકાનાં શિલ્પોમાં પ્રલંબપાદ બુદ્ધની ઘણી પ્રતિમાઓ મળે છે. આજસુધી ઉપલબ્ધ પ્રલંબપાદ બુદ્ધનાં શિલ્પોનો અભ્યાસ કરતાં લાગે છે કે પશ્ચિમ ભારતમાં પ્રલંબપાદ બુદ્ધની પૂજા છઠ્ઠા સૈકામાં અને તે પહેલાં ખૂબ પ્રચાર પામી હતી. પ્રલંબપાદ બુદ્ધની પ્રતિમાઓને કેટલાક વિદ્વાનો મૈત્રેય બુદ્ધ તરીકે ઓળખાવે છે, પણ આ વિષયમાં પૂરતાં સાધનોના અભાવે કોઈ નિર્ણય બાંધી શકાયો નથી. આ વિષયની વધુ છણાવટ લલિત કલા અકાદમી તરફથી પ્રસિદ્ધ થતા **લલિતકલા** નામક સામાયિકના પંદરમા અંકમાં આ લેખકે કરી છે તે જિજ્ઞાસુઓએ જોઈ જવા વિનંતી છે.

ઉપર જણાવેલી શૈલીની વિશિષ્ટતાઓને ખ્યાલમાં રાખીએ તો, અને મથુરા માફક પશ્ચિમ ભારતમાં પણ ગાંધાર કલાની અસરનો ખ્યાલ રાખીએ તો આ ધાતુપ્રતિમાનો સમય આંકવો સહેલો થશે. મારા મતે આ પ્રતિમા મૈત્રક રાજવી શીલાદિત્ય પહેલા–ઉર્ફે ધર્માદિત્ય–ના સમયની ઈ. સ. ૬૦૦ આસપાસની હોવી જોઈએ.

સોનાના ઓપવાળી અને ચાંદીના ઓપ કે જડતરવાળી આવી સુંદર પ્રતિમા કોઈ ધનાઢ્ય ગૃહસ્થ કે રાજવીએ પૂજામાં પધરાવી હોવાનો સંભવ છે. શીલાદિત્ય પહેલા માટે તો મંજૂશ્રી–મૂલકલ્પમાં નીચે મુજબ શ્લોકો છે :—

> **शीलाहवो** नाम नृपतिः बुद्धानां शासने रतः ।
> पुरीं वल्लभ्यं ( भीं ) सम्प्राप्तो **धर्मराजा** भविष्यति ॥ ५८७ ॥
>
> विहारान्धातुवरान् चित्रान्श्रेयसां प्राणिनांस्तथा ।
> कारयिष्यति युक्तात्मा भूपतिर्धर्मवत्सलः ॥ ५८८ ॥

હ્યુએનસંગના જણાવ્યા મુજબ આ શીલાદિત્યે પોતાના રાજમહાલય પાસે એક વિહાર બંધાવ્યો હતો અને તેમાં બુદ્ધની સાત પ્રતિમાઓ પધરાવી હતી. આ સંદર્ભનો અર્થ એવો નથી કે ગાંધી-સ્મૃતિમાંની પ્રલમ્બપાદ બુદ્ધની પ્રતિમા શીલાદિત્યની જ પધરાવેલી છે એમ હું ખાત્રી-પૂર્વક માનું છું, પણ શીલાદિત્યના સમયમાં બૌદ્ધ ધર્મને અને કલાને જે ઉત્તેજન મળ્યું તે જોતાં, અને કલાશૈલીના વિકાસના અભ્યાસ પરથી લાગે છે કે આ પ્રતિમાને શીલાદિત્ય પહેલાના સમયની ગણવી ઠીક રહેશે.

શીલાદિત્ય પહેલાના રાજ્યાશ્રયે મરુદેશના શૃઙ્ગધર ( શાર્ઙ્ગધર ) નામના કલાકારે પોતાની આગવી શૈલીનાં ચિત્રો અને શિલ્પો સર્જ્યાં અને એ શૈલી ( જેને તિબેટન લામા તારાનાથ પ્રાચીન પશ્ચિમ ભારતીય કલા તરીકે ઓળખાવે છે તે ) ખૂબ ફેલાવો પામી. ગાંધી-સ્મૃતિની આ ધાતુ-પ્રતિમા એ શૈલીની શરૂઆતના સમયનો એક ઉત્કૃષ્ટ દુર્લભ નમૂનો છે.

# ગ્રન્થાવલોકન

**રસસિદ્ધાંત :** મૂળ લેખક : ડૉ. નગેન્દ્ર, અનુવાદકો : શ્રી ચન્દ્રકાન્ત મહેતા અને શ્રી મહેન્દ્ર દવે. પ્રકાશક : સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના તત્ત્વાવધાનમાં, નેશનલ પબ્લિશિંગ હાઉસ, દિલ્હી, પૃ. ૧૦ + ૩૮૮, મૂલ્ય રૂા. ૨૦–૦૦.

'સાધુ કાવ્ય–નિષેવણ'—સારાં કાવ્યોના સેવન દ્વારા 'રસસિદ્ધાંત'ની ઉપલબ્ધિ કરનાર ડૉ. નગેન્દ્ર આ ગ્રંથને એમની સાહિત્યસાધનાની પરિણતિ માને છે. રસસિદ્ધાંતને કેન્દ્રમાં રાખી વિભિન્ન કાવ્યશાસ્ત્રીય વિષયોનું આકલન કરતો આ સંશોધન–પ્રબંધ અનુવાદકોને પણ એ જ કારણે ગમ્યો છે. ઉમળકાભર્યા 'આવકાર'માં કાકાસાહેબ કાલેલકર આ ગ્રન્થ અંગે અભિપ્રાય ઉચ્ચારે છે : 'ભારતીય કાવ્યમીમાંસામાં જેટલું લખાયું છે, તેનું અધ્યયન–ચિંતન કરી એમણે (ડૉ. નગેન્દ્રે) પોતાની એ સાહિત્ય-સાધનાનો ઉત્તમાંશ આ ગ્રન્થમાં રેડ્યો છે.' સાહિત્ય અકાદમીએ ૧૯૬૫ના વર્ષના ઉત્તમોત્તમ હિંદી ગ્રન્થની રચના માટે એમને રૂપિયા પાંચ હજારનો પુરસ્કાર આપ્યો છે તો ઉત્તર પ્રદેશ સાહિત્યસમિતિએ પણ પાંચ હજારનું અખિલ ભારતીય પારિતોષિક એનાયત કર્યું છે.

આ ગ્રંથ છ અધ્યાયોમાં વહેંચાયો છે. પ્રથમ અધ્યાયમાં રસ શબ્દનો અર્થવિકાસ અને રસ–સંપ્રદાયનો ઇતિહાસ આલેખાયો છે. બીજા અધ્યાયમાં રસની પરિભાષા, રસનું સ્વરૂપ અને કરુણ રસનો આસ્વાદ નિરૂપાયો છે. ત્રીજા અધ્યાયમાં રસની નિષ્પત્તિ, રસનું સ્થાન અને સાધારણીકરણની ઊંડી શાસ્ત્રીય પર્યેષણા છે. ભાવનું વિવેચન અને રસ–સંખ્યાની વિચારણા એ ચોથા અધ્યાયના વિષયો છે. પાંચમા અધ્યાયમાં રસોનો પરસ્પર સંબંધ, અંગીરસ, રસભંગ, રસાભાસ વગેરે પાસાંઓની મીમાંસા છે, અને છઠ્ઠા તથા છેલ્લા અધ્યાયમાં રસ સિદ્ધાંતની શક્તિ અને સીમાનું સમર્થ પરિશીલન છે. આ છ અધ્યાયોમાં લેખકે વિષયની જે વ્યવસ્થા કરી છે તેમાં નિઃશેષ નિરૂપણનો તેમનો આગ્રહ જોઈ શકાય છે.

રસ શબ્દનો અર્થવિકાસ દર્શાવતાં લેખકે (૧) પદાર્થોનો રસ—ખારો, તીખો, તૂરો વગેરે, (૨) આયુર્વેદનો રસ, (૩) સાહિત્ય અને આનુષંગિક પદાર્થોનો રસ અને (૪) મોક્ષ અથવા ભક્તિનો રસ—આ ચતુર્વિધ ભૂમિકાએ, સાહિત્યકીય પ્રમાણો ટાંકીને એનો વિકાસ નિરૂપ્યો છે. એ પછી લેખક રસ-સંપ્રદાયનો ઇતિહાસ આલેખે છે જેમાં પ્રાચીનતમ ઉપલબ્ધ ગ્રન્થ 'નાટ્યશાસ્ત્ર'થી લઈને ભારતની અનેક ભાષાઓમાં થયેલા રસ-સંપ્રદાયના અર્વાચીનકાળ સુધીના વિકાસનો ઐતિહાસિક ક્રમે વિગતે ખ્યાલ આપ્યો છે. તે લખે છે : "આધુનિક યુગમાં એટલે કે ઓગણીસમી શતાબ્દીના મધ્ય ભાગથી માંડી વર્તમાન સમય સુધી ભારતીય સાહિત્યનાં અન્ય અંગોની જેમ કાવ્યશાસ્ત્રનો વિકાસ દ્રુતગતિથી થયો. એમ તો લગભગ બધી ભાષાઓમાં ઉપયોગી કાર્ય થયું છે પણ હિંદી અને મરાઠીમાં આ પ્રકારનું ખેડાણ, પ્રમાણ અને ગુણવત્તાની દૃષ્ટિએ વધુ મહત્ત્વપૂર્ણ છે. ત્યાર પછી બંગાળી અને ગુજરાતી અને તે પછી તેલુગુ-કન્નડ વગેરેનું સ્થાન

છે આવો ક્રમાંક શેને આધારે અપાયો હશે ? ' રસનું સ્વરૂપ 'ની ચર્ચા કરતાં, રસની અનુભૂતિ પ્રીતિકર જ છે—તે આનંદમયી ચેતના જ છે એમ કહે છે તે યથાર્થ છે, કિન્તુ ' વિષયાનંદમાં પણ આનંદતત્ત્વ આત્માસ્વાદનો જ પર્યાય છે ' એમ કહે છે ત્યારે એ વિધાન ચિંત્યકોટિનું બની રહે છે. ' કરુણ રસનો આસ્વાદ 'ની ઊંડી મીમાંસા કર્યા બાદ કહે છે : ' આમ બે-અઢી હજાર વર્ષથી પ્રાચ્ય અને પાશ્ચાત્ય પ્રાચીન અને નવીન વિચારકો આ પ્રશ્ન ઉકેલવા ઝૂઝી રહ્યા છે પણ આજે તેઓ લગભગ હતા ત્યાં ને ત્યાં જ છે. ખંડન ન થઈ શકે તેવું સર્વમાન્ય સમાધાન આજે પણ ઉપલબ્ધ થયું નથી.'' રસની નિષ્પત્તિ 'ની ચર્ચા મૂલગામી, શાસ્ત્રીય અને અશેષ છે પણ ભટ્ટ નાયકના સાધારણીકરણના સિદ્ધાંતની ચર્ચા કરતાં તેઓ લખે છે : ' મારા મત પ્રમાણે **જગતના વિવેચનશાસ્ત્રમાં** ભટ્ટનાયક પહેલાં આ મૂળભૂત પ્રશ્નનું આવું પ્રામાણિક સમાધાન કોઈ પણ આચાર્યે રજૂ કર્યું નથી '—એ વિધાન સહેજ પ્રગલ્ભ લાગે છે. એવું જ સહેજ, પ્રગલ્ભ વિધાન મને આ પણ લાગ્યું છે : ' આધુનિક યુગમાં **ભારતના સર્વશ્રેષ્ઠ રસવાદી વિવેચક શ્રી શુક્લજીએ** રસસિદ્ધાંત અને રહસ્ય વાદના પ્રકૃત સંબંધમાં શંકા વ્યક્ત કરી છે. '

રસવિવેચનની પરંપરા પંડિત જગન્નાથ પછી ખંડિત થઈ એ એમનું વિધાન સાચું છે પણ ' ઈ. સ. ૧૯૨૫થી આજ સુધી મરાઠી અને હિંદીમાં ખાસ કરીને શાસ્ત્રીય પરંપરાનું પુનરુત્થાન થયું '—એ યાદીમાં બંગાળીનો પણ સમાસ થવો જોઈએ. રસાનુભૂતિની બાધાનાં કારણોની ચર્ચા અત્યંત વિશદ છે: અભિવ્યક્તિની વિકલતા એ સર્જકનો દોષ છે ને અનુભૂતિની વિકલતા એ ભાવક–સહૃદયનો દોષ છે—આ મુદ્દો તેમણે વિગતે છણ્યો છે. એ જ રીતે રસાભાસના પ્રશ્નને ઊંડાણથી ચર્ચી નિષ્કર્ષરૂપે કહે છે : ' આપણે રસાભાસને કાં તો અપ્રત્યક્ષ રસાનુભૂતિ માનવી પડશે—બાધિત અથવા દૂષિત રસાનુભૂતિ નહીં, કાં તો માનવીય ભાવ–ભૂમિકા પર ઔચિત્યના વ્યાપક રૂપની કલ્પના કરી રસાભાસના ક્ષેત્રને પરિસીમિત કરવું પડશે—નહીંતર રસસિદ્ધાંતની શક્તિ અને પ્રભાવ સીમિત થઈ જશે. '

ભારતીય કાવ્યશાસ્ત્રના સૌથી પ્રાચીન, વ્યાપક તેમ જ બહુમાન્ય રસસિદ્ધાંતની શક્તિ અને સીમાની સમર્થ મીમાંસા ગ્રન્થના અન્તિમ પ્રકરણમાં મળે છે. પૂર્વ અને પશ્ચિમના સાહિત્યાચાર્યોનાં કાવ્યસાહિત્ય–રસવિષયક વિવિધ મંતવ્યોની ચર્ચા કરી કર્તા એવા નિષ્કર્ષ પર આવે છે કે: '' રસસિદ્ધાંત એક બાજુથી કલામાં સ્વાસ્થ્યનો સમર્થક છે તો સાથોસાથ શક્તિનો પણ ઉપાસક છે. એમાં વિવેક અને નીતિની સાથે પ્રકૃતિ અથવા સ્વભાવની મુક્ત અભિવ્યક્તિ માટે સંપૂર્ણ અવકાશ છે. જિજ્ઞાસા એને માટે અકામ્ય નથી અને વાસનાની સાથે તો એનો જન્મજાત સંબંધ છે. પરંપરા પ્રત્યે આસ્થા રહેલી છે, પણ વિદ્રોહની સામે પણ એમાં વિરોધ નથી. ભાવનાની સમૃદ્ધિ એનો આધાર છે. વિભાવ અને ભાવપક્ષનો વિસ્તાર એનું પ્રમાણ છે. કલ્પનાનો વૈભવ, વૈચિત્ર્ય અને વૈવિધ્યનો રસ-સિદ્ધાંત સાગ્રહ સ્વીકાર કરે છે. લક્ષણા અને વ્યંજનાની સંપત્તિ, ગુણાલંકારની સંપત્તિ–જેનો રસસિદ્ધાંત સાધનરૂપમાં સ્વીકાર કરે છે—તે કલ્પનાની વિભૂતિ જ તો છે. રસનો પ્રેરક સિદ્ધાંત આનંદવાદી પ્રત્યભિજ્ઞાદર્શન, આત્માના ઐશ્વર્યનું દર્શન છે અને તે ભાવ તથા કલ્પનાની રોમાન્ટિક વિભૂતિઓનો અનન્ત ભંડાર છે. એમાં વ્યક્તિવાદ અને સમષ્ટિવાદ બંનેની સમ્યક્ પ્રતિષ્ઠા છે; રસની ભૂમિકા વ્યક્તિગત છે પણ એની પરિણતિ

સાર્વજનીન અને સાર્વભૌમ છે.'' ઉપર્યુક્ત અવતરણ પરથી લેખકની અર્થવાહી સમર્થ શૈલીનો તેમ જ અનુવાદકોની શક્તિનો પણ સાથેલાગો ખ્યાલ આવશે.

દુઃખની વાત કેવળ એક જ છે કે રસસિદ્ધાંતના આવા આકરગ્રન્થમાં સેંકડો મુદ્રાદોષો હોવા છતાં પણ '' શુદ્ધિપત્રક '' જોવા મળતું નથી !

રણજિત એમ. પટેલ ( અનામી )

* * *

**મારી વાચનકથા :** લેખક : 'દર્શક'; પ્રકાશક : બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ. પૃ. ૧૦૨. મૂલ્ય : રૂ. ૨–૫૦.

કેવલ કલાદૃષ્ટિએ સાહિત્યનું પ્રયોજન આનંદ આપવાનું છે, છતાં જીવન અને સાહિત્યના પારસ્પરિક સંબંધ અને પ્રભાવની અવગણના કરવામાં આવતી નથી. સાહિત્ય કરતાં જીવનને ઉત્કૃષ્ટ માનનારો અને એ રીતે ઉપયોગિતાનું દષ્ટિબિંદુ સ્વીકારનારો વર્ગ એકરાર કરે છે કે વાચન વાચકના મન ઉપર અસંપ્રજ્ઞાતપણે પણ ન્યૂનાધિક અંશમાં અલ્પજીવી કે ચિરંજીવી સારી-નરસી છાપ પાડે છે. એની ખાતરી પ્રામાણિકપણે લખાયેલાં જીવનચરિત્રો પરથી થાય છે.

શિક્ષક, સમાજસેવક, ઇતિહાસના અભ્યાસી અને નવલકથાકાર તરીકે જાણીતા શ્રી દર્શકે પણ તેમણે વાંચેલાં વિવિધ પ્રકારનાં પુસ્તકો પૈકી જે ગ્રંથોએ તેમના ચૈતસિક પિંડના ઘડતરમાં જાણ્યે-અજાણ્યે સૂક્ષ્મ રીતે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તે ગ્રંથાગાર પૈકી કેટલીક અગત્યની કૃતિઓનો અને તેની પ્રભાવક અસરોનો 'મારી વાચનકથા'માં સંકલિત ચિતાર આપ્યો છે.

કિશોરવયે વાંચેલાં વીર દુર્ગાદાસ, 'નર્મદગદ્ય'માંનાં ઈલિયડ, રામાયણ-મહાભારતનાં સચોટ સારદોહન, 'કુમાર'માંની પ્રાણીકથાઓ, વ્યાસ-વલ્લભનું સાદ્યંત અને રતિપતિરામનું સંક્ષિપ્ત મહાભારત, હિંદ અને બ્રિટાનિયા, સાપ્તાહિક 'સૌરાષ્ટ્ર'ના લેખો; મુનશીનાં 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ'ના વાચને તેમના ભાવિ જીવનનાં સંસ્કારબીજ રોપ્યાં.

૧૯૩૦ થી ૧૯૪૦ના ગાળામાં કિશોરલાલ અને કાકાસાહેબની કૃતિઓ, ટૉલ્સ્ટોયનું 'ત્યારે કરીશું શું ?' લા મિઝરેબલ, શરદબાબુની વાર્તાઓ, ઘરે બાહિરે, બ્લીચફર્ડનું 'મેરી ઇંગ્લંડ,' 'રાઈઝ ઑફ ધી મરાઠા પાવર,' હિંદુ પૉલિટી, સ્લીમનું 'ડિફીટ ઇનટુ વિકટરી,' જદુનાથ સરકારનું 'ઇન્ડિયા થ્રુ એઇજીસ,' ઈ. એચ. કારનું 'ન્યૂ સોસાયટી' તથા તેમનાં મનનીય પ્રવચનો, ડૉ. લોહિયાનું Wheel of History; ઉપરાંત મેઘાણી, આનંદશંકર ધ્રુવ, બર્નાડ શૉ, સી. ઈ. એસ. જોડ, જી. ડી. એચ. કોલ, બર્ટ્રાંડ રસેલ તથા ગ્રેહામ વૉલેસનાં પુસ્તકોએ લેખકના ચારિત્ર્યગઠનમાં કેડીઓ પાડી, એટલું જ નહીં પણ ક્રમિક ચિંતનની પ્રક્રિયાદ્વારા જીવનના મુખ્ય માર્ગની પસંદગી કરી તે પર આગેકૂચ કરવાનું કાર્ય પણ સુગમ બનાવી દીધું. અનેકવિધ સંઘર્ષોને અંતે દર્શક ગાંધીજી અને વિનોબાની વિચારસરણીમાં ઓતપ્રોત થયા છે તે આપણે જાણીએ છીએ, પરંતુ તેમનાં પુસ્તકોના વાચનનો તેમણે અહીં ઉલ્લેખ કર્યો નથી.

વાચનયાત્રાના આ સળંગ નિરૂપણમાં લેખકનાં કિશોરકાળનાં મનોમંથનો, પ્રતિકૂળ સંજોગોને પચાવી ધ્યેયની દિશામાં ગતિ કરાવતી સાહસિક વૃત્તિ અને ધૃતિ, દેશદાઝ, અભ્યાસ-મનન કરવાની ધગશ, સદ્ગ્રંથો અને સર્જક-સંતોના વિચારોને તેના યોગ્ય સંદર્ભમાં સમજી એકબીજા સાથે સામ્ય-ભેદ પારખવાની બૌદ્ધિક શક્તિ અને લેખકનો સત્ત્વશીલ આંતરિક અભિગમ વગેરે સ્પષ્ટ તરી આવે છે, એટલું જ નહીં પણ લેખકની જીવનયાત્રાના મહત્ત્વના તબક્કાઓનો પણ લઘુ આત્મકથાના અંશરૂપે પરિચય મળે છે.

દર્શકની શૈલી અહીં સાવ સરળ છતાં આકર્ષક રહી છે. તેનું મુખ્ય કારણ તેમાં ડોકાતી સ્પષ્ટતા અને નિર્વ્યાજ નિખાલસતા છે. કાચી વયે દિવાસ્વપ્નોમાં લઈ જનારી રદ્દી "નવલ-કથાઓના વાચને મને કાલ્પનિક સહવાસો ભોગવતો કર્યો; અને આમાંથી જ લાંબા કાળ સુધી સ્વપ્નદોષનો ભોગ બન્યો "...અને એ માનસિક દુર્બળતા પછીથી સદ્વાચનથી જ દૂર કરી શકાઈ. સિનેમા અને કુવાચન વિષે લાલબત્તી ધરતાં તેઓ લખે છે :

"આપણી પ્રજાએ પણ ભેદ કરવો પડશે કે પ્રેમ અને વિલાસ એક ચીજ નથી. દ્રાક્ષને નામે દારૂ વેચાય કે વહેંચાય તેનું નામ સ્વતંત્રતા નથી, મૂર્ખતા છે." (પૃ. ૧૭)

કારનાં પ્રવચનો પર મુગ્ધભાવથી ચર્ચા કરતાં લેખકે તજ્જ્ઞોને લોકાભિમુખ થવાનો અને રચનાત્મક કાર્યકરોને અભ્યાસી બનવાનો અભિનિવેશપૂર્વક આગ્રહ કર્યો છે, અને તેમાં પોતાના સાંપ્રત અનુભવને આધારરૂપે આગળ ધર્યો છે. તેમણે સ્વાતંત્ર્યની, સલામતી તથા શિસ્તના સંદર્ભમાં કરેલી ચર્ચા વિચારણીય છે. તેમની સરળ પ્રવાહી શૈલી કેટલીક વાર કેવું મનોહર સ્વરૂપ ધારણ કરે છે તે એક બે નમૂના પરથી જણાઈ આવશે :

(૧) "સરમુખત્યાર–સર્વે સર્વા સરમુખત્યારશાહીમાં, અલબત્ત ઇતિહાસના શિક્ષણ કે સંશોધનનું મૂલ્ય ઓછું છે, જેમ જ્યાં એક જ વર હોય ત્યાં સ્વયંવર નથી, જ્યાં એક જ પક્ષ હોય ત્યાં મતદાન નથી, તેમ જ્યાં સંશોધન-વિવેચનનું સ્વાતંત્ર્ય નથી, ત્યાં ઇતિહાસ-શિક્ષણનો અર્થ નથી." (૬૦)

(૨) "આ શ્રદ્ધા જેવી તેવી નથી. પણ દીકરાને એપેન્ડિક્સ થયું હોય તો નિષ્ઠા-પૂર્વકની સારવારથી ચાલતું નથી–તેના જાણકાર સર્જન જ ઓપરેશન કરે છે–માના પ્રેમમાં ડાક્તરનું જ્ઞાન, તજ્જ્ઞતા ભળે છે ત્યારે દીકરાને બચાવી શકાય છે." (૬૩)

(૩) "ઉત્તમ કૃતિ કુલકન્યા છે, વારંવારના અનુનય પછી જ તે પ્રાપ્ત થાય છે." (૯૭)

છેલ્લા પ્રકરણમાં લેખકે સત્સંગ અને સાહિત્યસંગની તુલનાત્મક મહત્તા ગાઈ છે.

'વાંચન'નો અનુસ્વાર સર્વત્ર ખૂંચે છે!

આ પ્રકારનું આ પહેલું પુસ્તક છે તે માટે નહીં, પણ માનવમૂલ્યોની ખોજ તથા માવજત કરવા ઇચ્છતા જિજ્ઞાસુ યુવકવર્ગને આ નાનકડી આપકથા પ્રેરણાનું પાથેય પૂરું પાડી શકે તેમ છે એ દૃષ્ટિએ તેના લેખકને અભિનંદન ઘટે છે.

**મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)**

**ગોવર્ધનરામ અને સરસ્વતીચંદ્ર :** લેખક: ડૉ. રામચંદ્ર પંડ્યા; પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧. પૃ. ૩૮૬, મૂલ્ય રૂ. ૬–૫૦.

ગુજરાતના પ્રથમ પંક્તિના વિદ્વાનો દ્વારા મહામનીષી, મહર્ષિ, સાક્ષરશિરોમણિ જેવાં સર્વોત્કૃષ્ટ બિરુદોને પામેલા પંડિત યુગના પ્રધાન પ્રતિનિધિ અને પર્યેષક ચિંતક ગોવર્ધનરામના ગુજરાતના સામાજિક અને સાંસ્કૃતિક જીવન પર પડેલા અપૂર્વ પ્રભાવ વિષે ભાગ્યે જ ભિન્ન મત હોઈ શકે. સૌન્દર્યકલાના સાહિત્યિક માનદંડની દૃષ્ટિએ એ સારસ્વતની કૃતિઓનું સાંગોપાંગ મૂલ્યાંકન કરવામાં મતભેદને અવકાશ હોઈ શકે, અને હોય એ વ્યાજબી છે, પરંતુ તેથી એ મેધાવી મહાપુરુષે પ્રજાના હૃદયને ઢંઢોળી જાગ્રત કરી ધ્યેયાભિમુખ કરવાનું ભગીરથ કાર્ય કર્યું તેનું ઐતિહાસિક મૂલ્ય ઓછું આંકી શકાય તેમ નથી.

સ્નેહમુદ્રા, સાક્ષરજીવન, અધ્યાત્મજીવન, લીલાવતી જીવનકલા, દયારામનો અક્ષરદેહ વગેરે કૃતિઓ મનનીય અને અભ્યાસક્ષમ હોવા છતાં ‘ સરસ્વતીચંદ્ર ’ના પ્રોજ્જવલ પ્રકાશની છાયામાં તે બધી જાણે ઝાંખી હોવાનું જણાય છે. સરસ્વતીચંદ્રની શકવર્તી કૃતિએ લાંબા સમય સુધી ગુજરાતી સાહિત્યના સીમાડાઓ જાણે સર કરી લીધા, તે એટલે સુધી કે ગોવર્ધનરામ અને સરસ્વતીચંદ્ર જાણે પર્યાય શબ્દો બની ગયા. તેના લેખકના શિરે ઢોળેલા કીર્તિકળશને લીધે તો સાહિત્યક્ષેત્રમાં નર્મદયુગ, ગાંધીયુગ જેમ ગોવર્ધનયુગ જેવો શબ્દ પણ પ્રચલિત થયો.

પ્રથમ મુંબઇ યુનિવર્સિટીમાં અને પછી ગુજરાતમાં સ્થપાયેલી યુનિવર્સિટીઓમાં આજ પર્યંત પ્રતિવર્ષ ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમમાં સરસ્વતીચંદ્રના એક યા અનેક ભાગને સ્થાન મળતું આવ્યું છે. અનુસ્નાતક વર્ગમાં તો કદી કદી સાહિત્યકાર ગોવર્ધનરામનો સમગ્રતયા અભ્યાસ કરવાનો પણ હોય છે. આ કારણથી અધ્યાપકવર્ગને ગોવર્ધનરામના સાહિત્યનો વારંવાર સ્વાધ્યાય કરવાની તક સાંપડે છે. તન્નિમિત્તે ગોવર્ધનરામના સમકાલીનોથી માંડી આજ સુધીના વિદ્વાનો અને વિવેચકોનાં તે વિષેનાં વિવિધ પ્રકારનાં મંતવ્યો અને વિચારધારાઓથી વાકેફ રહેવાની ફરજ પડે એ સ્વાભાવિક છે. સન્નિષ્ઠ અધ્યાપક તો તેમ કરતાં કરતાં સાહિત્યિક આનંદ પણ માણી શકે છે.

અને ગોવર્ધનરામ તથા સરસ્વતીચંદ્ર જેવા ગ્રંથશિરોમણિ વિષે આજ સુધી કેટલું બધું વિપુલ પ્રમાણમાં લખાયું છે અને હજુ લખાતું રહે છે. સર્વશ્રી કાંતિલાલ પંડ્યા, બ. ક. ઠાકોર, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, રમણલાલ જોશીના સ્વતંત્ર ગ્રંથો ઉપરાંત પ્રા. ઉપેન્દ્ર પંડ્યા સંપાદિત ગોવર્ધન શતાબ્દિગ્રન્થ, નડિયાદ સ્મારક સમિતિનો સ્મારક ગ્રંથ, ‘ વસંત ’ અને ‘ સમાલોચક ’ના દળદાર સ્મારક અંકોમાં વિદ્વાનોએ આ વિષયનાં વિવિધ પાસાંઓની વિસ્તૃત અને અભ્યાસપૂર્ણ ચર્ચા કરેલી છે. તદુપરાંત આચાર્યશ્રી ધ્રુવસાહેબ, રમણભાઈ નીલકંઠ અને નવલરામથી માંડી મુનશી, ઉમાશંકર, પ્રો. કામદાર, રામચંદ્ર શુકલ, વિશ્વનાથ ભટ્ટ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, રામનારાયણ પાઠક, અનંતરાય રાવળ વગેરે કેટલાય વિદ્વાનોએ લખેલા સંખ્યાબંધ લેખો અભ્યાસીને પુષ્કળ પ્રમાણમાં સામગ્રી પૂરી પાડે છે. વળી છેલ્લી પચીસીમાં તો પશ્ચિમના સાહિત્યવિવેચનના નવીન પ્રવાહોના અનુલક્ષમાં પણ નવોદિત લેખકો અને વ્યુત્પન્ન વિદ્વાનોએ ગોવર્ધનરામની પ્રતિભાનાં ભિન્ન ભિન્ન પાસાંઓ વિષે મુક્ત મનથી ઊહાપોહ કર્યો છે...અને જાણે પ્રશસ્તિનાં પુષ્પોની ચાદરમાં દટાયેલી સરસ્વતીચંદ્રની વાસ્તવ ‘ આકૃતિ ’ને અનાવૃત્ત કરવાના પ્રશસ્ય પ્રયાસો કર્યા છે.

આદર્શ અધ્યાપક વિદ્યાર્થીવર્તુળને પોતાની આગવી શૈલીમાં, વિષયાભિમુખ કરી ઉપલબ્ધ વિવેચનસામગ્રી તરફ અંગુલિનિર્દેશ કરી શકે તેણે તદ્દન પ્રામાણિકપણે વિવેચકોના અભિપ્રાયોને વિદ્યાર્થીમાનસમાં તરતા મૂકવા જોઈએ અને તેના સંદર્ભમાં જ પોતાના અંગત કે આગવા અભિપ્રાયને એવી રીતે રજૂ કરવા જોઈએ કે જેના પરિણામે વિદ્યાર્થી પોતે સ્વતંત્ર રીતે અભ્યાસ અને વિચાર કરવા પ્રેરાય. પ્રસ્તુત વિષય વિષે ઘણુંખરું એવું જોવા મળે છે કે, વિદ્યાર્થીઓએ કાં તો બધું વાંચેલું કે પચાવેલું હોતું નથી અથવા માર્ગદર્શિકા જેવાં તૈયાર લખાણોએ તેમને સાહિત્યના સીધા સંપર્કથી વંચિત રાખ્યા છે! ( તેનાં કારણોની ચર્ચા અત્રે અપ્રસ્તુત છે. ) આવા સંજોગોમાં અધ્યાપકે કદી પણ પોતાનાં મંતવ્યો, અન્યના અભિપ્રાયોનું ન્યાયપુરઃસર પ્રામાણિકપણે અને યોગ્ય સંદર્ભમાં નિરૂપણ, કર્યા સિવાય વિદ્યાર્થીઓ પર સીધેસીધા લાદવા તો ન જ જોઈએ. આ માટે અધ્યાપકે પણ આદર્શ વિદ્યાર્થી બનવું જ રહ્યું.

અધ્યાપનક્ષેત્રના પીઢ અનુભવી ડૉ. રામચન્દ્ર પંડ્યાએ ગોવર્ધનરામ અને સરસ્વતીચન્દ્ર-વિષયક સામગ્રીને વર્ષો સુધી વારંવાર વાંચી, વાગોળી અને આસ્વાદી છે. વિદ્યાર્થીઓનાં માનસ અને તેમની મર્યાદા-મુશ્કેલીઓથી તેઓ સારી પેઠે વાકેફ છે. બધી જ કૉલેજોમાં પુસ્તકાલયો પૂરતા પ્રમાણમાં સમૃદ્ધ હોતાં નથી. બધા વિદ્યાર્થીઓ—અને કૉલેજો પણ—કોઈ વિષય કે લેખક વિષેનાં તમામ પુસ્તકો અને સામયિકો વસાવી શકે એ શકય નથી. આ બાબત ધ્યાનમાં રાખીને ડૉ. પંડ્યાએ ' ગોવર્ધનરામ અને સરસ્વતીચન્દ્ર ' ગ્રન્થ તૈયાર કર્યો છે. તેમાં તેમણે જુદાં જુદાં શીર્ષકો આપી તેની ચર્ચા કરવામાં વિવિધ વિદ્વાનોના જુદે જુદે સ્થળે વ્યક્ત થયેલા વિચારોનો કયાંક અક્ષરશઃ અવતરણ રૂપે તો ઘણુંખરું સાર રૂપે વિનિયોગ કર્યો છે. ' ગોવર્ધનરામનો જમાનો, જીવન અને ઘડતર 'ની પૂર્વભૂમિકા રૂપે આપેલું પહેલું પ્રકરણ અપ્રસ્તુત લાગે છે. એ પ્રકરણના ૨૦ પાનને તેઓ એક જ પાન કે પરિચ્છેદમાં સમાવી શકયા હોત.

સ્ક્રેપ બુક્સ—૧ થી ૭ થી માંડી સ્નેહમુદ્રા સુધીના ગોવર્ધનરામના સરસ્વતીચન્દ્રેતર સાહિત્યસર્જનનો ઊડતો પણ માહિતીસભર પરિચય આપી લેખકે સરસ્વતીચન્દ્રની કથાવસ્તુ—ફૂલગૂંથણી, આકાર, પાત્રાલેખન, વર્ણનો, શૈલી, વાતાવરણ, રસપ્રવાહ, અંત અને કર્તાનું વક્તવ્ય એ પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને એ નવલનું વિસ્તારપૂર્વક વર્ણન અને કયાંક કયાંક થોડું વિવેચન પણ—કર્યું છે. ' કર્તાનું વક્તવ્ય ' શીર્ષક હેઠળ લેખકે સમાજ અને કુટુંબમીમાંસા, સંસારસુધારો, પ્રીતિમીમાંસા, પંચમહાયજ્ઞ, કલ્યાણગ્રામયોજના જેવા સરસ્વતીચન્દ્રમાં આલેખાયેલા પ્રાણ-પ્રશ્નોની, વિદ્વાનોના અભિપ્રાયોના આધારે સળંગ ચર્ચા હૃદ્ય શૈલીમાં કરી છે.

પ્રસ્તુત પુસ્તકમાં લેખકના પોતાના મૌલિક અભિગમની કયાંય ઝાંખી થતી નથી. વળી છેલ્લા દાયકામાં પ્રકટ થયેલાં—ખાસ કરીને દોષબાજુ દર્શાવતાં લખાણોમાંથી અવતરણ કે અભિપ્રાય-સાર આપવાનું લેખકે ઉચિત ધાર્યું નથી ! એ આ પુસ્તકની મર્યાદા ગણી શકાય.

લેખકે પોતે જ ' મદીયમ્ 'માં આશા પ્રકટ કરી છે તેમ વિદ્યાર્થીઓને તેમનો આ પ્રયાસ જરૂર ઉપયોગી નીવડશે, એટલું જ નહીં, કેટલાક અધ્યાપકોને પણ સંકલિત માહિતી આપતું પુસ્તક મિત્રની ગરજ સારશે એમાં શંકા નથી.

લેખકને અભિનન્દન.

**લવકુમાર મ. દેસાઈ**

**તપોવન :** સંપાદક : સુરેશ દલાલ; પ્રકાશક : સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ., મુંબઈ–૧૪; પૃ. ૩૬૮+૪, મૂલ્ય રૂપિયા ૧૫-૦૦.

શ્રી ઉમાશંકર જોશીની સર્જનપ્રતિભાનું મૂલ્યાંકન કરતા ‘ કવિનો શબ્દ ’ના પ્રકાશન પછી ટૂંક સમયમાં જ શ્રી સુન્દરમની સર્જનપ્રતિભાનું મૂલ્યાંકન કરતો પ્રસ્તુત ગ્રન્થ ‘ તપોવન ’ પ્રગટ કરવા માટે એના આયોજક–સંપાદક તેમ જ પ્રકાશક સાહિત્યરસિકોના અભિનંદનના અધિકારી છે. ‘ કવિનો શબ્દ ’ના પ્રકાશન પછીથી સ્વાધ્યાય–ગ્રન્થની અપેક્ષા સ્વાભાવિક રીતે હતી, અને એ અપેક્ષાની પૂર્તિ સરસ રીતે થઈ છે.

પ્રારંભે મુકાયેલી ‘ પ્રશ્નોત્તરી ’ આ ગ્રન્થનો અત્યંત મૂલ્યવાન ખંડ છે અને ‘ કવિનો શબ્દ ’માંની એ પ્રકારની ‘ પ્રશ્નોત્તરી ’ની સાથે વાંચવા જેવો છે. પ્રશ્નોનું માળખું શ્રી નિરંજન ભગતે ઘડયું છે અને એના ઉત્તરો, શ્રી સુન્દરમની મુલાકાત લઈને, શ્રી સુરેશ દલાલે મેળવ્યા છે. એ ઉત્તરો પરત્વે પણ અગાઉની જેમ કહી શકાય કે શ્રી સુન્દરમની જીવન અને સાહિત્યવિષયક દૃષ્ટિનો, સૂક્ષ્મ અનુભવોનો તેમ જ બૌદ્ધિક અને ભાવનાત્મક આત્મકથાનો અર્ક આશરે ૬૦ પાનામાં સાહિત્યિક ગુજરાત સમક્ષ સંપાદકે રજૂ કર્યો છે.

‘ સસ્મિત સુન્દરમ્, ’ ‘ સાચનો કવિ ’ અને ‘ હરિરથના યાત્રિક ’ જેવા કેટલાક ઉત્તમ સંસ્મરણાત્મક લેખો આ ગ્રન્થમાં છે. એ ઉપરાંત શ્રી. સુન્દરમની સાહિત્યસાધનાનાં વિવિધ અંગો પરત્વે અનેક દૃષ્ટિએ લખાયેલા અભ્યાસપૂર્ણ અને વિવેચનાત્મક લેખોનો સમાવેશ એમાં થયો છે. ‘ આધ્યાત્મિક કવિતા પ્રતિ ’ એ શ્રી. ઉમાશંકર જોશીનો લેખ સંસ્મરણાત્મક તેમ જ સમીક્ષાત્મક છે. લગભગ પ્રત્યેક લેખ પોતપોતાની રીતે વિશિષ્ટ છે.

‘ કવિનો શબ્દ ’ની જેમ ‘ તપોવન ’ પણ એક અધ્યયન–ગ્રન્થ તરીકે લાંબા સમય સુધી ઉપયોગી થશે એમાં શંકા નથી.

**ભોગીલાલ જ. સાંડેસરા**

* * *

નરસિંહ મહેતાકૃત **આત્મચરિતનાં કાવ્યો:** સંપાદક: કેશવરામ કા. શાસ્ત્રી (બાંભણિયા); પ્રકાશક: શ્રી નરસિંહ મહેતા ચોરા સમિતિ, જૂનાગઢ; પ્રાપ્તિસ્થાન: બુટાલા એન્ડ કંપની, ૧૦ પ્રતિમાનગર સોસાયટી, અમદાવાદ–૮; પૃ. ૨૮+૧૪૩, મૂલ્ય રૂપિયા ૩.

પ્રાચીન અને મધ્યકાલીન અનેક કવિઓ, સંતો કે ધર્મપ્રવર્તકોના જીવન વિષે જે જોવા નથી મળતું તે ગુજરાતના ભક્ત-કવિ નરસિંહ મહેતા વિષે જોવા મળે છે; અને તે એ કે પોતાના જીવનની ઘટનાઓને તેમણે કેટલાંક સ્વરચિત કાવ્યોમાં, ‘ દિવ્યચક્ષુ ’થી નિહાળી, સાદર કરી છે અને તેમની પછી થયેલા પ્રેમાનંદ આદિ અનેક કવિઓએ એ કૃતિઓનો આધાર લઈ લોકપ્રિય આખ્યાનો રચ્યાં છે.

નરસિંહ મહેતાનાં આત્મકથનાત્મક કાવ્યો ગુજરાતી પ્રેસનાં પ્રકાશનોમાં અને અન્યત્ર આ પહેલાં છૂટક છૂટક છપાયેલાં છે ખરાં, પણ હસ્તપ્રતો ઉપર આધારિત એ સર્વની શાસ્ત્રશુદ્ધ

વાચનાઓ આ પુસ્તકમાં એક સાથે રજૂ કરવા માટે આપણા આરૂઢ સંશોધક શ્રી. કેશવરામ શાસ્ત્રીને ધન્યવાદ ઘટે છે. નીચે પ્રમાણેની કૃતિઓ આ પુસ્તકમાં છે—ઝારીનાં પદ (કીર્તન કરતાં નરસિંહ મહેતાને મધ્યરાત્રિએ તરસ લાગતાં તેમની નિકટની સગી રતનબાઈ ઝારીમાં પાણી લાવી ત્યારે 'એ સાક્ષાત્ મોહિનીસ્વરૂપ વિષ્ણુ છે.' એવા ભાવે નરસિંહે રચેલાં પદ), પુત્રનો વિવાહ, મામેરું, હૂંડી, હારસમેનાં પદ, આત્મચરિતનાં પ્રકીર્ણ પદો. એમાંના ચમત્કારતત્ત્વનો તર્કગમ્ય ખુલાસો આપવો કઠિન છે, પણ નરસિંહની સ્વરચિત કૃતિઓમાં જ આ ચમત્કારતત્ત્વ નિરૂપાયું છે એ હકીકત છે. નરસિંહની આત્મશ્રદ્ધા, ઈશ્વરનિષ્ઠા અને ઉપાસ્ય પરમ તત્ત્વ સાથે તદાકારતા આ કૃતિઓમાં સાદ્યન્ત વ્યાપ્ત છે તથા એનાં જ્ઞાનભક્તિનાં સુપ્રસિદ્ધ પદો સાથે કેટલેક સ્થળે શાબ્દિક સામ્ય વરતાય છે.

આ કૃતિઓમાં સ્ફુટ થતું નરસિંહ મહેતાનું આત્મચરિત પ્રાસ્તાવિક લેખમાં સંપાદકે ઉચિત અવતરણો સાથે તારવીને આપ્યું છે.

ગુજરાતના 'આદિ કવિ'નાં આત્મકથનાત્મક કાવ્યોની આ સંકલનાનું મહત્ત્વ સ્વયં-સ્પષ્ટ છે. જૂનાગઢની શ્રીનરસિંહ ચોરા સમિતિએ ડિસેમ્બર '૬૯માં જૂનાગઢ ખાતે ગુજરાતી સાહિત્ય સંમેલનનું પચીસમું અધિવેશન મળ્યું એ ટાણે એનું પ્રકાશન કરી ખરેખર ઔચિત્ય સાધ્યું છે. સંપાદક શ્રી કેશવરામ કા. શાસ્ત્રીની અવિશ્રાન્ત લેખનપ્રવૃત્તિના ફલસ્વરૂપ ગ્રન્થમાલાનો આ ગ્રન્થ મેરુ છે—એમનું ૧૦૮મું પ્રકાશન છે.

**ભોગીલાલ જ. સાંડેસરા**

**અંગ્રેજી–ગુજરાતી કોશ :** કર્તા: પાંડુરંગ ગણેશ દેશપાંડે; પ્રકાશક: સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર; પૃ. ૮૧૦; મૂલ્ય રૂપિયા પંદર.

ગુજરાતીમાં કોશનું કામ લાંબા સમયથી શરૂ થયેલું છે. સને ૧૮૦૮માં પ્રગટ થયેલ ડ્રમંડકૃત 'ગ્લૉસરી'ની વાત ન કરીએ તો પણ, ગુજરાતી ભાષાનો રીતસરનો કોશ—મિરઝા મહંમદ કાઝીમ અને નવરોજી ફરદૂનજીનો અંગ્રેજી–ગુજરાતી કોશ સને ૧૮૪૬માં બહાર પડેલો છે. સુરતના દલપતરામ ભગુભાઈએ આ પહેલાં તૈયાર કરેલા કોશની હસ્તપ્રત મેળવીને એમાંના શબ્દો પ્રસ્તુત કોશમાં અંતર્ગત કરવામાં આવ્યા છે. એમાં આશરે ૧૫,૦૦૦ શબ્દો છે, પણ પુષ્કળ શબ્દો રહી ગયા છે એ પરત્વે કર્તાઓ સભાન છે. એ પછી રચાયેલા શબ્દકોશોનો કાલાનુક્રમિક પરિચય આ અવલોકનકારે ૧૯૬૧માં 'ગુજરાતી કોશ' એ શીર્ષક નીચેના ગુજરાતીના અધ્યાપક સંઘના પ્રમુખપદેથી થયેલા વ્યાખ્યાનમાં આપ્યો હતો. અને કોશવિદ્યાના ક્ષેત્રમાં હવે પછી થવા જોઈતાં કામો વિષે પણ કેટલીક વાતો એમાં કરી હતી.

આધુનિક જ્ઞાન–વિજ્ઞાનોના પરિચયની દૃષ્ટિએ અપેક્ષિત દ્વિભાષી કોશોમાં આપણે માટે અંગ્રેજી–ગુજરાતી અને ગુજરાતી–અંગ્રેજી કોશો સૌથી અગત્યના છે. આવા અનેક કોશો પ્રસિદ્ધ થયેલા છે, પણ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને માટેના નાનકડા કોશોને બાદ કરીએ તો, જ્ઞાનદોહનમાં ખરેખર ઉપયોગી થાય એવો એકે યે અંગ્રેજી–ગુજરાતી કોશ વર્ષો થયાં ઉપલબ્ધ નથી; પણ કોશનું કામ—શબ્દસંગ્રહ અને શબ્દસંકલનનું કામ—એક વિકસતી વિદ્યા છે

અને ભાષાવિકાસ અને શબ્દાર્થવિકાસ સાથે એમાં નવા ફેરફારો આવશ્યક હોઈ જૂના કોશોના કેવળ પુનર્મુદ્રણનો અર્થ નથી. આથી શ્રી. પાંડુરંગ દેશપાંડે જેવા ચીવટવાળા અભ્યાસીએ તૈયાર કરેલો આ નૂતન અંગ્રેજી–ગુજરાતી કોશ પ્રસિદ્ધ કરીને સરદાર પટેલ યુનિવર્સિટીએ વિદ્યારસિકોની સાચી સેવા બજાવી છે. આ માટે અનુક્રમે રૂપિયા પચાસ હજાર અને દસ હજારનું અનુદાન આપનાર રાજમિત્ર ભાઈલાલભાઈ અમીન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને ગુજરાત સરકાર પણ અભિનંદનનાં અધિકારી છે.

આ કોશમાં શબ્દો અને રૂઢિપ્રયોગોની સંખ્યા આશરે ૩૫૦૦૦ છે. આવા દ્વિભાષી કોશોમાં વ્યાખ્યા, સમજૂતી અને અર્થો અંગ્રેજીમાં જ આપવાની રૂઢિ લાંબા સમયથી ચાલતી આવી છે, એને બદલે અર્થબોધની દૃષ્ટિએ એ બધું ગુજરાતીમાં આપવાનું અહીં રાખ્યું છે એ ઉચિત થયું છે. પરિશિષ્ટોમાં ઇતર યુરોપીય ભાષાઓના શબ્દો અને પ્રયોગો, અંગ્રેજીમાં વપરાતા સામાન્ય સંક્ષેપો વગેરે આપ્યા છે. આ કોશની આશરે પોણો લાખ શબ્દોની બૃહત્તર આવૃત્તિ તથા પંદરેક હજાર શબ્દોની શાલેય આવૃત્તિ પ્રગટ કરવાની ખ્વાહિશ સરદાર પટેલ યુનિવર્સિટીના વાઈસચાન્સેલર શ્રી ઈશ્વરભાઈ પટેલે 'નિવેદન'માં વ્યક્ત કરી છે તે જલદી સફળ થાય એમ આપણે ઇચ્છીએ.

એક મહત્ત્વના જ્ઞાન–સાધનરૂપ આ પ્રકાશનને આવકાર આપતાં આનંદ થાય છે.

**ભોગીલાલ જ. સાંડેસરા**

---

## સાભાર સ્વીકાર

૧ **ગુજરાતમાં ગાંધીયુગ :**—વ્યાખ્યાતા–શ્રી કાકાસાહેબ કાલેલકર, સંપાદક–શ્રી અમૃતલાલ યાજ્ઞિક; પ્રકાશક : રજિસ્ટ્રાર, મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ; પૃષ્ઠાંક ૧-૧૧૩; કિંમત રૂ. ૫=૫૦ ન. પૈ.

### બાલગોવિંદના પ્રકાશનો :

૨ **લાલબહાદુર શાસ્ત્રી :**—લે. શ્રી ઈશ્વરભાઈ પટેલ, પૃ. ૧-૪૪; કિંમત રૂ. ૧=૦૦.

૩ **માનવતાના સંસ્કારો :**—લે. શ્રી બબલભાઈ મહેતા, પૃ. ૧–૨૩૯; કિંમત રૂ. ૪=૦૦.

૪ **પૂર્વ પ્રાથમિક શિક્ષણનું પથદર્શન ભાગ-૧ :**—લે. સુમતિબહેન વૈદ્ય, પૃ. ૧–૧૭૬; કિંમત રૂ. ૪=૦૦.

૫ **પૂર્વ પ્રાથમિક શિક્ષણનું પથદર્શન ભાગ-૨ :**—લે. સુમતિબહેન વૈદ્ય, પૃ. ૧–૧૭૧; કિંમત રૂ. ૪=૦૦.

૬ **મોતને હંફાવનારા :**—લે. સ્વામી આનંદ, પૃ. ૧–૨૬૭; કિંમત રૂ. ૧૦=૦૦.

૭ **બાપુના પ્રસંગો મહારાજની નજરે :**—લે. શ્રી બિપિન ઝવેરી, પૃ. ૧–૮૩; કિંમત રૂ. ૧=૫૦ ન. પૈ.

૮ **ધરતીનું લૂણ** :—લે. સ્વામી આનંદ; પૃ. ૧–૨૫૬, કિંમત રૂા. ૧૦=૦૦.

૯ **બાલઉછેરમાં ડોકિયું** :—લે. શ્રી વસન્ત નાયક, પૃ. ૧–૨૨૧; કિંમત રૂા. ૬=૫૦ ન. પૈ.

૧૦ **ખંડિત કલેવરમાં અખંડિત મન** :—લે. શ્રી ઈશ્વરભાઈ પટેલ, પૃ. ૧–૮૫; કિંમત રૂા. ૨=૦૦.

૧૧ **કોલંબસના હિંદુસ્તાનમાં** :—લે. ડૉ. ગુણવંત બી. શાહ, પૃ. ૧–૬૦; કિંમત રૂા. ૨=૦૦.

૧૨ **વીર વિઠ્ઠલભાઈ** :—લે. ઈશ્વરભાઈ પટેલ, પૃ. ૧–૬૦, કિંમત રૂા. ૧=૨૫ ન. પૈ.

૧૩ **સર્વોદયની વાતો ભાગ ૧** :—લે. બબલભાઈ મહેતા, પૃ. ૧–૨૬; કિંમત રૂા. ૧=૦૦

૧૪ **અભિક્રમિત અધ્યયન** :—લે. ડૉ. ગુણવંત બી. શાહ, પૃ. ૧–૨૫૫; કિંમત રૂા. ૧૨–૫૦ પૈ.

૧૫ **યુગપુરુષ ગાંધીજી** :—લે. શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક, પ્રકાશક :—સન્નિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ–૧; પૃ. ૧–૨૨, કિંમત રૂા. ૦=૪૫ ન.પૈ.

૧૬ **સાહિત્યમીમાંસા** :—અનુ. સુરેશ જોષી, પ્રકાશક :—બુટાલા ઍન્ડ કું., અમદાવાદ વતી, ભદ્ર ચી. બુટાલા, પ્રીતમનગર સોસાયટી, મણિનગર, અમદાવાદ–૮; પૃ. ૧–૧૪૮, કિંમત રૂા. ૪–૫૦ ન.પૈ.

## પૂનમચંદ પાનાચંદ શાહના પ્રકાશનો :

૧૭ **પૃથ્વી ખરેખર ગોળ નથી** :—લે. પૂજ્ય ઉપા. શ્રી ધર્મસાગરજી મહારાજના શિષ્ય મુનિશ્રી અભયસાગરજી ગણી પૃ. ૧–૩૦, કિંમત અમૂલ્ય.

૧૮ **પૃથ્વીનો આકાર નિર્ણય—એક સમસ્યા** :—લે. પં. રુદ્રદેવ ત્રિપાઠી, પૃ. ૧–૨૪, કિંમત રૂા. ૦=૨૫ ન.પૈ.

૧૯ **શું પૃથ્વી ખરેખર ફરે છે ?** :—લે. મુનિશ્રી અભયસાગર ગણી, પૃ. ૧–૪૮; કિંમત રૂા. ૦=૫૦ ન.પૈ.

## ભૂભ્રમણશોધ સંસ્થાનના પ્રકાશનો :

૨૦ **આપણી પૃથ્વી** :—લે. પૂ. મુનિશ્રી અશોક સાગરજી મહારાજ, પૃ. ૧–૧૬; કિંમત અમૂલ્ય.

૨૧ **સત્ય શું ?** :—નિવેદક–રતિલાલ ચી. દોશી, પૃ. ૧–૬૬; રૂા. ૦=૭૫ ન.પૈ.

૨૨ **ઍપોલોની ચંદ્રયાત્રા(?)નું રહસ્ય** :—સંપાદક :—અમરચંદ એમ. શાહ, પૃ. ૧–૭૯; કિંમત રૂા. ૧=૨૫ ન.પૈ.

## જંબુદ્વીપ નિર્માણ યોજનાના પ્રકાશનો :

૨૩ **ભૂગોળ ભ્રમણ પ્રશ્નાવલી :**—પૃ. ૧–૧૬, કિંમત અમૂલ્ય.

૨૪ **भू–गोल–भ्रम–भञ्जनी :** कवयिता : श्रीमदभयसागरगणिचरणरेणु अशोकसागरो मुनिः, पृ. १–११२, किंमत ०=७५ न.पै.

૨૫ **ગાંધીવિચાર પરિમલ :**—સં. વસંત દલીચંદ, નાથુભાઈ કે. પટેલ અને બળદેવ પી. નાયક, પ્રકાશક : વસંતલાલ દલીચંદ, બીલીમોરા; પૃ. ૧–૭૧. કિંમત અમૂલ્ય.

૨૬ **શું એપોલો ૮-૯-૧૦ ચંદ્ર તરફ ગયું હતું ખરું ? એપોલો ૧૧ ઉતરાણ ક્યાં કર્યું ? :**—પ્રકાશક : ભૂભ્રમણ શોધ સંસ્થાન, પો. બા. નં. ૪, મહેસાણા. પૃ. ૧–૭; કિંમત અમૂલ્ય.

૨૭ **કોણ શું કહે છે ? ભાગ-૧ :**—સંકલનકર્તા મુનિશ્રી અભયસાગર ગણી; પ્રકાશક : પૂનમચંદ પાનાચંદ શાહ; પૃ. ૧–૮૮; કિંમત ૧=૦૦.

૨૮ **મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં તત્ત્વવિચાર :**—લે. ડૉ. નિપુણ ઈ. પંડ્યા, પ્રકાશક : અશોક પ્રકાશન, મુંબઈ-૨; પૃ. ૧–૨૮૦; કિંમત રૂા. ૮=૦૦.

# સ્વાધ્યાય

પુસ્તક ૭ : અંક ૩ મે, ૧૯૭૦
**અક્ષયતૃતીયા** વિ. સં. ૨૦૨૬

## અનુક્રમ

| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | 'સ્વપ્નવાસવદત્ત'નાં બે પાત્રો—સુરભિ ત્રિવેદી ... ... | ૨૦૯–૨૨૫ |
| ૨. | 'રસગઙ્ગાધર'માં ઉપમા અલંકારના સ્વરૂપની ચર્ચા—ચિત્રા પ્ર. શુકલ ... | ૨૨૬–૨૩૪ |
| ૩. | વલભીના મૈત્રક રાજા ધ્રુવસેન (૧લા)નું દાનપત્ર—<br>હરિપ્રસાદ ગં. શાસ્ત્રી અને પુષ્પકાન્ત વિ. ધોળકિયા ... ... | ૨૩૫–૨૩૯ |
| ૪. | હળવદના સતીના પાળિયા અને દહેરીઓ—પુષ્કર ચંદરવાકર ... | ૨૪૦–૨૪૭ |
| ૫. | વસન્તગઢની વાસ્તુરચનાઓ અને હૃષીકેશનું વૈષ્ણવાયતન—<br>મધુસૂદન ઢાંકી ... ... ... | ૨૪૮–૨૫૬ |
| ૬. | સોમનાથનું શિલ્પાંકન—પુષ્પકાન્ત વિ. ધોળકિયા ... ... | ૨૫૭–૨૬૮ |
| ૭. | રાજસ્થાનીમાં નરસિંહ મહેતાનું ચરિત્ર—જેઠાલાલ નારાયણ ત્રિવેદી ... | ૨૬૯–૨૭૭ |
| ૮. | વિનયવિજયકૃત 'નેમિનાથ રાજીમતી બારમાસ'—કનુભાઈ વ્રજલાલ શેઠ ... | ૨૭૮–૨૮૮ |
| ૯. | દેવહર્ષકૃત 'ડીસાની ગઝલ'—અગરચંદ નાહટા ... ... | ૨૮૯–૨૯૯ |
| ૧૦. | ગુજરાતીમાં પોર્ટુગીઝ શબ્દોનું આદાન—કાન્તિલાલ બ. વ્યાસ ... | ૩૦૦–૩૦૨ |
| ૧૧. | વિલક્ષણ કવેસાર—છોટુભાઈ સુથાર ... ... ... | ૩૦૩–૩૦૮ |
| ૧૨. | ગુજરાતની એક દુર્લભ પ્રતિમા—પ્રલમ્બપાદ બુદ્ધની ધાતુપ્રતિમા—<br>ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ ... ... ... | ૩૦૯–૩૧૧ |
| ૧૩. | ગ્રન્થાવલોકન : | |
| | ૧. રસસિદ્ધાંત ... ... ... | ૩૧૨–૩૧૩ |
| | ૨. મારી વાચનકથા ... ... ... | ૩૧૪ |
| | ૩. ગોવર્ધનરામ અને સરસ્વતીચંદ્ર ... ... ... | ૩૧૬–૩૧૭ |
| | ૪. તપોવન ... ... ... | ૩૧૮ |
| | ૫. નરસિંહ મહેતાકૃત આત્મચરિતનાં કાવ્યો ... ... | ૩૧૮–૩૧૯ |
| | ૬. અંગ્રેજી–ગુજરાતી કોશ ... ... ... | ૩૧૯ |
| | ૭. સાભાર સ્વીકાર ... ... ... ... | ૩૨૦–૩૨૨ |
| | (સ્વાધ્યાય–પૂર્તિ) | |
| ૧૪. | પ્રાસાદતિલક—શ્રી પ્રભાશંકર ઓ. સોમપુરા ... ... | ૧–૧૬ |

# સર અવસર પર
# સાથ કરે જે
# એ સાચા સંગાથી !



આપનો એવો સાથી તે **દેના બેંક**માં બચતખાતું. આપની બચત પર આપને વર્ષે ૩½% વ્યાજ મળે છે. નિયમિત બચત કરવાની ટેવ, આપની ભવિષ્યની જરૂરતો માટે નાણાં એકઠા કરવામાં સહાય કરે છે, અને આપની બચત આપને સલામતી બક્ષે છે. આજે જ એક **બચતખાતું** ખોલો.

**દેના બેંક**

હેડ ઑફિસ: દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ,
૧૭, હોર્નિમેન સર્કલ, કોટ, મુંબઈ-૧.

RATAN BATRA DB/G/178

# start the saving habit




# save with Bank of Baroda

The Bank of Baroda has many attractive Savings Schemes—Savings Account, Minors' Savings Scheme, Recurring Deposits, Fixed and Term Deposits. Choose the one that you like best—and earn a handsome interest! See your money grow in the Bank of Baroda.

Thou shalt forever be prosperous with

**Bank of Baroda**

Head Office: Mandvi, Baroda
M. G. Parikh, Custodian

# ખાંસીના સંપૂર્ણ નિયંત્રણ માટે




મધુર
સ્વાદવાળું

# ગ્લાયકોડીન

## ટર્પ વસાકા

તબીબી વિજ્ઞાન દ્વારા સ્વીકૃત ગ્લાયકોડીનની "ફોર્મ્યુલા" ખાંસીને તેનાં અનેક પીડિત સ્થાનોમાંથી હાંકી કાઢે છે. આ રહી ગ્લાયકોડીનની વિવિધ અને અસરકારક કાર્યશક્તિ:

● **મગજમાં**—ગ્લાયકોડીન ખાંસીના હુમલાનું યોગ્ય સમયે-હાનિવિના અને અસરકારક રીતે-નિયંત્રણ કરે છે.

● **ગળામાં**—ગ્લાયકોડીન કફનો ભરાવો દૂર કરે છે, બળતરા અને પીડાને શાંત પાડે છે અને ગળાની અંદરના નાજુક ભાગોને કીટાણુઓ સામે રક્ષે છે.

● **છાતીમાં**—ગ્લાયકોડીન બંધ શ્વાસનળીઓ ખોલી નાંખે છે, જકડાયેલા છાતીનાં સ્નાયુઓને આરામ આપીને સહેલાઇથી શ્વાસ લેવામાં મદદ કરે છે.

● **ફેફસામાં**—ગ્લાયકોડીન ગૂંગળાવતા કફ અને ચીકણા પ્રવાહીને છુટા પાડીને, ઊંડામાં ઊંડે રહેલી હઠીલી ખાંસીને દૂર કરે છે; અને જામેલા કફના ભરાવાને બહાર કાઢે છે.

**હંમેશા ગ્લાયકોડીનની શીશી આપની પાસે રાખો.**




**ગ્લાયકોડીન—૩૦ ઉપરાંત વર્ષોથી સૌથી વધુ વેચાણ ધરાવતો ખાંસીનો ઘરગથ્થુ ઈલાજ**

ચાર સાઈઝમાં મળે છે * એલેમ્બિકનું ઉત્પાદન *Alembic*

everest/363d /ACW gj

જ્યોતિ

## પાવર બીલમાં બચાવ

પંપ રચના, પાણીની આવક, ટકાઉ-પણું અને ચાલુ ખર્ચની દ્રષ્ટિએ જ્યોતિ વર્ટીકલ ટરબાઈન પંપ ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.

૪" થી ૨૪" વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિ: કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવ: ૩૦૦ ફૂટ સુધી.



*Quality is our Creed*

**જ્યોતિ લિમિટેડ, વડોદરા-૩**

JY-884-GJ EVEREST

# નાની બચત યોજનામાં થયેલા મહત્વના ફેરફારો

## જૂની જામીનગીરીઓ

તા. ૧૪-૩-૭૦ના રોજ કામકાજના કલાકો પૂરા થયા બાદ જૂની જામીનગીરીઓમાં (૧) ૧૨ વર્ષીય રાષ્ટ્રીય સંરક્ષણ સર્ટિફિકેટો, (૨) દશ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટો (પ્રથમ શ્રેણી અને બેક શ્રેણી) અને (૩) ૧૦ વર્ષીય સંરક્ષણ અનામત સર્ટિફિકેટો મળવાં બંધ થયાં છે તેને બદલે તા. ૧૬-૩-૭૦થી નીચે મુજબનાં નવાં આકર્ષક વ્યાજનાં સર્ટિફિકેટો મળી શકે છે.

## નવી જામીનગીરીઓ

(૧) ૭ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટો (દ્વિતીય શ્રેણી) રૂા. ૧૦, ૧૦૦, ૧૦૦૦ અને ૫૦૦૦નાં મૂલ્યાંકનમાં વ્યાજ સહિત પૂરી મુદતે રૂા. ૧૦૦નાં ૧૪૧ મળશે. વ્યાજનો દર ૫ ટકા ચક્રવૃદ્ધિ અને ૫$\frac{૧}{૨}$ ટકા સાદું વ્યાજ કરમુકત.

(૨) ૭ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટો (તૃતીય શ્રેણી) રૂા. ૧૦૦, ૧૦૦૦ અને ૫૦૦૦નાં મૂલ્યાંકનમાં વ્યાજ ૫ ટકા લેખે દર વર્ષે ચૂકવાશે. વ્યાજ કરમુકત.

(૩) ૭ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટ (ચતુર્થ શ્રેણી) રૂા. ૧૦૦, ૧૦૦૦ અને ૫૦૦૦નાં મૂલ્યાંકનમાં વ્યાજ દર વર્ષે ૭$\frac{૧}{૪}$ ટકા લેખે ચૂકવાશે. વ્યાજ કરપાત્ર રહેશે.

## નવી થાપણોની આકર્ષક યોજનાઓ

(૧) સેવિંગ બૅન્કનું કામ કરતી પોસ્ટ ઑફિસ બાંધી મુદતની થાપણો સ્વીકારશે. આ થાપણો ૧ વર્ષ, ૩ વર્ષ અને ૫ વર્ષની મુદત માટે સ્વીકારાશે. વ્યાજનો દર અનુક્રમે ૫$\frac{૩}{૪}$ ટકા, ૬$\frac{૧}{૪}$ ટકા અને ૬$\frac{૩}{૪}$ ટકા રહેશે. વ્યાજ કરપાત્ર રહેશે.

(૨) ઉપર જણાવેલી પોસ્ટ ઑફિસ આવર્તક થાપણો પાંચ વર્ષ માટે સ્વીકારશે. આ થાપણો પર વ્યાજનો દર ૬$\frac{૩}{૪}$ ટકા રહેશે. વ્યાજ કરપાત્ર રહેશે. આ યોજના ૧લી એપ્રિલથી અમલમાં આવી છે.

(૩) પોસ્ટ ઑફિસ સેવિંગ બૅન્કોમાં જો રૂા. ૧૦૦ કે તેથી વધારેનું આખા વર્ષ માટે બેલેન્સ રહેશે તો તેના ઉપર વ્યાજનો દર ૪ ટકા રહેશે.

વધુ વિગતો માટે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારી અને નેશનલ સેવિંગના અધિકારીઓનો સંપર્ક સાધો.

ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રકાશિત.

**Statement about the ownership and other particulars about newspapers**

SVADHYAYA ( स्वाध्याय )

( To be published in the first issue every year after the last day of February )

FORM IV

( See Rule 8 )

| | | |
|---|---|---|
| 1 | *Place of the Publication* : | Oriental Institute,<br>M. S. University of Baroda, Baroda. |
| 2 | *Periodicity of its Publication* : | Three months—November, February, May, August. |
| 3 | *Printer's Name* :<br>*Nationality* :<br>*Address* : | Shri Ramanlal J. Patel<br>Indian<br>Limda Pole, Raopura, Baroda |
| 4 | *Publisher's Name* :<br>*Nationality* :<br>*Address* : | Dr. B. J. Sandesara<br>Indian<br>'Adhyapak Nivas', Pratap Gunj, Baroda |
| 5 | *Editor's Name* :<br>*Nationality* :<br>*Address* : | Dr. B. J. Sandesara,<br>Indian<br>'Adhyapak Nivas', Pratap Gunj, Baroda. |
| 6 | *Names & addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital* | The M.S. University of Baroda, Baroda. |

I, B. J. Sandesara, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**B. J. Sandesara**
*Signature of Publisher*

## પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

રૂ. ન.પૈ.

| | | |
|---|---|---|
| ૧. | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૮=૦૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ | ૫=૦૦ |
| ૨. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં.: ડૉ. ભોગીલાલ સાંડેસરા | ૭=૫૦ |
| ૩. | **ભાલણકૃત નલાખ્યાન** (બીજી આવૃત્તિ)—સં.: પ્રો. કે. કા. શાસ્ત્રી | ૬=૦૦ |
| ૪. | ઉદયભાનુકૃત **વિક્રમચરિત્ર રાસ**—સં.: સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૦૦ |
| ૫. | **ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૪=૭૫ |
| ૬. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા | ૮=૨૫ |
| ૭. | **પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સં.: ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૧૮=૬૦ |
| ૮. | **સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ | ૧૨=૦૦ |

## સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાલા

| | | |
|---|---|---|
| ૧. | **વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧** | ૧=૭૫ |
| ૨. | ,, ,, ,, **૨** | ૧=૭૫ |
| ૩. | ,, ,, ,, **૩** | ૪=૦૦ |
| ૪. | **નિરુત્તમા** | ૨=૦૦ |
| ૫. | **વિક્રમોર્વશી**—(અનુવાદ : મર્મનિકા સહિત) | ૧=૭૫ |
| ૬. | **પ્રવેશકો, ગુચ્છ પહેલો** | ૩=૫૦ |
| ૭. | ,, ,, **બીજો** | ૨=૪૦ |
| ૮. | **અંબડ વિદ્યાધર રાસ** | ૩=૦૦ |
| ૯. | **મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૦. | **આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૧. | **નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૨. | **પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી | ૧=૫૦ |
| ૧૩. | **પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ** | ૧૨=૦૦ |

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**

**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**

**વડોદરા**



सूत्रधार वीरपाल-
विरचित

(बेडाया)

# प्रासादतिलक

સંપાદક

**પ્રભાશંકર ઓઘડભાઈ**
**સોમપુરા**

શિલ્પવિશારદ

પાલિતાણા (સૌરાષ્ટ્ર)

# પ્રાસાદતિલક

## પ્રસ્તાવના

ભારતીય વાસ્તુવિદ્યાનો પ્રારંભકાળ બહુ પ્રાચીન છે; તે અથર્વવેદનો ઉપવેદ છે. વેદ, બ્રાહ્મણ ગ્રન્થો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, બૌદ્ધગ્રન્થો, જૈન આગમગ્રન્થો અને સંહિતાઓ આદિમાં વાસ્તુવિદ્યાના ઉલ્લેખો અને કેટલાકમાં તો તેનાં પ્રકરણો પણ છે. પાછલા કાળમાં પુરાણો અને નીતિશાસ્ત્રના ગ્રન્થોમાં શિલ્પસ્થાપત્યના ઉલ્લેખો અને અધ્યાયો છે.

પ્રાગૈતિહાસિક કાળમાં સંસારમાં પ્રત્યેક પ્રાણીને શીત, તાપ, વર્ષા આદિ વિવિધ પ્રાકૃતિક કઠિનતાઓની સામે પોતાની રક્ષાની જરૂરત થવા લાગી. આથી વાસ્તુવિદ્યાનો પ્રારંભ સ્થૂળ રૂપમાં આદિકાળમાં થયો હોવાનું મનાય. એ રીતે ભૂચરોએ જમીનમાં ભોંયરાં અને ખેચરોએ માળા બાંધ્યા. તે જ રીતે મનુષ્યોએ પણ ઘાસની પર્ણકુટીઓ બનાવી. પહાડોમાં, ગુફાઓમાં વાસ કરવા માંડ્યો. આમ પ્રારંભમાં નિવાસ બાદ સામૂહિક વાસ ગ્રામસ્વરૂપમાં થવા લાગ્યો. માનવ સભ્યતાની સાથે શિલ્પવિજ્ઞાનનો વિકાસ ક્રમશઃ થતો રહ્યો.

પ્રાચીન આર્યયુગમાં સાદા, અલ્પજીવી પદાર્થો—જેવા કે કાષ્ઠ અને મૃત્તિકાથી અને પછીથી પકવેલ મૃત્તિકાની ઈંટોથી વાસ્તુ નિર્માણ થવા લાગ્યા. બે અઢી હજાર વર્ષ પહેલાં પાષાણ શિલ્પના અવશેષ બહુજ અલ્પ ઉપલબ્ધ થાય છે. રામાયણ, મહાભારત જેવા ઐતિહાસિક મહાકાવ્યોમાં દેવાલયો અને રાજમહાલયો અને સામાન્ય ગૃહો, નગરો આદિના વિવિધ વર્ણનોનાં શાબ્દિક ચિત્રો આપેલાં છે. પરંતુ અલ્પજીવી વાસ્તુ દ્રવ્યોના હોવાથી તેનાઅ વશેષો પ્રાપ્ત થતા નથી.

વૈદિક, જૈન અને બૌદ્ધ સંપ્રદાયોની ગુફાઓની બે સવા બે હજાર વર્ષોથી નિર્માણ થવા લાગી. તે પછી પાષાણનાં સ્થાપત્યોનો પ્રયોગ પાછળથી થયો એવું માનવાને કારણ મળે છે. દૃષ્ટાંતરૂપે, ગુજરાતમાં શામળાજીમાં અને ઉત્તરપ્રદેશમાં સારનાથમાં પકવેલી માટી-ઈંટમાં સુંદર કળામય મૂર્તિઓ અને શિલ્પોના ત્રીજી શતાબ્દીના અવશેષો જોવા મળે છે. શામળાજીથી ૩૦ માઈલ પર સારા પાષાણની ખાણ છે. સારનાથ પાસે ચુનારની ખાણોના પાષાણો મળે છે છતાં પાષાણ કાઢવાની કળાના અભાવે ત્યાં ઈંટોનો ઉપયોગ થયો છે. સાંચી અને ભારહુતના સ્તૂપો એથી પણ પૂર્વકાળના ઈ. સ. પૂર્વેના છે. તેમાં પાષાણ વપરાયેલ છે. એટલે એ પ્રદેશોમાં પાષાણ પ્રાપ્ત થતો હશે અને ત્યાં કળાના કારીગરો તે કાળમાં તેઓને મળી ગયા હશે.

ભારતના પૃથક્ પૃથક્ પ્રદેશોમાં કોતરી શકાય તેવા પાષાણવાળા પહાડોમાં શૈવ, વૈષ્ણવ, બૌદ્ધ અને જૈન સંપ્રદાયની ગુફાઓ બે સવા બે હજાર વર્ષ પૂર્વેથી ઈ.સ.ની આઠમી-નવમી શતાબ્દી સુધી કોતરાતી રહી. પાષાણનો પ્રારંભિક ઉપયોગ પહાડોની ગુફાઓથી શરૂ થયો એવી માન્યતા છે. તે પછીના કાળમાં સમતલ ભૂમિ પ્રદેશો પર પાષાણના સ્થાપત્યોનાં નિર્માણ થવા લાગ્યાં એવું જણાય છે.

કળામય ગુફાઓની છત, દીવાલો અને સ્તંભો પર પૌરાણિક પ્રસંગો અને સુંદર મૂર્તિઓ કોતરેલી જોવામાં આવે છે. તેનાં દર્શન કરતાં જગતના કળાવાંચ્છુના મસ્તક ભારતના શિલ્પીઓ પ્રતિ નમે છે. જડ પાષાણને સજીવ રૂપ આપી, પુરાણોનાં કાવ્યો પ્રદર્શિત કર્યાં છે.

## વાસ્તુશાસ્ત્ર, સ્થાપત્ય અને શિલ્પની વ્યાખ્યા

વાસ્તુશાસ્ત્ર, સ્થાપત્ય ને શિલ્પની સ્પષ્ટ વ્યાખ્યાના અભાવે એ ત્રણેના ભાષાપ્રયોગમાં યથાર્થ સ્વરૂપનો ખ્યાલ ન હોવાથી, મિશ્ર અર્થ થાય છે. વાસ્તુશાસ્ત્ર વાસ્તુવિદ્યા એ વિશાળ અર્થમાં છે, તેનું અંતર્ગત સ્થાપત્ય અને સ્થાપત્યનુ અંતર્ગત શિલ્પ છે.

એ રીતે વિદ્યા અને કળાની સુંદર સ્પષ્ટ વ્યાખ્યા શુક્રાચાર્ય કરે છે: વિદ્યા અનંત છે અને કળા અસંખ્ય છે; કે તેની ગણતરી થઈ શકતી નથી; છતાં પણ મુખ્ય વિદ્યા બત્રીસ છે અને મુખ્ય કલા ચોસઠ શુક્રે કહી છે. આગળ તે કહે છે કે જે કાર્ય વાણીથી થઈ શકે તેને વિદ્યા કહેવી અને મૂક—મૂગો પણ જે કાર્ય ક્રિયાથી કરી શકે તે 'કલા' શિલ્પ, ચિત્ર, નૃત્ય આદિ મૂક ભાવે થઈ શકે છે. આથી એ સર્વને કળા કહી છે. કળાના પ્રકાર, સંખ્યા સંબંધમાં પૃથક્ પૃથક્ આચાર્યોએ ભિન્ન ભિન્ન સંખ્યા કહી છે. કોઈએ ચોસઠ, કોઈએ બોત્તેર અને કોઈએ તેના અવાંતર ભેદે પાંચસો બાર કલાના ભેદ કહ્યા છે.

**વાસ્તુશાસ્ત્રના પ્રણેતા :**—વાસ્તુશાસ્ત્રના મહાન પ્રણેતા ઋષિમુનિઓ અને રાજાઓ પણ હતા. મત્સ્યપુરાણમાં અઢાર આચાર્યોનાં નામો આપેલાં છે. અગ્નિપુરાણ, અધ્યાય ૩૯માં લોકાખ્યાયિકામાં પચીસ નામો આપેલાં છે. દ્રાવિડ માનસારમાં બત્રીસ શિલ્પાચાર્યનાં નામો કહ્યા છે. બૃહદ્સંહિતામાં વરાહે—મનુ, પરાશર, કાશ્યપ, ભારદ્વાજ, પ્રહ્લાદ, અગસ્ત્ય અને માર્કણ્ડેયના નામો દીધા છે અને તેના પોતાના ગ્રંથમાં ગર્ગ, મય, નગ્નજીત અને વસિષ્ઠનાં અવતરણો ગ્રંથમાં પ્રમાણરૂપ આપ્યાં છે.

"**વિશ્વકર્મા પ્રકાશ**"ના પ્રારંભમાં કહ્યું છે કે મહર્ષિ ગર્ગ વાસ્તુશાસ્ત્રના મહાબુદ્ધિમાન જ્ઞાતા હતા. તેનાથી પરાશર મુનિએ જ્ઞાન પ્રાપ્ત કર્યું. પરાશરથી બૃહદ્રથે એ વિદ્યા પ્રાપ્ત કરી. બૃહદ્રથથી વિશ્વકર્માએ વાસ્તુશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. વિશ્વકર્માએ જગતના લોકહિતાર્થે પ્રવર્તમાન કર્યું. આ ક્રમ પાછલા કાળના કોઈ વિશ્વકર્માનો હોય.

વિશ્વકર્માના અવતારો યુગે યુગે થયા. જગતોત્પત્તિકાળમાં બ્રહ્માએ રાજા પૃથુ અને વિશ્વકર્માને બોલાવી પૃથ્વીના પાલન, રક્ષા અને વસવાટ માટેની આજ્ઞા આપી તેની રસિક કથા છે.

વિશ્વકર્મા વાસ્તુશાસ્ત્રના આદ્ય પ્રણેતા અને તેમની ઉત્પત્તિવિષયમાં જુદા જુદા મત છે. દક્ષ પ્રજાપતિની સાઠ કન્યાઓમાંની દશ કન્યાઓએ ધર્મ સાથે પાણિગ્રહણ કરેલ. તેમાંની વસુ નામની કન્યાથી અષ્ટવસુ થયા. તેનો કનિષ્ઠ પુત્ર પ્રભાસ. પ્રભાસે મહર્ષિ ભૃગુની બહેન સાથે પાણિ-ગ્રહણ કરેલું. તેનાથી વિશ્વકર્માનો જન્મ થયો, એવો પુરાણોમાં ઉલ્લેખ છે.[૧]

---

૧ પ્રભાસના વિશ્વકર્માનું પ્રભાસક્ષેત્ર—સોમનાથ, તે સોમપુરા બ્રાહ્મણ શિલ્પીઓનું ઉદ્ભવ-સ્થાન. એથી સોમપુરા શિલ્પીઓને વિશ્વકર્માના અંશરૂપ કહ્યા છે.

**માનસાર** ગ્રંથમાં વિશ્વકર્મા સત્યયુગમાં મૃગશીર્ષમાં બ્રહ્મકુલમાં થયા. વિશ્વકર્મા પુરાણના આધારે વર્તમાનમાં શિલ્પીઓ મહા સુદ ૧૩ ત્રયોદશીના રોજ વિશ્વકર્માનો જન્મોત્સવ ઊજવે છે.

**પદ્મપુરાણ** અને વસિષ્ઠપુરાણમાં વિશ્વકર્માનું સ્વરૂપ વર્ણન કરતાં પાંચ મુખ અને દશ ભુજા કહે છે. પાંચ મુખથી પંચશિલ્પીઓનાં નામ, કર્મ અને ગોત્ર કહ્યાં—૧. શિલ્પી—પાષાણ કર્મકાર; ૨. મનુ—લોહકાર; ૩. ત્વષ્ટા—કેશકાર; ૪. મય-કાષ્ઠકાર ૫. દૈવજ્ઞ—સુવર્ણકાર સ્કંદપુરાણમાં નાગરખંડ અ. ૬, ૧૩-૧૪માં ઉલ્લેખ છે.

**તૈતિરીય શ્રુતિ** વગેરેમાં પણ વિશ્વકર્માનાં પાંચ મુખ, દશ ભુજા કહ્યાં છે તે પૂર્વાદિમુખ દિશાક્રમે મનુ, મય, ત્વષ્ટા, શિલ્પી અને દૈવજ્ઞ ( તક્ષક ) કહ્યા છે. તેમની દશ ભુજાઓમાં આયુધો કર્માનુસાર કલ્પ્યાં છે. વિશ્વકર્માએ, કમંડળ$_2$, સૂત્ર$_3$, હથોડી$_4$, સાધણી ( લેવલ )$_5$, પુસ્તક જમણા હાથમાં અને$_1$ ટાંકણું$_2$, ગજ ( હસ્ત-કંબા )$_3$, ચુનાલોઢું$_4$, માલા$_5$, અવલંબન ( ઓળંબો ) એ પાંચ ડાબા હાથમાં ધારણ કરેલ છે તેમ શિલ્પીઓ માને છે.




પદ્મપુરાણ ભૂ-ખંડમાં વિશ્વકર્માના પાંચમુખને દશ હાથમાં—કોદાળી, પાવડો, તગારું, કુંભ, સુવર્ણ કમંડળ—એ પાંચ ડાબા હાથમાં અને કરવત, હથોડી, સાણસી, અલંકાર અને અગ્નિકુંડ

એ પાંચ જમણા હાથમાં ધારણ કરેલાં જણાવેલ છે. આ સ્વરૂપ લોહકાર, સુવર્ણકાર, કાષ્ટકાર, અને કંશકાર( કંસારા )ને પૂજ્ય છે.

શિલ્પગ્રંથોમાં સામાન્ય રીતે બ્રહ્માસ્વરૂપ વિશ્વકર્મા એક મુખ, ત્રણ નેત્રયુક્ત, દાઢીવાળા, હંસારૂઢ અને હાથમાં ૧. સૂત્ર, ૨. ગજ, ( હસ્ત-કંબા ), ૩. પુસ્તક, ૪. કમંડળ ધારણ કરતા કહ્યા છે. ઊભેલ રૂપમાં પગ આગળ ચાર શિષ્યો હોય છે.

વસિષ્ઠપુરાણમાં પ્રવરાધ્યાયમાં પંચકર્મકારકનાં ૨૫ ગોત્રો કહ્યાં છે; પરંતુ સોમપુરા શિલ્પીઓનાં ગોત્ર ૧૮ ઋષિમુનિઓનાં છે. તેઓ વિશ્વકર્મારૂપ હોઈ પૃથક્ છે. આ ગોત્રોમાં તે નથી.

વિશ્વકર્મા પ્રત્યેક યુગમાં પ્રગટ થયા. વેદો અને ઉપનિષદોમાં ઉલ્લેખો છે. ઋગ્વેદ અને યજુર્વેદમાં ભૃગુકુળમાં વિશ્વકર્મા થયાનું કહે છે. તે પછીના કાળમાં આંગીરસકુળમાં ઉત્પન્ન થયા. ત્રીજો અવતાર બ્રહ્મકુલોત્પન્ન પ્રભાસવસુના પુત્ર વિશ્વકર્મા પ્રગટ થયા ( એ સોમપુરા ). ચોથા આંગીરસ વિશ્વકર્મા, વિરાટ વિશ્વકર્મા ચોથો અવતાર ( દ્રાવિડમાં ) એવો મહાભારતમાં ઉલ્લેખ છે. પાંચમા આચાર્ય વિશ્વકર્મા. આ પાંચ અવતારના ઉલ્લેખો વાયુપુરાણમાં છે. છઠ્ઠો જગદગુરુ વિશ્વકર્મા અવતારનો सकलाधिकारમાં ઉલ્લેખ છે. સાતમા પ્રજાપતિ વિશ્વકર્માનો मूलस्तंभમાં ઉલ્લેખ કરેલ છે. આઠમા કાશ્યપીય વિશ્વકર્મા સ્કંદપુરાણમાં કહેલ છે. શિલ્પાચાર્ય વિશ્વકર્મા અને બ્રહ્મકુલોત્પન્ન વિશ્વકર્માના નવમા અને દશમા અવતારનો ઉલ્લેખ બ્રહ્મવૈવર્તપુરાણમાં આપેલ છે. જુદા જુદા ગ્રંથોમાં આપેલાં વર્ણન અને અવતાર ભિન્ન ભિન્ન નામોથી કહેલ હોવાથી સમજવામાં કઠિન લાગે છે.

વિશ્વકર્મા કુળમાં જન્મેલ હોય તે બ્રાહ્મણ જ છે તેમાં શંકા નથી. પ્રાચીન કાળમાં તે સર્વે કર્મકાંડ અને ધર્મનું આચરણ કરતા હતા. વ્યવસાયના કારણે શૂદ્ર વર્ણના સંસર્ગથી કર્મકાંડ વિસરી આચારવિચારમાં ક્ષીણ થવાથી મૂલ કર્મકાંડી બ્રાહ્મણોથી ભિન્ન થવા માંડયાં. આથી પોતાના પૃથક્ વ્યવસાયાનુસાર જ્ઞાતિઓનું નિર્માણ થયું.

## ભારતમાં શિલ્પીવર્ગ

વર્તમાનકાળમાં ભારતમાં પ્રમુખ શિલ્પી જ્ઞાતિવર્ગનું સંશોધન કરવાથી પ્રાપ્ત થયેલ વિગતો આપું છું.

### ૧. સોમપુરા શિલ્પીઓ :—

શિલ્પના અભ્યાસી વર્ગ પશ્ચિમ ભારત, ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન, મેવાડ, કચ્છમાં વસેલા છે. કેટલાક બ્રહ્મકર્મ કરે છે. સર્વે વિધિથી યજ્ઞોપવીત ધારણ કરે છે. કોઈનું દાન સ્વીકારતા નથી. પૌરાણિક ઉલ્લેખ પ્રમાણે, ચંદ્રલોકમાંથી દેવોએ પૃથ્વી ઉપર વિશ્વકર્મા સ્વરૂપની સ્થાપના કરી. આ શિલ્પીઓ મન્દિરનિર્માણમાં શિલ્પકર્મમાં પ્રવીણ અને શિલ્પગ્રંથોના સંગ્રહ કરે છે.

## ૨. મહાપાત્ર–મહારાણ :—

તેઓ પૂર્વ ભારતમાં—ઓરિસ્સા કલિંગમાં વસેલા છે. તેઓ શિલ્પગ્રંથ-સંગ્રહ ધરાવે છે. તેઓ મંદિરનિર્માણ કરી શકે છે. જો કે વર્તમાનમાં તેઓ મૂર્તિકળામાં વધુ પ્રવીણ હોઈ, તે વ્યવસાય કરે છે. જગન્નાથપુરી, ભુવનેશ્વર, કોનાર્કના જગવિખ્યાત પ્રાસાદો તે વર્ગના પૂર્વજોએ નિર્માણ કરેલા છે. મહાપાત્રની ગણના બ્રાહ્મણ શિલ્પીમાં ન હોઈ તેઓ ક્ષત્રિય કુળના શિલ્પીઓ હોવાનું અનુમાન છે. તેઓ યજ્ઞોપવીત ધારણ કરે છે.

## ૩. પંચાનન જાતિના શિલ્પીઓ :—

તેઓ કર્ણાટક, આંધ્ર અને મહારાષ્ટ્રના પ્રદેશોમાં વસે છે. પંચાનન જાતિના શિલ્પીઓ પોતાને બ્રાહ્મણ માને છે. તેઓના પાંચ વર્ગ તેમના કર્મ પ્રમાણે છે : ૧. શિલ્પી, ૨. સુવર્ણકાર, ૩. કંશકાર (કંસારા), ૪. કાષ્ઠકાર (સુથાર), અને ૫. લોહકાર (લુહાર) એમ પાંચેયનાં કર્મ-વ્યવસાય પૃથક્ છે, પરંતુ તેઓ પાંચેની જ્ઞાતિ એક જ છે; તેઓ પરસ્પર વ્યવસાયી કર્મકારો સાથે લગ્નવ્યવહાર કરે છે. તેઓ પાંચેયનાં ગોત્ર પાંચે પૃથક્ છે. તેથી તેઓ એક ગોત્રમાં લગ્ન કરતા નથી. હોય્શળ, રાજ્યકુળ રાજાઓએ વેસર જાતિના હલેબીડ, બેલુર અને સોમનાથપુરમ્‌ના વિખ્યાત પ્રાસાદોનાં નિર્માણ પંચાનન શિલ્પીઓ દ્વારા કરાવેલ. તે જ રીતે આ શિલ્પીઓએ ભૂમિજ પ્રાસાદોના નિર્માણ પણ મહારાષ્ટ્ર અને ઉત્તર કર્ણાટકમાં કરેલાં. તેઓ યજ્ઞોપવીત ધારણ કરે છે. તેઓ રેણુગુંટા સુધી દક્ષિણમાં વસેલા છે. તેઓ પાસે શિલ્પગ્રન્થોનો સંગ્રહ ઓછો હોય તેમ લાગે છે.

## ૪. તૈલંગણ પંચાનન વિશ્વકર્મા શિલ્પીવર્ગ :—

આંધ્ર, તેલંગણમાં ઉપર્યુક્ત પંચાનનથી ભિન્ન જાતિના શિલ્પીઓ ઉપર જણાવેલ પંચ કર્મ કરે છે. તેઓ ત્રણસો વર્ષથી મુસ્લિમ પ્રદેશોમાં વસતા હોવાથી માંસાહાર કરે છે, પરંતુ આ શિલ્પીવર્ગ બ્રાહ્મણના હાથનું ભોજન પણ કરતા નથી. તેઓ પોતાને ઉચ્ચ માને છે. આ વર્ગ પાસે શિલ્પગ્રન્થોનો સંગ્રહ થોડો છે. તેઓમાં મરણ બાદ ભૂમિદાહ કરે છે. તેઓ હૈદ્રાબાદ તરફ વિશેષ છે.

## ૫. વિરાટ વિશ્વબ્રાહ્મણ આચાર્ય શિલ્પી—

દ્રાવિડ પ્રદેશમાં તામિલ અને મલયાલમ ભાષી પ્રદેશોમાં એ દ્રાવિડ શિલ્પ વિશ્વકર્માના વંશના બ્રાહ્મણ કુળના હોવાનો દાવો કરે છે. તેઓ ફક્ત પાષાણ શિલ્પ કર્મમાં ઘણા કુશળ છે. તેઓનાં ત્રણ ગોત્ર છે: ૧. અગસ્ત્ય, ૨. રાજ્યગુરુ, ૩. સન્મુખ સરસ્વતી. આ શિલ્પીઓમાંનાં કેટલાંક કુટુમ્બો સિલોનમાં પણ વસેલાં છે. દ્રાવિડનાં ભવ્ય મન્દિરોમાંના મદુરા, રામેશ્વર, ત્રિવેન્દ્રમ્, કુંભકર્ણેય આદિ અનેક ઉન્નત મન્દિર જે ગ્રેનાઇટ પથ્થરના બનાવેલ છે તેનું નિર્માણ આ વર્ગે કરેલું છે. ઉત્તર ભારતની અપેક્ષાએ દ્રાવિડના પ્રાસાદો ઉન્નત અને ભવ્ય હોવાનાં કારણો એ છે કે, મોટા રાજ્યો પાંડ્ય–ચૌલ...જેવાઓએ રાજ્યની મહેસૂલી આવક બધી દેવદ્રવ્યની માની વાપરતા. આથી આવાં મંદિરોના નિર્માણ રાજ્યોની પરસ્પર સ્પર્ધાથી થયેલાં. આ શિલ્પી

વર્ગમાં દ્રાવિડ શિલ્પના ગ્રંથોનો સંગ્રહ હોય છે. આ શિલ્પીઓ ઉપરાંત અન્ય જાતિના મુદલિયાર, પીલ્લેવાલ, નાયકર વગેરે જાતિના કારીગરો કામ કરે છે. કુંભકોણમ્‌માં તેમાંના ધાતુકર્મમાં પ્રવીણ મૂર્તિકાર શિલ્પીઓ વસેલા છે. તેમનામાં મરણ બાદ ભૂમિદાહ આપે છે.

**૬ થી ૧૦—વૈશ્ય, મેવાડા, ગુર્જર, પંચોલી, પંચાલ—**

આ પાંચ જાતિ વિશ્વકર્માના પુત્ર હોવાનો દાવો કરે છે. તેમાં વૈશ્યજાતિ પોતાને ઉચ્ચ માને છે. આ પાંચમાં પરસ્પર કોઈને લગ્ન કે ભોજનવ્યવહાર નથી કરતા. વૈશ્યો બ્રાહ્મણ સિવાય કોઈનું ભોજન લેતા નથી. વૈશ્યમાં કેટલાક લોકો કડિયાનું ચણતર પ્લાસ્ટરનું કામ કરે છે. મેવાડા, ગુર્જર અને પંચોલી કાષ્ઠકર્મમાં પ્રવીણ ગણાય છે. તેઓ કાષ્ઠનું કોતરકામ તેમ જ ચાંદી જડવાનું અને રથ આદિનું કામ તેઓ કરે છે. પંચાલ જાતિ એક છે. તેઓ વિશેષ કરી લોહકર્મમાં પ્રવીણ છે. વર્તમાનમાં તેઓ યંત્રકર્મમાં કુશળ છે. આ પાંચે અલગ અલગ જ્ઞાતિ છે. તે તેઓની જ્ઞાતિમાં લગ્ન કરે છે. પચાસેક વર્ષથી તેઓ યજ્ઞોપવિત ધારણ કરે છે. વૈશ્ય પાસે શિલ્પના ગ્રંથોનો સંગ્રહ હતો. હવે તેઓનું કર્મ ક્ષીણ થતાં સોમપુરા શિલ્પીઓને ગ્રંથો આપે છે. આ પાંચ વર્ગના શિલ્પીઓ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં વસેલા છે. ગામડાઓમાં ખેતી ઓજારોનું કામ કરે છે. તેઓ ઈલોરામાં વિશાળ બૌદ્ધમૂર્તિને વિશ્વકર્મારૂપ માની યાત્રાએ જાય છે.

**૧૧. ગૌડબ્રાહ્મણ શિલ્પી—**

આ શિલ્પીઓ રાજસ્થાનમાં ઉત્તરે જયપુર અને અલવર પ્રદેશોમાં વસે છે. મંદિર-નિર્માણ કરતાં તેઓ મૂર્તિકળામાં વધુ કુશળ છે. તેઓમાંના થોડા પાસે શિલ્પગ્રંથો છે. શુદ્ધ શાકાહારી અને બ્રાહ્મણ જેવો વ્યવહાર પાળી, વિધિથી યજ્ઞોપવિત ધારણ કરે છે. તેઓમાંના થોડા ધાતુમૂર્તિ અને ચિત્રકારીનું કામ કરે છે. ગામડાંમાં તેઓમાંનાં કૃષિકર્મ પણ કરે છે.

**૧૨. જાંગડ જાતિના શિલ્પી—**

આ શિલ્પી વર્ગ મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં વિશેષ કરીને વસે છે. તેઓ આંગીરસ ઋષિના વંશજ છે એવી માન્યતા તેઓ ધરાવે છે. તેઓ વિશેષ કરી લોહકર્મ કરે છે. શહેરોમાં મશીનરી પણ બનાવે છે. કેટલાક કાષ્ઠકર્મ ને ચિત્રકારીનું કરે છે. ગામડાંઓમાં કૃષિકર્મ કરે છે. સાદું પાષાણ કામ કરે છે. ભોપાલ અને દિલ્હીમાં તેઓની જ્ઞાતિસંસ્થાઓ છે.

ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં કુંભારિયા, કડિયા પથ્થરકામ અને ચણતરનું કામ કરે છે. સૌરાષ્ટ્રના પ્રદેશમાં 'સલાટ' નામે જાતિ વસે છે. તેઓ પોતાને સોમપુરા જેવા મનાવવાની કોશીષ કરે છે, પરંતુ આચાર અને કર્મમાં તેઓ ઊતરતા છે. ગુજરાત સૌરાષ્ટ્રમાં દરજીલોકમાંના કેટલાક કાષ્ઠકર્મ પણ કરે છે. તેઓ 'સઈ સુતાર' કહેવાય છે.

બંગાળ, બિહાર, ઉત્તર ને મધ્યપ્રદેશ, પંજાબ, હિમાચલ પ્રદેશ, સરહદ પ્રાંત (ગાંધાર) અને કાસ્મીર આદિ પ્રદેશોમાં શિલ્પી કુળના કે તે વર્ગનાની કોઈ જાણ કે પત્તો અમને મળ્યો નથી. પાંચસો–સાતસો વર્ષ પહેલાં ત્યાં શિલ્પી વર્ગ હશે પરંતુ વિધર્મી રાજસત્તાની ધર્માંધતા અને વટાળ પ્રવૃત્તિના કારણે આ જ્ઞાતિ નષ્ટ થઈ હોય અથવા વટલાઈ પરિવર્તન થયું હોય કે અન્ય વ્યવસાયમાં તે લોકો દાખલ થયા હોય. આ વિષયમાં સંશોધન કરવાની અગત્ય છે.


kalaśa 7
6 ghaṇṭā
3 bhūmis
siṁhakarṇa 5
candraśālikā
4
2 karṇa-
phāṁsanā
I
prabāra

ફાંસનાકાર જાતિ



દ્રાવિડ જાતિનો ષડંગ-સંપૂર્ણ પ્રાસાદ



1
2
candrikā
3 āmalasāraka
grīvā
4
5
rekhā 6
7 kalās
8
bhūmi-
āmalaka
9
khaṇḍa
10
kaṇṭha
11
varaṇḍikā
12
13
15
bālapañjara
latāpañcaka
14
madhyālatā (pañjara)


લતીન જાતિનું શિખર



ગર્ભગૃહ પર લતિન શિખર આગળ સંવરણા (મંડપ પર)



kalasa
āmalasāraka
mūlamañjari
karma
siṁha
śukanāsa
tavaṅga
uraḥśṛṅgas
tilaka
karma
prahāra


નાગર જાતિનું શિખર




દ્રવિડ જાતિના ચોરસ અષ્ટાસ્ત્ર અને ગોળ શિખરો




વલભી જાતિના શીખરો–બે પ્રકાર

કચ્છ પ્રદેશમાં સોમપુરા શિલ્પીને ગઈધર કહે છે. તે 'ગજધર' શબ્દનું અપભ્રંશ છે. ગજને ધારણ કરનાર મોટા સૂત્રધાર શિલ્પી પુરાણોમાં અને શિલાલેખમાં, શિલ્પશાસ્ત્રી સ્થપતિ અને સૂત્રધારના નામથી સંબોધાયેલ છે. સૂત્રધારનું ટૂંકું અપભ્રંશ 'ધાર' થયું અને પછી 'ઠાર' થયું. હાલમાં સોમપુરા શિલ્પીઓમાં વેવાઈઓ ફલાણા 'ઠાર' એ રીતથી સંબોધે છે.

અંગ્રેજી રાજ્યશાસનમાં કારીગર વર્ગના સમૂહના ઉપરીને મીસ્ત્રી શબ્દથી સંબોધાય છે, પરંતુ શિલ્પીઓને આ સંબોધન અયોગ્ય છે. ઉત્તર ભારતમાં પાષાણ કર્મ કર્તાને શિલાવટ કહે છે. શિલાવટનું અપભ્રંશ 'સલાટ' ગુજરાતસૌરાષ્ટ્રમાં પ્રચલિત છે.

વાસ્તુશાસ્ત્રના ગ્રંથોમાં સ્થાપત્યાધિકારીના કર્માનુસાર ઉત્તરોત્તર વર્ગ પાડેલા છે. ૧. સ્થપતિ પ્રમુખ, (ચીફ એન્જીનિયર); ૨. સૂત્રગ્રાહી (આર્કીટેકટ, ડ્રાફ્ટસમેન, આસિટન્ટ એન્જીનિયર); ૩. તક્ષક, (પાષાણકર્મ નકશીકામ કરનાર); ૪. વર્ધકી (કાષ્ઠકર્મમાં કુશળ અથવા મોડલિસ્ટ (મૃતિકાકર્મમાં પ્રવીણ)—આ સર્વ એક એકની આજ્ઞામાં રહેનારા કહ્યા છે.

## ભારતીય પ્રાસાદોની ચૌદ જાતિઓ

ભારતમાં પ્રાદેશિક રીતે પ્રાસાદોની જાતિઓ-શૈલીઓ કહી છે. ૧. નાગર, ૨. દ્રવિડ, ૩. લતીન ૪. ભૂમિજ ૫. વિમાન, ૬. મિશ્રક, ૭. વિરાટ, ૮. 'સાંધાર, ૯. વિમાનનાગર, ૧૦. વિમાન-પુષ્પક, ૧૧. વલભી, ૧૨. ફાસનાકાર, ૧૩. સિંહાવલોકન, ૧૪. રથારૂહ. આ જાતિઓના વિષયમાં નાગરશિલ્પગ્રંથ 'अपराजितपृच्छा'માં બહુ સ્પષ્ટતાથી પ્રાદેશિક રીતે, વિવરણ છે. દ્રાવિડ ગ્રંથોમાં તો ફક્ત ત્રણ જ જાતિ ૧. નાગર, ૨. દ્રાવિડ, ૩. વેસર જાતિ જણાવી છે. 'समराङ्गण सूत्रधार' ગ્રંથમાં થોડી વિશેષ જાતિ કહી છે પણ તે અપૂર્ણ છે. પરંતુ 'लक्षणसमुच्चय' ગ્રંથમાં વધુ સ્પષ્ટતાથી કહેલ છે. દ્રાવિડ ગ્રંથોમાં 'કામિકાગમ' વધુ સ્પષ્ટતા બતાવે છે. કાળક્રમે થયેલા પ્રાસાદની જાતિનાં દૃષ્ટાંતો જો લઈએ તો સર્વ પ્રથમ વલભી જાતિ આવે છે. તે પછી લતીન, નાગર, દ્રાવિડ, ભૂમિજ, સાંધાર અને ફાસના જાતિ આદિને મૂકી શકાએ.

(૧) વલભી જાતિના પ્રાસાદો ઘણા પ્રાચીનકાળના ભારતના પ્રત્યેક પ્રાંતોમાં અલ્પ ફેરફારો સાથે મળે છે. સૌરાષ્ટ્રમાં કદવાર, ગોપ તથા વિસાવાડા, દ્રાવિડમાં મહાબલિપુરમ્, હિમાલય પ્રદેશમાં, અને કલિંગ–ઓરિસ્સામાં ભૂવનેશ્વરનું અલંકૃત વૈતાલ દેવળ આદિ આ સર્વ વલભી જાતિના પ્રાસાદો છે. આ જાતિને આપણે આદ્ય માની લઈએ તો તે કંઈ અયુકત તો નહિ જ ગણાય. લંબચોરસ ગર્ભગૃહના તળછંદ પર ગજપૃષ્ઠાકૃતિ(વરંડિકા જેવા લોઢિયા)ની ભૂમિકાઓ ચઢાવી, ઘંટાકળશ ચઢાવેલ હોય છે. ઓછા ઘાટવાળા પીઢ પર સાદા મંડોવરના શિરોભાગ પર સ્કંધવેદી ગોળ વલિકાના જેવી લંબ અર્ધ ગોળાકાર વલભી કરેલી હોય છે. તેની નાની બેઉ બાજુ તરફ શિર પર ચંદ્રશાલ અને તેની ટોચ પર બેઉ તરફ સિંહ બેસાડી મધ્યમાં ઉપર એક કે ત્રણ આમલસારાયુકત કળશ મૂકે છે. ત્રીજા પ્રકારમાં ઉપર ચારે તરફ વલિકા અર્ધગોળાકાર કરી, મધ્યમાં વલભી સંકુચિત લંબચોરસ કરી, તેની બે નાની બાજુ પર ચંદ્રશાલા કરી, કળશ ચઢાવે છે

(૨) લતીન જાતિમાં એકાંકિક શિખર, અલંકૃત લતાઓથી બનેલું (કુડચલો કોતરેલું) રેખાયુક્ત વેણુકોષના આકારબદ્ધ બનેલું ફક્ત એક જ શ્રૃંગ પર આમલસારા કળશયુક્ત શિખર હોય છે. પ્રાચીન લતિનના મંડોવર પર છાદ્ય=છજું હોતું નથી. કામદપીઠથી ઊપડતા હસ્તાંગુલ પાંચ અંગો શિખરના સ્કંધ સુધી જાય છે. શિખર વરંડિકા ઉપર અંતરાલ જેવા કંઠ પર વેણુકોષથી શિખરની રેખા ઉત્પન્ન થાય છે. રેખા, કર્ણ, પ્રતિરથ અને મધ્યનું ભદ્ર આટલાં પાંચ ઉપાંગો વિશેષ કરીને હોય છે. મધ્યના ભદ્રને મધ્ય લતા કહે છે. શિખરના ઉપાંગોને બાલપંજર= વાલંજર કહે છે. તેની રેખા ખંડ કલા અને ભૂમિ આમલકયુક્ત છે. ઉપાંગોના ઉપરના ભાગને સ્કંધ કહે છે. લતીન શિખર નીચે બે રેખા વિસ્તારથી સામાન્ય રીતે સવાયું ઉદય સ્કંધ સુધી થાય છે. સ્કંધ પર આમલસારો ને તે પર કળશ હોય છે. આ જાતના પ્રાચીન પ્રાસાદો સૌરાષ્ટ્ર, ગુજરાત, દ્રાવિડ એહોલ અને હિમાલય પ્રદેશોમાં છે.

(૩) નાગરજાતિના પ્રાસાદો અનેકાંડક હોય છે, જ્યારે લતીન જાતિ એકાંડક છે. સામાન્ય રીતે નીચે કામદપીઠ કે મહાપીઠ પર પૂર્ણાલંકારી છાદ્યયુક્ત મંડોવર પર શ્રૃંગ, ઉરશ્રૃંગ, પ્રત્યંગ, તવંગ, તિલક અને મૂલમંજરીનાં દલ વિભક્તિથી પ્રગટ થતા એવા અનેક અંડકના સમૂહથી રચાયલું શિસ્તબદ્ધ નાગર શિખર: સ્કંધના ચોરસ મથાળે આમલસારા અને કળશ ચડાવે છે. નાગરપ્રાસાદ આગળ કવલી ચોકી અને વિશેષ કરી વિતાનયુક્ત મંડપ હોય છે. મંડપ પર ફાસના કે સંવરણા કરવામાં આવે છે. આ જાતના પ્રાસાદો ગુજરાત, રાજસ્થાન, સૌરાષ્ટ્ર, મેવાડમાં થાય છે. મધ્યપ્રદેશમાં અને ઓરિસ્સામાં તેના મંડોવર પીઠના થોડા ફેરફાર સાથે ઉપર આ પ્રકારના નાગર શિખરોની રચના થાય છે.

૪ **દ્રાવિડ:**—દ્રાવિડ જાતિ દક્ષિણમાં આંધ્રથી નીચેના પ્રદેશોમાં બને છે. દ્રાવિડ જાતિને ષડ્વર્ગ કહી છે. તદનુસાર, ૧. અધિષ્ઠાન (પીઠ), ૨. પાદ (સ્તંભયુક્ત મંડોવર), ૩. પ્રસ્તર (વરંડિકા-છાદ્ય), ૪. શિખર, ૫. ચૂલિકા (આમલસારાદિ), ૬. સ્તૂપિકા (કળશ); એ છ વર્ગ દ્રાવિડ જાતિના પ્રાસાદનાં પ્રમુખ અંગો કહ્યાં છે. કોઈ પ્રસ્તરની ઉપર કૂટ અને શાલા શિખરથી ભૂમિકા—મજલા ચડાવે છે. દ્રાવિડમાં મૂળ મંદિર આગળ મુખમંડપ હોય છે. તેના મધ્યમાં ચાર સ્તંભો હોય છે. તે પર છત છાતિયાથી સમદલ આચ્છાન પર ધાબું થાય છે. તામીલ અને મલબાર પ્રદેશોમાં આવા પ્રકારના પ્રાસાદોની રચના થાય છે.

(૫) **ભૂમિજ:**—પ્રાસાદોનું તલદર્શન અષ્ટભદ્રી કે અષ્ટકર્ણી કે વૃત્ત-સંસ્થાન પર કે ચોરસ તળને ભદ્ર પ્રતિરથ કર્ણાદિ અંગો હોય છે. તે નીચે કામદ પીઠથી ઠેઠ સ્કંધ સુધી ઉપાંગો જાય છે. પીઠ મંડોવરનાં સામાન્ય લક્ષણો અનેકાંડક નાગર જાતિ જેવા હોય છે; પરંતુ શિખર રેખા નાગરી જેવી તેના કર્ણ પ્રતિરથ કે રથના ઉપાંગોમાં એક પર બીજા શ્રૃંગ એ રીતે સાત શ્રૃંગો ઉત્તરોત્તર ચડાવે છે. ઉપાંગો વિશેષ કરીને હસ્તાંગુલ હોય છે. પ્રત્યેક શ્રૃંગ પર જંઘા પ્રહાર ચડાવે છે. તેમાં કુંભી સ્તંભિકા યુક્ત જંઘા પર પ્રહારના ઉન્નત થરો કરીને ફરી ક્રમથી શ્રૃંગ સ્તંભકૂટ સ્કંધ સુધી ચડાવ્યે જાય છે. સ્કંધ પર ગ્રીવા આમલસારા અને તે પર સર્વોપરિ કળશ હોય છે. શિખરના ભદ્રમાં ઉદ્દામ=દોઢિયો કરી છે તેને શૂરસેનક કહે છે. ભદ્રમાં નીચેથી સ્કંધ સુધીમાં કુડચલો કોતરેલાં હોય છે. મહારાષ્ટ્ર, માળવા અને ઉત્તર કર્ણાટકમાં આવા પ્રકારના ભૂમિજ પ્રાસાદો થાય છે.

(૬) **સાંધાર જાતિ :**—આ જાતિમાં ગર્ભગૃહ ફરતો પ્રદક્ષિણામાર્ગ પછી દિવાલની બહાર રથ, પ્રતિરથ, ભદ્રાદિ ઉપાંગો કાઢેલાં હોય છે. તે બહારની બાજુના પ્રમાણથી શિખર વિસ્તાર થાય છે. આવા પ્રકારને સાંધાર કહે છે. જેને પ્રદક્ષિણામાર્ગ નથી હોતો તેવા નાગર પ્રાસાદને નિરંધાર પ્રાસાદ કહે છે. સાંધારની રચનામાં પ્રકાશને બહુ અન્ય અવકાશ રહે છે. તેથી તેને સ+અન્ધાર કહે છે. તે નાગર જાતિના સર્વ લક્ષણયુક્ત થાય છે. આવા પ્રાસાદો ગુજરાત, રાજસ્થાન, મેવાડ, મધ્યપ્રદેશ, ખજુરાહોમાં થયેલાં છે. સોમનાથનો મહાપ્રાસાદ આ જ પ્રકારનો કહેવાય.

(૭) **ફાસનાકાર :**—આ જાતિના પ્રાસાદોમાં સામાન્ય પીઠ મંડોવર પર છાજલીઓના ઘાટના ક્રમશઃ થરો ઉત્તરોત્તર સંકોચ કરી, ચડાવી, ટોચ પર ઘંટા, કળશ મૂકેલા હોય છે. ભદ્ર પર સિંહકર્ણ (મોટો ઉદ્‌ગમ)વાળી રચનાને અપરાજિતકાર નપુંસકા ફાસનાકાર કહે છે. કેટલાક ખૂણા પર નાની ફાસનાના કૂટ જેવા ચડાવે છે. ફાસનાકારના નળદર્શનમાં હસ્તાંગુલ ઉપાંગોવાળા ફક્ત કર્ણ રેખા અને ભદ્ર વિશેષ કરીને હોય છે.

ફાસના શૈલી ગર્ભગૃહ પરથી મંડપ પર ફાસના કરવાની પદ્ધતિ પાછલા કાળમાં પ્રવિષ્ટ થઈ. ફાસનાકાર મંદિરો ખજુરાહો-ગુજરાત, ચેદીપ્રદેશ, અમરકંટક, આબુ, રાજસ્થાન, કલિંગના ભુવનેશ્વર-પુરી-કોણાર્કમાં છે. તેના ઉલ્લેખો 'જયપૃચ્છા', 'પ્રમાણમંજરી' 'વૃક્ષાર્ણવ', 'અપરાજિતપૃચ્છા' અને 'લક્ષણસમુચ્ચય'માં પ્રાપ્ત થાય છે. ભારતના પ્રત્યેક પ્રદેશોમાં ગામડાંઓમાં ફાસનાકાર મંદિરો સાદા રૂપમાં જોવામાં આવે છે. કલિંગના શિલ્પીઓ ફાસનાની છાજલીને 'पींडा' કહે છે. તેના પાંચસાત થરોના ઉદયને 'पोटल' કહે છે. વચ્ચે સાદા થરને 'कान्ति' કહે છે. ઘંટા નીચે ગ્રીવાને 'बेकी' કહે છે. ફાસનાના સર્વ થરોમાં ઉદયને 'गंडी' કહે છે. તેમ શિખરના ઉદયભાગને પણ 'गंडी' કહે છે. ઉડિયાના શિલ્પીઓની ભાષાના આ પ્રાકૃત શબ્દોથી થરોનો પરિચય થાય છે.

**૮. વિરાટ, ૯. વિમાન, ૧૦. વિમાન નાગર, ૧૧. વિમાન પુષ્પક, ૧૨. મિશ્રક**—આ જાતિના પ્રાસાદોનાં સ્વરૂપો જાણવાનું હજુ સુધી સુલભ થયું નથી. સંશોધન કરવું જરૂરી છે.

**૧૩. સિંહાવલોકન**—છાદ્યથી ઉત્પન્ન થયેલ ખૂણે સિંહોથી શોભતો તે પર ઘંટાની આકૃતિવાળો સિંહાવલોકન છંદનો પ્રાસાદ જાણવો.

**૧૪. રથારૂહ**—નાગર છંદથી ઉદ્‌ભવેલ શકટ-ગાડાના ઉપર નાગર છંદનો, જેની નીચે ચક્ર હોય તેવા આકારનો રથારૂહ છંદનો પ્રાસાદ જાણવો. દારૂકર્મ = (કાષ્ઠકર્મ) થી થતા સિંહાવલોક દારૂના જેવા છંદને રથારૂહ કહે છે.

**ભારતીય કળામાં આવેલી વિકૃતિ**—વર્તમાન કાળમાં પ્રાચીન ભારતીય કારીગરીનો નાશ થઈ રહ્યો છે. આ વાત કહેતાં દુઃખ થાય છે. વર્તમાનમાં સ્થાપત્ય, શિલ્પ અને ચિત્ર ત્રણે કળામાં વિકૃતિ આવી છે. તે ભારતીય કળાનો નાશ કરશે. સ્થાપત્યમાં પશ્ચિમનું અનુકરણ

થઈ રહ્યું છે. પક્ષીના માળા જેવા ઢંગધડા વગરના વિકૃત કળાવિહીન બદસૂરત ભવનો થઈ રહ્યાં છે. સુંદર મૂર્તિનાં સર્જન આંખોને આનંદ આપતાં, તેના સ્થાને એક સૂકા લાકડાનું ઠુંઠું કે જેને હાથ, પગ કે મોંમાથાનું ઠેકાણું નથી હોતું, તેવામાં કલ્પનાસર્જન કરી તેની પ્રશંસા કરે છે. ચિત્ર સુંદર થતાં હતાં. પ્રેક્ષકો એવાં ચિત્રો જોઈને આનંદસભર થતા હતા. તેના સ્થાન પર કાંઈ સમજમાં ન આવે તેવા જેમાં મોંમાથાનું ઠેકાણું ન હોય તેવા પીછામારતી કલ્પના સર્જન કરી તેનાં ગુણગાન ગાય છે. પ્રેક્ષકને સમજમાં પણ નથી આવતું કે આ શું છે? એવી ચિત્ર-વિચિત્ર કળાથી જગતને મૂર્ખ બનાવે છે. મોડર્ન આર્ટના નામે ભારતીય કળાનો સર્વનાશ થઈ રહ્યો છે.

પ્રાદેશિક પ્રથાના કારણે કે પ્રાચીન ગ્રન્થોના અર્થઘટનમાં ભેદ અથવા અજ્ઞાનના કારણે, પરંપરાગત જ્ઞાન અને શાસ્ત્રગ્રન્થોના અજ્ઞાનના કારણે અને એવાં કેટલાંક કારણોથી તેમ જ પ્રાચીન પ્રાસાદોમાં રહી ગયેલી ક્ષતિઓના આધારે શિલ્પીઓમાં પણ આજે મતભેદ, વાદવિવાદ ખડા થાય છે, પણ દુરાગ્રહ છોડી ગ્રન્થોનું અભ્યાસપૂર્વક કામ કરવું જોઈએ.

**કળાને પ્રોત્સાહન**—ભારતમાં ધર્માધ્યક્ષો, આચાર્યો, રાજ્યાધ્યક્ષો અને ધનાઢ્ય વર્ગે થતા સ્થાપત્ય અને શિલ્પકળાને પ્રોત્સાહન આપી જીવંત રાખી. તેઓ આને પોતાનો પ્રધાન ધર્મ માનતા. દ્રાવિડનાં વિશાળ રાજ્યોએ ધર્મનું ધન સમજીને ભવ્ય સ્થાપત્ય નિર્માણ કર્યાં તે આપણે જોઈ શકીએ છીએ. વર્તમાન કાળમાં રાજ્યાધ્યક્ષ, ધર્માધ્યક્ષ અને ધનાધ્યક્ષ એ ત્રણે વર્ગ આ કાર્યથી વિમુખ થયા છે. વર્તમાન કેન્દ્ર સરકાર તેઓ પ્રત્યે નિષ્ઠુર છે. એટલે હવે પ્રાચીન પરંપરાના કારીગરોને આશ્રય આપનારો અદૃશ્ય થતો જાય છે. આવા સમયમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનું કર્તવ્ય છે કે પ્રાચીન પરંપરાની શિલ્પસ્થાપત્ય કળાને પ્રોત્સાહન આપે. કળા મર્મજ્ઞોને પ્રોત્સાહન આપી પ્રાચીન શિલ્પસ્થાપત્યના સાહિત્યનું સંશોધન કરાવી પ્રકાશિત કરવું જોઈએ. વિદ્યાપીઠોમાં અભ્યાસક્રમ યોજી એ પ્રાચીન વિદ્યાકળાને સ્થાન આપવું જોઈએ. વડોદરાના ઓરિયેન્ટલ ઇન્સ્ટિટયૂટે આવાં કેટલાંક પ્રકાશનો કર્યાં છે અને બીજાં અપ્રસિદ્ધ અગત્યના ગ્રન્થોનાં સંશોધન અને પ્રકાશનનું કામ હાથ પર લીધું છે તે આનંદની વાત છે.

**શિલ્પગ્રંથો**—પંદરમી સદીમાં ભારદ્વાજ ગોત્રના સોમપુરા મંડન સૂત્રધારે તે કાળના અસ્તવ્યસ્ત થયેલાં પ્રાચીન શિલ્પગ્રંથોનું સંશોધન કરી નવીન સરળ ગ્રંથરચના કરી વિદ્યાનો ઉદ્ધાર કરવા પ્રયાસ કરેલ તે કાળમાં પ્રાચીન ગ્રંથો નષ્ટપ્રાય થયેલા જોઈ એને મંડને મહાપરિશ્રમ લઈને प्रासादमंडन, वास्तुमंडन, वास्तुसार, राजवल्लभ, रूपमंडन, देवतामूर्तिप्रकरणम् ગ્રંથોની રચના કરી મંડનના કનિષ્ઠ બંધુ નાથજીએ 'વાસ્તુમંજરી ગ્રંથ' બારસોએક શ્લોકપ્રમાણ રચ્યો. મંડપના પુત્રપરિવારે પણ નાના ગ્રંથોની રચના કરેલી. સૂત્રધાર રાજસિંહે 'વાસ્તુરાજ' અને સૂત્રધાર વીરપાલે 'પ્રાસાદતિલક'ની ઉત્તમ રચના કરી છે. વીરપાલ અને મંડન સ્થપતિ હતા તે સાથે સંસ્કૃતના સમર્થ વિદ્વાન કવિ પણ હતા.

**સૂત્રધાર વીરપાલ પ્રણિત બેડાયા પ્રાસાદતિલક—**

સૂત્રધાર વીરપાલે પ્રાસાદ શિલ્પનો **પ્રાસાદતિલક** નામના ગ્રન્થની સુંદર રચના કરી. આ ગ્રન્થ પૃથક્ પૃથક્ છંદમાં સંકલિત છે. આવા છંદોમાં રચના કરવી આસાન નથી. વીરપાલ

સ્થપતિ હોવા ઉપરાંત સંસ્કૃતનો સારો કવિ પણ હતો તેમ માનવું પડે છે. ગ્રન્થના ચાર અધ્યાય ઉપલબ્ધ થયા છે. ગ્રન્થ અપૂર્ણ છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને રાજસ્થાનમાંથી **પ્રાસાદતિલક**ની અન્ય હસ્તલિખિત પ્રતિ મેળવવા અંગે ખૂબ પ્રયત્ન કરેલો પરંતુ કોઇને એ પ્રાપ્ત થઈ શકી નથી. છતાં આ અપૂર્ણ પ્રતિ વિદ્વાનો જોઈને સૂ. વીરપાલની અને મારા આ નમ્ર પ્રયાસની જરૂર કદર કરશે એમ હું માનું છું.

સૂત્રધાર વીરપાલ કયા પ્રદેશનો હતો કે કયા કાળમાં થયો એ વિશેષ અંધકારમાં છે, એટલો નિર્ણય કરી શકીએ છીએ કે તે નાગરાદિ શિલ્પનો પૂર્ણ જ્ઞાતા હતો અને તે સોમપુરા કુળનો હોવા સંભવ છે. ગ્રન્થનો ઉત્તરાર્ધ ભાગ પ્રાપ્ત કરી શકયા નથી. જો તે મળેલ હોત તો ગ્રન્થની અન્તેની પ્રશસ્તિ પરથી આપણે ગ્રન્થકર્તા વિષે વધુ જાણી શકયા હોત. પરંતુ તેના ગ્રન્થમાં તેણે શ્રીવિશ્વકર્મા અને વિદ્યાનિધિના મતનું પ્રાધાન્ય આપેલ છે. આ ઉપરથી આપણે એટલું તો કલ્પી શકીએ છીએ કે તે સૂત્રધાર મંડનના પૂર્ણકાળનો હશે. જો તે સોળમી સદીમાં થયો હોત તો તે સૂ. મંડનના મતોનું ટાંચણ આપત. આથી સૂ. વીરપાલનો કાળનિર્ણય ચૌદમી અને પંદરમી સદીના મધ્યકાળનો હોવાનું માની શકાય.

ગ્રન્થના સંશોધનમાં છંદ, વ્યાકરણાદિ દોષ સારું મેં પંડિત શ્રી. બન્સીધર ઝા–લક્ષ્મીકાન્ત ઝા વ્યાકરણાચાર્ય (મિથિલાપ્રદેશ–દરભંગા મંડળના કકરોંડ ગ્રામનિવાસી)ને મૂળ પ્રતનો ગુજરાતી અનુવાદ કરી બતાવ્યો અને અનુવાદને અનુસરીને શાસ્ત્રી બન્સીધર ઝાએ વ્યાકરણ શુદ્ધિ મને કરી આપી છે. તેઓ વિદ્વાન પંડિત છે. પરંતુ વિષયાન્તર હોઈ પારિભાષિક શબ્દોમાં તેઓને સહાયક થવા સારું જ્યારે જરૂર પડે ત્યારે તેમની પડોશમાં શ્રી અમૃતલાલ મૂળશંકર ત્રિવેદી પંડિતજીને મદદરૂપ થતા તે માટે હું તેઓનો આભાર માનું છું.

પંડિતજી શ્રી બંસીધર ઝાનું ગ્રંથનું મંતવ્ય છે કે—इस ग्रंथके रचयिता शिल्पशास्त्री वीरपाल है। ग्रंथ के प्रारम्भमें वर्णनीय विषयोका उल्लेख किया गया है। उसके देखनेसे ज्ञात होता है कि यह ग्रंथ चार अध्यायोमें पूर्ण नहीं है। अवश्य इस ग्रंथका पिछला कुछ अंश भ्रष्ट (लुप्त) हो गया है। इस ग्रंथके अवलोकनसे ज्ञात होता है कि शिल्पशास्त्री विरपाल संस्कृत भाषाके स्वयं अच्छे विद्वान कवि थे। किन्तु अनेक संस्कृत भाषाके अनभिज्ञ व्यक्तियोंसे लिखे जानेके कारण इस ग्रंथके श्लोक अत्यंत नष्ट-भृष्ट हो गया है। इसे श्लोकोंका पुनः संस्करण करना असंभव नहीं है तो कठीन तो अवश्य हो गया है। कीतने श्लोक इतने भ्रष्ट हो गया है कि प्रयत्न करने पर भी व्याकरणमें पूर्ण शुद्ध नही हो सका। जहाँ व्याकरणकी अशुद्धि रह गयी वहाँ मूल प्रतिके श्लोककी अत्यंत भ्रष्टता ही कारण समजना चाहिये।

(ली. पं. शास्त्रीजी बंसीधर झा लक्ष्मीकान्त झा व्याकरणाचार्य।)

ગ્રંથના પ્રથમ અધ્યાયમાં ગ્રંથની વિષયાનુક્રમણિકા નવ શ્લોકમાં આપેલ છે. તે પરથી માલૂમ પડે છે કે આ અપૂર્ણ ગ્રંથમાં કયા કયા વિષયો અપૂર્ણ છે તે જાણી શકાય છે, અને ગ્રંથની પૂર્તિરૂપે જગતી દેવદ્રગિપદ સ્થાપન, શિખરાધિકાર, મંડપાધિકાર, વેધદોષાપિ અને પ્રતિષ્ઠાદિ એટલા વિષયો અન્ય ગ્રંથો 'અપરાજીતપૃચ્છા', 'ક્ષીરાર્ણવ', 'દીપાર્ણવ', 'જ્ઞાનરત્નકોશ', 'વાસ્તુમંજરી'નો પ્રામાણિક આધાર લઈને ગ્રંથપૂર્તિ સંપૂર્ણ કરવાનો પ્રયાસ કર્યો છે. 'પ્રાસાદતિલક' મૂળગ્રંથ આઠેક અધ્યાયનો હોવા સંભવ છે.

જૂની પ્રતિમાં 'બેડાયા' શબ્દ આગમ લખેલ છે. બેડાયા પ્રાસાદતિલક બેડાયા શબ્દનો અર્થ જહાજ = નાવ થાય છે.

આ ગ્રન્થનું સંશોધન કરવાની મારી ઇચ્છા ઘણાં વર્ષથી હતી. મને યાદ છે કે મારા કૌમાર્ય વયમાં મારા પૂજ્ય પિતાશ્રીના કાકાજી શ્રી પ્રાણજીવનદાદા કુશળ સ્થપતિ હતા. તેઓ જ્યારે બહુ આનંદમાં આવી જતા ત્યારે કંઈ વાર પ્રાસાદતિલકના શ્લોક રાગરાગિણીથી લલકારતા એ સમયથી ગ્રન્થ પ્રત્યે મારી ભાવના હતી.

**ગ્રન્થવિવરણ**—પહેલાં અધ્યાયમાં નવ શ્લોકમાં ગ્રન્થના વિષયની અનુક્રમણિકા કહી. બીજા અધ્યાય—જ્યોતિ વિષય સાથે કૂર્મશિલાના નવ ખંડનાં ચિહ્ન બતાવેલ છે.

ત્રીજા અધ્યાયમાં પાયાની ઊંડાઈ, તેનું પ્રમાણ આપેલ છે. આવું પ્રમાણ કોઈ ગ્રન્થમાં જોવામાં નથી આવતું. તેણે "વિદ્યાનિધિ"ના મતનું સમર્થન કરેલ છે.

**ખરશીલાભીટ**-પીઠમાન-પીઠમાનના નવભેદ કરેલ છે તે અન્યથી નવીન છે. દ્વાર-વિસ્તાર માનપ્રમાણ (નવીન છે).

ચોથા અધ્યાયમાં દેવના પદ-સ્થાપનના બે મતપ્રમાણ આપેલાં છે તે અપૂર્ણ છે. દેવતાદિગ્મુખ લિંગપંચસૂત્ર લિંગપ્રવેશ વિધિ આપીને અધ્યાય પૂર્ણ કરેલ છે. અહીં સુધી અપૂર્ણ ગ્રન્થ-પ્રતિ પ્રાપ્ત થયેલ છે.

# ગ્રંથપૂર્તિ

પહેલા અધ્યાયમાં આપેલ વિષયાનુક્રમથી અપૂર્ણ વિષયો પૂર્ણ કરવાનો પ્રયાસ અન્ય પ્રાચીન ગ્રંથોના આધાર લઈ કરેલ છે. ૧. જગતી, ૨. દેવતા-દૃષ્ટિપદ, ૩. શિખર, ૪. મંડપાધિકાર, ૫. વેધદોષાદિ, ૬. પ્રતિષ્ઠાદિ વિષયો આપીને ગ્રંથની પૂર્તિ સંપૂર્ણ કરેલ છે.

નિરંધાર પ્રાસાદો પરંપરાની રૂઢિથી શિલ્પીઓ નિર્માણ કરે છે, પરંતુ ભ્રમયુક્ત સાંધાર મહાપ્રાસાદનું જ્ઞાન અતિ દુર્લભ છે. ૬૦૦-૭૦૦ વર્ષોના વિધર્મી શાસકોના ભયે સાંધારપ્રસાદનાં નિર્માણ થતાં બંધ થયાં. વર્તમાનમાં સદ્ભાગ્યે સોમનાથજીના પુનરોદ્ધારમાં સભ્રમ મહાપ્રસાદ સ્વર્ગસ્થ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે મારા નેતૃત્વ હેઠળ નિર્માણ કરાવેલ. સદ્ભાગ્યે વિસ્તૃત જ્ઞાન અમારા ભારદ્વાજ ગોત્રની કુળપરંપરામાં રક્ષિત રહેલું એથી એવું કઠિન કાર્ય ઈશ્વરકૃપાથી પૂર્ણ થયું. મુંબઈ પાસે કલ્યાણમાં સેન્ચુરી રેયોન ફેક્ટરી પાસે નાની પહાડી પર ત્રણેક વર્ષ પર મારી મારફતે એક ભવ્ય પ્રસાદ, શ્રી બીરલા પરિવાર તરફથી શ્રીમાન્ ગોપાલ નેવટિયાએ નિર્માણ કરાવેલ. શ્રીમાન્ શ્રી ગોપાલજી શેઠ શિલ્પસ્થાપત્ય અને કળામાં ઘણો રસ લે છે. તેઓ મારી પ્રત્યે હંમેશાં પ્રેમ-આદર અને સદ્ભાવના રાખે છે. તે મહાશયનો હું ઋણી છું.

આ ગ્રન્થના મુદ્રણ માટે વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરના નિયામક શ્રી ભોગીલાલ સાંડેસરા સાહેબ અને શ્રી ઉમાકાન્તભાઈ શાહે મને જે સગવડતા કરી આપી છે તે માટે હું તેઓનો આભારી છું. હવે પછીના પ્રાચીન શિલ્પ ગ્રંથોના પ્રકાશનનો મારા પરનો બોજો હળવો કરતા તેઓશ્રી અનુગ્રહ કરે તે માટે હું તેમનો અત્યંત ઋણી છું.

ગ્રંથના ભાષાનુવાદની સાથે પ્રત્યેક અંગની ટીકા અને અન્ય ગ્રંથોના તુલનાત્મક મત-મતાન્તર આપેલ છે. ક્રિયાત્મક જ્ઞાનનો મર્મ દેવાથી ગ્રંથ સુંદર બને છે, વિષયના અભ્યાસીને સુગમતા મળે છે. આ વિષયનાં અનેક આલેખનો, નકશાઓ, ચિત્રો અને કોષ્ટકોથી વિષય સ્પષ્ટ કરવાનો મેં પ્રયાસ કર્યો છે. ગ્રંથ અધિક સમૃદ્ધ બનાવવાના યથામતિ પ્રયાસની વિદ્વાન પુરુષો કદર કરશે એવી હું આશા રાખું છું.

પ્રાસાદની જાતિ વિષયમાં પુરાતત્ત્વજ્ઞ મધુસૂદન ઢાંકીને મારે ભૂલવા ન જોઈએ. તેઓએ મને કેટલીક માહિતી પૂરી પાડેલ છે તે માટે તેમનો આભાર માનવાની તક લઉં છું.

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखमाप्नुयात् ॥

इति शुभं भवतु ।

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૨ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૩ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૪ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૫ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૬ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૭ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૮ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૯ | **માનવસર્જિત વસ્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૦ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૧ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૨ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |
| ૧૩ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૭=૦૦ |
| ૧૪ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૫=૬૦ |
| ૧૫ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૨=૦૦ |
| ૧૬ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૪=૫૦ |
| ૧૭ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર | ૧૩=૦૦ |
| ૧૮ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૦=૦૦ |
| ૧૯ | **ગુજરાત: એક દર્શન**—શ્રી શિવપ્રસાદ રાજગોર | ૧૨=૦૦ |

## પ્રાદેશિક ભાષામાં પાઠ્યપુસ્તકો

| | | |
|---|---|---|
| ૧ | **પુરાવસ્તુવિદ્યા**—ડૉ. રમણલાલ ના. મહેતા | ૭=૫૦ |
| ૨ | **પ્રમાણશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૫૦ |
| ૩ | **નીતિશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૪૦ |
| ૪ | **શિક્ષણના સિદ્ધાન્તો**—ડૉ. જગમોહનદાસ મોદી | ૯=૫૦ |
| ૫ | **આર્થિક આયોજન**—શ્રી રામુ પંડિત | ૬=૦૦ |
| ૬ | **વનસ્પતિશાસ્ત્ર**—ડૉ. આ. રા. ચવ્હાણ અને ડૉ. ચં. હી પાઠક | ૫=૦૦ |
| ૭ | **અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ**—ડૉ. ધનવંત દેસાઈ | ૧૮=૦૦ |

પ્રાપ્તિસ્થાન :
યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,
**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**
**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**
**વડોદરા**



**પ્રલમ્બપાદ-બુદ્ધની ધાતુપ્રતિમા-પશ્ચાદ્‌દર્શન**

( ગાંધી-સ્મૃતિ ( ભાવનગર )ના સૌજન્યથી )

[ પરિચય માટે જુઓ આ અંકમાં ડૉ. ઉમાકાન્ત શાહનો લેખ ]